

Ûl]I k8\]dve] a]y]

Ûl]I k8\]dve] a]y] a]N}d ij lI]]n]] r]Sqly] g]]m] s]]m]rK]]n]] v]t]n]I Ce v]S]0 s[D]I a]N}dn]I An]. As]. p]qe] a]qs] k0l0j m]} g[j r]t]In]] vy]]Ky]]t]] t]rIke p]0t]]n]I s0v]] a]p]I c]ky]] Ce t0 a0A Am]. A. t]T] AI] AI]. b]I.n]0 aBy]]s] krIe]0 Ce t0 a0 an0k x0X]iN]k s}sT]] a0 an0 g[j r]t]In]] a]Dy]]p]k s}G]m]} s]iBy] rÁ] Ce s]rd]r p]qe] y[in]v]is]qIm]} s0n0q t]T] is]nzIke] s]By] t]rIke s0v]] a0 a]p]I c]ky]] Ce

g[j r]t]I s]]ihty]m]} t0m]n]} l]g]B]g] c]]I]Is] je]l]} p[st]k0 p-g]q T]w c]ky]} Ce aty]]r s[D]Im]} t0m]n]I ds0k n]v]I]kT]] a0 p-g]q T]w Ce n]v]In] iv]S]y]v]st[ D]r]v]t]I t0m]n]I n]v]I]kT]] Ôv0wq z]y0q Anz a]y]]iI]s]Is]Ô g[j r]t]I v]]c]k0A b]h v]K]]N]I Ce a] [p]r}t] Ôhy]]n]0 [ j]s]Ô, Ôm]0g]r]n]I m]hke]Ô an0 Ôikzn]I ptty]]r0p]N]Ô t0m]n]I j]N]It]I n]v]I]kT]] a0 Ce

Ûl]I k8\]dve] a]y]0 g[j r]t]I B]]S]] s]]ihty]n]] aDy]]p]k t]rIke G]N]I n]]m]n]] m0Lv]I Ce t0m]n]} s}p]]idt] T]y0I]} p[st]k0 aBy]]s]ßm]m]} p]N] m]k]t]} rÁ} Ce

t0m]n[ h]I]n[ s]rn]]m[:;

Ûl]I k8\]dve] a]y]
102, x[B] Ap]]qm0nq,
a]w. b]I. p]qe] g]]zn] p]]s0,
m]h]dve] c]]r rst]],
v]II]B] iv]S]n]g]r (ij II]] a]N}d)
m]0b]]wI] P0n] : 9998202132

# hy]]n]0 [ j]s]

l0K]k : k8\]dve] a]y]

p-k]x]k :

a in]t]] p]I. p]qe]
Ôc}p]]iv]I]]Ô
3, ix]v]}g]In]I p]]k,
is]iv]I] h0isp]qI] r0z,
n]izy]]d, ij. K0z].

# એક

આજે વહેલી પરોઢે જાગી ગઇ ત્યારથી જ તેનું મન શંકાકુશંકાઓમાં ઘેરાઇ ગયું હતું. ઘણાં વર્ષો પછીની ગઇકાલ તેણે મીઠી ઊંઘમાં પસાર કરી હતી. પચાસ વર્ષની જીંદગીનાં તેનાં વર્ષો તેણે સતત કામમાં વીતાવ્યાં હતાં. પોતાના વ્યવસાયમાં ક્યારેય તેણે ઊંઘને મહત્વ આપ્યું નહોતું. શરૂઆતના યુવાનીના વર્ષોમાં સતત અભ્યાસ અને પછીના વર્ષો સ્વતંત્ર વ્યવસાય તથા નોકરીમાં.

એક ડૉક્ટરના નાતે વ્યક્તિગત ગમા-અણગમાને ક્યારેય તેણે મહત્વ આપ્યું નહોતું. અને હવે વધતી જતી ઉંમર તથા સંતાનોના અતિ આગ્રહને કારણે સ્વેચ્છાએ નિવૃત્તિ લેવાની તેને ફરજ પડી હતી.

મોટો દીકરો અનિલ હવે તેની જગ્યાએ દવાખાનું સંભાળશે. જીવનનો બોજો હવે દીકરાને માથે તેણે નાખી દીધો. નાની દીકરી અલ્પા પણ એકાદ વર્ષમાં ભાઇને દવાખાનુ સંભાળવામાં મદદરૂપ થઇ પડશે. દીકરા-દીકરી બંનેને તેણે પોતાના વ્યવસાયમાં રાખવાનું નક્કી કરેલું, તે તેની ઇચ્છા હવે બર આવશે. માનવસેવાનું તેનું ધ્યેય સંતાનો પૂરું કરશે તેવું તેનું સ્વપ્ન હવે પૂરું થશે. જો કે કિરીટ પણ હવે નોકરીમાંથી નિવૃત્ત થઇ ગયો હતો. તેના કરતાં એક વર્ષ તે વહેલો નિવૃત્ત થઇ ગયો. એ પણ તેના આગ્રહને કારણે જ. જો કે કિરીટ તો નોકરી કરવા જ માંગતો હતો. ઘરમાં બધાં જ તેના હુકમની નીચે જીવતાં હતાં, ઘડિયાળના કાંટાની માફક.

તે આજે આનંદમાં છે. દીકરો માનું સ્થાન લેશે અને તે નિવૃત્ત... ધંધામાંથી અને જીવનમાંથી પણ... તેને લાગ્યું કે જીવનનાં થોડાંક વર્ષો તો હજુ તેણે ફરજીયાત ખેંચવા પડશે, ઓછું જીવન ટૂંકાવી દેવાય છે... અનિલ, અલ્પા પરણશે... ને પછી..પથારીમાં પડી પડી તે અનિલ અને અલ્પા વિશે વિચારતી રહી. ઓચિંતી તેની નજર બાજુની પથારીમાં જાય છે, કિરીટને પથારીમાં જોતી નથી. કદાચ ઊઠીને બાથરૂમ ગયા હશે. પાછું તેને યાદ આવે છે કે કિરીટ બહારગામ ગયો છે.

છેવટે તે ઊભી થાય છે. અનિલના રૂમ તરફ જાય છે. તેને યાદ આવે છે કે અનિલ તો ગઇ રાત્રિનો તેની સ્ત્રી મિત્રને ત્યાં જવાનો હતો ને ત્યાંથી બારોબાર વહેલી સવારે દવાખાનામાં ... અલ્પાના રૂમ તરફ જાય છે ત્યાં પણ પલંગ ખાલી છે. એને યાદ આવે છે અલ્પા પણ ગઇ રાત્રિએ તેની બહેનપણીને ત્યાં જવાની હતી. અને બહેનપણીને લઇને બારોબાર દવાખાનામાં...

દસેક વાગ્યે ટેલિફોનની ઘંટડી રણકી ઊઠી. હાથ લાંબો કરી તે રીસીવર ઊઠાવે છે. સામે છેડે અનિલ હોય છે.

''હેલો....''

''કોણ મમ્મી.... ક્યારનોય ટેલિફોન કરું છું. છતાં કોઇ કેમ ઊઠાવતું નહોતું ?''

તેને યાદ આવે છે તે પોતાના જ વિચારમાં લીન થઇ ગઇ હતી. કોઇકનો ટેલિફોન હશે તેમ માની તેણે અગાઉ ઊઠાવેલો નહીં....

બે-ત્રણ વખત રીંગ વાગેલી.... શાંતિ... ફરીથી રીંગ પછી શાંતિને પાછો ફોન રણકે છે. મોટેભાગે દર્દીઓને તપાસવા જવાના ફોન આવતા. તેથી તેણે આજે ઊઠાવેલો નહીં.

''બોલ બેટા.....''

''મમ્મી, .... તેં આજનું છાપુ જોયું ?''

''ના.''

''મારે તને એક દુઃખદ સમાચાર આપવાના છે અને આનંદના પણ. છેલ્લા દસેક વર્ષથી ખોવાઇ ગયેલા... પેલા પ્રોફેસર અંકલની આજે તારી ઉપરની ટપાલ આવી છે.''

''પણ તેનું શું છે ? બપોરે ઘરે આવે ત્યારે લેતો આવજે.''

''મમ્મી, તેં સામરખા જોયું છે ?''

''હા, ''

''તને ખબર છે ને કે પ્રોફેસર અંકલ આપણને બધાંને સામરખા આવવાનું વારંવાર કહેતા હતા.''

''બરોબર છે...''

ઘણાં વર્ષો પછી તેને પ્રોફેસર યાદ આવે છે.

''તો મમ્મી, આજે હમણાં જ સામરખા જવાનું છે. તું તૈયાર થા. થોડીવારમાં જ હું તને લેવા આવું છું.''

''પણ શા માટે ?''

''મમ્મી... પ્રોફેસર અંકલનું અવસાન થયું છે. આજના પેપરમાં તેમના અવસાનના સમાચાર સાથે બપોર પછી સ્મશાનયાત્રા છે તેવો પણ ઉલ્લેખ છે.''

''હેલો... હલો... મમ્મી.... તું બોલતી કેમ નથી ? મમ્મી તને શું થઇ ગયું ?''

ડૉક્ટર સુધા તેના સંતાનોના અંકલ પ્રોફેસર મહાદેવના અવસાનના સમાચાર જાણતાં ટેલિફોન પાસે ફસડાઇ પડે છે. તેના હાથમાંથી છટકેલા રીસીવરના ટુકડે ટુકડા થઇ ગયા.

## બે

ટેલિફોન ઉપર પોતાની માતાનો અવાજ ન સાંભળતાં અનિલ આશ્ચર્ય પામે છે. એની માતા કેમ જવાબ નહીં આપતી હોય ! કંઇક અજુગતુ બની ગયુ હશે માની દવાખાનાનું કમ્પાઉન્ડરને ધ્યાન રાખવાનું કહીને સીધો જ પોતાની ગાડી લઇને ઘેર પહોંચે છે. થોડોક તે ગભરાયેલો હતો. માતાને શું થયું હશે એની ચિંતા તેને સતાવતી હતી. પણ ઘેર પહોંચતા જુએ છે તો ટેલિફોનની પાસે શોકમગ્ન દશામાં તેની માતા બેઠી હતી. રીસીવરના ટુકડાઓ ત્યાં વેરવિખેર થયેલા તે જુએ છે. ચિંતાના વાદળો માતાના મોં પર ઘેરાયેલા એ સ્પષ્ટ જોઇ શક્યો હતો. પોતાની માતાની આ દશા જોઇ તે ખૂબ રડ્યો. માતાની નજીક આવી તે બેસી ગયો. કોઇ બોલતું નથી.

છેવટે સુધા કહે છે, ''અનિલ, અત્યારે જ આપણે સામરખા જવા નીકળીશું.'' અનિલ પેપરના સમાચાર માતાને વિગતે કહે છે. તેઓ સ્મશાનયાત્રા નીકળે તે પહેલા પહોંચી પણ જશે એવું અનિલ કહી માતાને આશ્વાસન આપે છે.

દસેક મિનીટમાં અનિલની ગાડી વડોદરાથી આણંદ જવાના હાઇવે ઉપર પૂરપાટ દોડતી હતી. ડ્રાઇવીંગ કરતાં-કરતાં અનિલની નજર સામેના મીરર ઉપર પડતી રહે છે. પાછલી સીટ ઉપર બેઠેલી માતાના ચહેરાના ભાવ ક્ષણેક્ષણે બદલાતા હોય તેવું તે જુએ છે. એની માતા કોઇ દ્વિધા અનુભવતી હોય તેવું તેને લાગે છે. બનેલી આ દુઃખદ ઘટનાને કારણે એની માતા સાથે તે વાત કરતો નથી. ચૂપચાપ ડ્રાઇવીંગ કરતો રહે છે.

સામરખા ચોકડીથી ભાલેજ જવાના રોડ ઉપર આપોઆપ તેની ગાડી વળે છે. ત્યારે એને આશ્ચર્ય થાય છે કે ક્યારેય સામરખા ગયો નથી તે છતાં એ દિશામાં ગાડી કેવી રીતે તેણે હંકારી. પોતાના જ પ્રશ્નનું મનમાં કોઇ સમાધાન તે કરી શકતો નથી. અને.... તેની ગાડી સામરખામાં પ્રવેશ કરે છે. આ બધા જ રસ્તા એને પરિચિત કેમ લાગ્યા હશે ? એનો એને ખ્યાલ આવતો નથી. કોઇ ભેદી વ્યક્તિએ એના મન પર કાબૂ જમાવી દીધો હોય એવી રીતે એ ગાડી હાંકે જાય છે. એની ગાડી ગામની ભાગોળ છોડી, ગામની પરબડી આગળ થઇ ધીરેધીરે દૂધમંડળીની સામેના ખાંચામાં જતી હોય એવું એ અનુભવે છે. ગાડી આગળ વધતી જ જાય છે. ધીરે ધીરે ગાડી ખડકીના દરવાજામાં પ્રવેશી એક વળાંક આગળ આવી ઊભી રહી જાય છે. સામે બેઠેલા, અને જાણે કે એમની જ રાહ જોતાં હોય તેમ ડાઘુઓ ઊભા થઇ જાય છે. બે-એક જણ ગાડી પાસે આવે છે. જાણે કે વર્ષોથી પરિચિત હોય એમ તેને આવકારે છે. ગાડીમાંથી ઊતરતી એની માતાને 'લ્યો ! સુધાબેન પણ આવી ગયાં. હવે કોઇની આવવાની રાહ નહીં જોવી પડે.' એમ કહી આવકારે છે. અનિલને ધ્રાસકો પડે છે. તે તેની માતા સાથે ક્યારેય આ ગામમાં આવ્યો નથી. તો જાણે કે ઘણાં વર્ષોથી આ બધાં તેમનાથી પરિચિત હોય એ રીતે કેમ આવકારતાં હશે?

બીજી ક્ષણે તે એની માતાનો હાથ પકડી ડાઘુઓની વચ્ચેથી આગળ વધે છે. ઘર કઇ બાજુ હશે એની એ કલ્પના કરે છે. ધીરે ધીરે પોતાની માતા સાથે અનિલ ડગલાં માંડે છે. અને ખડકીના એ છેલ્લા ઘર પાસે આવીને તે અટકે છે.

ત્રણેક પગથિયાં તેઓ ચઢે છે. બહાર ઓસરીમાં રૂદન કરતી સ્ત્રીઓની વચ્ચે જેના દેહ પર સફેદ ચાદર ઓઢાડી છે તે મૃતદેહ ત્યાં પડેલો છે. મોં ખુલ્લુ છે. અનિલ ત્યાં જ ઊભો રહે છે. એની માતા - ડૉક્ટર સુધા - આગળ વધે તે પહેલાં જ એક સ્ત્રી ઊભી થઇ, 'સુધાબેન તમે ઠીક સમયે આવી પહોંચ્યા. તમારી જ રાહ જોવાતી હતી.' એમ કહે છે. અનિલનું મન વિચારે ચઢે છે. આ સ્ત્રીઓ પણ  પોતાની માતાને જાણે છે.

અને તે જુએ છે કે.. તેની માતા પગલાં માંડતી પેલા મૃતદેહ પાસે અટકે છે. એ મૃતદેહની ચારેબાજુ ફરે છે અને પછી પોતાના હાથના કંકણ પેલા મૃતદેહની છાતી પર મૂકી એમના પગ પકડી ધ્રુસકેને ધ્રુસકે રડી પડે છે.

આખી પૃથ્વી ગોળગોળ ફરતી હોય તેવો અનુભવ અનિલ કરે છે. વડોદરામાં પોતાના પિતા હયાત છે, છતાં તેની માતાએ શા માટે આ મરણ પામેલા પુરુષની છાતી પર પોતાના કંકણ કાઢીને મૂકી એ જ જાણે કે વિધવા બની છે એવું કેમ કર્યું ? હું કોનો દીકરો ? ત્યાં જ પગથિયા પાસે તે બેસી જાય છે. પેલી મૃત્યુ પામેલી વ્યક્તિને કારણે નહીં પણ પોતે આ ચિત્ર-વિચિત્ર ઘટનાઓ જોઇ તેને કારણે પોક મૂકે છે.

ડૉક્ટર સુધાના આવવાથી ત્યાં હાજર રહેલી સ્ત્રીઓ તેમને આશ્વાસન આપે છે. અને છેવટે મૃતદેહને ઠાઠડીમાં મૂકવામાં આવે છે. સ્મશાન તરફ જવાની બધાં તૈયારી કરે છે. થોડા સમય પહેલાં જ સળગાવીને તૈયાર રાખેલા છાણા સાથેની હાંડલી અનિલના હાથમાં પકડાવવામાં આવે છે. ફરી પાછો તે આશ્ચર્યમાં ડૂબી જાય છે. અને ધીરે ધીરે ડાઘુઓ જોડે તે સ્મશાનભૂમિ તરફ પગલાં માંડે છે. સ્મશાનમાં પ્રોફેસરની ચિતાને અનિલ જ અગ્નિદાહ દેશે એવું કહી એને ઊભો કરે છે. તે કશું જ સમજતો નથી. મૃત વ્યક્તિ સાથે એનો શો સંબંધ ? મૃત વ્યક્તિ સાથે લોહીનો સંબંધ હોય તે રીતે આ બધાં લોકો તેની સાથે વર્તન કરે છે. ગમે તે હોય ! પણ માનવતાની દ્રષ્ટિએ બધાંના કહેવાથી અનિલ કશું વિચાર્યા વગર અગ્નિદાહ દે છે. જોતજોતામાં અગ્નિ આખી ચિતાને ભરડો લે છે. અનિલ સામે વડની પાસેની પાળી પર બેઠો છે. એક મોટી ઉંમરની વ્યક્તિ ત્યાં આવીને કહે છે કે, 'બધાં મહેમાનો જાય.' એક યુવાન અનિલને પોતાની સાથે ઘેર લઇ જાય છે. કોઇ વિચિત્ર ઘટના બની ગઇ હોય તેવું અનિલ અનુભવે છે. અહીં આ ગામમાં અજાણ્યા માનવીઓ જાણે કે વર્ષોથી પરિચિત હોય એ રીતે એને અને એની માતા ડૉક્ટર સુધાને બોલાવતાં હતાં. જો કે આ રહસ્ય તે ઊકેલી શકતો નથી.

પેલા યુવાન સાથે તે ઘેર પહોંચે છે. એની માતાને વીંટળાઇને પાંચ-છ સ્ત્રીઓ બેઠી હતી. બધાંના મોંમાંથી સુધાબેનનું નામ સૂકાતું જ નહોતું. એવુ અનિલ જુએ છે. અનિલને આવેલો જોઇને બધાં સુધાબેનને જવાનું કહે છે. 'બારમાને દિવસે તમે આવશો જ ને ?' એમ બધાં પૂછે છે. ડૉક્ટર સુધા કશો જ જવાબ આપતાં નથી. એ આવ્યા ત્યારે ખુલ્લાં માથે આવ્યાં હતાં. અને અત્યારે જાય છે ત્યારે એમના મોં પર સાડીનો પાલવ ઢાંકેલો હતો. બધી સ્ત્રીઓ સુધાબેનને ગાડી સુધી મૂકી જાય છે.

અને... ગાડી ધીરે ધીરે, ગામનો મધ્યભાગ અને પછી ભાગોળ પણ છોડે છે. રોડ પર આવેલી ગાડી સામરખા ચોકડીથી હાઇવે પર પહોંચે છે. ત્યાં સુધી અનિલ એક પણ શબ્દ બોલતો નથી. મીરરમાં જોઇ પાછલી સીટ ઉપર બેઠેલી પોતાની માતાના હાવભાવ નોંધે છે. શોકમગ્ન બેઠેલી એ સ્ત્રી - એની માતા - મરેલા માનવી સાથે કેવા સંબંધ ધરાવતી હશે ? અનિલ આ વિશે કશું જ વિચારી શકતો નથી. છેવટે ચાલતી ગાડીએ એક દીકરો મા સાથેની મર્યાદા છોડી શબ્દકોશમાં કુલ્ટા સ્ત્રી માટે વપરાતા હોય એ બધા જ શબ્દોનો ઉપયોગ કરે છે. અનિલ પોતાની માતાને આટલી ઉંમરે પહેલીવાર એક ખરાબ સ્ત્રી તરીકે જુએ છે. અને વધુમાં એ કહે છે, 'આ બધું મારા બાપની ખાનગીમાં જ ચાલતું હશે ને?' સુધા જવાબ આપતી નથી. અનિલ મર્યાદાનો ભંગ કરતો કરતો ન પૂછાય એવા ઘણા પ્રશ્નોની ઝડી માના મોં પર વરસાવે છે. છેવટે સુધા જવાબ આપે છે, 'તારે જે પ્રશ્નોના જવાબ જોઇએ છીએ તે તને ઘેર આપીશ. મહેરબાની કરીને અત્યારે તું મને કશું પૂછીશ નહીં. આ માણસના મૃત્યુ થવાથી અત્યારે મને ઘણો આઘાત લાગ્યો છે. મહેરબાની કરીને મને છંછેડતો નહીં.' છતાં પણ ચાલતી ગાડીએ અનિલ ગમે તેમ બોલે જ રાખે છે. અને ગાડી હંકારતો પોતાના બંગલા પાસે લાવી મૂકે છે.

ગાડી આવવાનો અવાજ સાંભળતા જ અલ્પા અંદરથી બહાર આવે છે, 'તમે બધાં ક્યાં ગયાં હતાં? કેમ બોલતાં નથી ?' વગેરે પ્રશ્નો પૂછી જાણવાની કોશિશ કરે છે. પણ કોઇ તેને સાચો જવાબ આપતું નથી.

બંગલામાં પ્રવેશી સુધા કહે છે, ''તમે અહીં બેસો.  હું આવું છું.'' એમ કહી હાથ-મોં ધોવા તે અંદર ચાલી

જાય છે. હાથ-મોં ધોઇ તિજોરીમાંથી એક ચાવી કાઢી તે બહાર આવે છે અને કહે છેઃ

'લે આ ચાવી. બંગલાના એક રૂમની ચાવી છે. તમને ખ્યાલ હશે કે વર્ષમાં એક દિવસ આ રૂમમાં હું અને તારા પપ્પા સૂઈ જઈએ છીએ. તે દિવસ પૂરતો જ આ રૂમ ખૂલે છે. એ રૂમ તું ખોલ. તને ખબર પડશે કે મેં તારા બાપને અંધારામાં રાખ્યા નથી. તું કશું જ સમજી નહીં શકે. ચાલ હું પણ તારી પાછળ પાછળ આવું છું.'

હાથમાં ચાવી રમાડતો અનિલ અલ્પાનો હાથ પકડી જાણે કે તેને પણ કોઇ રહસ્ય બતાવવા માંગતો હોય એ રીતે ચાવીવાળી રૂમ ખોલે છે. અંદર અનિલ અને અલ્પા પ્રવેશ કરે છે. સુધા બારણા આગળ ઊભી રહે છે.

રૂમ ખાલી છે. સામે દિવાલ પાસે એક પાટ પડી છે. પાટ પર શેતરંજી પાથરેલી છે. બે ઓશિકા છે. વર્ષમાં એક જ વાર આ રૂમ ખોલાતો હોવાથી બધે ધૂળ ફેલાઇ ગયેલી છે. આખા રૂમમાં બીજું કશું જ નથી. ખાલીખમ રૂમ છે. અનિલને બીજું કશું દેખાતું નથી. બીજી ક્ષણે અલ્પા... અનિલને પાટ પાસેની દિવાલ ઉપર જોવાનું કહે છે. દિવાલ ઉપર ત્રણ ફોટા છે. વચ્ચે પ્રોફેસરનો ફોટો છે અને આજુબાજુ એના મમ્મી અને પપ્પાનો ફોટો છે. અનિલ કશું જ સમજી શકતો નથી. તેના હોંશ ઊડી જાય છે. તો શું એના પપ્પા બધું જાણતા હશે ને ? એ પાછો વળીને જુએ છે તો એમની પાછળ પાછળ બારણા સુધી આવેલી અને ઊભેલી એની મમ્મીની પાછળ ઓચિંતા જ બહારથી આવેલા એના પપ્પાને પણ ઊભેલા જુએ છે.

## ત્રણ

બહારગામથી પાછો આવેલો કિરીટ જુએ છે તો બંગલામાં સંપૂર્ણ શાંતિ છે. મુખ્ય બારણું પણ ખુલ્લું છે. કોઇનો અવાજ સંભળાતો નથી. બેઠકરૂમમાં પોતાની બેગ મૂકી સુધાને શોધવાનો પ્રયત્ન કરે છે. સુધા ક્યાંય દેખાતી નથી. અનિલ અને અલ્પા પણ નથી. એકાએક કિરીટની નજર એક રૂમ પર જાય છે. કે જે રૂમનું બારણું ખુલ્લુ હતું. આ રૂમ વર્ષમાં એકાદવાર ખોલાતી. અને તે દિવસ પૂરતું કિરીટ અને સુધા ત્યાં સૂઇ રહેતા. આજે રૂમ ખુલ્લી કેમ ? એમ કહી તે રૂમ આગળ જાય છે. રૂમના બારણાં પાસે તે પહોંચે છે. ત્યાં જ અનિલને પાછો વળીને સુધા તરફ જોતો તે જુએ છે. કોઇ કશું બોલતું નથી. ઓચિંતા જ કિરીટને આવેલો જોઇને બધાં આશ્ચર્યમાં પડી જાય છે. ચૂપચાપ અનિલ અને અલ્પા રૂમની બહાર નીકળતાં સુધા અને એના પપ્પાની નજીક થઇ બંને તરફ જોતાં જોતાં બેઠકરૂમમાં જઇ બેસી જાય છે.

કોઇ અણધારી ઘટના બની છે એવું માનનારો કિરીટ સુધાને ખભે હાથ મૂકે છે. કશું પૂછતો નથી. સુધાને લઇને પોતાના રૂમમાં પહોંચી જાય છે. રૂમમાં પહોંચ્યા પછી ધીરેથી સુધાને બેસાડે છે. ઠંડુ પાણી લાવી તેને આપે છે. એકી સાથે સુધા પાણીનો પ્યાલો ખાલી કરે છે. તરસ ન છીપાઇ હોય તેમ ફરી પાણી માંગે છે. કિરીટ ફરી પાણી લાવી આપે છે. પાણી પીધા પછી સુધા કિરીટ તરફ તાકી રહે છે. અને બીજી ક્ષણે ઊભી થઇ ધ્રુસકે ધ્રુસકે રડતી કિરીટને વળગી પડે છે અને ક્યાંય સુધી કિરીટ પત્નીને આશ્વાસન આપતો રહે છે.

આમને આમ ઘણો સમય પસાર થઇ જાય છે. ધીરે રહીને સુધા પ્રોફેસર મહાદેવના અવસાનના સમાચાર આપે છે અને જે કંઇ બન્યું તેની વિગતે વાત કરે છે. અનિલના પોતાના માટે જે શબ્દો ઉચ્ચારાયા હતા તે કોઇપણ મા સહન કરી શકે એ સત્ય હકીકત હોવા છતાં અનિલની જગ્યાએ બીજો કોઇ દીકરો હોય તોપણ પોતાની મા વિશે અનિલ જેવું જ વિચારે એ સ્વાભાવિક છે. સુધાના મોંએ મહાદેવના અવસાનના સમાચાર સાંભળતા જ કિરીટ બેસી પડે છે. કિરીટે ક્યારેય કોઇ વ્યક્તિની પાછળ આવો આઘાત સહન નહીં કરેલો. તે શોકમગ્ન બની જાય છે. સુધા અને કિરીટ પરસ્પર એકબીજાને આશ્વાસન આપે છે. છેવટે કિરીટ અને સુધા રૂમ બહાર આવી બેઠકરૂમમાં બેઠેલા અનિલ અને અલ્પાની સામે આવી બેસે છે.

'અનિલ, તારી મમ્મી પાસે મેં બધી વાત સાંભળી. તેં જે ઘટનાઓ જોઇ એ તમામ સાચી છે. કોઇપણ યુવાન આવી ઘટનાઓ જોતાં પોતાની માતાને કલંકિત માને જ. અને કલંકિત સ્ત્રી માટે ગમે તેવા શબ્દોનું ઉચ્ચારણ કરે એ પણ શક્ય છે. પણ દીકરા, તું તો ભણીને એક માનવતાવાદી ડૉક્ટર બન્યો છે. બનેલી ઘટનાનો

પ્રતિભાવ તરત જ તેં કેમ આપ્યો ? પ્રોફેસર મહાદેવના અવસાન નિમિત્તે તારી માતાએ જે કંઇ કર્યું હશે એ યોગ્ય જ હશે ! એમ હું માની લઉં છું. મને તારી મમ્મી ઉપર પૂરેપૂરો વિશ્વાસ છે. ભૂતકાળમાં હતો અને આજે પણ છે. અને તું તો બુદ્ધિશાળી છે. તારા તમામ મહેણાંની સામે તારી માતાએ એકપણ શબ્દ ઉચ્ચાર્યો નથી. સુધાએ સહજરીતે રૂમ ખોલવાનું તને કહ્યું. તેં અને અલ્પાએ રૂમની અંદરનું દ્રશ્ય જોયું. તમને બંનેને અને ખાસ કરીને તો તને ખબર પડી જ ગઇ હશે કે તારી મમ્મીએ મારી ગેરહાજરીમાં કોઇ અઘટિત કૃત્ય કર્યું નથી. અને કદાચ થયું હશે તો એની જાણ એણે મને કરી હશે. રૂમની અંદરના ત્રણ ફોટા જોઇ તને તો ખ્યાલ આવી ગયો હશે કે હું અને તારી મમ્મી પ્રોફેસરને કેટલું બધું માન આપીએ છીએ. અને તેથી જ તેમનો ફોટો અમારા બંનેના ફોટાની વચ્ચે અમે મૂકેલો છે. જો કે એક વાત સાચી છે કે પ્રોફેસર મહાદેવ મારા અને તારી મમ્મીના ભૂતકાળ અને વર્તમાનના સાક્ષી હતા. અને ભવિષ્યમાં રહેશે. અને આજે તે નથી એટલે અમારો ભૂતકાળ એમની સાથે ફક્ત જોડાયેલો છે એમ કહી શકીશું. કેમકે તેમનું વર્તમાન અને ભવિષ્ય અમે હવે ક્યારેય નહીં જોઇ શકીશું. બેટા, મહેરબાની કરીને હવે ફરીથી ક્યારેય તારી મમ્મી વિશે આડુંઅવળું કશું વિચારતો નહીં. તે પવિત્ર છે અને છતાં તેં તારી મમ્મી સાથે સામરખા જઇ જે ઘટનાઓ જોઇ હશે તે પણ સત્ય જ છે. તારે તો ગૌરવ લેવું જોઇએ કે એવી સ્ત્રીએ તને જન્મ આપ્યો છે કે ભૂતકાળમાં એકલી જ સમાજ સાથે લડીને તને મોટો કરવાનો પ્રયત્ન કર્યો છે. અને છતાંય તુ માને છે તેવું કંઇ નથી. અમારી પડેલી ગૂંચ જો અમે જ ન ઉકેલી શક્યા હોય તો, તમે તો ક્યાંથી ઉકેલી શકવાના. મારે તમને એટલી નમ્ર વિનંતી કરવાની કે તમે બંને સુધાની માફી માંગો અને ભવિષ્યમાં આવું નહીં કરો એની ખાતરી આપો. એટલું યાદ રાખજો કે તેં જે બાબતની શંકા કરી એ બધી જ બાબતોનો ખુલાસો કરતી માહિતી અમે લખી રાખી છે. તે જ્યારે હું અને તારી મમ્મી નહીં હોઇએ ત્યારે તારા હાથમાં આવશે. અને ત્યારે જ તને લાગશે કે સામાજીક દ્રષ્ટિએ અમારે જે પગલાં લેવા પડ્યાં તે, અમારે મન યોગ્ય હતાં.' એમ કહી કિરીટ સુધાને ઊભી કરે છે. તેનો હાથ પકડી જાણે કે બંગલાની બહાર જવા માંગતા હોય એ રીતે, એ દિશામાં પગલાં માંડે છે.

અનિલને લાગે છે કે પોતાની મમ્મી અને પપ્પા ઘર છોડીને તો નહીં જતા રહેતા હોય ને? એટલે તે દોડીને એમને આગળ જતાં અટકાવે છે અને બંનેના પગમાં પડી, 'અમને માફ કરી દો.' એમ કહી ધ્રુસકેને ધ્રુસકે રડી પડે છે. અનિલનાં એ પશ્ચાતાપનાં આંસુ હતાં. અનિલની માફક અલ્પા પણ એને અનુસરે છે. એ પણ રડે છે. જો કે અલ્પા કેટલીક માહિતીથી અજાણ હતી. કિરીટ અને સુધા પોતાના બંને બાળકોને ભેટી પડે છે.

## ચાર

દસેક વર્ષ વીતી ગયાં. ડૉક્ટર સુધા અને કિરીટનાં સંસ્મરણો જ હવે વાગોળવાનાં અનિલ અને અલ્પા માટે રહી ગયાં. અનિલનું દવાખાનું સારી રીતે ચાલે છે. અલ્પા પણ ત્યાં જ મોટાભાઇ સાથે કામ કરે છે. વડોદરાના નામાંકિત ડૉક્ટરોમાં ડૉક્ટર અનિલનું નામ મોખરે લેવાય છે. એક સંપૂર્ણ સુવિધા ધરાવતી એક મોટી હોસ્પિટલ અનિલ દ્વારા ઊભી થયેલી છે. કેટલાય ડૉક્ટરો માનવતાની દ્રષ્ટિએ ગરીબ દર્દીઓને સેવા આપવા નિયમિત દિવસે આવતા રહે છે. તેથી દવાખાનું લોકભોગ્ય બન્યુ છે. આમ અનિલ અને અલ્પાનો જીવનક્રમ ચાલતો રહે છે. અનિલનું લગ્ન ડૉક્ટર પૂર્વી સાથે અને અલ્પાનું લગ્ન ડૉક્ટર હેમંત સાથે કિરીટ અને સુધાની હાજરીમાં થયેલું. માતા-પિતા દ્વારા થયેલા લગ્નથી અનિલ અને અલ્પા બંને સુખી છે. આમને આમ દિવસો વીતે છે.

અને એક દિવસે... એક કાર અકસ્માતમાં ડૉક્ટર સુધા અને કિરીટને એમના સંતાનો ગુમાવે છે. હવે માતા-પિતાની યાદ જ તેમને વ્યવસાયમાં મદદરૂપ થતી હોય તેવું તેઓ અનુભવે છે.

અનિલ તો પોતાના જ બંગલામાં છે. અલ્પા તેના પતિ સાથે વડોદરામાં સ્થિર થઇ છે. તે દિવસ રજાનો હતો. જો કે દવાખાનું ચાલુ હતું. અનિલને સામાન્ય તાવ હોવાથી અલ્પાને બધી દવાખાનાની જવાબદારી સોંપી તે ઘેર જ હતો. અને તે દિવસે અનિલને યાદ આવે છે. પપ્પાએ કહેલું કે, 'બેટા, જ્યારે હિંમત હારી જવાય,

સામાન્ય શરીરથી કામ ન લેવાય ત્યારે અને આરામ કરવાનો વખત આવે તે વખતે મને યાદ કરજે. જેથી હું તારી પીડાને સમજી યોગ્ય ઉકેલ બતાવીશ.' પિતાના આ શબ્દો યાદ આવતાં જ અને સામરખાની બનેલી ઘટના પછી તેમની હયાતી બાદ તેમનું લખાણ જોવાની વાત તેમણે કરેલી તેથી જે રૂમમાં માતાપિતા એક દિવસ સૂઈ રહેતાં તે રૂમની ચાવી લઈ ને રૂમ પાસે પહોંચી જાય છે. અને વર્ષોથી બંધિયાર પડેલો એ રૂમ અનિલ ખોલે છે. વર્ષો પહેલાં જોયેલું એ જ દ્રશ્ય અનિલ આજે પણ જુએ છે. રૂમ પણ થોડો બદલાયેલો છે. દિવાલ પાસેની પાટ ઉપર એક નાનકડી લોખંડની પેટી પડેલી છે. પેટીને તાળું મારેલું નથી. અનિલ પેટી ખોલે છે. એક નાની કોથળી ત્યાં બાંધેલી તે જુએ છે. અને એની ઉપર પ્લાસ્ટિકના કવરમાં એક કાગળ છે. અનિલ કાગળ ખોલી વાંચે છે :

'અનિલ,

આ સાથેની કોથળી - નોટ-માં ત્રણ વ્યક્તિઓની વીતકકથા લખેલી છે. મારી, તારી મમ્મીની અને પ્રોફેસર મહાદેવની. (પ્રોફેસર મહાદેવના અવસાન પછી તેમની કોઈ પરિચિત વ્યક્તિ તેમણે લખેલી નોટ તારી મમ્મીને પહોંચાડી ગઈ હતી.) અમારી ત્રણેય જણની વીતકકથા તું વાંચજે. તને લાગે કે અમે યોગ્ય કર્યું હતું તો અમને માફ કરજે. નહીં તો અમારી યાદ કાયમને માટે તારા સંસ્મરણોમાંથી કાઢી નાંખજે. અમારી વાત નવલકથાના રૂપમાં રજૂ કરી છે. કેમકે અમે ત્રણેય જણ સાહિત્યરસિક હતાં. એટલે જ અમારી વાતને એ રીતે તારા ધ્યાન પર આવશે. અને બીજું આ સાથે એક સરનામું છે એ સરનામે તું પહોંચીશ ત્યારે તું પોતે પણ આશ્ચર્યમાં પડી જશે. અને પછી તને લાગશે કે...'

- તારા પપ્પા - મમ્મી.

અને અનિલ કોથળી છોડી અંદર લખાણને જુએ છે. તે બધાં પાના ફેરવે છે. તો એને ખ્યાલમાં આવે છે કે કોઈ એક જ વ્યકિત દ્વારા આખી વાત લખાઈ છે. કદાચ એની મમ્મીના અક્ષરો લાગે છે. અને તે વાંચવા લાગે છે. નોટના ઉઘડતા પાને મોટા અક્ષરોથી લખાયેલું હતું.

# હૈયાનો ઉજાસ

## પાંચ

સમી સાંજનો સમય હતો. જુહુના દરિયા કિનારે કિનારાની રેત પર કિરીટ ડગલાં માંડતો હતો. શિયાળાનો દિવસ હોવાથી અંધારું થઈ જવા આવ્યું હતું. ત્યાં જ હાંફતી હાંફતી પચ્ચીસેક વર્ષની એક યુવતી કિરીટ પાસે આવીને, 'મને બચાવો. પેલો મારી એકલતાનો લાભ લેવા માંગે છે.' એમ કહી કિરીટને વળગી પડે છે. કિરીટ પાછો વળીને જુએ છે તો એની જ ઉંમરનો એક યુવક દોડતો દોડતો આવી રહ્યો છે. પેલાને નજીક આવતો જોઈ એકાએક કીરીટ બોલી ઊઠે છે, 'આની પાછળ કેમ પડ્યો છે ? એ મારી પત્ની છે.' એમ કહી આવતા માણસની સાથે ઝઘડો કરે છે. આમને ઝઘડતાં જોઈ ત્યાં જ સામેથી આવતો એક યુવાન પૂછી બેસે છે, કેમ ઝઘડો કરો છો ? કિરીટ 'આ માણસ મારી પત્નીની છેડતી કરે છે. અને ઉપરથી પાછો મને ધમકાવે છે.' વાત સાંભળતા જ પેલો યુવાન કિરીટ સાથે ઝઘડતા યુવાનને ધક્કો મારી દૂર ફેંકે છે. અને પેલો માણસ પણ હવે બે માણસો સામે છે એમ માની દૂર ભાગી જાય છે. કિરીટ પોતાને મદદ કરનારનો આભાર માને છે. અને જાણે કે પોતાની પત્નીને લઈ જતો હોય તેમ ગભરાયેલી પેલી યુવતિને આશ્વાસન આપી એનો હાથ પકડી ધીરેધીરે ચાલતો થાય છે.

થોડેક દૂર જઈ કિરીટ કહે છે, 'આવા સાંજના સમયે એકલું નીકળવું ન જોઈએ.'

'હું એકલી નહોતી. હોસ્ટેલની મારી બહેનપણીઓ પણ હતી. હું સમી સાંજનું આકાશ જોવામાં મગ્ન

હતી. તે બધાં ક્યાં નીકળી ગયા તેની મને ખબર નહોતી. અને આ માણસ મારી પાછળ પડ્યો.'

'અહીં કઈ હોસ્ટેલમાં રહો છો ? ચાલો હું તમને મૂકી જાઉં.' એમ કહી કિરીટ એની સાથે ચાલતો રહે છે. મુખ્ય રસ્તે આવી એક ટેક્ષી પકડે છે. ટેક્ષીમાં બેઠા પછી, 'હું સુધા. અહીં ડૉક્ટરીનો અભ્યાસ કરવા આવી છું. હોસ્ટેલમાં રહું છું. આ મારું છેલ્લું વર્ષ છે. તમે મને બચાવી. તમારો આભાર જિંદગીભર નહીં ભૂલું.' તે કહેતી રહે છે. અને કિરીટ સાંભળતો રહે છે. ટેક્ષી એની હોસ્ટેલના દરવાજે આવીને ઊભી રહે છે. સુધા ટેક્ષી છોડી દેવાનું કહે છે. કિરીટને પોતાની સાથે મહેમાનગૃહમાં લઇ જાય છે. કિરીટને બેસાડી અંદર જાય છે. થોડીવારે તે નાસ્તો લઇને બહાર આવે છે. કિરીટ ના-ના કરતો રહે છે અને છેવટે નાસ્તો કરે છે. સુધા એને કાગળ પર પોતાનું નામ અને સરનામું આપે છે. અને, 'તમારો પરિચય તો મેં મેળવ્યો જ નહીં.' એમ કહેતી સુધા હસી પડે છે.

'ફરીથી ક્યારેક આ બાજુ નીકળો તો અહીં આવતા રહેશો તો મને આનંદ થશે.' એવું સુધા કહે છે. જતાં જતાં કિરીટ પોતાનું વીઝીટીંગ કાર્ડ સુધાને આપતો જાય છે. તે મહેમાનગૃહની બહાર જવાનો પ્રયત્ન કરે છે. એકદમ સુધા 'એક મિનિટ ઊભા રહો.' એમ કહી કિરીટ પાસે પહોંચી જાય છે. કિરીટનાં બંને હાથ પકડી લે છે. 'ફરી આવશો ને ?' એમ કહી કિરીટની આંખોમાં પોતાની આંખો દ્વારા કશુંક કહે છે. જાણે કે એક જણે કશુંક આપ્યું અને સામી વ્યક્તિએ કશુંક મેળવ્યું. એવું અરસપરસ બંને અનુભવે છે.

'ફરી જરૂર હું આવીશ. તમે મારી રાહ જોશોને ?' એમ કહી કિરીટ ત્યાંથી બહાર નીકળી જાય છે.

## ૭

કિરીટના ગયા પછી પોતાની રૂમમાં પહોંચી અંદરથી બારણું બંધ કરી કિરીટે આપેલું કાર્ડ તે વાંચે છે. કાર્ડનું લખાણ જોતાં તે આશ્ચર્ય અનુભવે છે. અરે ! આ તો પોતાના જ શહેરનો છે. વડોદરાનો. તે પણ વડોદરાની હતી. અહીં મુંબઇ ડૉક્ટરીનો અભ્યાસ કરવા આવેલી. અને આમ અચાનક તેને ભેગી થઇ ગઇ. તે આખી રાત સુધા પથારીમાં પાસા ફેરવતી રહી. કેમેય ઊંઘ નહોતી આવતી. તેના મન પર કિરીટે કબજો લઇ લીધો હતો. ખરેખર કિરીટ ત્યાં ન હોત તો પેલો અજાણ્યો માણસ તેની આબરૂ લુંટી લેત. તેણે તેને બચાવી. તેના મોંમાંથી આકસ્મિક નીકળી ગયેલું. 'હું તેની પત્ની છું.' સહજ રીતે પત્ની તરીકે તેણે મને ગણી અને એ રીતે જ મને બચાવી. પત્ની તરીકેની વાત ન કરી હોત તો સામે આવતો યુવક પણ મદદ ન જ કરત. એવું માનનારી સુધા મનોમન કિરીટને પોતાના પતિ તરીકે સ્વીકારતી હોય તેવું અનુભવે છે. જાણે કે એના અણુએ અણુમાં કિરીટ સમાઇ ગયો હોય તેવો ભાવ પ્રગટે છે.

કિરીટ તો ચાલ્યો ગયો. કોઇ કંપનીના સેલ્સ મેન તરીકે અહીં આવેલો તેવું એને લાગે છે. કેમકે એના વીઝીટીંગ કાર્ડમાં વડોદરાનું જ સરનામું અને ટેલિફોન નંબર લખેલા છે. તેને ફોન કરવાનું મન થાય છે. પણ એ તો હજુ મુંબઇમાં જ હશે. એ ક્યાં રોકાયો એ તો તેણે જણાવ્યું જ નથી. બે ચાર દિવસમાં અહીંનું કામ પતાવી વડોદરા પહોંચે ત્યારે જ તેનો સંપર્ક સાધી શકાય. આ બે-ચાર દિવસો કેવી રીતે પસાર કરવા ? ત્રીજે દિવસે સુધા વડોદરા કિરીટને ફોન કરે છે. સામે કિરીટ જ ફોન ઉપાડે છે.

'હેલો, તમે કોણ ?'

'મને ના ઓળખી ? હું મુંબઈથી સુધા બોલું છું.'

'હું તમને જ યાદ કરતો હતો, ને તમારો ફોન આવ્યો. આ રવિવારે તમે ફ્રી થઈ શકો ?'

'બોલો, રવિવારે તો હું આરામમાં જ હોઇશ.'

'રવિવારે સવારે છ વાગ્યે જનતા એક્સપ્રેસમાં હું બોમ્બે સેન્ટ્રલ પર ઊતરીશ. તમે સવારે સ્ટેશન પર આવો તો તે આખો દિવસ આપણે સાથે રહી શકીએ. તમારા માટે જ હું ત્યાં આવવાનું વિચારું છું.'

'તમે આવો તે મને જરૂર ગમશે. હું હોસ્ટેલમાંથી બે-એક દિવસ વતનમાં જવાની છું એમ કહી રજા લઇ લઇશ. હું સવારે બોમ્બે સેન્ટ્રલ પર આવી જઇશ.' એમ કહી સુધા ફોન ટૂંકાવે છે.

# સાત

કાલે રવિવારે વહેલી સવારે કિરીટ આવશે અને પોતાને બોમ્બે સેન્ટ્રલ પર જવાનું છે એ વાતથી આનંદિત થઇ ગયેલી સુધા શનિવારે આખી રાત્રિ ઊંઘી શકી નથી. કિરીટના જ વિચારો તે કર્યા કરે છે. કિરીટ સાથેના મિલનના સ્વપ્નાઓ પણ તેણે જોયા. પોતાને બચાવનારને જ પોતાનું જીવન સમર્પિત કરી દેવું તેવું તે સ્વપ્નોમાં જોતી રહી. અને સ્વપ્નામાં કિરીટ સાથે લગ્નના ચાર ફેરા પણ તેણે ફરી લીધા. એના અણુએ અણુમાં કિરીટના નામનો પોકાર પડતો હોય તેવું એણે અનુભવેલું. સમગ્ર રાત્રિ દરમ્યાન કિરીટના તેણે સતત વિચાર કર્યા.

આખી રાતનો ઉજાગરો થયો. વહેલી સવારે તૈયાર થઇ કિરીટને લેવા માટે જવા પથારીમાં બેઠી થવાનો પ્રયત્ન કરે છે ત્યાં જ એક ઊંઘનું ઝોકું આવી જાય છે અને જ્યારે જાગે છે ત્યારે સવારના દશ થઇ ગયા તેવું તે જુએ છે. મનોમન પોતાની જાતને તે ભાંડે છે. હાથમાં આવેલી એક તક તેણે ગુમાવી તેવું તે માને છે. સૌરાષ્ટ્ર જનતા છ વાગ્યે આવે. દસ તો થઇ ગયા. તૈયાર થતાં એકાદ કલાક તો લાગે. અને સેન્ટ્રલ પહોંચે ત્યારે તો કદાચ પૂરા બાર પણ વાગી જાય ! ઘડિયાળમાં બાર તો વાગે કે ના વાગે પણ તેના તો બાર વાગી જ ગયા ! આટલો બધો લાંબો સમય કિરીટ કદાચ રાહ ન પણ જુએ. છતાં બોમ્બે સેન્ટ્રલ પર તેને મળવા તો જવું જ પડે. એમ વિચારી તે તૈયાર થાય છે. આમેય ગઇકાલે સાંજથી જ બે દિવસ વતનમાં જવાનું છે તેવી રજા તો તેણે લઇ જ લીધી હતી. જો કે કેટલા વાગે નીકળવાની છે તે તેણે કહેલું નહીં. તેથી તે બે-ચાર જોડી કપડાં નાની સૂટકેસમાં નાખી બેગ લઇ તે હોસ્ટેલની બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. તે જ વખતે હોસ્ટેલના દરવાજા પાસે એક ટેક્ષી આવીને ઊભી રહે છે. ટેક્ષીમાંથી ઊતરતી વ્યક્તિને જોતાં જ તે આનંદમાં આવી જાયછે. ઊતરનાર બીજું કોઇ નહોતું, પણ કિરીટ હતો. તે દોડતી જઇ ટેક્ષીવાળાને ઊભો રાખે છે. કિરીટને અંદર બેસી જવાનું કહી તે પોતે પણ તેની બાજુમાં બેસી જાય છે. કિરીટ કંઇક વિચારે તે પહેલાં જ સુધા ટેક્ષીવાળાને બોમ્બે સેન્ટ્રલ લેવાનું કહે છે અને બીજી ક્ષણે ટેક્ષી જે દિશામાંથી આવી હતી તે જ દિશામાં પૂરપાટ ઝડપે દોડી જાય છે. દોડતી ટેક્ષીએ સુધા અને કિરીટના મન પણ ટેક્ષીની ગતિ એ જ દોડતાં રહે છે. કોઇ કશું બોલતું નથી. બે યુવાન હૈયાઓ મૌન દ્વારા એકબીજાને ઘણું બધું કહી દે છે.

બોમ્બે સેન્ટ્રલ પર પહોંચેલી ટેક્ષીનું ભાડું સુધા આપે છે. અને સુધા કિરીટનો હાથ પકડી પ્લેટફોર્મ પર તેને દોરી જાય છે. ‘હું હમણાં આવી.’ કહેતી સુધા કિરીટને એક બાંકડા પર બેસાડી પાછી વળે છે. બે-એક મિનીટમાં તે પાછી આવે છે. આવીને તે પોતાના હાથમાંની ટીકીટ કિરીટને બતાવે છે. કિરીટ જુએ છે તો સુધાના હાથમાં બે ટીકીટ છે, તે બંને ફર્સ્ટ ક્લાસની અને તે પણ વડોદરાની.

કિરીટને ખ્યાલ નથી આવતો કે સુધાએ વડોદરા જવાનું કેમ નક્કી કેમ કર્યું હશે ? પણ તે કંઇ વિચારી શકતો નથી.

એકાદ કલાક પછી બોમ્બે સેન્ટ્રલથી ઊપડતી અને દિલ્હી સુધી જતી રાજધાની એક્સપ્રેસના ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં એકબીજાની સામસામે બેઠેલા કિરીટ અને સુધા એકબીજાના મનના વિચારો જાણે કે જાણવા પ્રયત્ન કરતાં હોય તેવું અનુભવે છે. પરંતુ સુધા કે કિરીટ અરસપરસ કોઇપણ જાતની ચર્ચાઓ કરતાં નથી. લગભગ ચારેક કલાકનું મૌન લઇને બંને વડોદરા સ્ટેશને ઊતરે છે. સ્ટેશને ઊતર્યા પછી, ‘હવે આપણે બંને મારા બંગલે જ જઇશું. તને મારી સાથે આવવાનો વાંધો તો નથી ને ?’ એમ કહી કિરીટને પોતાની પાછળ આવવાનું કહી તે સ્ટેશનની બહાર નીકળે છે. સ્ટેશનથી ટેક્ષીમાં દસેક મિનિટના અંતરે અલકાપુરીમાં સુધાનું મકાન છે ત્યાં બંને પહોંચે છે. બંગલાની બહાર વરંડામાં જાણે કે સુધાની રાહ જોતી હોય તેમ એક ચાલીસેક વર્ષની સ્ત્રી બેઠેલી કિરીટ જુએ છે. સુધાને જોતાં જ ‘સુધાબેન તમે આવી ગયાં ? તમે આવવાનો છો એવું તમે મને ફોન પર કહેલું. પણ ક્યારે આવશો એનો મને ખ્યાલ નહોતો. એટલે સવારથી જ તમારી રાહ જોતી બેઠી છું.’ એમ કહી સુધા અને કિરીટનો સામાન પોતાના હાથમાં લઇ અવંતિકાબેન અંદર પહોંચી જાયછે. અવંતિકાની પાછળ

પાછળ સુધા અને કિરીટ પણ બંગલામાં પ્રવેશે છે.

'અવંતિકાબેન, હું ત્રણેક દિવસ અહીં રહીશ. મોટેભાગે જમવાનું મહેમાન સાથે બહાર જ પતાવી લઇશ. અને બીજું થોડીક પરીક્ષાની મારે તૈયારી કરવાની હોવાથી મારે એકાંત જોઇશે. એટલા માટે જ્યારે મને જરૂર પડશે ત્યારે જ હું તમને બોલાવી લઇશ. બંગલાની રોજીંદી જે સફાઇ કરવાની હોય તે તમારી રીતે તમે કરી લેજો. અને હું રહું એટલા દિવસ મારે કોઇ વસ્તુની જરૂર હશે તો તમને કહીશ. બાકીની કોઇ વસ્તુ વિશે મને તમે કંઇ ના પૂછશો. અને હા, મુખ્ય દરવાજાની ચાવી મને આપી રાખજો. તમે આવો કેજાવ ત્યારે અમે અંદર હોઇએ કે ના હોઇએ છતાં તમે મુખ્ય દરવાજો બંધ કરી દેજો.' એમ કહી સુધા કિરીટને પોતાનો આખો બંગલો બતાવવાનો પ્રયત્ન કરે છે. ઘણી મોટી જગ્યામાં ઘણા બધા રૂમ સાથેનો, અને રૂમ પણ કેવા ? દરેક રૂમ સંપૂર્ણ સગવડ સાથેના. જોતાં જ કિરીટ આશ્ચર્ય અનુભવે છે.

'કિરીટ, આ મારી માલિકીનું મકાન. આ બંગલાની એક માત્ર હું વારસદાર છું. મારા કુટુંબમાં મારા સિવાય કોઇ નથી. નાની હતી ત્યારથી જ આ અવંતિકાબેને મને ઊછેરી છે. આ બંગલામાં જ પેસતાં જ એક અલગ ત્રણ રૂમનું એમના માટે નિવાસસ્થાન બનાવ્યું છે. એ પણ બંગલાનો એક ભાગ જ ગણી શકાય. અવંતિકાબેન અને એમના પતિ બંને ત્યાં જ રહે છે. મારી ગેરહાજરીમાં મારા મકાનની જાળવણી તેઓ કરે છે. જે કોઇ ગણો તે અવંતિકાબેન અને એમના પતિ બે જ મારા કુટુંબમાં છે એમ કહી શકું. અરે ! તને જે વાત કહેવાની છે તે તો હું ભૂલી ગઇ. ગાડી આડે પાટે ચઢી ગઇ. બોલ ? લગ્ન પછી અહીં જ આ મકાનમાં રહેવાનું તને ફાવશે ને ? અને જો હું લગ્ન તો તારી સાથે જ કરવાની. લગ્ન પછી આ મકાન હું નહીં છોડું. તારે પણ અહીં જ રહેવું પડશે. ફાવશે ને ?'

મુંબઇથી વડોદરા આવતાં સુધીમાં ચારેક કલાક મૌન બેસી રહેલી સુધાને જાણે કે જીભ ફૂટી હોય એવું કિરીટ અનુભવે છે. સુધાના પ્રશ્નનો ઉત્તર તે આપતો નથી. સુધાની વાત સાંભળે છે. ત્યારે પણ તેની નજર તો મકાનની દિવાલો પર ફરતી હતી.

અવંતિકાબેન નથી. તેઓ ચાલ્યા ગયા છે. અને આમેય સુધા જ્યાં સુધી અહીં રહે ત્યાં સુધી, કાયમ માટે તેઓ સુધા બોલાવે ત્યારે જ આવતા. સુધા માટે નાસ્તો કાયમ ટેબલ ઉપર મૂકી રાખતા. અને જ્યારે જમવાનું બહાર હોય ત્યારે એ કહીને જતી. બાકી તેના માટે તેનાં ભાવતાં ભોજન ડાઇનીંગ ટેબલ ઉપર ઢાંકેલાં જ પડી રહેતાં. સુધા ખાય કે ના ખાય અને કદાચ ઠંડુ થઇ ગયું હોય તોપણ સુધા કહે તો જ તેઓ ગરમ કરતાં. આ એમનો રોજિંદો ક્રમ હતો.

અવંતિકાબેનના ગયા પછી આખા મકાનની સગવડો જોઇને કિરીટ આશ્ચર્ય અનુભવે છે. અને પછી આમેય રાતની ટ્રેનમાં મુંબઇ આવેલો તે અને ત્યાંથી વડોદરા પરત આવેલો સ્નાનાદિ ક્રિયા પરવાર્યા વગરનો હોવાથી દૈનિક ક્રિયાઓ પતાવે છે. સ્નાન કર્યા પછી ફ્રેશ થયેલો કિરીટ બેઠકરૂમમાં આવી બેસે છે. સુધા ત્યાં નથી. સુધાની તપાસ કરવી તે યોગ્ય નથી તેમ માની કિરીટ ત્યાં જ બેઠકરૂમમાં બેસીને ત્યાં પડેલા એકાદ પુસ્તકનાં પાનાં ફેરવવા લાગે છે. સેલ્સમેન હોવાથી, વારંવાર પ્રવાસમાં જવાનું થવાથી, પુસ્તકવાંચનનો તેને રોગ લાગી ગયેલો. અમુક જ પ્રકારના પુસ્તક વાંચવા એવું તે ક્યારેય વિચારતો નહીં. સમય પસાર કરવા પુસ્તક જોઇએ એવું તે માનતો હતો. પણ છેલ્લે છેલ્લે સુધાનો પરિચય થતાં હવે તેને પ્રણયનાં પુસ્તકો વાંચવામાં રસ જાગે છે. આ બે ત્રણ દિવસમાં તેણે બે-ચાર નવલકથાઓ પણ વાંચી કાઢી. અત્યારે પુસ્તકનાં પાનાં તે ઊથલાવે છે. પુસ્તક ખોલતાં જ એની નજર અનુક્રમણિકા ઉપર પડે છે. તે વાર્તાનું પુસ્તક હતું. વાર્તાના શીર્ષક અને તેના સર્જકનું નામ તે વાંચતો રહે છે. ઓચિંતી એક વાર્તા પર તેની નજર જાય છે. વાર્તાનું શીર્ષક તેને ગમે છે. શીર્ષક હતું 'પાનખરમાં વસંત' અને લેખિકાનું નામ હતું 'સુધા મહેતા'. તેને ખ્યાલ આવે છે કે જે સુધા સાથે તેને પરિચય થયો એની તો લખેલી આ વાર્તા નહીં હોય ને ? એને યાદ આવે છે હોસ્ટેલનું સરનામું સુધાએ આપ્યું ત્યારે પોતાના નામની પાછળ તેણે કોઇ અટક નહીં લખેલી. ફક્ત રૂમનંબર અને હોસ્ટેલનું સરનામું હતું. બીજું બધું વિચારવાનું રહેવા દઇ તે વાર્તા વાંચે છે. વાર્તા વાંચતાં તે ઝૂમી ઊઠે છે. આટલું સુંદર કથાનક ! આવા ઊંડા વિચારો ? આવું કોઇ પ્રૌઢ જ વ્યક્તિ લખી શકે. જ્યારે સુધા તો માંડ પચીસેક વર્ષની હશે. તે તો ન જ હોઇ શકે તેમ તે માની

લે છે. પાછો તે વિચાર કરે છે. આજ માસની સત્તાવીસમી તારીખે તેને ઓગણત્રીસ પૂરા થઇ ત્રીસમું બેસશે. વિચારો કરતો જ રહે છે. એટલામાં જ બહાર ગયેલી સુધા પોતાના હાથમાં બે-ત્રણ બાંધેલાં ખોખાં લઇને આવે છે. અને ત્યાં જ બેઠકરૂમમાં ટિપોઇ પર બધાં બોક્સ તે મૂકે છે.

'કિરીટ, હમણાં મોડા જમવા તો આપણે 'સૂર્યા પેલેસ''માં જ જઇશું. પણ, બહુ દિવસે મને વડોદરાની મીઠાઇ ખાવાનું મન થયું એટલે તું પરવારે ત્યાં સુધી હું લઇ આવું એમ વિચારીને હું નીકળી ગઇ હતી. આ ત્રણેય બોક્સમાં ત્રણ જુદી જુદી મિઠાઇઓ છે. આ ત્રણેય મારી પ્રિય છે. કાલાજામ, અનારકલી અને મોતીચુર અને આ નાનું બોક્સ છે એમાં વડોદરાની પ્રખ્યાત જગદીશની ભાખરવડી છે.'

'અવંતિકાબેન અહીં આવજો.' એમ કહી ટેબલની ધારનું એક બટન તે દબાવે છે. એકાદ મિનિટમાં અવંતિકાબેન ત્યાં આવી પહોંચે છે.

'તમે અત્યારે અમારી સાથે જ બેસજો. આપણે ત્રણેય સાથે જ નાસ્તો કરીશું.' એમ કહી પોતાની જાતે જ એક પછી એક વસ્તુ કિરીટને ખવડાવતી અને એ પોતે પણ ખાય છે. અવંતિકાબેનની નજરમાં આ ચઢે છે. તેમની આંખોની ચમક જાણે કે અનેરો આનંદ થયો હોય એવું કહી જાય છે. બધાં સાથે નાસ્તો કરે છે. અવંતિકાબેન બધું ત્યાં ટિપોઇ પર એવું ને એવું છોડી ચાલ્યા જાય છે. સુધા ધીરે રહીને કાલાજામ હાથમાં લે છે. બંને હાથથી તેને તોડે છે. વચ્ચેના ભાગમાં જાણે કે સફેદ ઠળિયો હોય તેવું કિરીટ જુએ છે. ધીરે રહીને સુધા કરે છે, 'જો કિરીટ આ કાલાજામની મધ્યમાં જે સફેદભાગ છે એને ખાતાં જ જાણે કે તૃપ્ત થઇ જતાં હોય એવું અનુભવાય. પણ જ્યાં સુધી આ મિઠાઇને તોડવામાં ન આવે ત્યાં સુધી એની વચ્ચેનો સફેદભાગ કોઇપણ પ્રાપ્ત ન કરી શકે અને મીઠાશ પ્રાપ્ત કરવી હોય તો કાલાજામના આ સફેદ ભાગને મોંમાં મમળાવ્યા કરવો રહ્યો.'

કિરીટ સુધાની વાત સાંભળ્યા કરે છે. આ છોકરી એને શું કહેવા માંગતી હશે? તે વિશે કશું જ તે વિચારી શકતો નથી.

'કિરીટ, હું જે બોલું છું તે ધ્યાનથી સાંભળી લે. આ બંગલાની હું એક માત્ર વારસદાર છું એની વાત તો મેં તને કરી. નાણાંની કોઇ તંગી મારે નથી. મારી પાસે અઢળક નાણું છે. હું જે ઇચ્છું છું તે મેળવીને જ જંપુ છું. આ મારી પચીસ વર્ષની યુવાનીના દિવસોમાં મને મેળવવા માટે ઘણાં બધાંએ પ્રયત્ન કરેલા છે પણ મેં કોઇને દાદ આપી નથી. તું મારા જીવનમાં ઓચિંતો પ્રવેશ્યો છે. ગમે તે રીતે તારા થકી જ હું સલામત રહી શકી, નહીં તો તે દિવસે જુહુના દરિયાકિનારે.. ખેર, એ વાત જવા દે. હું તારી સાથે લગ્ન કરી સુખી થવા માંગુ છું. ના પાડવાનું તારે માટે કોઇ કારણ નથી. તું કદાચ નહીં જાણતો હોય પણ તારા વિશેની બધી જ માહિતી મારી પાસે છે. તારે પણ મારી માફક આગળ પાછળ કોઇ નથી. આપણા બંનેમાં એટલું જ સામ્ય છે. બાકી બેયની દિશાઓ અલગ અલગ ફંટાયેલી છે. તું એક સામાન્ય માણસમાંથી મોટા થવાની કલ્પના કરતો પ્રામાણિક માણસ છે. જ્યારે હું મોટામાંથી કોઇની થવાનો પ્રયત્ન કરતી સ્વપ્નઘેલી યુવતી છું. તારી પાસે પૈસો નથી. મારી પાસે પૈસો છે. ક્યાંથી પૈસો લાવવો એ તારી મૂંઝવણ છે. ક્યાં પૈસો વાપરવો એ મારી મૂંઝવણ છે. મુંબઇમાં રહે રહે મારી હોસ્ટેલમાંથી છૂટા પડ્યા પછી અહીં વડોદરામાંથી અવંતિકાબેનને ફોન કરી તારા વિશેની વિગતો એકઠી કરવાનું મેં કહેલું અને તારી બધી જ માહિતી મને મળી પણ ખરી. જો હું તને પસંદ કરું છું. તું મને પસંદ કરે છે કે કેમ ? એ પ્રશ્ન તારો છે. પણ હું તો તને કોઇ સંજોગોમાં છોડવાની નથી એની ખાતરી રાખજે. બીજું એક મહત્વનું, હું તો બે-એક દિવસમાં મુંબઇ પાછી ચાલી જઇશ. મારું અભ્યાસનું આ છેલ્લું વર્ષ છે. છ માસ પછી મને ડૉક્ટરની પદવી પ્રાપ્ત થશે. ભવિષ્યમાં કાયમ માટે વડોદરામાં જ હું વસવાટ કરવાની છું. અરે ! ભૂલી, હું નહીં આપણે બંને સાથે વસવાટ કરવાના છીએ. અહીં દવાખાના માટેની જગ્યા પણ મારી પાસે છે. વિશાળ મકાન છે. સંપૂર્ણ સગવડવાળી એક હોસ્પિટલ થઇ શકે એટલું મોટું મકાન છે.' એમ કહી એકીશ્વાસે બોલી જવાને કારણે જાણે કે થાકી ગઇ હોય તેમ શ્વાસ લેવા સુધા અટકે છે.

'હવે મુખ્ય વાત મારે જે તને કહેવાની છે. મારી વાત સાંભળીને તેં એક કાનેથી બીજે કાને કાઢી નાંખી હોય એવું હું માનતી નથી. તું પણ મારા પ્રત્યે આકર્ષાયો છે તે તો તારા ફોન પરથી ખબર પડેલી. કારણ કે તેં બોમ્બે સેન્ટ્રલ પર સવારે મને બોલાવી ત્યારથી જ હું સમજી ગયેલી કે મારે અને તારે પરસ્પર આકર્ષણ તો છે જ. અને

જો આ બે દિવસ પછી આપણે છૂટાં પડીશું ત્યારે મારી પરીક્ષા પૂરી ન થાય ત્યાં સુધી આપણે ફોનથી કે પત્રથી એકબીજાંને મળીશું નહીં. બીજી એક વાત, જેટલો સમય આ બંગલામાં આપણે સાથે રહીશું એટલો સમય પૂરતું આપણે બંને મર્યાદાનું ઉલ્લંઘન નહીં કરીએ. કેમકે લગ્ન અંગેના કેટલાક વિચારોમાં હું સ્પષ્ટ છું અને કદાચ તું પણ મારી સાથે સંમત થઈશ. એક છેલ્લી વાત, આપણે એકબીજાને સંપૂર્ણ વિશ્વાસથી ભવિષ્યમાં જોઇશું. હું ગમે ત્યાં હોઉં તો પણ હું મારી જાતને પવિત્ર રાખીશ. એની ખાતરી હું આપું છું. અને ક્યારેય કોઇ બાબતની આંટી પડે ત્યારે મહેરબાની કરીને મને પૂછ્યા સિવાય તું ઉતાવળો નિર્ણય ના લઇશ.' એમ કહી સુધા કિરીટનો હાથ પકડી એની હથેળીને ચૂમી લે છે અને જાણે કે પૃથ્વી પરનું આખું સ્વર્ગ એને માટે ઊતર્યું હોય, અને એ આનંદની ક્ષણો ભોગવતી હોય તે રીતે તેની આંખમાંથી આનંદના અતિરેકનાં એક બે આંસુ નીકળી પડે છે.

કિરીટ શું બોલે ? આ છોકરીએ તો મુંબઇ બેઠા બેઠા પોતાના વિશેની બધી જ માહિતી એકઠી કરી લીધી છે અને આવું ઉમદાપાત્ર પોતાના જીવનમાં પ્રવેશે તો એ કોને ન ગમે ?

બે-એક દિવસ પછી મુંબઇ જતાં પહેલાં અવંતિકાબેનને કેટલીક વાતો સુધા કરે છે. અને તે સુધાની વાતમાં હા એ હા કરે જાય છે. સુધા અભ્યાસ માટે મુંબઇ પહોંચી જાય છે. અને સુધાની ઇચ્છા પ્રમાણે કિરીટ પોતાનું રહેવાનું નિવાસસ્થાન ખાલી કરી નોકરી ચાલૂ રાખી, સુધાના બંગલામાં રહેવા આવી જાય છે. અને અવંતિકાબેન ભાવિ જમાઇ કીરીટને સારી રીતે રાખે છે.

## આઠ

સયાજીનગરીના ફર્સ્ટ ક્લાસના કૂપેમાં બે જ પેસેન્જર હતાં. સુધાની સામેની બર્થ ઉપર બેઠેલો એકત્રીસેક વર્ષનો યુવાન ગાડી ચાલુ થઈ કે તરત જ કોઇ પુસ્તક લઇ વાંચવા મંડી પડ્યો હતો. 'રક્ષા' માસિકનો એ દીપોત્સવી અંક હતો. તરસ લાગવાથી પાણી પીવા માટે તે યુવાન બોટલથી સીધું જ પાણી પીવાનો પ્રયત્ન કરે છે. રક્ષાનો દીપોત્સવી અંક જોતાં જ સુધા ચમકે છે. એ અંકમાં તો તેની વાર્તા હતી 'પાનખરમાં વસંત'. એ અંક તો તે લાવવાનો ભૂલી ગયેલી. પાણી પી પેલો યુવાન ફરીથી અંક લઇ વાંચવાનો પ્રયત્ન કરે છે. પણ, વાંચતા વાંચતા સહજરીતે તેનું ધ્યાન આ યુવતી તરફ જાય છે. એક કૂપે છે. બંને એકલા છે. ગાડીના પૈંડાના અવાજ સિવાય કોઇ કોલાહલ નથી. કદાચ મુંબઇ સુધી બંનેને સાથે જવાનું થાય એવા સંજોગોમાં એકબીજા સાથે વાત કરવી જોઇએ એમ માની સુધા સામેના યુવાન સાથે વાતોએ વળગે છે.

'તમે જે અંક વાંચો છો તેમાં એક મારી વાર્તા છપાયેલી છે. કદાચ તમે તે વાંચી નહીં હોય ?'

'ઓહ, તો તમારા ''પાનખરમાં વસંત'' ઊગી છે એમ ને ? તમે જ સુધા મહેતા ?'

'તમે કેવી રીતે જાણ્યું ? હું સુધા મહેતા છું ?'

'જુઓ આ દીપોત્સવી અંકમાં એક જ સ્ત્રી લેખિકાની વાર્તા છે અને જ્યારે તમે કહો કે આમાં તમારી વાર્તા છપાઇ છે એટલે એ તમારી જ વાર્તા હોય એમ મારે માની લેવું જોઇએ. કેમ ખરુ ને ? એટલે જ હું તમને ઓળખી શક્યો ?'

'તમારો પરિચય તો આપ્યો નહીં.'

'હું મહાદેવ. પ્રોફેસર મહાદેવ. તમારી માફક મારી પણ એક વાર્તા એમાં છપાયેલી છે. તમારી 'પાનખરમાં વસંત' તો મારી 'વસંતનો ટહુકો' છપાયેલી છે.'

'તો આપણે બંને સર્જકો છીએ. સર્જક હોવાને નાતે આપણે એકબીજાના મિત્રો થઇ શકીએ એમ મારું માનવું છે.'

'સર્જક હોઇએ કે ના હોઇએ છતાં પણ તમારી સાથે મૈત્રી થાય એટલું તો આકર્ષણ તમારામાં છે જ એમ મારે કહેવું જોઇએ.'

'તમે તો જાણે કે કોઇ વાર્તાની નાયિકા જ મને ધારી લીધી હોય એવુ મને લાગે છે.'

'એ બધી વાત જવા દો. તમારો પરિચય આપો.'

અને પછી સુધા અને મહાદેવ એકબીજાનો પરિચય આપે છે. એકબીજા વિશે ઘણું બધું જાણી લે છે. અને છેવટે સુધા કહે છે, 'જુઓ મહાદેવભાઇ આપણે પરસ્પર મૈત્રી સ્વીકારીએ છીએ. પણ હું મારી સ્પષ્ટ વાત કહું. બે જ દિવસ પહેલાં એક યુવાન સાથે લગ્નના કોલ મેં આપી દીધા છે. એટલે એક હિતેચ્છુ મિત્ર તરીકે સંબંધ રાખવા હોય તો જ હું તમારી મૈત્રી સ્વીકારીશ. કદાચ આ વાત તમને ગમશે જ !'

'જુઓ સુધા, કદાચ તું મારાથી નાની હોઇશ. એટલે તને એકવચનથી જ સંબોધીશ. બીજું તને ખાતરી આપુ છું કે વાર્તા અને નવલકથામાં એક બીજા સાથે પ્રણયની માગણી કરતાં અને સંબંધો વધારતાં પાત્રો મેં ઘણાં બધાં આલેખ્યાં છે. તેથી હવે કદાચ મને પ્રણય કે લગ્નમાં કોઇ રસ રહ્યો નથી એમ હું માનું છું. તારો શુભેચ્છક મિત્ર બનીને રહીશ. અને એક વાત જ્યારે પણ તારા જીવનમાં કોઇ મુશ્કેલી આવે ત્યારે કોઇ આડાઅવળું પગલુ ભર્યા વિના મને મળજે. તારા પ્રશ્નનો નિકાલ કરી આપીશ. આમેય આપણે લેખકો દંભી હોઇએ છીએ. પરોપકારની વાત કરીએ છીએ અને મનમાં ને મનમાં ક્યારેક પરણતાં હોઇએ છીએ અને રાંડીએ છીએ પણ ખરાં. આપણા બધાં માટે આ બધું સહજ છે. એમ કહી પ્રોફેસર મહાદેવ એક કાગળ ઉપર પોતાના ઘરનું સરનામુ લખીને સુધાને આપે છે. સુધા પોતાનુ સરનામુ આપવાનો પ્રયત્ન કરે છે. મહાદેવ કહે છે,

'સુધા, તારી સાથે નિર્દોષ મૈત્રીથી બંધાઉં છું. એટલે મારે તારા સરનામાની જરૂર નથી. પણ મારું સરનામુ તું સાચવી રાખજે. તારું સરનામુ લઉં અને ક્યારેક આગળ... ના આપણે જેવા છીએ એવા જ રહીએ તો સારું. '

સુધાની નજર સમક્ષ એક દેવપુરૂષ બેઠો હોય એવું તે અનુભવે છે. આટલી ઊંચી વિચારધારા ભાગ્યે જ કોઇનામાં તેણે જોઇ છે. એમની વાત સાચી છે એ સરનામુ લે અને ક્યારેક મારી યાદ આવતાં મારી પાસે પહોંચી જાય તો ? તેમણે જે કહ્યું તે સાચું છે.

સુધાના હૃદયમાં એક દેવ પુરૂષની છબી અંકિત થઇ ગઇ હોય એવું સુધા અનુભવે છે.

તે રાત્રિએ ફર્સ્ટકલાસના કૂપેમાં એકબીજાની સામે બેઠા બેઠા પ્રોફેસર મહાદેવ અને સુધાએ સાહિત્ય વિશેની ઘણી બધી ચર્ચાઓ કરી. અને.. વહેલી સવારે બોમ્બે સેન્ટ્રલ આવતાં 'હું તમને ક્યારેક મળીશ' એવું કહી સુધા ચાલી જાયછે. અને દૂરદૂર જતી સુધાના માથા પરનો તેનો ઢીંચણ સુધી પહોંચતો પેલા વાળનો જથ્થો પ્રોફેસર મહાદેવના મનને રમણે ચઢાવે છે. તેને થાય છે આવું પાત્ર જીવનમાં મળે તો ?

## નવ

પ્રોફેસર મહાદેવની નજર સમક્ષ સુધાનો જ ચહેરો વારંવાર દેખાય છે. એના ચિત્તમાં સુધાનું નામ કોતરાઇ ગયું હોય એવું અનુભવે છે. અત્યાર સુધીની યુવાનીમાં આવું મનમોહક અને આકર્ષક તથા ઉમદા વિચાર ધરાવતું સર્જક પાત્ર તેણે પહેલી વાર જોયું. પોતાના મનમાં ઠસી જાય એવા જ કોઇ પાત્ર સાથે લગ્ન કરવું એવો દ્રઢ નિશ્ચય ધરાવતો મહાદેવ, એના જીવનમાં ઘણી બધી યુવતીઓ આવી ગઇ છતાં કોઇએ તેના પર કામણ કર્યું હોય એવું એને ક્યારેય લાગ્યું નથી. અને આજે.... નિખાલસ વાત કરનારી યુવતી તેના સમગ્ર શરીર ઉપર તેનું આધિપત્ય સ્થાપી ગઇ હોય એવું એને કેમ લાગે છે ? વર્ષો સુધી યોગ્ય પાત્ર મેળવવાની મથામણમાંથી મહાદેવ આજે મુક્ત થયો હોય એવું પોતાની જ જાતે નક્કી કરે છે. જો કે સુધાને મેળવવી તો છે. છતાં પણ એ પાત્ર માટે કોઇ વિકારની ભાવનાનો અનુભવ તે કરતો નથી. ટ્રેનમાં એક ટૂંકી મુસાફરીમાં આવું સુંદરપાત્ર મળી જાય તો કેવું બધું સારું લાગે. ઘણા બધા વિચારો તેને આવી જાય છે. સુધાને મેળવવાનો તે પ્રયત્ન કરશે. પણ તેને યાદ આવે છે તેણે તો એક શુભચિંતક તરીકે જ એની સાથે મૈત્રીનો સ્વીકાર કર્યો છે.

મહાદેવ નવા જ વાતાવરણમાં ઉછરેલો છે. પહેલાં સંકુચિત હતો, હવે વિશાળ ભાવનાવાળો. તેના

જીવનનો એક નિયમ હતો પોતાને ગમે તે વસ્તુ કોઇપણ રીતે મેળવવી જ. છતાં સામાની મજબુરીનો લાભ ક્યારેય ન ઉઠાવવો. એ એની માન્યતા ખરી. આજે એની માન્યતા ડગતી હોય તેવું તેને લાગે છે. એક સુંદર પાત્ર, ફક્ત હાથ લંબાવે એટલું જ દૂર, સહજવારમાં મેળવી શકાય તેવું. મહાદેવ વિચારતો જ રહે છે.

એકાએક 'સીધું જોઇને ચાલતો હોય તો ?' એમ કહેતી પોતાની સામે એક યુવતીને ઊભેલી તે જુએ છે. તે પોતાના વિચારોમાં મગ્ન હતો. વિચારોમાં જ કોઇની સાથે અથડાઇ પડ્યો એનો એને ખ્યાલ નહોતો. 'માફ કરજો' કહેતો વર્તમાનમાં તે આવી જાય છે.

ધીરે ધીરે તે ડગલાં માંડે છે. સ્ટેશનની બહાર નીકળે છે. એને કશું યાદ આવતું નથી. કયાં જવું ? એ નક્કી કરી શકતો નથી. છેવટે ટેક્સી કરી તે 'રામભરોસે' ગેસ્ટહાઉસમાં પહોંચી જાય છે. તે કાયમ અહીં આવતો હોઇ તેને બધાં ઓળખતાં હતાં. કાઉન્ટર ઉપરનો માણસ એનું નામ ઠામ લખી દે છે. મસ્ટરમાં સહી કરી મહાદેવ એકસો ત્રણ નંબરની રૂમમાં પહોંચે છે. જ્યારે જ્યારે તે મુંબઇ આવે ત્યારે આજ ગેસ્ટહાઉસમાં ઉતરવાનો આગ્રહ રાખતો. રૂમ નંબર પણ તેનો આજ રહેતો. મોટેભાગે તે પોતાના પ્રવાસના કાર્યક્રમો અગાઉથી જ નિશ્ચિત કરતો હોવાથી, મુંબઇ આવવાનું થાય ત્યારે ગેસ્ટ હાઉસને પત્ર લખી દેતો. છેલ્લાં પાંચેક વર્ષથી તે પોતાની અંકશાસ્ત્રની દ્રષ્ટિએ - મનપસંદ રૂમ પસંદ કરતો.

રૂમમાં પહોંચી બારણાને અંદરથી બંધ કરી હાથમાં બ્રશ લઇ, બ્રશ કરવા માટે બેઝીન પાસે પહોંચી જાય છે. બ્રશ કરતાં કરતાં વારંવાર તેની નજર અરીસા તરફ જતી રહે છે. અને અરીસામાં પોતાના ચહેરાને બદલે સુધાનો જ ચહેરો જોયા કરે છે. વારંવાર સુધા કેમ દેખાતી હશે ? એવો એને પ્રશ્ન થાય છે. એનો જવાબ તો તે આપી શકતો નથી. આ જવાબ તો સુધા જ આપી શકે. બ્રશ કરી જરૂ ર પૂરતાં કપડાં શરીર પર રાખી તે સ્નાન કરવા પહોંચે છે. ઠંડુ પાણી એના શરીરને સ્પર્શ કરે છે. શરીર કંપે છે. તેની પરવા કર્યા સિવાય પોતાના શરીર પર તે ઠંડુ પાણી રેડતો જ રહે છે. પાણીનો નળ તેણે ચાલું કરી દીધો છે. ડોલમાં પડતું પાણી, ડોલ ભરાઇ જવાથી બહાર નીકળતું રહે છે. ધીરે ધીરે તે પોતાના શરીર પર પાણી રેડતો રહે છે. લગભગ અડધા એક કલાક સુધી તે ઠંડા પાણીથી નહાતો રહ્યો. આટલું બધું તો તે ક્યારેય ન્હાયો નથી. પણ આજે કેમ ? અન્ય વ્યક્તિને પામવાની તીવ્ર ઇચ્છાને જાણે કે ઠંડા પાણીથી ઠંડી પાડતો હોય તેવું એને લાગે છે. એકદમ તે સ્વસ્થ થઇ ગયો. ઊભો થયો. બાથરૂમના અરીસામાં તેણે પોતાનું મોં જોયું. અસ્તવ્યસ્ત પાણીનાં બિંદુઓ જેના પર ઝીલાઇ રહ્યા છે એવા વાળને જોઇ એકાદ ક્ષણ માટે સુધાને યાદ કરી લીધી. એ પણ માથું ધોતી હશે ત્યારે આવી જ લાગતી હશે ને ? બેઝીનમાં પોતાને બદલે સુધાનો ચહેરો તેણે જોયેલો. પણ અહીં બાથરૂમમાં અરીસામાં પોતાનો જ ચહેરો તેને દેખાય છે. સુધાનો ચહેરો તેને દેખાતો નથી. તે વિચારે છે કે સુધા એના મનમાં હોવા છતાં હાલ પૂરતું તો તે એનાથી દૂર જ છે ને ? એક ક્ષણ સુધાને તે ભૂલી જાય છે.

દસેક વાગ્યે તૈયાર થઇ તે બહાર નીકળી જાય છે. તેને 'પ્રિન્સેસ સ્ટ્રીટ' જવું છે. કાયમ તો તે ટેક્સી કરીને જતો, આજે તે ચાલતો જાય છે. અત્યાર સુધી તો 'તે ભલોને તેનાં કામ ભલાં' એ રીતે જીવન જીવતો. પણ ગઇ રાત્રે ટ્રેનમાં સુધાના મળવાથી તેને હવે સ્ત્રીઓમાં રસ પડવા લાગ્યો. ચાલતા ચાલતા પાછળ તો જોઇ ન શકે ! તેથી સામેથી આવતી યુવાન કે પ્રૌઢ સ્ત્રીઓના ચહેરા તે જોયા કરતો. સ્ત્રીના ચહેરાનું તે સૂક્ષ્મ નિરીક્ષણ કરતો. એ ચહેરાઓમાં સુધાના ચહેરાની સરખામણી કરતો. ચાલતાં ચાલતાં કોઇ યુવાન સ્ત્રીને જોતાં થોડો ફંટાઇને અથડાઇ પણ પડતો. મહાદેવના રોમરોમમાં સ્ત્રી સહવાસથી જાણે કે ઝંખના જાગતી હોય એવું તે અનુભવે છે. આમ તો તે સર્જક હતો. ઘણી બધી નવલકથાઓ તેણે લખી છે. તેની લખેલી કૃતિઓનું ધૂમ વેચાણ થાય છે એવું પ્રકાશકો તેને કહેતા. પ્રકાશકોની માંગને કારણે નવા નવા વિષયો પર તે લખતો હતો. એની કેટલીક કૃતિઓને રાજ્ય સરકારના પ્રથમ ઇનામ પણ મળેલા છે. નાની ઉંમરે એ મોટી વ્યક્તિ બની ગયો છે. અત્યાર સુધી પોતાના સર્જનમાંથી જ તે ઊંચો આવ્યો નથી. પોતાના પાત્રોને ગમે તે દશામાં, ગમે તે રસ્તે ફંટાતા, છતાંય આનંદ-કિલ્લોલ કરતાં ક્યારેક રહસ્યમય વાતાવરણમાં પણ એણે મૂકેલા છે. એ પાત્રોએ કોઇ દિવસ એના મન પર કબજો કર્યો નથી. નવલકથામાં પાત્રોનું સર્જન થયું, અને જ્યારે નવલકથા પૂરી થઇ ત્યારે એ પાત્રોથી તે વિદાય લેતો.

ફરીથી ક્યારેય તે પાત્રોને એ યાદ ન કરતો. પણ આજે તે બધાં જ પાત્રો જાણે કે એના મનનો કબજો લઇ લેતા હોય તેવું તે અનુભવે છે. પોતે સર્જેલા પાત્ર-યુવાન કે પ્રૌઢ સ્ત્રીઓ તેની સામેજ આવતી હોય તેવું તે અનુભવે છે. વિચારોમાં ને વિચારોમાં, ચાલતો ચાલતો 'પ્રિન્સેસ સ્ટ્રીટ'માં પોતાના પ્રકાશકને ત્યાં પહોંચી જાય છે.

એના પ્રકાશક મિત્ર સુમનભાઇ એને જોતાં જ આવકારે છે.

'મહાદેવભાઇ, સવારથી તમારા ફોનની રાહ જોતો હતો. આમ તો જ્યારે મુંબઇ આવો છો ત્યારે ઊતરીને તરત જ મને ફોન કરો છો. તમારી રહેવાની વ્યવસ્થા મેં 'આર્ય-નિવાસ'માં કરી દીધી છે. રૂમ પણ તમારો મનગમતો એક સો ત્રણ નંબર જ રાખેલો છે. આ વખતે જેટલો સમય રહો તેટલા સમયનો બધો જ ખર્ચો હું આપીશ.'

'સુમનભાઇ, તમને તો ખ્યાલ છે ને 'રામભરોસે' ગેસ્ટહાઉસમાં જ કાયમ હું રહું છું. આજે પણ ત્યાં જ છું. મને બીજે નહીં ફાવે. તમારું કોઇ કામ હશે તો ત્યાં બેસીને હું કરીશ. બોલો, એવું તે શું છે કે મારા માટે રૂમ પણ બુક કરાવી દીધી ?'

'મહાદેવભાઇ, તમે આજે આવવાના હતા એવું હું જાણતો હતો. તમારા પુસ્તકોની માંગ બહુ છે. આજે દસમી તારીખ મહિનો પણ માર્ચનો છે. એપ્રિલ માસની તેરમી તારીખે અહીં મુંબઇમાં પુસ્તકમેળાનું આયોજન કર્યું છે. એનું સંચાલન મારી પાસે છે. તમને કદાચ ખબર નહીં હોય અત્યાર સુધી તમારી ત્રેવીસ નવલકથાઓ અમે બહાર પાડી છે. તમારા બધાં નવા પુસ્તકોનો એક સંપુટ બહાર પાડવા માંગીએ છીએ. આ અઠવાડિયામાં તમારી ત્રેવીસ નવલકથાઓ ફરીથી પ્રકાશિત થશે. અમે ભૂલથી એ જાહેરાત કરી છે કે પ્રોફેસર મહાદેવના પચ્ચીસ પુસ્તકોનો સંપુટ પ્રગટ થશે. અમે પચ્ચીસને બદલે ત્રેવીસ છાપી ત્રેવીસ લખવા માંગતા નથી. અમારા જાહેરખબર વિભાગના માણસે તમારા પચ્ચીસ પુસ્તકોનું પણ લીસ્ટ જાહેર કરી દીધું છે. આ જુઓ ! '

પ્રોફેસર મહાદેવ સુમનભાઇ દ્વારા અપાયેલા પચ્ચીસ પુસ્તકનું લીસ્ટ વાંચે છે. ચોવીસ અને પચ્ચીસ નંબરે લખાયેલા પુસ્તકો તો તેણે ક્યારેય લખ્યા નથી. સૂચિ જોઇ તે હસી પડે છે.

'કેમ હસવું આવ્યું ?' સુમનભાઇ પૂછે છે.

'જુઓ સુમનભાઇ, આ બધું ભૂલથી થયું નથી. જાણી જોઇને જ તમે આ બધું કર્યું છે એ હું સમજુ છું. જાવ આ એક અઠવાડિયામાં જ બંને શીર્ષકવાળી નવલકથાઓ હું તમને લખી આપીશ. પણ એક વાત, તમારી સાથે મારા સંબંધો છે. પણ હવે હું લખવાનું બંધ કરવા માંગુ છું. મેં વર્ષો પહેલાં પચ્ચીસ નવલકથાઓ લખવી એમ નક્કી કર્યું છે. એ મારો નિશ્ચય અફર છે. હવે નવલકથા માટે મને આગ્રહ કરશો નહિ. જરૂર પડ્યે હવે હું લઘુકથાઓ જ લખીશ. આ મારી છેલ્લી બે નવલકથાઓ હશે. તમે પસંદ કરેલા નામ મને બહુ ગમ્યાં. જે મને ગમે છે, જેને મેળવવા માટે હું સતત પ્રયત્ન કરું છું, એ નામો સાથે જ હું નવલકથા લખવાનું બંધ કરીશ. એ મારા માટે કદાચ જીવનનો એક અમૂલ્ય અવસર હશે.' સુમનભાઇની સૂચિમાં એની છેલ્લી બે નવલકથાના નામ લખેલાં એ આ હતાં : 'પાનખરમાં વસંત' અને 'ટહૂકો વસંતનો'.

આ બે નામ મમળાવતો મહાદેવ સુમનભાઇની દુકાનેથી નીકળી ફરતો ફરતો પાછો ગેસ્ટહાઉસ પર પહોંચે છે.

## દસ

તેરમી એપ્રિલે મુંબઇમાં પુસ્તક મેળાનું ઉદ્‌ઘાટન થઇ ગયું. આ પુસ્તકમેળો એક અઠવાડિયા સુધી ચાલવાનો હતો. પ્રોફેસર મહાદેવ પોતાના ગામની નજીકના શહેરમાં, એક કોલેજમાં ઇતિહાસ વિભાગમાં અધ્યાપક હતો. શિખવાનો વિષય ઇતિહાસ હતો. પણ એનું સર્જન ગુજરાતી સાહિત્યમાં થતું રહ્યું. એની નવલકથાઓમાં એણે ક્યારેય ઐતિહાસિક કથાનકને મહત્વ આપ્યું નથી. લોકો તો તેને ગુજરાતી સાહિત્ય ભણાવતો અધ્યાપક જ માની લે ! અવારનવાર પ્રકાશકપાસે મુંબઇ જવાનું બનતું હોવાથી ઘણી બધી રજાઓ ભોગવવાને કારણે,

રજાઓ સ્ટોકમાં ન હોવાથી પુસ્તકમેળાના છેલ્લા દિવસે - રવિવારે - મુંબઇ જવાનું તેણે ગોઠવેલું. જેથી શનિવાર અને સોમવારની તેને રજા ન પડે. એવી રીતે તે મુંબઇ પહોંચી ગયો. પુસ્તકમેળાનો છેલ્લો દિવસ હોવા છતાં તે દિવસે બહુ જ ગીરદી રહી. તેના પ્રકાશક સુમનભાઇને આર્થિક દૃષ્ટિએ ઘણો મોટો ફાયદો થયો. આ પુસ્તકમેળામાં પ્રોફેસર મહાદેવની લખેલી નવલકથાના સંપુટના બસો પચાસ જેટલા સેટ વેચાઇ ગયા. સુમનભાઇની પ્રકાશક સંસ્થાએ પહેલીવાર કોઇ એક જ લેખકનો પચ્ચીસ નવલકથાનો સંપુટ પ્રગટ કર્યો. લોકોએ પ્રેમથી પુસ્તકો ખરીદ્યાં પણ ખરાં. આ સિવાય જુદી જુદી સંસ્થાઓ દ્વારા સો એક જેટલા સંપુટના ઓર્ડરો પણ આવ્યા. એટલે એક જ અઠવાડિયામાં એક જ લેખકના સાડા ત્રણસો સેટ વેચાઇ ગયા. સુમનભાઇને મન તો પ્રોફેસર મહાદેવ દેવ પુરૂષ બની રહ્યો. મહાદેવનાં લખાણોમાંથી અગાઉ પણ સુમનભાઇને સારી આવક થઇ હતી અને આ પુસ્તકમેળામાં પણ થઇ. બપોર પછી સુમનભાઇ અને મહાદેવ એમની પ્રિન્સેસ સ્ટ્રીટ ની ઓફિસમાં બેઠા છે. સુમનભાઇ પુસ્તકમેળાની ઓફિસમાં ફોન કરી કોઇને બોલાવે છે. અડધા કલાકમાં મહાદેવ જેટલી જ ઉંમરનો ત્રીસેક વર્ષનો એક યુવાન આવે છે. કોઇપણ જાતની ઔપચારિકતા બતાવ્યા સિવાય તે ત્યાં આવી બેસી જાય છે.

‘મહાદેવભાઇ, એક નવો પરિચય કરાવું. તમારા લેખનને વધુમાં વધુ લોકભોગ્ય અને જુદાંજુદાં શહેર કે ગામડાંમાં પહોંચાડવાનું મોટાભાગનું જેને શ્રેય જાય છે એ વ્યક્તિ સાથે મારે તમારો પરિચય કરાવવો જ જોઇએ. તમે તો આણંદ પાસેના નજીકના ગામના. આણંદ જતાં વચ્ચે વડોદરા આવે. મુંબઇ આવતાં કે પાછા જતાં કદાચ વચ્ચે વડોદરા તો તમે નહીં ઊતરતા હો. અને હવે કદાચ વચ્ચે ઊતરવાનું મન થાય, જેને માટે મન થાય તેવી વ્યક્તિનો હું તમને પરિચય કરાવું છું. મહાદેવભાઇ, આ તમારી સાથે બેઠા છે તે કિરીટભાઇ વડોદરાના છે. વિવિધ વસ્તુઓના વેચાણની જવાબદારી તે સંભાળે છે. સાથોસાથ, પુસ્તકપ્રેમી હોવાથી પુસ્તકોનાં વેચાણનું પણ કામ કરે છે. ખાસ કરીને તમારી નવલકથાના ચાહક છે. અને કિરીટભાઇ, તમારી બાજુમાં બેઠેલા છે તે જ પ્રોફેસર મહાદેવ.’

પ્રોફેસર મહાદેવનું નામ સાંભળતાં જ કિરીટ ઊભો થઇ જાય છે. પોતાના પ્રિય લેખકના ઘણા વખત પછી દર્શન થયા એથી એ આનંદવિભોર બની જાય છે. કિરીટ અને પ્રોફેસર પરસ્પર એકબીજાના હાથ પકડી આનંદ વ્યક્ત કરે છે. તે જ રાત્રે બંને પાછા જવાના હતા. સુમનભાઇ એ જ કિરીટનું વડોદરાનું અને મહાદેવનું આણંદનું સાથે જ રિઝર્વેશન કરાવ્યું હતું.

રાત્રે ટ્રેનના ફર્સ્ટક્લાસ ડબ્બામાં સામસામે બેઠેલા આ બંને જણ સાહિત્ય અને લેખનની ઘણી બધી ચર્ચાઓ કરે છે. એકબીજાની સાથે નજીકના સંબંધો બંધાઇ ગયા હોય તેવો બંને અનુભવ કરે છે. એકબીજાના સરનામાં બંને મેળવી લે છે. વડોદરાના સ્ટેશને, ‘મારું ઘર પાવન કરવા આવજો. હુ તમારી રાહ જોઇશ.’ એવું કહેતો કિરીટ ચાલ્યો જાય છે. વડોદરાથી આણંદ જતાં એ ત્રીસ મીનીટના સમયમાં મહાદેવના માનસપટ પર સુધા, કિરીટ અને સુમનભાઇના ચહેરા દેખાતા જ રહે છે. તેની છેલ્લી બે નવલકથાઓ સુમનભાઇને કારણે જ તાત્કાલિક લખાઇ. પ્રકાશિત થઇ અને અને ઘણી બધી કીર્તિ પણ મળી. એની નવલકથાની નાયિકા હતી સુધા ! પણ લોકો સુધી પહોંચાડનાર - નવલકથાને - કીરીટ જ હતો ને !

આણંદ ઊતરી મોડી રાત્રે રિક્ષા કરી તે સામરખા પહોંચે છે. ઊંઘવાનો પ્રયત્ન કરે છે પણ ઊંઘ આવતી નથી. સતત સુધાના નામના, એના માનસપટ પર ટકોરા પડતા રહેતા હોય એવું તે અનુભવે છે. પથારીમાં પાસા ફેરવતો રહે છે. ઊંઘી શકતો નથી. શનિવારની રાત્રિનો ઉજાગરો, રવિવારનો થાક અને રવિવારની રાત્રિનો ઉજાગરો હોવા છતાં પણ કેમેય કરીને તેને ઊંઘ આવતી નથી. એ કરે પણ શું ? સુધા... સુધા... સુધા અને સુધા.... ફક્ત સુધાનું રટણ છે. ઘડિયાળમાં છના ટકોરા પડે છે. રોજ તો ટકોરા પડતાંજ તેજાગી જતો. પણ આજે તેને જાગવાની જરૂર નથી. કેમકે તે જાગતો જ હતો. મનોમન વિચારે છે કે આમને આમ કદાચ એ સુધાની યાદમાં જાગતોજ રહેશે ને !

મુંબઇથી આવ્યા પછી કિરીટને બે-ત્રણ દિવસ માટે ક્યાંય બહાર જવાનું નહોતું. પુસ્તકમેળાના દિવસો માટે કપાતા પગારની રજા તેણે પોતાની ઓફિસમાં મૂકી દીધી. જો કે કિરીટ જ્યારે રજા પર હોય ત્યારે પણ પોતે જે કંપનીની સેલ્સમેનશીપ કરે છે એનું કામ પણ કરતો રહેતો. મુંબઇમાં પણ સુમનભાઇની સાથે પુસ્તકમેળામાં

હાજરી આપીને, પણ થોડો સમય ફાજલ કાઢીને પોતાની કંપનીના પ્રોડક્શનના ઓર્ડર પણ મેળવી લેતો. મુંબઇમાં એના રોકાણ દરમ્યાન પચાસેક હજાર રૂપિયાનો ઓર્ડર તેણે મેળવ્યો હતો. રવિવારની મોડી રાત્રિએ થાકીને તે આવવાનો હતો એથી સોમવાર અને મંગળવારની પણ રજા તેણે મૂકી દીધી હતી. એથી સોમવારે ઓફિસ જવાનો કોઇ પ્રશ્ન નહોતો.

રવિવારે મોડી રાત્રિએ ટ્રેનમાંથી ઊતરી પ્રોફેસર મહાદેવની વિદાય લઇ તે 'મિલન'માં પહોંચી જાય છે. પોતાની સાથેનો સામાન બેઠકરૂમમાં જ ફેંકી સીધો પોતાની રૂમમાં જઇ પથારીમાં ઘસઘસાટ ઊંઘી જાય છે.

સોમવારે લગભગ સવારે અગિયાર વાગ્યે અંવતિકાબેન બેઠકરૂમ સાફ કરે છે ત્યારે અહીં તહીં ફેંકાયેલો સામાન જુએ છે. કિરીટ મોડી રાતે આવી ગયા હશે તેવું તેને લાગે છે. મોટેભાગે કિરીટ જ્યાં જવાના હોય ત્યાંની વિગત અને આવવાના સમયની પણ જાણ અવંતિકાબેનને કરી દેતો. જોકે સવાર-સાંજ તે બહાર જ જમી લેતો. એટલે તે ગમે ત્યારે જાય અને ગમે ત્યારે આવે એની ચિંતા અવંતિકાબેનને રહેતી નહીં.

અગિયારેક વાગ્યા હોવાથી કદાચ એમને બહાર જવાનું હોય એટલા માટે અવંતિકાબેન કિરીટના રૂમનો દરવાજો ખખડાવે છે. મોટેભાગે અવંતિકાબેન ક્યારેય કિરીટની રૂમનો દરવાજો ખખડાવ્યા સિવાય અંદર પ્રવેશતાં નહીં. બારણું ખખડવાનો અવાજ સાંભળતાં જ કિરીટ જાગી જાય છે અને એકદમ બહાર આવી જાય છે.

'રાત્રે બહુ મોડો આવ્યો. બહુ જ થાકેલો હતો. ઊંઘ પણ ભરાઇ હતી. એટલે કદાચ મોડા સુધી સૂઇ રહયો હોઇશ.' એવો ખુલાસો કરી ત્યાંજ બેઠકરૂમમાં બેસીને સ્થાનિક દૈનિક પેપર જોવા માંડે છે.

સ્થાનિક પેપરના ઉપર ઉપરના સમાચાર તે વાંચી લે છે. ત્યાં જ અવંતિકાબેન ટિપોઇ પર ચા મૂકી જાય છે. સુધાની ગેરહાજરીમાં 'મિલન'માં ક્યારેય અવાજ સંભળાતો નહીં. ભાગ્યે જ કોઇ બોલતું. અવંતિકાબેન સુધાની માફક જ કિરીટની સગવડો સાચવતાં. પ્રમાણિકતાથી પોતાની ફરજો બજાવતાં. બેઠકરૂમની ટિપોઇ પર કાયમ બે-ત્રણ નાના ડબ્બા મૂકી રાખતાં. તેમાં મિઠાઇ, અને ખાવા માટેનું સ્વાદિષ્ટ તીખો નાસ્તો પણ હોતો. કોઇ એનો ઉપયોગ કરે કે ન કરે પણ દર અઠવાડિયે ડબ્બાની વસ્તુ બદલાતી રહેતી. મોટેભાગે કિરીટ એકલી ચા જ પીતો. નાસ્તો ક્યારેક કરતો. ચા અને નાસ્તો પણ જ્યારે કરવાનું મન થાય ત્યારે, સ્નાનાદિ ક્રિયાથી પરવારીને જ કરતો.

આજે તો હજુ હમણાં જ તે ઊઠ્યો. બ્રશ પણ કર્યું નથી. પેપર વાંચતો હતો ને, ત્યાંજ અવંતિકાબેન ચા પણ મૂકી ગયા. મોં ધોયા વગરનો, એ જીંદગીમાં કદાચ પ્રથમવાર પોતાનો ઘડેલા નિયમોની વિરુદ્ધ જતો હોય એવું એને લાગે છે. તે ચા પી લે છે. ટિપોઇ પર પડેલા એક ડબ્બામાંથી થોડુંક તીખું પણ ખાય છે. અને પછી એકાએક.... જાણે કે કશું યાદ આવતું હોય એમ એકદમ બ્રશ પર 'ઇપ્કો' લઇ બાથરૂમમાં પેસી જાય છે. બાથરૂમમાં બેઝીન આગળ દાંત પર 'ઇપ્કો' ઘસતાં-ઘસતાં જાણે કે કોઇ બીજી જ દુનિયામાં પ્રવેશતો હોય તેવો તે અનુભવ કરે છે. 'ઇપ્કો' ઘસતાં જ તે સ્ફૂર્તિ અનુભવે છે. બધો જ જાણે કે થાક ઊતરી ગયો હોય એવું તેના ધ્યાનમાં આવે છે. અને ધીરે રહીને ફરી બ્રશ પર 'ઇપ્કો' લે છે. ઘસતાં-ઘસતાં ઉપર અરીસામાં તેની નજર જાય છે. તે જોતાં જ આશ્ચર્યમાં ડૂબી જાય છે. બંને હાથ લાંબા કરીને તેને બોલાવતી હોય તેવી સુધાને તે જુએ છે. એ જોતો જ રહે છે. અને એનો હાથ બ્રશ પર જોર કરે છે. મોંમાં દુખાવો ઊભો થયો એવું એને લાગે છે. અસહ્ય, દાંત પરની વેદનાને તે અનુભવે છે. અને બીજી ક્ષણે મોં નીચુ કરી મોંમાંનુ તમાકુનું પ્રવાહી થૂંકીને બેઝીનમાં નાંખે છે. દાંતના પેઢા પર બ્રશ દબાઇજવાથી લોહી નીકળે છે. ધીરે રહીને પાણીથી તે મોં સાફ કરે છે. 'ઇપ્કો'વાળું બ્રશ ત્યાં જ બેઝીનમાં નાખી દે છે. અને બીજી ક્ષણે અસહ્ય ગરમીનો અહેસાસ કરતો હોય તેવું તે અનુભવે છે. આ ગરમીનો ઉશ્કેરાટ ક્યાંથી આવ્યો ? એનો એને ખ્યાલ આવતો નથી. અને ત્યાં જ સાવર ચાલું કરી પહેરેલે કપડે જ સાવરમાંથી નીકળતો પાણીનો ધોધ તે પોતાના શરીર પર લે છે. ઠંડા પાણીને કારણે તે ધ્રુજારી અનુભવે છે. શરીરનો ઉશ્કેરાટ સમી જાય છે. આમ કેમ બન્યું હશે ? એ વિચારોમાં તે મગ્ન બને છે. કશું જ કારણ તે કલ્પી શકતો નથી.

અડધા એક કલાક પછી સ્નાનથી પરવાર્યા બાદ બહાર આવી અવંતિકાબેનને બૂમ પાડે છે. કિરીટનો અવાજ સાંભળી અવંતિકાબેન બેઠકરૂમમાં આવે છે. આવેલા અવંતિકાબેનને તે કહે છે :

'અવંતિકાબેન, લગભગ બાર વાગ્યા હશે. આજે હું ઘેર જ જમીશ. ઘણા વખત પછી ખીચડી ખાવાનું મન થયું છે. વઘારેલી ખીચડી બનાવશો તો ચાલશે . દહીં અને ડુંગળી તો ઘરમાં હશે જ

ને ? ખીચડી સાથે દહીં અને ડુંગળી પણ ખાવાનું મન થયું છે.'

'અડધાએક કલાકમાં બની જશે.' એમ કહી અવંતિકાબેન ચાલ્યા જાય છે.

કિરીટને બહાર તો જવું છે. ઘરમાં એકલો એકલો બેસી કંટાળી જશે. એક આંટો ઓફિસે મારી આવીશ એવું વિચારતો રહે છે. અડધાએક કલાક પછી ખાવાનું મળશે એમ વિચારી તે સમય પસાર કરવા ખાતર પ્રોફેસર મહાદેવની 'પાનખરમાં વસંત' નવલકથા હાથમાં લે છે. નવલકથાના ત્રીજા પાને અર્પણની નીચે લખેલું લખાણ વાંચે છે. 'સ્નેહી ડૉક્ટર સુધાને.... ' એની નીચે લખ્યું હતું :

'મેં તમને,
ના કહ્યું છતાંય,
સંતાકૂકડી રમતાં-રમતાં
ચૂપચાપ
મારા હૃદયના કોઇ ખૂણામાં
આવીને તમે સંતાઇ ગયાં.
ને તેથી જ હું પૂછું છુ :
મારા જીવનના છેલ્લા શ્વાસ સુધી
ત્યાં જ તમે સંતાઇ રહેશો ને?'

- તમારો જ મહાદેવ

'આ ડૉક્ટર સુધા કોણ હશે ?' એવો વિચાર કિરીટને થાય છે. તો શું? કદાચ મહાદેવ પણ સુધાને ઓખળતો હશે ને ? જો કે સુધા નામ તો ઘણાં બધાંનાં હોય. કિરીટને ખ્યાલ આવે છે કે સુધા પણ સાહિત્યનું સર્જન કરે છે. કદાચ આ બંને એકબીજાને ઓળખતાં હોય તો ? આ બાબતની મારે તપાસ કરવી જ પડશે. એવું વિચારી કિરીટ આણંદની કોલેજનો ફોન જોડી મહાદેવને આપવાનું કહે છે.આમ તો મહાદેવની સવારની કોલેજ હતી. બાર વાગ્યે તે છૂટી જતો. પણ આજે પ્રિન્સિપાલનું કોઇ કામ હોવાથી તે રોકાઇ ગયેલો. પ્રિન્સિપાલની ચેમ્બરમાં જ હતો. ફોન તેજ ઉઠાવે છે.

'હું પ્રોફેસર મહાદેવ બોલું છું. તમે કોણ ?'

'હું કિરીટ. વડોદરાથી બોલું છું.'

'કેમ એકાએક યાદ કરવો પડ્યો ? ગઇ રાત્રિએ તો આપણે છૂટા પડ્યા.'

'જુઓ મહાદેવભાઇ, હમણાં જ તમારી નવલકથા 'પાનખરમાં વસંત' વાંચી. વાંચતાં ઘણો જ આનંદ થયો. નિરૂપણ સરસ છે. એક સુંદર કથા બની છે. નવલકથાની મુખ્ય નાયિકાનું નામ સુધા મેં વાચ્યું. અને અર્પણ પણ તમે ર્ડાક્ટર સુધાને કરેલું છે. તમારી નવલકથાની નાયિકા એ જ ડૉક્ટર સુધા હશે એમ મારું માનવું છે.'

'જો કિરીટભાઇ, અત્યારે હું એક અગત્યના કામમાં છું. તમારી સાથે લાંબી વાત કરી શકીશ નહીં. કથાની નાયિકા એ જ અર્પણની નાયિકા છે. બંને એક જ છે. મારી કથાની નાયિકા મુંબઇમાં રહે છે. ફરીથી આપણે ક્યારેક મુંબઇ જઇશું ત્યારે તેની સાથે તમારી મુલાકાત કરાવીશ. સમય મળે તો ફોન કરી વડોદરા આવીશ. ત્યારે વિગતે વાત કરીશું. આવજો.' એમ કહી પ્રોફેસર મહાદેવ ફોન મૂકી દે છે.

ફોન પર ડૉક્ટર સુધાનું નામ અને મુંબઇ સાંભળતાં જ કિરીટનાં બંને હાથના વાળ ઊભા થઇ જતા તે અનુભવે છે. કદાચ ડૉક્ટર સુધાની દિશામાં જનાર પાત્રોમાં મારી સાથે મહાદેવ તો નહીં હોય ને ? એવો પ્રશ્ન કિરીટને થાય છે. તે વિચારતો જ રહે છે.

'આમ તો તમને ખાવાની ઉતાવળ હતી. ક્યારનીય ખીચડી લાવીને અહીં મૂકી છે. ટાઢી પણ થઇ ગઇ હશે. શાના વિચાર કરો છો ? સુધાબેનના તો વિચાર કરતા નથી ને?' અવંતિકાબેન કહીને પાછા વળે છે.

'ના, ના સુધાના નહિ. હું તો બીજા જ વિચારોમાં હતો.' એકાએક કિરીટ બોલી ઉઠે છે. સામે ટીપોઇ

ઉપર તેની ઇચ્છીત વસ્તુઓ - ખાવાની - પડેલી છે. ખીચડી ઠંડી થઇ ગઇ છે. મોટેભાગે કિરીટ ગરમાગરમ વસ્તુઓ જ ખાતો. ઠંડી વસ્તુ એને પસંદ નહીં, પણ આજે બધો જ ક્રમ તેનો ઊંધો ચાલે છે. સ્નાન કર્યા વગર ચા પીધી. ઠંડુ ખાતો નથી. છતાં પણ ઠંડી ખીચડી, દહીં અને ડુંગળી સાથે તે ખાઇ જાય છે. અને પછી ધીરે રહીને ઊભો થઇ 'મિલન'માંથી બહાર નીકળી જાય છે. જો કે તે વિચારો તો સુધાના અને મહાદેવના જ કરતો હતો.

## અગિયાર

સોમવારે બપોરે કિરીટનો ફોન આવ્યો સુધા વિશે પૂછતો. મહાદેવને ખબર નથી પડતી કે કિરીટે શા માટે ફોન કર્યો ? ડૉક્ટરીના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી સુધા સાથેની થોડા દિવસ અગાઉની મુલાકાતમાં જ એ સુધા પ્રત્યે આકર્ષાયો હતો ખરો. પણ પોતાના આકર્ષણની વાત એણે દબાવી દીધી હતી. સુમનભાઇના કહેવાથી તાત્કાલિક નવલકથા લખવાની થતાં સુધા પ્રત્યેનું આકર્ષણ નવલકથામાં તો નિરૂપણ પામ્યું અને અર્પણમાં પણ. પરોક્ષ રીતે સુધાને કવિતા દ્વારા પોતાની વાત તેણે કરી દીધી. અને કિરીટે પણ નવલકથાનું અપર્ણનું પાનું વાંચતા જ તેને કદાચ ફોન કર્યો એમ તે માની લે છે. સોમવારે કોલેજમાંથી ઘેર જતી વખતે સુધાના વિચારમાં ઘણું બધું તે અનુભવતો રહ્યો. તે રાત્રિએ પણ ઊંઘી ન શક્યો. આંખો માં ઉજાગરો લઇ મંગળવારે સવારે તે કોલેજ પહોંચે છે. દર મંગળવારે તેનો એક જ તાસ રહેતો અને એ પણ ટી.વાય. બી.એ. માં મોટેભાગે પહેલો તાસ રહેતો. આજે ભણાવવામાં પણ તેનું ચિત્ત નહોતું. બોલતાં-બોલતાં વારંવાર તે અટકી જતો. વિદ્યાર્થીઓ પણ વિચારતા હતા કે, ''આજે સાહેબ આમ કેમ કરે છે?'' ગંભીર રીતે વિષયના ઊંડાણમાં જતા અને સારું ભણાવતા એવા એમના અધ્યાપક આજે કંઇક બીજા જ મૂડમાં હોય એવું વિદ્યાર્થીઓ અનુભવે છે. જેમ તેમ પિરીયડ પૂરો કરી, સ્ટાફરૂમમાં આવી પંખા નીચેની એક આરામદાયક બેઠકમાં તે આંખો બંધ કરી બેસી જાય છે. ગઇ રાત્રિએ ઊંઘી ન શકવાને કારણે તેને ઉજાગરો થયેલો. તે સ્ટાફરૂમમાં ઊંઘી જાય છે. સાડા દસ વાગે રિસેશના સમયે તેની ચા લઇ પટાવાળો આવે છે. અને તે ઝબકી જાગી જાય છે. સ્ટાફરૂમમાં એક નજર તે ફેરવે છે. પ્રોફેસર પટેલ તેને કહે છે, 'મહાદેવ, બહુ મુંબઇના આંટા ફેરા સારા નહીં. આ વખતે ક્યાંક કશું ભૂલીને તો નથી આવ્યો ને ?'

'મહાદેવને કોઇ ટ્રેનમાં ભટકાઇ ગયું લાગે છે. કદાચ તેના જ વિચારોમાં હશે.' પ્રોફેસર પલ્લવી હસતી હસતી મીઠી ટકોર કરે છે. કાયમ સ્ટાફ રૂમમાં બીજાંને હસાવતો આજે ગંભીર બનીને મહાદેવ બેઠો છે એમ બધાં વિચારે છે. અને સાચે જ તે ગંભીર છે. એટલામાં જ.... કોલેજનો પટાવાળો, 'તમારો ફોન છે.' એમ કહે છે. મહાદેવ ઊભો થઇ ફોન લેવા નીચે ઓફિસમાં જાય છે.

'હું મહાદેવ બોલું છું. બોલો, મારું શું કામ હતું ?'

સામે મધુર કર્ણપ્રિય એવો કોઇ સ્ત્રીનો અવાજ હતો. 'હું સુધા, ડૉક્ટર સુધા. મુંબઇથી બોલું છું. તમે મહાદેવભાઇને ?'

'અરે તમે ? બોલો કેમ ફોન કરવો પડ્યો ?'

'તમે છુપા રૂસ્તમ છો. મારી જ વાર્તાના શીર્ષક ઉપર એક નવલકથા લખી દીધી અને અર્પણ પણ મને કરી. મને કોઇ પુસ્તક અર્પણ કરે તે ગમે ખરું. બહું જ ટૂંકી મુલાકાતમાં તમે મને પુસ્તક અર્પણ કર્યું તેથી તમારો આભાર માનું છું. પણ,'

'પણ શું ?'

'કેટલીક બાબતો ફોન પર કહી શકાય તેમ નથી. છતાંય ટૂંકમાં કહું તો તમારા મારા પ્રત્યેના ઉત્કટ પ્રણયની લાગણીનો સ્વીકાર કરું છું પણ એક મિત્ર તરીકે. તમેં કદાચ કંઇ બીજું જ વિચારતા લાગો છો. હું તમારા જીવનના છેલ્લા શ્વાસ સુધી તમારી સાથે જ જોડાયેલી રહીશ. પણ પ્રિયપાત્ર તરીકે નહીં એક શુભેચ્છક મિત્ર તરીકે. મારા પ્રત્યેની તમારી ભાવનાને હું સમજી શકી છું. તમે કહી શકતા નથી. તમે આગળ વધવાનો પ્રયત્ન પણ કરશી શકતા નથી. મને હવે લાગે છે કે ટ્રેનના ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં તમે મારી પ્રત્યે આકર્ષિત થયા જ

હતા. તમારી વાત તમે તમારા મનમાં જ દાબી દીધી હતી. એવું મને આજે લાગે છે. તેથી જ તમે મારું સરનામું માંગ્યું નહોતું. એક વાત કહું, હું પણ તમારા પ્રત્યે આકર્ષાઇ હતી. હું જે નિર્ણય કરુ છું તે જ નિર્ણયને વળગી રહું છું. મેં અન્યને કોલ આપી દીધો હતો તેવી વાત મેં તમને કરેલી. જો કે તેને હું વળગી રહીશ. છતાંય આપણે એકબીજાના નજીકના મિત્રો બની રહીશું. બે-એક દિવસ પહેલાં હોસ્ટેલમાં એક છોકરીના હાથમાં તમારી નવલકથા જોતાં મેં તે વાંચવા લીધી. આખી કૃતિ વાંચી ગઇ. અર્પણમાં કવિતામાં અને નવલકથામાં સતત વહેતા ગદ્યમાં તમારી ભાવનાઓને તમે વ્યક્ત કરી છે એ હું સમજી શકું છું. કદાચ નજીકના ભવિષ્યમાં હું તમને મળીશ.'

પ્રોફેસર મહાદેવ ફોનમાં આગળ કહેવાનો પ્રયત્ન કરે ત્યાં જ ફોન કટ થઇ જાય છે. ફોન ઉપર સુધાની વાત સાંભળતાં ઘણું બધું તે વિચારી લે છે. ફરી આજે શરીરના અણુએ અણુમાં સુધાને પ્રાપ્ત કરવાનો તલસાટ તે અનુભવે છે. બીજી ક્ષણે મોં ધોવા માટે સ્ટાફરૂમમાં જઇ બેઝિન પાસે પહોંચી જાય છે. ક્યાંય સુધી ઠંડુ પાણી તે મોં પર છાંટતો રહે છે. બહુ જ ઠંડક અનુભવતાં જાણે કે મન સ્વસ્થ થયું હોય તેમ માની રૂમાલથી મોં સાફ કરી પાછો પંખા નીચેની આરામદાયક ખુરશીમાં બેસી જાય છે. હવે મનમાં કોઇ વિચાર નથી. વિચારો સમી ગયા તેવો અહેસાસ તે અનુભવે છે. અને પોતાની બેગમાંથી 'પાનખરમાં વસંત' નવલકથાના પાના ઉથલાવવા મંડી પડે છે.

## બાર

એક દિવસે સુમનભાઇનો મહાદેવ પર ફોન આવે છે. ફોનમાં તેઓ કહે છે કે, 'મે માસમાં વડોદરા ખાતે 'ગુજરાત રાજ્ય પુસ્તકાલય મંડળ' દ્વારા એક Book Fare નું આયોજન થયું છે. અમે એક સ્ટોલ રાખવાના છીએ. બુક ફેર ત્રણ દિવસનો છે. મે મહિનામાં તો તમારે રજા હશે. હું ઈચ્છું છું કે ત્રણેય દિવસ તમે અમારા સ્ટોલ ઉપર અમારા સૌથી વધુ વંચાતા લેખક તરીકે હાજરી આપો તો અમને ગમશે. ત્યાંના સ્થાનિક પેપરોમાં આ અંગેની વિગતો હશે. બુકફેરમાં આપણે મળીશું. જો એક અઠવાડિયામાં એક સંગ્રહ થાય એટલી લઘુકથાઓ લખી શકો તો એ પુસ્તક હું છાપીશ. જણાવશો.' સુમનભાઇનો ફોન પરનો સંદેશો સાંભળીને મહાદેવ હવે મે માસમાં જ વડોદરા જશે અને એ દિવસો દરમ્યાન કિરીટ સાથે રહેશે એવું વિચારી લે છે.

આવો જ ફોન સુમનભાઇનો કિરીટને પણ મળે છે. આમ પ્રોફેસર મહાદેવ અને કિરીટને બંનેને ફોન ઉપર સુમનભાઇ બુકફેરમાં હાજર રહેવાનો આગ્રહ કરે છે.

બુકફેરની સ્થાનિક પેપરોમાં જાહેરાત આવે છે. મહાદેવ તે વાંચે છે. લગભગ એક મહિના જેટલો સમય છે. અઠવાડિયામાં નવલકથા પૂરી કરી શકે પણ લઘુ કથાઓ ન લખાય એવું માનનારો તે મુંબઇ સુમનભાઇને 'લઘુકથાઓ નહીં લખી શકાય પણ બુકફેરમાં હાજર રહીશ.' એવો ફોન કરે છે.

મે માસની ઓગણત્રીસ, ત્રીસ, અને એકત્રીસ એમ શનિ, રવિ, અને સોમ બુકફેર હોવાથી અઠ્ઠાવીસમીને શુક્રવારે અગાઉથી ફોન કરી પ્રોફેસર મહાદેવ 'મિલન' બંગલે પહોંચી જાય છે. કિરીટ અને તે એકબીજા સાથે પુસ્તકો અને બુકફેરની ઘણી બધી વાતો કરે છે. બંને માંથી કોઇપણ જણ 'પાનખરમાં વસંત' નવલકથાની કે તેની નાયિકા સુધાની વાત કરતા નથી. જો કે બંનેને સુધા વિશે જાણવું હતું. પણ, સુધા વિશેનો અણસાર કોઇની વાતમાં થતો નથી. અંતરથી બંને સુધા વિશે ચર્ચા કરવા માંગે છે. અને એમાંય ખાસ કરીને કિરીટ. પોતાની ભાવિ પત્ની સુધા એ જ પાનખરમાં વસંતની નાયિકા તો નથી ને? આ નવલકથામાં પ્રોફેસર મહાદેવ દ્વારા નાયિકા સુધાનું એક ઉત્તમ ચિત્ર રજૂ થયેલું કિરીટે જોયું છે. પણ નવલકથાનો નાયક અંતરથી નાયિકાનો ચાહતો હોય એવું પણ નિરૂપણ થયું છે. તે દિવસે ફોન પર મહાદેવે કહેલું કે, 'ક્યારેક મુંબઇ જઇશું ત્યારે ડૉક્ટર સુધાનો તે પરિચય કરાવશે.' પોતે જેની સાથે લગ્ન કરવાનો છે એ જ ડૉક્ટર સુધાનો કદાચ પરિચય મહાદેવ ક્યારેક કરાવે તો ? કિરીટ ઇચ્છે છે કે મહાદેવની નાયિકા એ ડૉક્ટર સુધા બીજી સ્ત્રી હોય તો સારું. કિરીટ ઘણું બધું વિચારે છે. મહાદેવને પૂછી શકતો નથી. તે સાંજે કિરીટ અને મહાદેવ બુકફેરમાં સુમનભાઇનાં સ્ટોલ પર પહોંચી જાય છે.

સુમનભાઈ તે બંનેને તાજી પ્રગટ થયેલી નવલકથા બતાવે છે. એ નવલકથા ‘વસંતમાં પાનખર’ શીર્ષક વાળી અને ડૉક્ટર સુધા મહેતા દ્વારા લખાયેલી જુએ છે. સુમનભાઈએ બંનેના હાથમાં એક એક નવલકથાની નકલ આપી. પ્રોફેસર મહાદેવ સમજી જાય છે કે બહુ જ ઓછા સમયમાં તેની પોતાની નવલકથાના અનુસંધાનમાં ડૉક્ટર સુધા મહેતાએ નવલકથા લખી છે. તેને ખ્યાલ આવી જાય છે કે નવલકથાના પાત્રો કેવી રીતે એકબીજાં સાથે સંબંધ ધરાવતાં હશે ! મહાદેવ નવલકથા પોતાની હેન્ડબેગમાં મૂકી દે છે. અને કિરીટ ત્યાં જ ઊભો ઊભો નવલકથાના પાના ઊથલાવે છે. તેની નજર સમક્ષ અર્પણનું પાનું ઉઘડે છે. એ વાંચતા જ તેનું હ્દય કદાચ ઘડીક થંભી ના જતું હોય એવું તે અનુભવે છે. તે વાંચે છે અર્પણની નીચે લખ્યું હતું -

પરિચિત છતાં અપરિચિત એવા એકને....
ભલેને ના થયું મિલન,
વિરહની વાટ જોવા દે.
અશ્રુના જામ પીને હ્દયને શાંત થવા દે,
જીગરનું તુંબડું તૂટ્યું, ભલેને તું ના આવે.
પ્રતિક્ષા એક જ વિરહથી
કો’ક દિ તો ‘મિલન’ થાશે.

કિરીટ આ વાંચતાં જ કંઈક સમજતો હોય એવું લાગે છે. હવે એને લાગે છે કે તેના અને પ્રોફેસર મહાદેવના રસ્તા એક જ છે. બંનેનો રસ્તો વાંકોચૂકો પણ ક્યારેક તો એક જગ્યા એ જઈને અટકવાનો. તો હવે શું કરવું ? એક બાજુ ભાવિપત્ની છે અને બીજી બાજુ હમણાં જ જેની સાથે નિકટના સંબંધો વિકસ્યા એવા એક સર્જક છે. તે આગળ કશું વિચારી શકતો નથી. એને ખ્યાલ આવે છે કે આ બધું વિચારવાનું ના હોય. સુધા મહેતાએ મહાદેવના અર્પણના બદલામાં, તેની નવલકથામાં અર્પણની જે વાત કરી એ પ્રણયની આરત હોવા છતાં કદાચ એ પ્રણયને ન સ્વીકારી શકે એવી રજૂઆત છે ને ? એકી સાથે, ‘શું વિચારમાં પડી ગયા?’ એવું સુમનભાઈ અને મહાદેવ કિરીટને પૂછી બેસે છે. કિરીટ કશો જવાબ નથી આપતો. વાસ્તવિકભૂમિ પર આવે છે. મનના વિચારો છુપાવવાનો પ્રયત્ન કરે છે અને હસી પડે છે. પ્રોફેસર મહાદેવ નવલકથાના પાના ઊથલાવતાં કિરીટ જે પરિસ્થિતિમાં મૂકાયો એ વિશે વિચારે છે. એને થાય છે કે નક્કી ‘ડૉક્ટર સુધા મહેતા સાથે કિરીટને કોઈ સંબંધ છે ખરો.’ વધુમાં તે વિચારે છે કે ‘આ અંગે તપાસ કરશે ખરો.’

ત્રણ દિવસનો બુકફેર પૂરો થાય છે. તે દિવસો દરમ્યાન મહાદેવ કિરીટની સાથે ‘મિલન’માં જ રોકાય છે. પરંતુ બંનેમાંથી કોઈપણ સુધાના નામનો ઉલ્લેખ કરતું નથી.

છેવટે પ્રેમથી બધાં છૂટાં પડે છે. સુમનભાઈ મુંબઈ તરફ અને પ્રોફેસર મહાદેવ આણંદ તરફ પ્રયાણ કરે છે. જોકે, કિરીટે મહાદેવને પોતાને ત્યાં થોડા સમય રોકાઈ જવાનું પણ કહેલું. પરંતુ મહાદેવે કિરીટની વિનંતી સ્વીકારેલી નહીં.

## તેર

એકત્રીસમી ની રાત્રિએ બુકફેર પત્યા પછી ત્રણેય જણ છૂટા પડ્યા. તે રાત્રિએ કિરીટે સુધા વિશેના ઘણા વિચારો કર્યાં. વહેલી પરોઢે તે જાગી જાય છે. બંગલામાં ચહલપહલ થતી તે અનુભવે છે. કોઈ મોટા અવાજથી વાત કરતું હોય એવો અવાજ તેના કાને અથડાય છે. તે ધીરે રહીને ઊભો થાય છે. રૂમની બહાર આવે છે. તો ‘મિલન’ના મુખ્ય દરવાજા પાસે ઊંચા અવાજે વાત કરતી અજાણી સ્ત્રીને તે જુએ છે. અવંતિકાબેન પણ ત્યાં ઊભા છે. અવંતિકાબેન પેલી યુવતિના હાથમાંનો સામાન લઈને અંદર પ્રવેશે છે. એમની પાછળ અજાણી યુવતી પ્રવેશે છે. ‘આગંતુક કોણ

હશે ?' એમ કિરીટ વિચારે છે. અને ત્યાં તો પેલા બંનેની પાછળ પાછળ સુધાને પ્રવેશતી કિરીટ જુએ છે. અર્ધજાગૃત અવસ્થામાં બહાર નીકળેલા કિરીટની ઊંઘ સુધાને જોતાં જ ઊડી જાય છે. તે સ્વસ્થ થઇ જાય છે. કિરીટ સુધાની આગળ પ્રવેશેલી પેલી અજાણી યુવતીને તાકી રહ્યો છે.

'અરે, એની સામે શું તાકી રહ્યો છે ? મારી સામે તો જો. કે પછી તું.. ' સુધા આગળ બોલતી નથી. હસી પડે છે.

'જો એ હમણાં થોડા દિવસ અહીં જ રહેવાની છે. હું આઘીપાછી હોઉં ત્યારે જેટલી નજીકથી જોવાય એટલી એને જોઇ લેજે. પણ અત્યારે તો મારી સામુ જોઇ થોડો આનંદમાં આવી જા.' એમ કહેતી સુધા કિરીટ પાસે પહોંચી એને પોતાની નજીક ખેંચે છે. બધાંની હાજરીમાં કિરીટ શરમાઇ જાય છે.

સુધાના બોલવાથી હાસ્યનું વાતાવરણ ઊભું થાય છે.સદાય ગંભીર રહેતાં અવંતિકાબેન પણ ખડખડાટ હસી પડે છે.

'કિરીટ, તું પણ પરવારી જા. ત્યાં સુધી અમે પરવારી જઇએ છીએ. પછી આપણે થોડું બહાર જવું છે.' એમ કહેતી સુધા પોતાની બહેનપણીને લઇ પોતાની રૂમમાં ચાલી જાય છે. એકાદ કલાકમાં બધાં સ્નાનાદિ ક્રિયાઓ પતાવી બેઠકરૂમમાં ભેગાં થાય છે. અવંતિકાબેન ચા મૂકી જાય છે. નાસ્તાના ડબ્બા તો ત્યાં જ પડેલા હતા. ચા-નાસ્તો કરતાં કરતાં સુધા પોતાની બહેનપણીને પરિચય આપે છે. 'આ કિરીટ, જેની સાથે હું લગ્ન કરવાની છું. લગ્ન પહેલાં જ ઘર જમાઇ તરીકે અહીં કબજો જમાવી બેઠો છે.' એમ કહી ખડખડાટ હસી પડે છે. અને 'આ શ્વેતા, મારી નજીકની બહેનપણી, કિરીટ ખાસ તો તને જોવા માટે જ મારી સાથે અહીં આવી છે. એ કાયમ મને કહેતી કે મારી પસંદગી તેને જોવી છે. હું કાયમ કહેતી કિરીટ મારો પસંદગીનો યુવક છે. અમે એકબીજા પ્રત્યે આકર્ષાયા હતાં. મારી દૃષ્ટિએ અમારું મિલનસ્થળ જુહૂનો દરિયાકિનારો જ હતો.'

શ્વેતા કિરીટની સામે તાકી રહે છે. ને કોઇ ન જુએ તે રીતે કિરીટને આંખ મારે છે. કિરીટ ચમકે છે. કશું બોલતો નથી. પણ તેના મનમાં એક સાથે અનેક વિચારો આવી જાય છે. સુધા કરતાં શ્વેતા વધુ રૂપાળી છે. તેના ગાલ પર પડતાં ખંજનો કિરીટને ગમી જાય છે. બીજી ક્ષણે કિરીટને લાગે છે કે શ્વેતાએ તેના હૃદય ઉપર કામણ કરી દીધું છે. પણ તે શાંત છે.

ચા-નાસ્તા પછી બધા સાથે જ બજારમાં નીકળે છે. સાંજે બધાં સાથે જ અહીં જમશે એવું સુધાએ અવંતિકાબેનને કહેલું. સાંજના અવંતિકાબેનને રસોઇમાં સુધા મદદ કરવાનો પ્રયત્ન કરે છે. શ્વેતા બહાર બેઠકરૂમમાં કિરીટ પાસે બેઠી બેઠી વાતો કરે છે.

'કિરીટકુમાર, અહીં વડોદરામાં કઇ કંપનીમાં તમે સેલ્સમેન છો?'

'હું અહીં 'મેકસ ટ્રેડર્સ'માં કામ કરું છું. જુદી જુદી ઘણી બધી વસ્તુઓ વેચવા માટેની તેમની મોટી એજન્સી છે. જેટલા વેચાણના ઓર્ડર લાવું એની પર મને કમિશન મળે છે. એટલે નોકરીની નોકરી અને છૂટાનો છૂટો. ગમે ત્યારે જઉં ત્યારે ચાલે. બીજું સાથે સાથે સાહિત્યમાં રસ હોવાથી પુસ્તકોના સેલ્સમેન તરીકે પણ હું કામ કરું છું. એકી સાથે ઘણાં બધાં કામ કરું છું.'

'મેકસ ટ્રેડર્સ તો માંડવી દરવાજા પાસે આવી એ જ ને ?'

'હા, ત્યાં જ આવી. પણ તમને ક્યાંથી ખબર કે એ ટ્રેડર્સ કંપની ત્યાં છે ?'

'પાંચેક વર્ષ પહેલાં અહીં વડોદરામાં રહેતી હતી ત્યારે ત્રણેક માસ સુધી મેં ત્યાં ઓફિસમાં કામ કરેલું. પણ તે વખતે તમે ત્યાં નહોતા.'

'બે-એક વર્ષથી જ ત્યાં છું. હવે કંપની મોટી થઇ ગઇ છે. ધંધો પણ સારો ચાલે છે. મારા જેવા બીજા પણ ચાર-પાંચ સેલ્સમેન છે. પણ, તમે વડોદરામાં કેમ રહેતાં હતાં ?'

'જુઓ, કિરીટકુમાર, આમ તો મારું વતન પાદરા. અહીં જ ભણતી હતી. અભ્યાસની સાથે નોકરી પણ કરતી હતી. પણ મુંબઇના આકર્ષણને કારણે વડોદરા છોડી મુંબઇ પહોંચી ગયેલી. ત્યાં હોસ્ટેલમાં જુદીજુદી કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ સાથે જ રહે છે. હું આર્ટ્સમાં હતી. સુધાની બાજુની રૂમમાં રહેતી હતી. અમારે બંનેને સારું ફાવતું. એટલે અમારી મૈત્રી ટકી. જો કે સુધાનું આ છેલ્લું વર્ષ હતું. મારો તો અભ્યાસ ચાલુ છે.

થોડા દિવસ અહીં રહીશ. પછી પાદરા જઇશ. અને ત્યાંથી પછી મુંબઇ પહોંચી જઇશ. સુધાની હોસ્ટેલ તો તમે જોઇ છે. હું એજ હોસ્ટેલમાં રહું છું. ક્યારેક મુંબઇ આવો તો મને મળવા આવશો ને?' એમ કહી શ્વેતા કિરીટનો હાથ દાબે છે. અને પછી કિરીટનો હાથ પકડી જ રાખે છે. કિરીટ જાણે કે શ્વેતાનો ખેંચાયો હોય તે રીતે શ્વેતાના હાથમાંથી પોતાનો હાથ સેરવી લેતો નથી. એ એમને એમ બેસી રહે છે. ધીરે રહીને શ્વેતા કહે છે :

'કિરીટકુમાર, તમે નસીબદાર છો કે ડૉક્ટર સુધા મળી. અને એની સાથે ઘણું બધું પણ તમે મેળવશો. હું માનું છું કે તમારાં હજુ લગ્ન થયા નથી. હું અહીં આવી અને મેં તમને જોયા. હું તમારાથી આકર્ષાઇ છું. તમે મને ગમો છો. તમે ઇચ્છો તો આપણે બંને લગ્ન કરી લઇએ. મને પણ તમારા જેવો જ છોકરો ગમે !'

કિરીટ કંઇ જવાબ આપે તે પહેલાં તો રસોડામાંથી સુધા બહાર આવે છે, 'બધાંને ભૂખ લાગી હોય તો જમવાનું તૈયાર છે. બોલો હમણાં જમવું છે કે પછી?' એમ કહેતી કિરીટની પાસે આવીને બેસી જાય છે. કિરીટના મોં તરફ જુએ છે. તેના મોં પર આનંદની એક રેખા ફેલાયેલી સુધા જુએ છે. તે શ્વેતા તરફ જુએ છે. શ્વેતા ધીમું ધીમું મલકતી હતી.

## ચૌદ

શ્વેતા થોડા દિવસો સુધાની સાથે ગાળે છે અને પછી તે પાદરા પહોંચી જાય છે.

સામાન્ય ખેડૂત કુટુંબમાં જન્મેલી શ્વેતા નાનપણથી જ હોશિયાર હોવાથી તેના માતાપિતાએ તેને જ્યાં સુધી ભણે ત્યાં સુધી દુઃખ વેઠીને પણ ભણાવવી એ રીતે તે પાદરાની હાઇસ્કૂલમાં ધોરણ અગિયાર સુધી અભ્યાસ કરે છે. અને પછી અભ્યાસની સાથે નોકરી પણ કરાય એ રીતે વડોદરા વધુ અભ્યાસ માટે આવે છે. વડોદરાની ઘડિયાળી પોળમાં એક સગવડવાળી રૂમ ભાડે રાખી તે રહે છે. અને કોલેજમાં અભ્યાસ માટે જોડાય છે. આ જ સમયમાં માંડવી દરવાજા પાસેની એક મેક્સ ટ્રેડર્સ નામની ઓફિસમાં કલાર્ક તરીકે પાર્ટ ટાઇમ નોકરી સ્વીકારે છે. નોકરીની સાથોસાથ અભ્યાસ પણ તેનો ચાલતો રહે છે. ત્રણેક માસ પછી મેક્સ ટ્રેડર્સની નોકરી તે છોડી દે છે. હવે અભ્યાસમાં જ તે મગ્ન રહે છે.

આજ દિવસોમાં તે પોતાના એક દૂરના સંબંધીને મળવા માટે જાય છે. સરનામું અધૂરું છે. વેકેશનનો સમય છે. અસહ્ય ગરમી હોવાથી તે હાંફી ગઇ. તેને મકાન મળતું નથી. એટલામાં જ એ એક બંગલાની પાસે આવીને ઊભી રહે છે. તાપથી પરસેવે રેબઝેબ થઇ ગઇ હતી. ક્યાંય છાંયડો નહોતો. તેથી ઊભી રહે પણ ક્યાં ? એટલામાં જ બંગલામાંથી લગભગ એની ઉંમરની જ એક યુવતી બહાર આવે છે. બહાર આવતી પેલી યુવતીને શ્વેતા સરનામુ બતાવે છે. પણ તેમાં નામ અને અલકાપૂરી વિસ્તાર એટલું જ લખેલું છે. બંગલામાંથી આવેલી યુવતી કાગળ ઉપરનું નામ વાંચી આવનારને કહે છે 'તમે ક્યાંથી આવો છો? આ જેને શોધો છો એ તમારા શું સગાં થાય ?' શ્વેતા કહે છે, 'એ મારા દૂરનાં માસી થાય. હું અહીં જ વડોદરામાં રહું છું. પણ મારા માસીનો સંપર્ક ઘણાં સમયથી અમને કોઇને થયો નથી. વર્ષોથી તે બહાર છે. ક્યાં રહે છે એ પણ અમને કોઇને ખબર નહોતી. પણ બે-ચાર દિવસ પહેલાં મારા ગામથી કોઇ વડોદરા આવેલું તેણે મારા પપ્પાને કહેલું, 'ચંદુભાઇ, વર્ષોથી તમે અવંતિકાની વાત કરતા હતા. વર્ષો પહેલાં તે અને તેનો વર ક્યાંક ચાલ્યા ગયા એ પણ તમે કહેતા હતા. પણ મેં ગઇકાલે જ બજારમાંથી ખરીદી કરીને જતી અવંતિકાને જોઇ. હું કોઇની ગાડીમાં હતો એટલે મેં બહુ ધ્યાન નહીં આપ્યું. અવંતિકા અલકાપૂરીમાં રહે છે એમ હું માનું છું, કેમકે એના હાથમાં શાકની થેલી હતી. અલકાપૂરીમાં એની તપાસ કરજો તો તમને મળી રહેશે.' મારા બાપુએ મને આ વાત કરી. આમ તો વડોદરાના ઘણા બધા વિસ્તારથી હું પરિચિત છું. અહીં ભણતી હોવાથી આમ તો બે-એક દિવસથી આ વિસ્તારમાં તપાસ કરવા આવું છું. પણ અવંતિકામાસીનો ક્યાંય પતો લાગ્યો નહિ. આ શહેરનાં લોકો, તોબા ! તોબા ! કોઇ કશું જ સાંભળવા ઊભા જ ના રહે. આ તમે સાંભળવા ઊભા રહ્યાં. હું તમારો આભાર માનું છું.'

'જો બેન તારી પાસેનું સરનામુ અધૂરું છે. તું તો ભણેલી છે. અધૂરા સરનામે કોઇ માણસને ત્યાં ન પહોંચી

શકાય. પણ તું નસીબદા ર છું. તારા અવંતિકામાસી જ્યાં રહે છે એજ બંગલાની સામે તું ઊભી છે. સરનામુ તેં બરાબર જોયું નથી. અવંતિકાબેન ''મિલન''વાળા એવું એમાં લખેલું છે. એ તારા ખ્યાલ બહાર ગયું હશે એટલે તું સરનામુ શોધી ના શકી. જો મારા બંગલાનું નામ ''મિલન'' છે. અંદર આવ.' એમ કહી સુધા એને અંદર લઇ જાય છે. અવંતિકાબેનને બોલાવે છે. વર્ષો પહેલાં, શ્વેતા નાની હશે ત્યારે અવંતિકાએ જોયેલી. ઓળખાણ કેવી રીતે પડે?

'હું પાદરાવાળા ચંદુભાઇની બેબી શ્વેતા.'

'તું ચંદુભાઇની છોડી. બહુ મોટી થઇ ગઇ. મેં તો તને નાની હતી તારે જોયેલી.' અવંતિકાબેન આનંદવિભોર બની જાય છે. શ્વેતાને પોતાની નજીક લે છે. માસી-ભાણીનું મિલન ઊભી ઊભી સુધા જુએ છે.

અડધાએક કલાક રોકાઇને 'ફરી આવીશ.' એમ કહી બંનેની વિદાય લઇ શ્વેતા ચાલી જાય છે.

શ્વેતાના ગયા પછી અવંતિકાબેન અને સુધા વચ્ચે કોઇપણ જાતની વાતચીત થતી નથી. આમેય અવંતિકાબેન મોટેભાગે સુધા સાથે બહુ ચર્ચા કરતાં નહિ અને સુધાને પણ એ નહોતું ગમતું.

પણ તે રાત્રે.... અવંતિકાબેન સુધા પાસે આવે છે. અને ધીરેથી 'સુધા, મારે તને એક વાત કરવી છે. તારી પાસે સમય હશે ?'

'બોલો કોઇ મુશ્કેલી છે?'

'ના, મુશ્કેલી તો નથી. પણ, અહીં રહે ઘણો સમય થઇ ગયો. અમારા પ્રત્યેનું તારું વર્તન પણ બહુ સારું છે. તારી હાજરી કે ગેરહાજરીમાં અમે સુખેથી રહી શકીએ એવી તે વ્યવસ્થા કરી છે. એટલે કોઇ દુઃખ તો નથી. પણ વર્ષો પછી આજે મારી ભાણી આવી અને મેં પ્રથમ વાર દુઃખ અનુભવ્યું. ચંદુભાઇ, કેટલી મુશ્કેલીએ એને ભણાવતા હશે એવું મને અંતરમાં થયું. તુ ઇચ્છે તો ....'

'તમે શું કહેવા માંગો છો મને ખબર નથી પડતી. તમે જે કહેશો એ થશે?'

'સુધા, તને ખબર છે કે અમારે તો કશી જરૂર નથી. પણ આટલાં વર્ષો પછી પહેલી વખત મારી ભાણી શ્વેતાને જોઇ, એના પપ્પાની પરિસ્થિતિનો મને ખ્યાલ આવી ગયો. બેન, તારી પાસે ઘણું બધું છે. ગમે તેટલું વાપરું તો પણ ખૂટે તેમ નથી. મને એવું થાય છે કે શ્વેતા સારી રીતે ભણે તો ચંદુભાઇનુ ઘર ઊજળું થાય. એટલે મારી ઇચ્છા છે કે...'

'જુઓ, તમારે હવે વધુ કહેવાની જરૂર નથી. હું બધું સમજી ગઇ. હવે હું મુંબઇ જઇશ ત્યારે શ્વેતા મારી સાથે જ મુંબઇ આવશે. ત્યાં જ હોસ્ટેલમાં રહેશે. અને હું એને માટે એવી નાણાંની વ્યવસ્થા કરી દઇશ કે બહુ સારી રીતે તેનો અભ્યાસ તે પૂરો કરી શકે. પણ તમારે મને ખાતરી આપવી પડશે કે આપણા બંને વચ્ચે થયેલી વાતચીત શ્વેતાના કાને ક્યારેય ન જવી જોઇએ. કદાચ લાગણીની આવેશમાં તમે એને કહી દો એટલું તો હું નહીં ચલાવી લઉં. તમે મારા વડીલ છો. નાનેથી મોટી તમે જ મને કરી છે. તમે મને સાચવી પણ છે. માતા-પિતાની હૂંફ પણ તમે જ મને આપી છે. મેં કોઇને મદદ કરી છે એવું મારે કોઇને જણાવવું નથી. એટલે જ તમારી પાસે ખાતરી માંગુ છું.'

સુધા ઊભી થઇ અવંતિકાબેનને વળગી પડે છે - વર્ષો પછી જાણે કે માતાની હૂંફ પ્રાપ્ત ન કરતી હોય - અને અવંતિકાબેનનો હાથ સુધાના માથા અને આખા શરીરે ફરી વળે છે. વર્ષો પછી અવંતિકાબેનના હૃદયમાં માતૃત્વનો ધોધ વહેતો હોય તેવું તે અનુભવે છે. અને એ માતૃત્વના પ્રણયમાં સુધા પણ જાણે કે ભીંજાતી હોય એવું સુધા પણ અનુભવે છે.

આમને આમ ક્યાંય સુધી એકબીજાંને તેઓ વળગી રહ્યાં. સુધા પણ માતાની હૂંફ પ્રાપ્ત કરતી હોય એ રીતે જાણે કે અવંતિકાબેનને ન છોડી શકતી હોય એ રીતે, નાનું બાળક માને ભીંસ દે એ રીતે અવંતિકાબેનને ભીંસતી રહી અને ભીંસાતી રહી.

તે જ રાત્રે સુધા શ્વેતાને પત્ર લખી તાત્કાલિક મળી જવાનું સૂચન કરે છે.

## પંદર

અવંતિકાબેનની ભલામણથી સુધાએ એવી વ્યવસ્થા કરી દીધી કે શ્વેતા નવા સત્રથી પોતાનો અભ્યાસ આગળ વધારવા માટે સુધાના આગ્રહથી મુંબઇ પહોંચી જાય છે. સુધાનું એક ચેરિટેબલ ટ્રસ્ટ હતું. આ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે જ અવંતિકાબેન કામ કરતાં હતાં. દર માસે જેટલી જરૂરિયાત હોય એટલી રકમ આ ટ્રસ્ટ દ્વારા શ્વેતાને મુંબઇ મળતી રહી. કદાચ સુધાને કારણે જ આ બધું બનતું હોય એવું શ્વેતા કલ્પી લે છે. પણ તે કોઇનેય વાત કરતી નથી. હોસ્ટેલમાં દરેક રૂમમાં બે વિદ્યાર્થીનીઓની સગવડ હોવા છતાં સુધા બે વિદ્યાર્થીનું ખર્ચ ભરી સ્વતંત્ર રૂમ વાપરતી. અને શ્વેતાની વ્યવસ્થા પોતાની બાજુની રૂમમાં કાયમ રહે તેવી વ્યવસ્થા તેણે કરેલી. બંનેના કોલેજના સમય જુદા હતા. ડૉક્ટરી અભ્યાસને કારણે સુધાને કોલેજ તથા પ્રેક્ટિકલ માટે સ્થાનિક દવાખાનામાં વધારે સમય વીતાવવો પડતો. તેથી મોટે ભાગે દરરોજ સાંજે અને રજાના દિવસે આખો સમય શ્વેતા અને સુધા સાથે જ વીતાવતા. બંનેને એકબીજા વગર ચાલતું નહીં. જો કે બંનેના સ્વભાવમાં ફેર હતો.

સુધા ઠરેલ હતી. સમાજમાં કેવી રીતે રહેવું જોઇએ એ જાણતી હતી. તે સ્વતંત્ર હોવા છતાં સ્વછંદતાના ગુણ તેનામાં નહોતા. જ્યારે શ્વેતાનો ઉછેર શરૂઆતમાં ગામડામાં થયો અને પછી શહેરમાં. આમ તો શ્વેતા સ્વતંત્ર વિચારસરણી ધરાવતી હોવા છતાં તેનામાં સ્વછંદતા વધુ હતી. અને એને કારણે ક્યારેક તો કોલેજમાં કે હોસ્ટેલમાં અને હોસ્ટેલની બહાર ગમે તેવું વર્તન કરી બેસતી. તે મુક્ત મને વિહરવામાં માનતી. છતાં સુધા અને શ્વેતામાં એક સામ્ય જરૂર હતું. બંનેને જે વસ્તુ ગમે તે, ગમે તે રીતે પ્રાપ્ત કરી લેતાં. સુધા પોતાને પસંદ છે તે પોતાની પાસે જ રહે તેવો આગ્રહ રાખતી. તેનાથી ઊલટું શ્વેતાનું હતું, જે વસ્તુ પસંદ પડે, તે વસ્તુનો ઉપયોગ કરી સાચવી રાખવી ન જોઇએ તેવું તે માનતી હતી. કોઇ બાબતમાં તે ગંભીર નહોતી. જે કંઇ થાય તે સહજરીતે થતું, જે પોતાને પ્રાપ્ત થાય છે તે પોતાના નસીબમાં હશે તેથી જ મળ્યું અને નસીબમાં નથી એ રીતે મળેલી વસ્તુને પણ તે તરછોડી મૂકતી. તે ક્યારેક ગંભીર બની નથી. જ્યારે સુધા બધી જ બાબતમાં ગંભીરતા જ જોતી.

સુધા ને કિરીટ જુહુના દરિયાકિનારે મળ્યો, આકસ્મિક સંજોગોમાં. ત્યારે એક બે બીજી બહેનપણીઓ સાથે શ્વેતા પણ ત્યાં હતી. સુધા સંવેદનશીલ હૃદય ધરાવતી. સર્જનાત્મક સાહિત્યમાં પણ એને ઊંડો રસ ખરો. તે કેટલુંક સર્જન પણ કરતી. અને તેથી તે, તે દિવસે સમી સાંજનું આકાશ જોવા, ત્યાં જ દરિયાકિનારે ઊભી રહી ગયેલી. શ્વેતા અને બીજી બહેનપણીઓ ક્યારે નીકળી ગયેલી તેનો ખ્યાલ તેને રહ્યો નહોતો.

અંધારું થવા આવ્યું હતું. ત્યાંજ અંધારામાં એકાએક એક માનવી તેની પાછળ આવ્યો. કંઇક બોલ્યો. સુધા દોડી એની પાછળ એ પણ દોડવા લાગ્યો. બીકની મારી તે કિરીટ પાસે મદદની માગણી કરે છે. ઝપાઝપી થઇ. સામેથી આવતી કોઇ વ્યકિતની મદદ મળી અને પાછળ પડેલો માણસ ભાગી ગયો. ત્યારે કિરીટના મોંમાંથી શબ્દો નીકળેલા, 'એ મારી પત્ની છે.'

આમ કિરીટ સાથે સંબંધ બંધાય છે.કિરીટના ગયા પછી શ્વેતાને તે વિગતે વાત કરે છે. અને પછી તો અવારનવાર કિરીટની વાતો થયા કરે છે. અને રવિવારે કિરીટ મુંબઇ આવે છે. પોતે મોડી પડે છે. અને છેવટે કિરીટ સાથે વડોદરા પહોંચી જાય છે. આ બધી જ વાત વિગતે સુધાએ શ્વેતાને કરેલી અને ત્યારથી જ પરોક્ષ રીતે કિરીટને ઓળખતી થઇ. જો કે કિરીટને જોવાની ઇચ્છા તો શ્વેતાની હતી જ.

અને શ્વેતા પરીક્ષાઓ પછી સુધાની સાથે 'મિલન'માં આવી પહોંચે છે. કિરીટને જોતાં જ એના પ્રેમમાં પડી જાય છે. સુધા ન જાણે એ રીતે કિરીટને મેળવવાનો દ્રઢ નિશ્ચય કરી વડોદરા અઠવાડિયું રહી પાદરા પહોંચી જાય છે.

## સોળ

પોતાના વતન પાદરામાં વેકેશન પૂરું થયા પછી શ્વેતા મુંબઇ જવા તૈયાર થાય છે. અને તે દિવસે રાત્રે

શ્વેતા સુધાને ફોન કરે છે. સુધા ક્યાંક બહાર ગઇ હતી. ફોન કિરીટ ઉઠાવે છે. સામે છેડે ફોન પર રહેલી શ્વેતા સમજી જાય છે કે સુધા ક્યાંક આઘી-પાછી હશે. તે ફોન પર આડાઅવળી વાત કર્યા સિવાય ફોન પર કહે છે કે, 'કિરીટકુમાર, આવતી કાલે સવારે ગુજરાત એક્સપ્રેસમાં હું મુંબઇ જવા નીકળીશ. તમે પણ મારી સાથે તમારા અંગત કામે આવશો. તમે સમજું છો. સ્ટેશન પર ટીકીટબારી પાસે હું તમને કાલે સવારે મળીશ. આવશો ને? જરૂર આવજો. તમારી રાહ જોઇશ.' એમ કહી શ્વેતા ફોન મૂકી દે છે. બહુ લાંબી વાત કરવા રહે અને કદાચ ત્યાં બંગલામાં સુધા હોય તો તેની સાથે ફોન પર વાત કરવી પડે એટલે ફોન ટુંકાવી દે છે.

શ્વેતાને ફોન પર સાંભળ્યા પછી કિરીટ જવું કે ના જવું એના વિચારો કરે છે. સુધા તો ઘેર નથી. આમેય સેલ્સમેન તરીકે ગમે ત્યારે બહાર જવું પડે એ તો સુધા પણ જાણે છે. એટલે વાંધો ન આવે. આમ તો કિરીટને શ્વેતા ગમેલી ખરી. પણ સુધાની બહેનપણી હોવાથી આગળ વધવું કે કેમ એ બાબતમાં એ મુંઝવણ અનુભવે છે. શ્વેતા એ જ એને નિમંત્રણ આપ્યું છે સાથે જવાનું. એટલે એ માની લે છે કે હાથ લાંબો કરે એટલે જ દૂર શ્વેતા છે. અને કિરીટ ધારે તો શ્વેતાને મેળવી શકે એમ છે. ઘણા બધા તે વિચાર કરે છે. અને છેવટે મોડેથી ઘેર આવેલી સુધાને તે 'ચાર-પાંચ દિવસ અગત્યના કામે સવારે જ મુંબઇ જવા નીકળીશ.' એવું કહી દે છે.

પાદરાથી નીકળતી વખતે શ્વેતાએ, 'હું સીધી મારી હોસ્ટેલ જવાની નથી. મુંબઇમાં રહેતી મારી એક બહેનપણીને ત્યાં બે ચાર દિવસ રહીને પછી હોસ્ટેલ જવાની છે.' આમ પોતાના પિતાને પણ તે સમજાવી દે છે કે કોઇ કામ માટે તે તેની તપાસ કરે તો પણ હોસ્ટેલમાં જવાની નથી એટલે તે વાંકમાં ન આવે. વડોદરા સ્ટેશને ટીકીટબારી પાસે શ્વેતાએ જ તેની અને કિરીટની ટીકીટ લઇ રાખેલી બંનેની મુંબઇની. શ્વેતાએ ગુજરાત એક્સપ્રેસની સ્ટેશને આવી તપાસ કરતાં ચેરકારની બે સીટ ખાલી હતી એ જાણતાં ચેરકારની ટીકીટ લે છે. આજે શ્વેતા ખુબ ખુશ હતી. ખાસ તો કિરીટકુમારને આવેલા જોઇને. આમ તો તે વિચારતી હતી કે કિરીટકુમાર આવશે કે કેમ? છતાં પણ પુરુષોને ઓળખતી થઇ ગઇ હતી. પુરૂષને તો ખાલી આંગળી આપો તો આંગળીની સાથે હાથ પણ લઇ લે. શ્વેતા એ પણ જાણતી હતી કે તેની માફક કિરીટકુમાર પણ તેના પ્રત્યે આકર્ષાયા હતા. પોતાની બહેનપણીની ઈચ્છિત વસ્તુને એ મેળવવા તૈયાર થઇ છે, એનું થોડું દુઃખ તો તેને છે જ. પણ પોતાને ગમતી વસ્તુ ગમે તેવા અવરોધો પછી પણ મેળવવામાં કોઇપણ સંબંધો વચ્ચે ન લાવવા જોઇએ. તેવું તે માનનારી છે.

ચેરકારમાં બેઠાંબેઠા બંને અરસપરસ તેમની બંનેની અને સુધાની પણ વાતો કરે છે. બાજુની જ ખુરશીમાં બેઠેલી શ્વેતા વાત કરતાં કરતાં કિરીટનો હાથ પોતાના હાથમાં લઇ લેતી. અને કિરીટ ન જાણે તેમ ક્યારેક, કિરીટના હાથને પોતાના શરીરનો સ્પર્શ પણ કરાવી લેતી. કિરીટ અજાણતા જ સ્પર્શ થયો છે તેવું માની લેતો. પણ વાસ્તવમાં એવું નહોતું. શ્વેતા ચાલાક હતી. પોતાના શરીરને સ્પર્શ કરાવી કિરીટને તે ઉત્તેજીત કરતી હતી. વાતવાતમાં 'કિરીટકુમાર, મુંબઇ આપણે છૂટાં પડવાનું નથી. હું મારી હોસ્ટેલ જવાની નથી. બે-ચાર દિવસ આપણે સાથે જ રહેવાનું છે. બોલો મારી સાથે રહેવું તમને ફાવશે ને?'

'શ્વેતા, મારી વાત જવા દે. મને એક બાબતની ચિંતા છે. સુધા તારી ખાસ બહેનપણી. ભવિષ્યમાં કદાચ સુધાને તું વાત કરે તો અમારો તો સંસાર જ ઉજળી જાય ને ?'

'કિરીટકુમાર, હજુ સુધા સાથે ક્યાં સંસાર માંડ્યો છે તે આટલા બધા ગભરાવ છો. અને એક મહત્વની વાત, સ્ત્રી યુવા વયે કે પ્રૌઢ વયે, ગમે ત્યારે કોઇ પુરૂષનું પડખું સેવે ત્યારે એ વાતનો ઘજાગરો બીજી સ્ત્રીની સમક્ષ ક્યારેય કરતી નથી. એ કદાચ તમે નહીં જાણતા હો. સ્ત્રી મોટેભાગે પોતાના પ્રિયપુરૂષની ક્યારેક ચર્ચા કરશે એ કદાચ શક્ય બને, પણ ક્યારેય તૃપ્તિની ક્ષણો સુધી પહોંચી ગઇ છે એનો કદાચ ઉલ્લેખ નહીં કરે. જુઓ કિરીટકુમાર આ તો સંસાર છે. આખો સંસાર સ્ત્રી પુરૂષના સહકારથી જ ચાલે છે. મેં તો હજુ લગ્નવ્યવસ્થામાં પગરણ માંડ્યાં નથી. યૌવન અવસ્થામાં કે લગ્ન પછીના સંબંધોમાં સ્ત્રીઓના જીવનમાં કોઇને કોઇ પુરુષ તો પ્રવેશી જતો હોય છે. સ્ત્રીના અંગત જીવનમાં પુરૂષનો પ્રવેશ, સ્ત્રીની સંમતિથી જ થાય છે. આ બધું સ્વાભાવિક બનતું હોય છે. અને મોટા ભાગની સ્ત્રીઓ અન્ય પુરુષ સાથેના તેમના સંબંધો ક્યારેય કોઇને કહેતી નથી. એટલે મારી અને તમારી વાત કદાચ ક્યારેય સુધા જાણશે નહીં. હું મુંબઇના વાતાવરણમાં ઉછરી છું. હું સ્વછંદી છું ખરી. રસ્તે

ચાલતાં, બસમાં કે ટ્રેનમાં સાથેના પ્રવાસીને ક્યારેક અડપલાં પણ કરી લીધાં છે. પણ ક્યારેય કોઇને મારી નજીક ફરકવા દીધો નથી.'

'તો પછી મારે...'

'જુઓ કિરીટકુમાર, તમારા પ્રત્યે મને આકર્ષણ છે. મારા ફોનના અનુસંધાને તમે મુંબઇ સુધી આવવા તૈયાર થયા એનો મતલબ એ જ કે તમને પણ મારા પ્રત્યે કામણ થયું છે. તમે મારી સાથે રહેશો અને પછી જ્યારે છૂટા પડશો ત્યાર પછી પણ એક વાતની તમારે મને ખાતરી આપવી પડશે કે હું જ્યારે કહું ત્યારે તે સમયે અને નિર્દેશ કરેલા સ્થળે તમારે આવવું જ પડશે !'

'પણ, સુધા આ બધું જાણે તો ?'

'સુધાને કોઇ બાબતની ખબર નહીં પડે. આપણા બંનેની વાત આપણે બેજ જાણીશું અને આવી વાત તો સુધાને કહેવાય ખરી ?'

'એટલે ?'

'એટલે એ જ કે, કિરીટકુમાર મારા જીવનમાં પ્રવેશેલો 'પ્રથમ પુરુષ' તમે જ હશો ! અને યાદ રાખજો કે ભવિષ્યમાં મારા તરફથી આ વાત કોઇ નહીં જાણે અને તમારે પણ મૌન રાખવું પડશે.'

આમ વાતોમાં ને વાતોમાં શ્વેતા પોતાના મનની ઇચ્છાઓ કિરીટને કહે છે. કિરીટ સાંભળે છે. જોકે સુધાનો તેને ડર લાગે છે. સુધા સાથેના લગ્નજીવનમાં ભવિષ્યમાં એને ખબર પડે તો પોતે મુશ્કેલીમાં મૂકાઇ જાય એવું તે માને છે.

શ્વેતાની વાતોથી કિરીટ માટે આગળ વધવાનો રસ્તો સાફ થઇ ગયો છે. પરોક્ષ રીતે, વાતવાતમાં શ્વેતા કિરીટને ઘણું બધું કહી દે છે. શ્વેતાની વાતમાં પરોક્ષ રીતે કિરીટને પોતાના તરફ ખેંચવાનું પ્રયોજન પણ તે છતું કરી દે છે.

બોમ્બે સેન્ટ્રલ ઊતરી ગ્રાન્ટ રોડ પરની ''આકાંક્ષા'' નામની એક ફાઇવ સ્ટાર હોટલમાં ડબલ બેડ સાથેની રૂમ તેઓ પસંદ કરે છે.

મુંબઇના ચારેક દિવસના રોકાણમાં શ્વેતાએ કિરીટકુમારને એવા ઘેલા કરી દીધા કે કદાચ કિરીટકુમાર હવે શ્વેતા સિવાય બીજા કોઇનેય પણ નહીં જુએ. આ દિવસો દરમ્યાન સ્વછંદી શ્વેતાએ પોતાના મનની ઇચ્છાઓને વારંવાર પૂર્ણ કરી લીધી. કિરીટ પણ શ્વેતાની પાછળ, શ્વેતા જે કહે તેમ પોતાની જાતને શ્વેતાની સમક્ષ રજૂ કરતો રહ્યો. પલંગમાં કે બાથરૂમમાં સ્નાન કરતી વખતે શ્વેતાએ કિરીટ પાસેથી ઘણું બધું મેળવી લીધું. યૌવનમાં પગલાં માંડતી શ્વેતા ચાર દિવસના કિરીટ સાથેના રોકાણમાં સંપૂર્ણ સ્ત્રી બની જાય છે. શ્વેતા અને કિરીટ પરસ્પર માનસિક સંતોષ થાય ત્યાં સુધી એકબીજાને ભોગવે છે. અને પરસ્પર હૃદયોમાં એકબીજા પ્રત્યેના ઉત્કટ પ્રણયના ભાવને અંકિત કરી દે છે. શ્વેતાને હજુ પણ એક બે દિવસ વધુ રહેવું છે. પણ કિરીટ માનતો નથી. છેવટે કિરીટ કહે છે, 'જો શ્વેતા, મનુષ્ય માત્રએ જેટલું જ્યારે પ્રાપ્ત થાય તે મેળવીને સંતોષ માણવો જોઇએ. અને અમુક બાબતોમાં સ્ત્રી કે પુરૂષ ક્યોરય સંતોષ પામતા નથી. તેમને વધુને વધુ સંતોષ પામવાની તીવ્ર ઇચ્છા થતી રહે છે. પણ, નસીબમાં જેટલું છે એટલું પ્રેમથી પ્રાપ્ત કરી લેવું જોઇએ. એક સાથે ભૂખ લાગી હોય ત્યારે બે ચા ર ટંકનું ભોજન સાથે કરી લેવાય નહીં. તેમ પરમ સુખની દિશામાં પણ એક સાથે ન જવાય.' વિવેકથી કીરીટ શ્વેતાને સમજ આપે છે. અને શ્વેતા પણ, 'ફરી હું કહું ત્યારે આવશો ને?' એમ કહી કિરીટને વચનબદ્ધ કરે છે. શ્વેતા હોસ્ટેલમાં અને કિરીટ વડોદરા પાછો પહોંચી જાય છે.

# સત્તર

કિરીટ 'મિલન'માં પહોંચે છે. સુધા ત્યાં નહોતી. અવંતિકાબેન દ્વારા જાણવા મળે છે કે, 'ગઇ રાત્રે મુંબઇથી પ્રકાશક સુમનભાઇનો ફોન આવેલો. એટલે સુધા મુંબઇ ગઇ છે. કાલે સાંજે જ પાછી આવી જશે.

મુંબઈના ફોનના અનુસંધાનમાં એણે પેલા તે દિવસ અહીં આવ્યા હતાં એ પ્રોફેસર મહાદેવને પણ ફોન કર્યો હતો. અને તે પણ મુંબઇ જવાના હતા.'

સુધાના અને મહાદેવના બંનેનું મુંબઇ સાથે જવું એ જાણતાં જ કિરીટને થાય છે કે, નક્કી મહાદેવ જે સુધાની વાત કરતો હતો તે જ સુધાને ત્યાં તે રહે છે. કાલે જ પાછી સુધા આવવાની હોવાથી કામ વગર મુંબઇ તો ન જવાય. તેની રાહ જોવી રહી. આવા વિચારો કિરીટને આવે છે. અને તે રાત્રિએ ઘડીભર સુધા કે મહાદેવના વિચારોથી દૂર થયેલો કિરીટ મનોમન શ્વેતા સાથે વિતાવેલા ચાર દિવસ યાદ કરે છે. અને ઘડી ભર શ્વેતામય બની જાય છે. કિરીટ વિચારે છે કે, 'શ્વેતાએ ભલે તેમ કહ્યું હોય કે તેના જીવનમાં પ્રથમ પ્રવેશનાર પુરુષ હું હતો એની વાત હું માની શકું તેમ નથી. આ ચારેક દિવસના એકાંત સમયમાં એક અનુભવી સ્ત્રીની માફક શ્વેતાએ એને ભોગવ્યો હતો. અને એ જ રીતે તેને ભોગવવામાં મદદ કરી હતી. તો શું શ્વેતા ખોટું બોલતી હતી ?' ગમે તેમ હોય પણ આ ચારેક દિવસના ટૂંકા સહવાસમાં શ્વેતાએ, કિરીટને એક અલૌકિક દુનિયામાં ફેરવ્યો હતો. અને તેની સ્મૃતિઓને વાગોળતો તે પથારીમાં પડ્યો છે. અને આ વખતે સુધા તો તેનાથી જોજનો દૂર હોય એવું તે અનુભવે છે. અને બીજે દિવસે સાંજે સુધા 'મિલન'માં આવી પહોંચે છે. આવતાં જ અવંતિકાબેનને બોલાવે છે. કિરીટ એની રૂમમાં આરામ કરે છે. અવંતિકાબેન આવતાં જ, 'અવંતિકાબેન, આ અઠવાડિયામાં મારું એમ.બી.બી.એસ.નું પરિણામ આવી જશે. મુંબઇ મારા પ્રકાશક સુમનભાઇએ ખાનગીમાં તપાસ કરાવી તો હું ફર્સ્ટ ક્લાસ સાથે પાસ થઇ છું. અને મને લાગે છે કે મારું સ્વતંત્ર દવાખાનું મારે ચાલું કરી દેવું જોઇએ. કેમ મારી વાત બરોબર છે ને ?'

અવંતિકાબેન આ જાણતાં જ સુધાને ભેટી પડે છે. આનંદ વ્યક્ત કરે છે. રૂમમાં આરામ કરતા કિરીટના કાને અસ્પષ્ટ શબ્દો સંભળાય છે. તે બહાર આવે છે. સાચી પરિસ્થિતિ જાણતાં કિરીટ વ્હાલથી સુધાને ઊંચકી લે છે અને અભિનંદન આપે છે. મોડી રાત્રે સુધા, કિરીટ, અવંતિકાબેન અને મનહરભાઇ બધાં હોટલ 'સૂર્યાપેલેસ'માં ભોજન માટે ઊપડી જાય છે. અવંતિકાબેન અને એમના પતિ મનહરભાઇ સુધાના આનંદમાં ભાગીદાર બને છે. બધાં સુધાને અભિનંદન આપે છે. ઘણા વખતે આ બધાં ઘરની બહાર સાથે હોટલમાં પ્રેમથી જમે છે.

અને તે મોડી રાત્રિએ સુધા બધાં જ સામાજીક બંધનોને નેવે મૂકી દે છે. જો કે ગમે ત્યારે કિરીટ તેનો પતિ થવાનો જ હતો. ક્યારે લગ્ન લેવું તે તો તે બંનેએ વિચાર્યુ નથી. છતાં આનંદના અતિરેકમાં આવેલી સુધા, ધસમસતી નદી સાગરના પેટાળમાં સમાઇ જાય છે તે રીતે, સમાઇ જવાનો નિર્ણય કરે છે. સુધા શ્વેતાની માફક જ કિરીટને પોતાનું સર્વસ્વ સોંપી દે છે. શ્વેતાથી સંપુર્ણ રીતે ધરાયો હોવા છતાં કિરીટ જાણે કે અધૂરી રહી ગયેલી પોતાની તૃપ્તિની ક્ષણોને સુધાને ભોગવીને અદશ્ય થતી કલ્પે છે. સુધા આવેગમાં આવી ગયેલી અને કિરીટ પોતાનો જ છે એમ જ માનીને કિરીટને ઉશ્કેરે છે. કિરીટના સમગ્ર શરીર પર સુધાના હાથનો સ્પર્શ થાય છે. અને કિરીટ અને સુધા અંતે એકબીજામાં ભળી જતાં હોય તેવું અનુભવે છે. બંનેના શ્વાસોશ્વાસની ક્રિયા ઝડપથી થતી રહે છે. ઘડીક થંભે છે. અને પાછી ક્રિયા ઝડપભેર બનતી રહે છે. સુધા પ્રથમ વાર જાણે કે સ્ત્રીનું સંપૂર્ણ સૌંદર્ય પ્રાપ્ત કરતી હોય એવું લાગે છે. થોડી થોડી વારે અટકતાં પરમતૃપ્તિનો અનુભવ કરતાં, હાંફતાં, થાકતાં અને પાછી ફરી એ સુખદ ક્ષણોને માણવાનો પ્રયત્ન કરતાં બંને એકબીજાના શરીર ફંફોસતાં રહે છે. આમને આમ સમગ્ર રાત્રિ દરમ્યાન એકબીજાંથી ઘણી વાર સંતોષાતા રહે છે. વહેલી સવારે સુધા જાગે છે ત્યારે પડખુ ફેરવી સૂતેલા કીરીટને તે જુએ છે. થોડા જ કલાકોમાં પોતાના શરીરમાં ફેરફાર થયો હોય એવું સુધા અનુભવે છે. સુધા મનોમન કલ્પે છે કે આ મિલન કદાચ માતૃત્વ પ્રાપ્ત કરવાની દિશામાં લઇ જશે. તેનો તે સંતોષ અનુભવે છે. અને પાછી વિચારે છે કે હવે કિરીટ સાથે જેમ બને તેમ વહેલાં લગ્ન કરી લેવા જોઇએ. તે દિવસે સવારે દસેક વાગ્યે અવંતિકાબેન આવી પહોંચે છે. બેઠકરૂમમાં બેઠેલી સુધાને તે જુએ છે. અને તે વિચારે છે, 'ગઇકાલે સાંજે મુંબઇથી આવેલી સુધાના ચહેરામાં, આ એક જ રાત્રિમાં કોઇ ફેરફાર થઇ ગયો હોય એમ લાગે છે.' મોટી ઉંમરે પહોંચેલા અવંતિકાબેન જમાનાના ખાધેલ હતાં. નાની ઉંમરમાં જ તે મનહરભાઇ સાથે જોડાયાં હતા એટલે ઘણી બધી બાબતોથી તે પરિચિત હતાં. સુધાને જોઇ તે કહે છે, 'બેટા, હવે તો તું ડૉક્ટર થઇ જઇશ. તારું દવાખાનું પણ ચાલશે. હવે તારે, હું માનું છું કે લગ્નગ્રંથિથી જોડાઇ જવું જોઇએ. જેની સાથે લગ્ન થવાનું છે એની સાથે એક જ

ઘરમાં કદાચ લાંબા સમય સુધી તું ધારે તોય એકલું ન રહી શકાય એવું મારુ માનવું છે.'

'અવંતિકાબેન, તમે કિરીટની સાથે ચર્ચા કરી લગ્નનું વિચારી લેજો. હું તૈયાર છું.' એટલામાં કિરીટ બહાર આવે છે. એની આંખોમાં ઘેન છે. બેઠકરૂમમાં વાતો કરતી સુધા અને અવંતિકાબેનને તે જુએ છે. તે ત્યાં આવે છે.

'કિરીટકુમાર, આજે આપણે બધાં અહીં જ સાથે જમીશું. તમે સ્નાનાદિથી પરવારી સમય કાઢી મને મળો. તમારી જોડે થોડીક વાત કરવી છે.' એમ કહી અવંતિકાબેન રસોડામાં રસોઇની તૈયારી કરવા પહોંચી જાય છે.

સુધા અને કિરીટ પણ પોતાપોતાની રીતે પરવારવાનો પ્રયત્ન કરે છે. પણ કિરીટને ખ્યાલ નથી કે અવંતિકાબેન એને શું કહેવા માંગતાં હતાં.

બે-એક કલાક પછી સુધાની ગેરહાજરીમાં અવંતિકાબેન કિરીટકુમારને પાસે બેસાડી ધીરેથી કહે છે, 'જુઓ કીરીટકુમાર, હું માનું છું કે હવે સુધા એનું દવાખાનુ ચાલુ કરશે. તેણે તમારી સાથે પરણવાનું નક્કી કરી દીધું છે એ બાબત તો તમે જાણો છો. હું માનું છું કે તમારા બંનેની લગ્નવિધિ જેમ બને તેમ જલ્દી પતાવી દેવી જોઇએ. આ બાબતમાં તમારું શું માનવું છે ?'

'અવંતિકાબેન, મારે તો સુધા જ્યારે કહે ત્યારે હું લગ્નગ્રંથિથી એની સાથે જોડાઇ જઇશ. જે કંઇ નક્કી કરવાનું છે તે સુધાએ નક્કી કરવાનું છે. પણ સુધાનું પરિણામ આવી જાય, દવાખાનુ પણ ચાલુ થઇ જાય, અને પછીથી લગ્નનું ગોઠવીએ તો કેમ ?'

'કિરીટકુમાર, વાત તો તમારી સાચી છે. તો પછી આવતા મહિનાનું એક શુભ મૂરત જોઇ લગ્નનું ગોઠવી કાઢીશું અને સાદાઇથી લગ્ન ગોઠવીશું. જે થોડા પરિચિત માણસો છે એમને બોલાવી લઇશું. સુધાને આ વાત હું કહીશ.' અવંતિકાબેન અને કિરીટ આમ એક માસ પછી લગ્ન લેવું એ રીતે સંમત થાય છે અને એ પ્રકારે તૈયારી કરવાનું પણ ગોઠવે છે.

સુધાનુ પરિણામ આવે છે. દવાખાના માટે ફર્નિચર વગેરે તૈયાર પણ થાય છે. એકાદ માસમાં દવાખાનું સંપૂર્ણ તૈયાર થઇ જાય છે. કિરીટ એની કંપનીના કામે અવારનવાર ઓર્ડરો લેવા માટે જુદા જુદા શહેરોમાં ફરતો રહે છે. પણ છેલ્લા અઠવાડિયાથી 'બે-ચાર દિવસમાં જ કામ પતાવી પાછો આવીશ.'એવું કહીને જાય છે. તે દસેક દિવસ થયા છતાં આવતો પણ નથી કે તેના કોઇ સમાચાર પણ નથી. આમને આમ બીજા પંદર દિવસ ખેંચાઇ જાય છે. આ બાજુ અવંતિકાબેન સુધાનો માસિક દિવસ ગયો હોવા છતાં તે માસિકમાં આવતી નથી એટલે વહેમમાં પડે છે. તે દિવસે સુધાના ચહેરા પર જે ચમક જોઇ હતી. તે ચમક તેણે માતૃત્વ પ્રાપ્ત કર્યું છે એ રીતે આજે બહાર આવી ગઇ એવું અવંતિકાબેન માની લે છે. અવંતિકાબેન ધીરેથી સુધાને પૂછી લે છે. અને એના જીવનમાં સારો દિવસ આવશે એવી પણ વાત કરી લે છે.

પણ, કિરીટ ક્યાં ? તે આવતો નથી. અને તેનો ફોન પણ નથી. તો તે ક્યાં ગયો હશે ? આવું બધાં અને ખાસ કરીને તો સુધા વિચારતી રહે છે.

## અઢાર

બે માસ વીતી ગયા. કિરીટના કોઇ સમાચાર નથી. સુધાનો પણ ત્રણેક માસ જેટલો સમય થઇ ગયો. તેના શરીરમાં કિરીટનો પિંડ આકાર લઇ રહ્યો હતો, અને હવે ધીરે ધીરે એ પિંડ મોટો થઇ રહેશે, અને પછી સમય જશે તેમ સુધાનું શરીર ચાડી ખાતું થઇ જશે.

એક દિવસે રાત્રે અવંતિકાબેન અને મનહરભાઇ બેઠકરૂમમાં સુધાની પાસે બેઠાં બેઠાં વાતો કરે છે. પોતાના માતાપિતા ગુમાવ્યા પછી સુધાનો એક માત્ર આધાર અવંતિકાબેન અને મનહરભાઇ હતા. મનહરભાઇને,

'મારે સુધા સાથે વાત કરવી છે.' એમ કહી બહાર મોકલી દે છે.

'બેટા, કિરીટકુમાર તો ક્યાં ગયા તેનો પત્તો નથી. હવે એવો સમય આવવાનો કે આપણે જાણ ન કરીએ છતાં લોકો જાણી જ લેવાના છે. હવે તારે કોઈ નિર્ણય લઈ લેવો રહ્યો. આમને આમ કિરીટકુમારની કેટલી રાહ જોઈ શકીએ. એમની રાહ જોવી અશક્ય છે. કોઈ વચલો રસ્તો આપણે તાત્કાલિક કાઢવો જોઈએ. જો એમ નહીં થાય તો તું બદનામ થઈ જઈશ. અને બદનામી વહોરવી આપણને પાલવે તેમ નથી.'

'અવંતિકાબેન, આમાંથી બહાર નીકળવાનો મને કોઈ રસ્તો સૂઝતો નથી. મેં પણ લાગણીના આવેગમાં ભૂલ કરી દીધી. હવે પરિણામ તો મારે જ ભોગવવાનું થયું ને ?'

'ના, તારે પરિણામ ભોગવવાની જરૂર નથી. આમાંથી ક્યાંક કોઈ રસ્તો આપણે કાઢવો રહ્યો. તારા પ્રત્યે મમતા દાખવનાર કોઈ યુવાન હોય તો તેનું મને નામ આપ.'

સુધા છેવટે અવંતિકાબેનને પ્રોફેસર મહાદેવનું નામ આપે છે અને કહે છે, 'આ માણસ જરૂર મને મદદ કરશે. એમણે જ મને એકવાર કહેલું કે કોઈ વખત મુશ્કેલી ઊભી થાય ત્યારે કોઈ પણ નિર્ણય કરતાં પહેલાં મને પૂછજે.' એમ કહી સુધા ત્યાં પડેલી ટેલિફોન ડાયરીમાંથી પ્રોફેસર મહાદેવનો ફોન નંબર અવંતિકાબેનને લખી આપે છે. અને તે રાત્રિએ અવંતિકાબેન પ્રોફેસર મહાદેવને ફોન કરી બીજે દિવસે સવારે વડોદરા આવવાનું કહે છે.

બીજે દિવસે સવારે નહીં પણ બપોરે પ્રોફેસર મહાદેવ 'મિલન'માં આવી પહોંચે છે.

અને પછી..... અવંતિકાબેન ધીરે ધીરે ડૉક્ટર સુધાની વાત કરે છે. કિરીટ સાથેના સુધાના સંબંધની પણ વાત કરે છે. કિરીટનું ઠેકાણું નથી અને સુધા ગર્ભવતી છે એનો પણ ઉલ્લેખ કરે છે. અવંતિકાબેન પ્રોફેસર મહાદેવને આમાંથી રસ્તો કાઢવાની વિનંતી કરે છે.

પ્રોફેસર મહાદેવ કેવી રીતે રસ્તો કાઢવો એ વિચારી શકતો નથી. છેવટે અવંતિકાબેન સુધાને અને મહાદેવને ભેગાં કરે છે અને ત્યાંથી તે ખસી જાય છે.

'તમને અહીં કેમ બોલાવ્યા એ વિશે અવંતિકાબેન તમને વાત કરી છે. તમે મારા પ્રત્યે આકર્ષણ ધરાવો છો. એ વાત હું જાણું છું. હું બીજા કોઈની સાથે લગ્નના વચનથી બંધાઈ છું. એ પણ તમે જાણો છો. અમારી આ નિર્દોષ ભૂલને કારણે હું માતૃત્વ પ્રાપ્ત કરીશ. પણ હું કુંવારી માતા બનું એ મને અને અવંતિકાબેનને માન્ય નથી. તમે આમાંથી કંઈ રસ્તો બતાવો. જેથી સમાજમાં નીચું જોવાનો વખત ક્યારેય ન આવે.'

'સુધા, મને તો કોઈ રસ્તો સૂઝતો નથી.'

'પહેલી વખત ટ્રેનમાં મળ્યા ત્યારે તમારી સાથે મારે વાત થઈ હતી. તમે જ મને કહ્યું કે ક્યારેક હું મુશ્કેલીમાં મુકાઉં ત્યારે કોઈ પગલું ભરતી વખતે પહેલાં મને મળજે. હું રસ્તો કાઢી આપીશ. હવે રસ્તો તમારે કાઢવાનો છે.'

'રસ્તો તો એક જ છે. જા, તારા પેટે જન્મનાર બાળકને નામ તું ઇચ્છીશ તો પિતા તરીકેનું મારું નામ આપીશ. પણ આમ, કરવા માટે મારે તારી સાથે લગ્નગ્રંથિથી જોડાવું પડે.'

'હું એજ કહેવા માંગું છું. આપણે બંને પરણી જઈએ. પણ શરત એટલી કે તમે મારી સાથે પરણશો તો પણ, પતિ તરીકેના હકો તમે ભોગવી નહીં શકો.'

'એટલે ?'

'એટલે કે સામાજીક દૃષ્ટિએ હું તમારી પત્ની બની રહીશ. પણ ખાનગીમાં મેં અગાઉ કહ્યું તેમ તમે મારા હિતેચ્છુ મિત્ર જ બની રહેશો. આ તમને કબૂલ છે ?'

'જો સુધા, ટ્રેનમાં પ્રથમ વખત ભેગાં થયાં ત્યારે હું તારા તરફ આકર્ષાયો હતો. તને પામવાની તીવ્ર ઇચ્છા પણ હતી. પણ તારી કેટલીક વાતોને કારણે મેં મારી ઇચ્છાઓને દાબી દીધી હતી. અને આજે પણ તારી સાથે લગ્ન કર્યા પછી પણ જ્યાં સુધી તું મારી સાથે રહેશે ત્યાં સુધી તને સ્પર્શ સુદ્ધાંય નહીં કરું એની હું તને ખાતરી આપુ છું.'

પછી અવંતિકાબેન, સુધા અને મહાદેવની વાતોથી વાકેફ થાય છે. અને મહાદેવના ત્યાગની વાત

સાંભળી તેમને થઇ આવે છે કે, 'આવો ત્યાગ તો કોઇ વિરલ વ્યક્તિ જ કરી શકે. એક બે જીવી સ્ત્રીને પત્ની તરીકેનો દરજ્જો આપે છતાં પણ તેનાથી દૂર રહેવાનું વચન પણ આપે તેવો ત્યાગ તો કોઇ વિરલ વ્યક્તિ જ કરી શકે.'

અને બીજે દિવસે વડોદરાના સ્થાનિક દૈનિક પેપરમાં મહાદેવ અને સુધાનો ફોટો પ્રગટ થાય છે. ફોટાની નીચે સાદાઇથી બંને એકબીજા સાથે લગ્નગ્રંથિથી જોડાઇ ગયાં છે. એવી જાહેરાત પણ પ્રગટ થાય છે.

એક બાજુ ફોટો પ્રગટ થાય છે. અને બીજી બાજુ પ્રોફેસર મહાદેવ ડૉક્ટર સુધાને લઇને સામરખા પહોંચી જાય છે. લગ્નના સમાચાર બધાને આપેછે. આમ તો પ્રોફેસરના ઘરમાં કોઇ નહોતું. એ એકલો જ હતો. ગમે ત્યારે ઘેર આવે ને જાય એ પ્રત્યે કોઇનું ધ્યાન ભાગ્યે જ રહેતું. બે ચાર દિવસ સુધા સાથે તે સામરખામાં રહે છે. અને પછી સુધાને લઇ વડોદરા પહોંચી જાય છે. વડોદરાથી કોલેજમાં આવે છે. અવારનવાર સામરખા જાય છે. અને સામરખામાં તે હવે વડોદરામાં રહેવાનો છે તેવી વાત ફેલાવે છે. અને તે ડૉક્ટર સુધા સાથે પાછો અઠવાડિયે પંદર દિવસ માટે એકાદ વખત સામરખા આવે ને જાય છે. ઘરમાં તેનો અને સુધાનો સાથે પડાવેલો ફોટો ટીંગાડે છે પણ ખરો. ગામમાં કોઇ બીજી વાત ન કરે એટલા માટે તે આવતો રહે છે. ક્યારેક વડોદરા અને ક્યારેક સામરખા એમ દિવસો પસાર થાય છે. આ બાજુ સુધાનું દવાખાનુ ચાલતુ રહે છે. અને ડૉક્ટર સુધા પોતાના દવાખાનામાં બે-એક અનુભવી ડૉક્ટરોની સારા એવા પગારથી નિમણૂંક કરી દે છે. પોતાની ગેરહાજરીમાં પેલા ડૉક્ટરો દવાખાનુ ચાલુ રાખે એ જ એની ઇચ્છા હતી.

પ્રોફસર મહાદેવ અવારનવાર 'મિલન'માં આવે જ છે. એકલાં અવંતિકાબેન સાચી હકીકતથી વાકેફ હતાં. પ્રોફેસર મહાદેવે સુધા માટે ત્યાગ આપ્યો હતો. લગ્ન કર્યું નથી છતાં લગ્ન કર્યાની વિગતો જાહેરમાં પ્રગટ કરી હતી. લગ્ન કર્યા છતાંય પતિના હકો ભોગવતો નથી. આમ દિવસો વીતતા જાય છે. સમય જતાં સુધા થોડા દિવસ માટે સામરખા પહોંચે છે. અને અઠવાડિયા પછી એક દિવસે સુધાનો શ્રીમંત સંસ્કાર કરવામાં આવે છે. એ બહાને ગામમાં લોકોને પરોક્ષ રીતે જાણ કરવામાં આવે છે. શ્રીમંત સંસ્કાર પછી સુધા વડોદરા પહોંચી જાય છે.

શ્રીમંત સંસ્કારના દિવસ પછી મોટેભાગે પ્રોફેસર મહાદેવ સામરખામાં જ રહે છે. અવારનવાર વડોદરા પણ જતો રહે છે. સુધાને અને અવંતિકાબેનને પણ મળે છે. મહાદેવે જે ત્યાગ આપ્યો એને માટે સુધા અને અવંતિકાબેનના હૃદયમાં તેનું સ્થાન દેવરૂપે અંકિત થઇ જતું હોય એવું બને છે. સામાન્ય રીતે યુવાન ઉંમરે પહોંચેલો કોઇપણ યુવક કોઇપણ સ્ત્રી સાથે - ગર્ભવતી સ્ત્રી - ભાગ્યે જ લગ્ન કરે. અને કોઇ મૂર્ખ હોય તો જ મહાદેવ જેવું વચન આપી બેસે. અને કોઇ યુવાન સ્ત્રીને એની મુશ્કેલીમાંથી બહાર કાઢવી એવું ભાગ્યે જ કોઇ પુરુષ વિચારી શકે. પણ પ્રોફેસર મહાદેવ ડૉક્ટર સુધાનો દેવ બની રહે છે. સામાજીક દૃષ્ટિએ સુધાના બધાં જ વ્યવહાર તે કરાવે છે.

અને પૂરા દિવસે સુધા બે જોડિયા બાળકને જન્મ આપે છે. બંને દીકરા હતા રૂપાળા પણ ખરા.

સુધાએ જોડિયા બાળકને જન્મ આપ્યો એ સમાચાર જાણતાં પ્રોફેસર મહાદેવ સામરખામાં પોતાનાં બધાં પરિચિતોને ત્યાં સમાચાર આપી પેંડા પણ પહોંચાડે છે.

પ્રોફેસર મહાદેવ સુધાને મુશ્કેલી ન થાય એટલા માટે ધીરે ધીરે ગામમાં વાત ફેલાવે છે કે, 'હવે મોટેભાગે તે કાયમ માટે સામરખા છોડી વડોદરા રહેવાનો છે.' જો તે સામરખામાં રહે તો વાતચીતમાં ક્યારેક સુધા વિશે કોઇ જાણી લે તો સુધા તો મુશ્કેલીમાં મૂકાય પણ સાથે મહાદેવ પણ મુકાઇ જાય.

છતાંય બે-એક માસના સંતાનો થાય છે ત્યારે નાના છોકરાઓ અને સુધાને લઇ અઠવાડિયા માટે તે સામરખામાં આવીને રહે છે. તેના ઘરમાં દિવાલ ઉપર સુધાનો એકલો મોટો ફોટો તે ટીંગાડી દે છે. ખડકીમાં પણ બધાં ખુશ છે. જો કે કેટલાંક દુઃખી પણ છે. એમને વસવસો રહી ગયેલો કે, 'મહાદેવની જાનમાં જવાનું ન મળ્યું.' કેટલાંક ખણખોદિયાં એ કાયમ મહાદેવની વાત કર્યા કરતાં. જ્યારે મહાદેવની વાત નીકળે ત્યારે તે પરણ્યો કોને ત્યાં ? કયા ગામની છોડી ? એના મા-બાપ શું કરે છે ? એવું બધું ચર્ચતાં રહેતાં. જો કે કેટલાંક મહાદેવને પૂછવાની હિંમત કરી શકતાં નહીં. આમને આમ મહાદેવના દીકરાઓ મોટા થતા રહ્યા. શરૂઆતના બે વર્ષ સુધી બાર મહિને એકાદ બે તહેવારે સુધા, મહાદેવ સાથે સામરખામાં આવતી ખરી. પણ બે-એક દિવસ રોકાઇ પાછી ચાલી જતી. તેથી ખડકીની સ્ત્રીઓને સુધાનો સંપર્ક ઓછો રહેતો.

આમને આમ દિવસો વીતતા જાયછે. હવે મોટે ભાગે પ્રોફેસર મહાદેવ વડોદરાથી જ કોલેજમાં આવ-જા કરે છે. સામરખામાં ભાગ્યે જ આવે છે.

આમને આમ સમય વીતતો ગયો. બંને બાળકો મોટાં થાય છે. બંને એક સરખા ચહેરા-મહોરા ધરાવતાં હોવાથી ઓળખવામાં થાપ ખાઇ જવાતી. સુધા પણ ક્યારેક થાપ ખાઇ જતી અને અવંતિકાબેન તો ખાસ.

## ઓગણીસ

સુધાએ જોડિયા બાળકોને જન્મ આપ્યો. એકાદ માસ વીતી ગયો અને એક દિવસે ચંદુભાઇ અવંતિકાબેનને શોધતા-શોધતા 'મિલન' બંગલે આવી પહોંચે છે. ચંદુભાઇને જોતાં અવંતિકાબેન હર્ષઘેલી બની જાય છે. ચંદુભાઇને આવકારે છે. ઘરના સમાચાર અને જૂની કેટલીક વાતો બંને કરે છે. સુધાનો પણ પરિચય કરાવે છે. શ્વેતાના પપ્પાને મળતાં સુધા આનંદ પામે છે.

ચંદુભાઇ, 'અવંતિકાબેન, હું અત્યારે મુંબઇથી પાછો આવું છું. એક સામાજીક કામે શ્વેતાની જરૂર હોવાથી તેને લેવા ગયો હતો. તેની હોસ્ટેલ પર પહોંચતાં ખબર પડી કે શ્વેતા નવા વર્ષના પહેલા સત્રમાં ત્રણેક માસ હોસ્ટેલમાં રહી અને પછી તે ક્યાં ચાલી ગઇ એનો પત્તો નથી. શ્વેતા ક્યાં ગઇ હશે એની હું ચિંતા કરું છું. તમે કદાચ શ્વેતા વિશે જાણતા હો એમ માની હું અહીં આવ્યો છું.' એમ કહેતા ચંદુભાઇ રડી પડે છે. અવંતિકાબેન આશ્વાસન આપે છે અને વધુમાં કહે છે, 'શ્વેતા તો છેલ્લી સુધા સાથે અહીં આવી ત્યાર પછી અમે એને જોઇ જ નથી. સુધા પર પણ એનો કોઇ ફોન કે પત્ર નથી.'

બધાં વિચારે છે કે શ્વેતા ક્યાં ચાલી ગઇ હશે ? છેવટે સુધા 'ચંદુકાકા, બે-ચાર દિવસમાં જ હું મુંબઇ હોસ્ટેલમાં તપાસ કરી આવીશ. અમારી બંનેની બહેનપણીઓને ત્યાં પણ તપાસ કરીશ. કદાચ પત્તો મળી જશે.' કહી ચંદુકાકાને આશ્વાસન આપે છે.

ચંદુભાઇ તો ચાલ્યા ગયા, સુધાને શ્વેતાના વિચારમાં મૂકીને. સુધાએ વિચાર્યું કે તે શ્વેતાની જરૂર તપાસ કરશે. સુધા બેઠી બેઠી વિચાર કરે છે કે નવા સત્રના ત્રણેક માસ સુધી તે હોસ્ટેલમાં રહી છે. તો શ્વેતા ક્યાં ગઇ હશે ? એને યાદ આવે છે કે એ જ દિવસોમાં કિરીટ પણ અઠવાડિયાને વાયદે આવવાનું કહીને ગયો છે તે હજુ પણ ક્યાં આવ્યો છે !

તે દિવસે સુધા મુંબઇની હોસ્ટેલમાં તથા પોતાની સાથે ભણતી બધી બહેનપણીઓને ત્યાં ફોન કરી શ્વેતાના સમાચાર જાણવાનો પ્રયત્ન કરે છે. પણ શ્વેતાનો પત્તો તેને મળતો નથી. એ વિચારે છે કે કદાચ શ્વેતા અને કિરીટ બંને તો ?..... પણ ના એવું ના બને. શ્વેતા એવું કરે એવી લાગતી નથી. અત્યાર સુધી સુધા કિરીટના ના આવવાથી, સામાજિક મુશ્કેલીમાંથી બહાર નીકળવા, પ્રોફેસર મહાદેવ સાથે લગ્ન કરીને માંડ માંડ શાંતિનો અહેસાસ કરે છે ત્યાં જ શ્વેતાનો પ્રશ્ન આવી ઊભો થઇ ગયો.

એને યાદ આવે છે કે ગયા વેકેશનમાં થોડો સમય અહીં શ્વેતા રહી તે દિવસોમાં શ્વેતા વધુ પડતો સમય કિરીટ સાથે પસાર કરતી. સાળી-બનેવીના નાતે હોઇ શકે એમ તેણે તે વખતે માનેલું. હવે તેને એ બંનેના સંબંધોનો વહેમ આજે આવતો લાગે છે. પોતાના અંતરની વેદના સુધા કોને કહે ?

## વીસ

અને એક દિવસે સુધા પર મુંબઈથી તેની હોસ્ટેલના મેડમ સુશાનબેનનો ફોન આવે છે :

'સુધા, હું મુંબઈથી સુશાન બોલું છું. બેટા, મારે તારી સાથે એક અગત્યની વાત કરવી છે. કાં તો તું મુંબઈ આવ. કાં તો હું વડોદરા આવું. તું કહે તેમ કરું.'

'સુશાનબેન, ખરી રીતે તો મારે તમારે ત્યાં આવવું જોઈએ. પણ તમે અહીં વડોદરા આવો તો મારે ત્યાં તમે રહો એટલા દિવસ મને સારું લાગે. તમારા મારી ઉપર બહુ ઉપકાર છે. ફોન પર વધુ કહેતી નથી. પણ તમે આવો તો સારું.'

'સુધા, આવતી કાલે હું વડોદરા આવી જઈશ. બીજું મારી સાથે તારી ઓળખીતી બહેનપણી પણ આવવાની છે, એને મળતાં તને આનંદ થશે.' એમ કહી સુશાનબેન કઈ ટ્રેનમાં મુંબઈથી નીકળી લગભગ કેટલા વાગ્યે વડોદરા પહોંચશે તેની વિગતથી વાત કરે છે. પોતે ત્રણેક દિવસ એને ત્યાં રહેશે એવું પણ વધુમાં તે કહે છે. અને ફોન મૂકી દે છે.

બીજે દિવસે સુધા સ્ટેશન ઉપર સુશાનબેનને લેવા પહોંચે તે પહેલાં જ મહેમાનો 'મિલન'માં આવી પહોંચે છે. સુધા સુશાનબેનને તો ઓળખી લે છે. સુશાનબેન સાથે એક નાની બેબી છે અને બીજી એક યુવતી. યુવતી જાણે કે એક હાડપિંજર હોય એવું સુધા જુએ છે. સુધા તેને ઓળખી શકતી નથી. આવેલી યુવતી જાણે કે લાંબી માંદગીમાંથી ઊઠી હોય તેવું સુધાને લાગે છે.

'સુધા, તું આને ઓળખી શકી નથી. ઓળખાય એવી ક્યાં રહી છે ? જો ને શરીરમાં જાણે કે એકલાં હાડકાં જ દેખાય છે.' સુશાનબેન કહે છે છતાં સુધા ઓળખી શકતી નથી. આવેલી યુવતી સુધાની નજીક જઈ સુધાને ભેટી પડે છે અને કહે છે, 'મને ના ઓળખી ? ઓળખી શકાય એવું શરીર ક્યાં રહ્યું છે. હવે તો કદાચ માંડ માંડ થોડા દિવસ કાઢી શકું એમ છું. સુધા, હું શ્વેતા. પાદરાવાળી શ્વેતા. અવંતિકાબેનની શ્વેતા. હવે તો મને ઓળખીને ?'

'અરે તું ? શ્વેતા આવું શરીર કેમ ?'

'સુધા, એ વાત શાંતિથી તને કરીશ. શ્વેતાને જ તારી પાસે હું લઈ આવી છું. પછી વિગતે વાત કરીશું. અને જો, આ નાની અલ્પા.' એમ કહી સુશાનબેન અલ્પાને જાણે કે સુધાને સોંપતા હોય એ રીતે સુધાને આપે છે. અને સુધા એ નાનકડી છોકરીની પોતાની પાસે લઈ વ્હાલથી રમાડવા લાગે છે.

'બહુ વ્હાલી લાગે તેવી છોકરી છે. કોની દીકરી છે ? અહીં રાખી લેવાનું મન થાય એવી છે.'

'કોની દીકરી છે એ જાણવાની તારે જરૂર નથી. તુ તારી મેળે જ જાણી લઈશ. માની લે કે તારી જ દીકરી છે અને રાખવી હોય તો અહીં રાખી લેવાની પણ તને છૂટ છે.' સુશાનબેન જાણે કે જે વાત કહેવાની છે એનો ધીરેધીરે પાયો માંડવા લાગે છે.

પ્રવાસથી આવેલા સુશાનબેન સ્નાન માટે અંદર જતાં હોય છે ત્યારે સુધા શ્વેતાને એની માંદગી વિશે પૂછે છે. શ્વેતા એમ કહે છે કે, 'મારા વિશેની બધી હકીકત સુશાનબેન કહેશે.' શ્વેતા પોતાની કોઈ વાત કરતી નથી અને સુધા આશ્ચર્યમાં પડે છે. એને થાય છે કે એવો તે કયો રોગ શ્વેતાને હશે કે, શ્વેતા સુશાનબેનની આડ લે છે !

આમ આખી બપોર બધાં બેઠાં બેઠાં વાતો કરતાં રહે છે. અવંતિકાબેન પણ આવતા-જતા રહે છે. ઘરના નાના-મોટાં કામ કરતા અવંતિકાબેન થોડો થોડો સમય કાઢીને આ બધાંની વચ્ચે આવીને પણ બેસે છે. તે સાંજે સુશાનબેનની ઇચ્છા પ્રમાણેનું ભોજન તૈયાર થાય છે. જો કે સુધા ને તો બહાર જવું હતું. પણ સુશાનબેન ઘરના જ ભોજનનો આગ્રહ કરે છે. જમ્યા પછી સુશાનબેન, અવંતિકાબેન અને તેમના વરને પણ બેઠકરૂમમાં બેસવાનો આગ્રહ કરે છે. સુશાનબેન શ્વેતાને અંદરના રૂમમાં મોકલી દે છે અને પછી સુશાનબેન બોલતાં રહે છે અને બધાં સાંભળે છે :

'તમે ત્રણેય જણ હું જે કહું એ પૂરેપૂરું શાંતિથી સાંભળી અને પછી જે પૂછવું હોય તે મને પૂછી શકો છો. તમે બધાંયે શ્વેતાને જોઈ. ઓળખાય એવી પણ રહી નથી. સુધા તારી તો એ બહેનપણી અને અવંતિકાબેન તમારી એ સગી થાય. તમને કોઈનેય ખ્યાલ નથી કે શ્વેતાને શું દર્દ છે ? પણ છેલ્લાં એક વર્ષથી તે 'બ્લડ કેન્સર' થી પીડાય છે. હવે તે થોડા દિવસની મહેમાન છે. શ્વેતા આ બધુ જાણે છે. શ્વેતાના અંગત જીવનનું હું જાણું છું.

વચ્ચે સુધાનો ફોન આવ્યો ત્યારે શ્વેતા મારે જ ઘેર હતી. એ વાતથી મેં સુધાને અંધારામાં રાખી હતી. છેલ્લે જ્યારે ડૉક્ટરે કહ્યું કે, હવે શ્વેતા બહુ લાંબુ ખેંચી શકે તેમ નથી. ત્યારે શ્વેતાએ તેના અંગત જીવનની સાચી વાતો મને કરી. જો સુધા શ્વેતાની આ બેબી તને સોંપવા હું આવી છું. ત્રણેક દિવસ પછી હું પાછી જઇશ શ્વેતાને લઇને. પછી કદાચ તું ક્યારેય શ્વેતાને નહીં જોઇ શકે. તારે એની દીકરીને રાખવાની છે. તારી દીકરીની માફક જ. બોલ સુધા તને આ કબૂલ છે ?'

'મને તો વાંધો નથી પણ શ્વેતાનો પતિ કબૂલ થશે ? અને કદાચ કબૂલ થાય અને આ મોટી થાય પછી લેવા આવે તો ? જાહેરમાં અમારો તો ભવાડો જ થાય ને ?'

'તારી વાત સાચી છે. પણ એવું ક્યારેય બને એવું મને લાગતું નથી. અરે એક વાત તો હું ભૂલી ગઇ. તારા પતિ કેમ દેખાતા નથી. એમની ઓળખાણ તો આપ.'

'સુશાનબેન, એ સાંજે કદાચ આવે પણ ખરા અને ન આવે પણ ખરા. તમે રહેશો એ દિવસોમાં કદાચ આવી જશે તો ઓળખાણ કરાવીશ.'

'તું મુંબઇ હોસ્ટેલમાં હતી ત્યારે કોઇ કિરીટ નામની વ્યક્તિ સાથે તું લગ્ન કરવાનું કહેતી હતી. એમની જ સાથે તારું લગ્ન થયું ને ?'

'સુશાનબેન, એના લગ્ન વિશેની વાત હું તમને કરીશ. સુધાની જીંદગીનો એક નવો વળાંક આવી ગયો છે. અને એ વળાંક ક્યાં જઇને અટકશે એની કોઇનેય ખબર નથી. તમને હું પછી વાત કરીશ.' અવંતિકાબેન એમ કહી પેલી નાની બાળકીને પોતાના ખોળામાં લે છે. 'આ અહીં રહે તો મને ગમશે' એમ કહી પેલી નાની બાળકીને સુધાને આપે છે. બાળકીને લેતાં સુધા સુશાનબેન સામુ જુએ છે. આંખો નીચી ઢાળી દે છે. પોતે બાળકીનો સ્વીકાર કરશે એવું પરોક્ષ રીતે સુશાનબેનને તે કહી દે છે.

સુશાનબેન હજુ એમ જ માને છે કે સુધાનું લગ્ન કિરીટ સાથે જ થયું છે અને તેથી સુધાને ઊભી કરી એનો હાથ પકડી થોડે દૂર લઇ જાય છે અને ધીરેથી કહે છે, 'સુધા, આ તારુ જ બાળક છે. તારા પતિ કિરીટ થકી જન્મેલું.'

'શું વાત કરો છો ?' સુધા આશ્ચર્ય અનુભવે છે. એની આંખમાંથી આંસુ સરી પડે છે. એ આંસુ વિસ્મયના કે હર્ષના છે તે સુધા સમજી શકતી નથી.

'બહુ મોડુ થઇ ગયું. ચાલો હવે સૂઇ જઇએ.' અવંતિકાબેન એમ કહી સુશાનબેનને સુવા માટેની રૂમ બતાવે છે. અને બધાં જ ધીરે ધીરે પોતપોતાની રૂમમાં પહોંચી જાય છે.

બીજે દિવસે સવારે દસેક વાગ્યે સુશાનબેન સુધાને એકરૂમમાં લઇ જાય છે. અને પછી ધીરે ધીરે તે જાણતાં હતાં તે બધી જ હકીકતથી સુધાને વાકેફ કરે છે. શ્વેતા સાથેના પડેલા બધા પ્રસંગો એક પછી એક તેમની નજરમાં ચલચિત્રની માફક આવતા રહે છે.

સુશાનબેનને તે દિવસ યાદ આવે છે. જ્યારે તે પોતાની ઓફિસમાં એકલાં હતાં. સાંજનો સમય હતો. ઘેર જવાની તૈયારી કરતાં હતાં. આ હોસ્ટેલમાં દિવસ દરમ્યાનની ફરજ તેમની રહેતી. રાત્રે બીજી બેન આવતી. તે જ વખતે, 'બેન, થોડું અંગત કામ છે. મારે તમને મળવું છે. તમારી સાથે તમારે ઘેર આવું ?'

'અહીં કહેવાય એવું હોય તો અહીં જ કહી દે ને. હજુ તો ઘેર જઇને મારે ખાવાનું પણ બનાવવું પડશે. તું મારી સાથે આવે તારી વાત સાંભળવા બેસું તો હું ભૂખે મરી જાઉં ને ?'

'બેન, અહીં વાત કહી શકાય તેમ છે. પણ કદાચ કોઇ સાંભળી જાય તો હું મુશ્કેલીમાં મુકાઇ જાઉં. તેથી મારે તમારે ઘેર આવવું છે.'

'ભલે એવું કર. આજે નહીં કાલે મારે ઘેર આવ. લે આ મારું સરનામું. કાલે બપોર પછી હું બહાર જવાની હોવાથી અહીંથી મેં રજા લીધેલી છે. તેથી સવારે મારે ત્યાં આવી જજે.' એમ કહી સુશાનબેન ચાલ્યાં ગયાં.

બીજે દિવસે સવારે સુશાનબેનનું ઘર શોધતી શોધતી શ્વેતા એમને ત્યાં પહોંચી જાય છે. શાંતાક્રુઝના મુખ્યરોડની બાજુના રસ્તા ઉપર સુશાનબેનનું બે માળનું મકાન હતું. નીચે ભાડે આપેલું છે અને ઉપર તેઓ રહે છે. ઉપલા માળે જવાનો રસ્તો અલગ છે. કોઇ આવે ને જાય તોપણ કોઇને પણ ન ખબર પડે એવી વ્યવસ્થા સુશાનબેને રાખેલી છે. આમ તો એકલાં છે. મોટી ઉંમર પહોંચી ગયેલાં છે. દસેક વર્ષ પહેલાં પતિનું સુખ ગુમાવ્યું

છે. સંતાનમાં કોઈ નથી. એકલાં જ હોવાથી તે હવે શાંતિથી રહી શકતા. ક્યારેક બહારથી ટીફીન પણ મંગાવી લેતાં. ક્યારેક બહારથી જમીને આવતાં, તો ક્યારેક ઘેર પણ બનાવતાં.

સવારે શ્વેતા આવવાની છે. એટલા માટે તે આજે વહેલાં ઊઠી ગયેલાં. વહેલા ઉઠીને તેમણે શ્વેતાનું પણ જમવાનું પોતાને ત્યાં બનાવી રાખેલું. તે વિચારતાં હતાં કે શ્વેતાને પોતાનું માર્ગદર્શન જોઈએ છીએ એમ જ્યારે તે કહે છે ત્યારે તે મુશ્કેલીમાં મુકાઈ ગઈ હશે તેવું જ તે માને છે. આમેય હોસ્ટેલમાં બધી છોકરીઓમાં સુધા તેમને પ્રિય હતી અને શ્વેતા સુધાની ખાસ બહેનપણી. એટલે અવારનવાર સુધાની સાથે શ્વેતા પણ ઓફિસમાં આવી પહોંચતી. એટલે શ્વેતાને તે જાણતાં.

વહેલા પરવારી તે બેઠેલાં છે. સમય પસાર કરવા માટે એક કરતાં વધુ વાર વાંચેલો 'નવો કરાર' વાંચવા બેસે છે. ત્યાં જ શ્વેતા આવી પહોંચે છે.

'આવ બેન. બોલ સુધાના શા સમાચાર છે ? આ નવા સત્રમાં તો તું ક્યારેય મને મળી નથી. મને કેમ યાદ કરવી પડી ?'

આ સાંભળતા જ સુશાનબેનની પાસે એમના પગ પકડી શ્વેતા બેસી જાય છે અને રડી પડે છે. સુશાનબેન બધું જ સમજી જાય છે. પાણી લાવી શ્વેતાને આપે છે. પાણી પીવડાવે છે. એને માથે હાથ ફેરવે છે અને પોતાની નજીક ખેંચે છે. શ્વેતા ક્યાંય સુધી રડતી રહી. સુશાનબેન તેને રડવા દે છે. હવે તેમને લાગે છે કે તેના હીબકા બંધ થયા છે. શ્વેતાને ઊભી કરી તે પોતાની બાજુમાં બેસાડે છે. વ્હાલ કરતાં કરતાં તે કહે છે, 'શ્વેતા, તું કહે કે ના કહે પણ રડીને મને બધું કહી દીધું. હું સમજી શકી છું. બોલ તારે આમાંથી છુટકારો મેળવવો છે ને ?'

'બેન, મને ત્રીજો મહિનો જાય છે. હવે મારાથી હોસ્ટેલમાં કદાચ નહીં રહેવાય. બીજી છોકરીઓ મારી પરિસ્થિતિ જાણી જાય તો હું મુશ્કેલીમાં મુકાઈ જાઉં. પણ મારે કોઈપણ જાતનો નિકાલ કરવો નથી. તમે સલાહ આપો કે મારે શું કરવું.'

'એટલે શું આ બાળકને તું જન્મ આપવા માંગે છે ? કુંવારી માતા બનાવા માંગે છે ?'

'જુઓ બેન, મારા પ્રણયની એ પ્રથમ નિશાની છે. હું એને દૂર કરવા માંગતી નથી.'

'બાળકના પિતાનું નામ મને કહીશ. એ વ્યક્તિને હું સમજાવું પણ ખરી. તો તું મુશ્કેલીમાંથી ઊગરી જાય.'

'સુશાનબેન, હું બાળકના પિતાનું નામ નહીં કહું. પણ જ્યારે મને જરૂર લાગશે ત્યારે બાળકના પિતાનું નામ તમને જ પ્રથમ કહીશ.'

અને પછી સુશાનબેન શ્વેતાને કશુંક સમજાવે છે. ત્રણચાર દિવસ પછી 'હું આગળ અભ્યાસ કરવા માંગતી નથી. વતનમાં ચાલ્યા જવું છે ને એટલે હોસ્ટેલ છોડી દેવા માંગુ છું.' એવો પત્ર શ્વેતા સુશાનબેનને આપે છે. પત્રની રેકોર્ડમાં નોંધ સુશાનબેન કરે છે. શ્વેતા હોસ્ટેલ છોડે છે. બધાં માને છે કે શ્વેતા વતન પહોંચી ગઈ. શ્વેતા વતનમાં પહોંચવાને બદલે સુશાનબેનને ઘેર પહોંચી જાય છે. સુશાનબેનના ઘરમાં શ્વેતા સતત સુશાનબેન તરફથી માતાની હૂંફ મેળવતી હોય એવું અનુભવતી રહી. અને પૂરા દિવસે તેણે એક બાળકીને જન્મ આપ્યો. બાળકીના જન્મ વખતે તેને ઘણું બધું લોહી વહી જવાથી બે-એક બોટલ જેટલું લોહી પણ ચઢાવવું પડ્યું. શ્વેતાએ સ્વસ્થ બાળકીને જન્મ આપ્યો. તેની અને બાળકીની બંનેની તબિયત સારી રહી. સુશાનબેન બંનેને સારી રીતે રાખે છે. પતિના અવસાનથી એકલતા અને વર્ષો સુધીની માતૃત્વની ઝંખના સુશાનબેનને, શ્વેતા અને તેની બાળકી પૂરી પાડતાં હોય એવું સુશાનબેન અનુભવે છે. પ્રસુતિ પછી સ્વસ્થ થવાને બદલે શ્વેતા થોડી ફીક્કી પડવા લાગી. ડૉક્ટરને બતાવવામાં આવે છે. શ્વેતા ન જાણે એ રીતે ડૉક્ટર સુશાનબેનને કહે છે, 'મારે તમને કહેવું જોઈએ કે મારા સિવાય હવે તમે તેને કોઈ સારા ડૉક્ટર પાસે બતાવો. અહીં મુંબઈમાં 'બ્લડ કેન્સર' માટેના ડૉક્ટર ત્રિપાઠીને તમે મળો. એમ હું ઈચ્છું છું.' એમ કહી ડૉક્ટર એક કાર્ડ આપે છે. કેન્સરના ડૉક્ટર ત્રિપાઠીનું.

પછી તો શ્વેતા ન જાણે તેમ સુશાનબેન શ્વેતાની દવા કરાવતાં રહે છે. અને તેની નાની છોકરી ને પણ ઉછેરતાં રહે છે. વર્ષો પછી જાણે કે સુશાનબેન પોતાની દીકરીની દીકરીને રમાડતાં હોય એવું માનતાં રહે છે. પણ

એક દિવસે સુશાનબેન હોસ્ટેલ ગયાં હતાં ત્યારે ભૂલથી ટેબલ ઉપર મુકાઇ ગયેલી શ્વેતાની ડૉક્ટરી તપાસની ફાઇલ શ્વેતાના હાથમાં આવે છે. અને સાચી હકીકતની તેને જાણ થાય છે. શ્વેતા જાણે છે તેવું સુશાનબેનને જણાવા દેતી નથી. આમને આમ દિવસો વીતતા જાય છે. શ્વેતાની દવા ચાલતી રહે છે. છતાંય શ્વેતા ધીરે ધીરે નબળી પડતી જાય છે. તેના લોહીમાં કેન્સર છે એથી હવે જાણે કે તેના શરીરમાં ફક્ત હાડકાં જ દેખાતાં હોય તેવું તે અનુભવે છે. 'કેન્સર એટલે કેન્સલ' માનનારી શ્વેતા એક દિવસે સુશાનબેનની ગેરહાજરીમાં ડૉક્ટર ત્રિપાઠીને ત્યાં પહોંચી જાય છે. ત્રિપાઠી દ્વારા સાચી હકીકતની જાણ તેને થાય છે. હવે તે બહુ લાંબુ નહીં ખેંચી શકે એવું ડૉક્ટર દ્વારા જણાવવાથી તે માનસિક રીતે ભાંગી પડે છે. પોત ન હોય તો પોતાની દીકરીને કોણ સાચવશે એવા વિચારો તે કર્યા કરે છે. સુશાનબેન તો મોટી ઉંમરે પહોંચેલા છે. ભગવાન કરે ને એમને કંઇ થાય તો દીકરીનું શું ? એવા સતત વિચારો કરતી શ્વેતા એક રાત્રે સુશાનબેનને પોતાની સાચી માહિતી આપી દે છે. ધીરે રહી ને તે કહે છે :

'સુશાનબેન, તમે માની માફક મને સંભાળી છે. મારું અને મારી દીકરીનું જતન કર્યું છે. આ ઉપકારનો બદલો હું વાળી શકું તેમ નથી તેવું તમે જાણો છો. મને કયો રોગ થયો છે તેની જાણ તમે મને કરી શકતાં નથી. તમારી ગેરહાજરીમાં ડૉક્ટર ત્રિપાઠીને ત્યાં જઇ મેં સાચી હકીકત મેળવી લીધી છે. હું હવે લાંબુ નહીં જીવું તેવું ડૉક્ટરે મને કહ્યું. તમે તો જાણો છો છતાં મને કહી શકતાં નથી. ' એમ કહી સુશાનબેનના પગ પકડી નીચે બેસી જાય છે. વધુમાં કહે છે કે, 'હું સુધાની પણ દોષિત છું. સુધાનું લગ્ન જેની સાથે થવાનું હતું તે કિરીટકુમાર જ આ મારી દીકરીના પિતા છે. મારી ઇચ્છા છે કે મારી દીકરીને સુધા પાસે પહોંચાડી દેવી. તમે મારી સાથે હશો તો જ આ કામ થઇ શકશે. એની હું ગુનેગાર છું. જેણે મારી ઉપર ઘણા ઉપકાર કર્યા તેને જ મેં દગો દીધો. એનો આજે એકરાર કરું છું. મારી સાચી હકીકત હું સુધાને કહી શકું તેમ નથી કેમકે તેની હું ગુનેગાર છું. એની ગુનેગાર હોવાને લીધે એને મોં બતાવી શકું તેમ નથી. તેણે મને સાચવી છે. છતાંય મેં તેને દગો કર્યો. હવે આ મારી દીકરી મારે તેને જ સોંપી દેવી જોઇએ. એનો એ સ્વીકાર કરે તો મારું જીવન હું ધન્ય થયેલ માનીશ.' એમ કહી ચોધાર આંસુએ રડે છે.

'શ્વેતા, સુધાનું સરનામું અને ફોન નંબર હોય તો મને આપ. હું તેનો સંપર્ક કરી લઉં. પણ તારે તો મારી સાથે આવવું જ પડશે. સુધા પૂછે તો સાચી હકીકતની તારે જાણ કરવી પડે. હું માનું છું કે સુધા તારી દીકરીનો જરૂર સ્વીકાર કરશે.'

'જુઓ બેન, દીકરીનો સ્વીકાર કરે અને પછી મને મોત આવે તો પણ મારું જીવન ધન્ય થઇ ગયું એવું હું માનીશ.'

'જો બેટા, જન્મ આપવો અને જન્મેલાનો નાશ કરવો એ કુદરતને આધીન હોય છે. મનુષ્યમાત્ર એમાં કશું કરી શકતો નથી. આપણે ધારીએ શું અને બને શું . તું જાણી જ ગઇ છું તો તને હું કહીશ કે તું કદાચ હવે થોડા દિવસની મહેમાન છું, પણ જો કોઇ ચમત્કાર થાય તો તું સાજી પણ થઇ શકું. છતાંય આપણે સુધાને ત્યાં પહોંચી જઇશું. હું સુધાને સમજાવીશ, તારી ગેરહાજરીમાં. તારે કશું જ બોલવું નહીં પડે, સુધા તો તારી ખાસ બહેનપણી ને ? અને તેં તો સુધાના પતિ થકી જ આ દીકરીને જન્મ આપ્યો છે. અંતે લોહી તો કિરીટનું જ ને. માટે ગભરાતી નહીં. બધું જ સારી રીતે પતી જશે. તારી ચિંતા બધી મારી ઉપર છોડી દે.' સુશાનબેન સુધાને આશ્વાસન આપે છે.

આમ બનેલી હકીકત શ્વેતાની ક્રમશઃ સુશાનબેન સુધાને કહે છે. સુધા પણ સાચી પરિસ્થિતિની જાણ થતાં શ્વેતાને માફ કરવાનું ઇચ્છે છે. કોઇ કમનસીબ ક્ષણે શ્વેતાએ પોતાનું સર્વસ્વ કિરીટને સોંપ્યું, શ્વેતાના જેટલો કિરીટ પણ જવાબદાર ખરો ને ? એમ સુધા માની લે છે.

સુશાનબેનની વાત સાંભળી દોડતી જઇ સુધા શ્વેતાને ભેટી પડે છે. અને કહે છે, 'શ્વેતા તારી વાત સુશાનબેને મને કહી. તારો વાંક હું જોતી નથી. આમાં કોઇનો વાંક નથી. યુવાનીમાં સ્ત્રીપુરુષ એકબીજાને પામવા કોઇને કોઇ બાબતમાં કોઇ તો નિમિત્ત બને છે જ. એમાં માનવીનો કોઇ વાંક હું જોતી નથી. ભલે આજથી તારી દીકરીને હું ઉછેરીશ. મારા મૃત્યુ સુધી એને જાણ થવા નહીં દઉં કે હું તેની માતા નથી. પણ શ્વેતા તેની મા છે. અને બીજુ તારે પાછા મુંબઇ ન જવું હોય તો સુશાનબેન એકલાં ને પાછા જવા દે. તું અહીં રહી જા. તારી સેવા હું કરીશ.

આમેય, તું નજીકની બહેનપણીમાંથી શોક્ય બની ગઈ ને !' એમ કહી સુધા હસી પડે છે. વાતાવરણમાં હળવાશ આવે છે.

'ના સુધા, સુશાનબેન જોડે જ પાછી જઈશ. મારી દવા ત્યાં ચાલે છે. હવે મને મૃત્યુનો ભય નથી. તારો આભાર હું માનું છું.'

'તારે આભાર માનવાની જરૂર નથી. જે મારું હતું તેનો જ હું સ્વીકાર કરું છું માટે ચિંતા કરતી નહીં અને ફરીથી અહી આવતી રહેજે. આ ઘર તારું જ છે એમ માનજે.'

પછી... અવંતિકાબેન દ્વારા કિરીટ ગુમ થઈ ગયો અને પ્રોફેસર મહાદેવ સાથે સુધાના લગ્ન થયા એની જાણ થતાં શ્વેતા અને સુશાનબેન આશ્ચર્યમાં પડી જાય છે. સુશાનબેન પૂછે છે, 'સુધા તારા બંને દીકરા ક્યાં ?'

'એ તો સામરખા છે. આજે હું ફોન કરું છું. પ્રોફેસર મહાદેવ એમને લઈને આવશે.'

'તેં તો પ્રોફેસર મહાદેવ જોડે લગ્ન કર્યું ને ? તારા છોકરાના પિતા તરીકે કેમ ઉલ્લેખ તેં ના કર્યો ?' અને ત્યારે અવંતિકાબેન સાચું રહસ્ય સુશાનબેન અને શ્વેતાને કહે છે. આ સાંભળતા જ સુશાનબેનની આંખો ફાટે છે. તે બોલી ઊઠે છે, 'આવો ત્યાગ કોઈ પુરૂષ કરી શકે એ હું માની શકતી નથી.'

'સુશાનબેન, આ સત્ય હકીકત છે. પ્રોફેસર મહાદેવ સામાજીક દૃષ્ટિએ સુધાના પતિ છે. પણ, ખાનગીમાં સુધાનો હિતચિંતક જ છે. મહાદેવ જેવો ત્યાગ કદાચ કોઈ પુરૂષ ન જ કરી શકે. મેં તો આ બધું નજરે જોયું છે. તમારે માનવું જ રહ્યું.'

ત્રણેક દિવસ રોકાવાનું સુશાનબેને કહેલું પણ તેમનું કામ પતી જવાથી તે પોતે વડોદરામાં વધુ રોકાવાને બદલે શ્વેતાને લઈને મુંબઈ પહોંચી જાય છે.

## એકવીસ

શ્વેતા અને સુશાનબેન મુંબઈ પહોંચી ગયા તે અંગેનો ફોન આવે છે. તે જ સમયે પ્રોફેસર મહાદેવ એકદીકરાને લઈને 'મિલન'માં આવે છે. પોતાના એક જ દીકરા ને જોતાં સુધા અચંબામાં પડી જાયછે. પોતાના બંને દીકરાઓને લઈને મહાદેવ ગયો હતો. તે પાછો આવે છે ત્યારે એક જ દીકરો કેમ ? બીજો ક્યાં ગયો એમ વિચારતી ગભરાઈ જાય છે. મહાદેવને સુધાના ચહેરા ઉપરથી ખ્યાલ આવી જાય છે.

'જો સુધા, આપણે બંનેના નામ પાડ્યા નથી. મારી ઈચ્છા છે કે બંનેનું એક જ નામ રાખીએ. પહેલાંના રાજા-મહારાજાઓ મોટા ભાગે ક્યારેક એક જ નામ રાખતાં. આપણે એવું કરીએ તો ?'

'તમારી ફિલસૂફી તમારી પાસે રહેવા દો. અત્યારે કહો કે બીજાને ક્યાં મૂકી આવ્યા ?'

'પરોક્ષ રીતે તો તેં મારી વાત સ્વીકારી લીધી. અહીં જે મારી સાથે છે તે બીજો અને જે અહીં નથી તે પહેલો. તેં તો મને ટેકો જ આપ્યો. ચિંતા ના કરીશ. તારું બીજું બાળક પણ સારી રીતે જ રહેશે. કેમકે હું તેને સામરખા મૂકીને આવ્યો છું. મારી કુટુંબી એક ભાભી, જે યુવાવસ્થામાં વિધવા થયેલી. આ છોકરો એને બહુ ગમી ગયો. એણે મને વિનંતી કરી કે થોડો દિવસ આને અહીં રાખું તો ?'

'આમ કોઈની પાસે નાના છોકરાને મૂકી અવાય ખરું ? આજે જ પાછા જઈ એને લઈ આવો.' એટલામાં જ અંદરથી કોઈના રડવાનો અવાજ સાંભળી મહાદેવ આશ્ચર્ય પામે છે. અવંતિકાબેન પેલી નાની છોકરીને અંદરથી લાવે છે. એ છોકરીને જોતાં જ, 'અરે, આ ત્રણેય છોકરાંનાં ચહેરા-મહોરા મને એક લાગે છે. આ છોકરી પણ કદાચ એના બાપ પર ગઈ હશે. મોટે ભાગે જન્મ પામનાર છોકરા કે છોકરીનો ચહેરો બહુધા એના પિતૃપક્ષે હોય છે.' એમ કહેતો મહાદેવ પેલી નાની છોકરીને અવંતિકાબેન પાસેથી લે છે. પણ સુધાનો બડબડાટ ચાલુ જ હતો. પોતાનો બીજો દીકરો પોતાની પાસે જ રહે એવો એનો આગ્રહ હતો. છેવટે અવંતિકાબેન એને આશ્વાસન આપે છે.

'જો સુધા, તારા બાળકો પર જેટલો તારો હક હોય એટલો એના બાપનો પણ ખરો ને ? અને મહાદેવ જોડે

તે લગ્ન કર્યું છે. લગ્નની ગમે તેવી શરતો હોય પણ સામાજીક દ્રષ્ટિએ તારા જેટલો જ હક એ પણ બાળકો ઉપર ધરાવે છે. અને એમણે જે કર્યું હશે તે વિચારીને કર્યું હશે ને ?'

અવંતિકાબેનની વાત સાંભળી સુધા શાંત પડે છે. પોતાને એક મહત્વના કામે બહાર જવાનું છે એમ કહી પ્રોફેસર મહાદેવ પાછો વળી જાય છે. તેના મનમાં પેલી નાની બાળકીના જ વિચારો રમે છે. એ બાળકીના ચહેરામાં તેને આ છોકરાની માફક કિરીટનો ચહેરો દેખાય છે. એને કીરીટ યાદ આવે છે.

કિરીટની યાદ આવતાં તે જે કામે બહાર જવાનો હતો તે કામ છોડીને મુંબઇ જવાનું વિચારે છે. એને યાદ આવે છે કે છેલ્લા અઠવાડિયાથી કોલેજમાં કાયમ તેની પૂછપરછ કરતો મુંબઇનો ફોન હોય છે. એવું પ્રિન્સીપલ કહેતા. અહીં કિરીટ અને મુંબઇનો ફોન બંને સાથે યાદ આવતાં એ છેવટે મુંબઇ પહોંચે છે. તેની પ્રિય હોટલમાં ઊતરે છે. થોડોક આરામ કરી તે સુમનભાઇને ત્યાં પહોંચે છે. કોઇપણ જાતના સમાચાર સિવાય ઓચિંતા આવેલા પ્રોફેસર મહાદેવને જોતાં સુમનભાઇ આનંદ વ્યક્ત કરે છે.

'જુઓ પ્રોફેસર, હું તમને જ યાદ કરતો હતો. અને તમે આવી ગયા. છેલ્લા અઠવાડિયામાં ચારથી પાંચ વખત ફોન પર તમારો સંપર્ક સાધવાનો પ્રયત્ન કર્યો પણ એ શક્ય ન બન્યું. મારો ફોન તમારી કોલેજમાં પહોંચે એ વખતે તમે કાયમ કોલેજના કામે બહાર ગયા છો એવો સંદેશો મને મળતો. તેથી મેં પછી ફોન કરવાનું બંધ કરી દીધું.'

'કેમ ? તાત્કાલિક કોઇ નવલકથા લખાવવી છે કે ટૂંકી વાર્તાઓ ?'

'મહાદેવભાઇ, તમારે કશું લખવાનું નથી. કદાચ મારે એક નવલકથા લખવી પડે. પણ એવું હું નહીં કરું. નવલકથાના કથા વસ્તુ વિશે ક્યારેક સર્જકને બહુ વિચાર કરવો પડે. ક્યાંક ગુંચવાય ત્યારે બીજાની મદદ પણ લેવી પડે. પણ ક્યારેક તો કથાવસ્તુ સામે જ આવીને ઊભું થઇ જાય છે. તમે તો તમારા અંગતજીવનની ઘણી વાત અગાઉ કરતા હતા. તમારો એકાકી જીવ છે. એવું પણ હું માનતો હતો. અને કેટલાક લેખકો બોલે શું અને કરે શું ? એવા પણ મેં જોયા છે. પણ તમે તો કોઇક ત્રીજા જ પ્રકારના સર્જક તરીકે મારે જોવા પડશે એવું હવે મને લાગે છે.'

'સુમનભાઇ, એવું તે મેં શું કર્યું ? આટલા બધા આનંદમાં આવી ગયા છો. નવલકથાનું કથાવસ્તુ પણ તમને મળી ગયું. શું થયું એ કેમ કહેતા નથી ?'

'જુઓ પ્રોફેસર, લેખકો લગ્ન કરે તો ધામધૂમથી કરતા હોય છે. એના પ્રકાશકો લગ્ન માણવા આતુર હોય છે. પણ તમે તો લગ્ન પણ કરી લીધાં. પિતા પણ બન્યા. તમારા જીવનમાં બનેલા આ શુભપ્રસંગો એ તમે કેમ અમને યાદ ના કર્યા ? આ તો તમારી કોલેજના પ્રિન્સિપાલ સાથે તમારી વાતો થતાં આ બધા સમાચાર મને મળ્યા. ખેર ! આ બધું જવા દઇએ. થોડો ચા-નાસ્તો કરીએ.' આમ તો પ્રોફેસર દિવસના ભાગમાં બહુ ઓછી ચા પીતા. પણ પીતો ત્યારે એક સાથે બે ત્રણ કપ પી લેતો. સુમનભાઇ જાણતા હતા અને પ્રોફેસર પાછો ભજીયાંનો શોખીન. એટલે સુમનભાઇએ મહાદેવ માટે વધારે ચા મંગાવી હતી. ભજીયાની સાથે ચાની ચૂસ્કીઓ પ્રોફેસર લેતો રહ્યો. અને નાસ્તો કરતી વખતે સુમનભાઇના ચહેરા ઉપરના હાવભાવ તે જોતો રહ્યો. સુમનભાઇને કોઇ વાત કરવી છે. પણ કેવી રીતે કરવી એની દ્વિધામાં છે. એવું મહાદેવ અનુભવે છે. ચા પીધા પછી, 'એક મજેદાર પાન ખાવું પડશે.' બોલતો તે ઊભો થાય છે. સુમનભાઇ એને બેસાડે છે અને એક માણસને પાન લેવા મોકલે છે. સુમનભાઇએ વાર્તાનો દોર હજુ ચાલુ કર્યો નથી. પાન આવે છે. આખુ પાન ગલોફામાં મૂકી ધીરે ધીરે ચાવતાં-ચાવતાં જાણે કે આનંદની ક્ષણોમાં પહોંચતો હોય એવું મહાદેવ અનુભવે છે. નોકર ભૂલથી પાનમાં કિમામ પણ નખાવી લાવ્યો હતો. દસેક મિનિટ સુધી પાન મહાદેવ મમળાવતો રહ્યો. અને પછી જાણે કે બહુ જ ખુશમાં આવી ગયો હોય એમ, 'બોલો, સુમનભાઇ કેમ મને યાદ કરતા હતા ?' એમ કહી સુમનભાઇ સામે તાકી રહે છે.

'મહાદેવભાઇ, જેને માટે હું તમને ફોન કરતો હતો. ફોન પર તમે મળ્યા નહીં અને ઓચિંતા જ તમે આવી ગયા. આજે કદાચ તમે ના આવ્યા હોત તો હું આજે જ રાત્રે તમારે ત્યાં આવવા નીકળવાનો હતો.' એમ કહી સુમનભાઇ આજની તારીખની મુંબઇથી આણંદની ટીકીટ બતાવે છે.

'ચાલો ઊભા થાવ. બીજી વાત પછી કરીશું. થોડા બહાર ફરી આવીએ.' એમ કહી સુમનભાઇ મહાદેવને

લઇ દુકાનમાંથી બહાર નીકળે છે. અને પછી.... સુમનભાઇની ગાડી અનેક વાંકાચૂંકા રસ્તા પરથી પસાર થતી એક મોટી બિલ્ડીંગ પાસે આવીને અટકે છે. ગાડી પાર્ક થાય છે. બંને મકાનના પ્રવેશદ્વાર તરફ પગલાં માંડે છે. મહાદેવની નજર મકાનના બોર્ડ પર જાય છે. બોર્ડ વાંચતાં જ તે આશ્ચર્યમાં પડી જાય છે. બોર્ડ પર લખેલું હતું : 'લક્ષ્મીબાઇ યુરોલોજીકલ હોસ્પિટલ'

મહાદેવને થાય છે કે કિડની હોસ્પિટલમાં સુમનભાઇ તેને કેમ લાવ્યા હશે ? સુમનભાઇ મહાદેવના ચહેરા ઉપર પલટાતા ભાવને જોતા રહે છે. સુમનભાઇ મહાદેવનો હાથ પકડી હોસ્પિટલના એક પછી એક પગથિયાં ચઢતા રહે છે. અને ધીરેથી કહે છે, 'મહાદેવભાઇ, એવા એક દર્દી પાસે તમને લઇ જાઉં છું કે જેના વિશે તમે કદાચ ભવિષ્યમાં એક નવલકથા લખી શકો. આપણે એક નવલકથાના નાયક પાસે જ જઇએ છીએ. ' એમ કહી સુમનભાઇ સત્તાવીસ નંબરની સ્પેશીયલ રૂમમાં મહાદેવને લઇ જાય છે. ડોરબેલ દબાવે છે. અંદરથી એક સિસ્ટર આવી બારણું ખોલે છે. સુમનભાઇને જોતાં તે એકબાજુ ખસી જાય છે. સામે પથારીમાં માથે ઓઢીને કોઇ દર્દી સુતો હોય એવું મહાદેવ જુએ છે.

'તમે એમને મળો. હું અહીં સોફા પર બેસું છું.' એમ કહી સુમનભાઇ સોફા પર બેસે છે. મહાદેવનાં પગલાં દર્દીના પલંગ સુધી પહોંચે છે. ધીરે રહીને માથા પરની ચાદર એ ખસેડે છે. મોટી ભરાવદાર દાઢીવાળો તથા નિશ્ચેત ચહેરાવાળા ઊંઘતા માણસને મહાદેવ જુએ છે. કોણ છે તેનો એને ખ્યાલ આવતો નથી. સુમનભાઇની પાસે સોફા પર આવી તે બેસી જાય છે.

'એ જાગે ત્યાં સુધી આપણે બેસીશું.' સુમનભાઇ કહે છે.

'એમનો દવા લેવાનો સમય થઇ ગયો છે. એટલે એમને હું ઊઠાડું છું. એમની ઊંઘમાં ખલેલ નહીં પહોંચે. તે જાગી જ જશે.' એમ કહેતી સિસ્ટર પાણી અને આપવાની ગોળીઓ લઇ દર્દીને ઉઠાડવાનો પ્રયત્ન કરે છે. દર્દી જાગે છે. સિસ્ટરની આપેલી ગોળીઓ લે છે. કોઇ તેને મળવા આવ્યું છે એનો એને ખ્યાલ નથી. ગોળી લીધા પછી ઊંઘવાનો પ્રયત્ન કરે છે.

'સુમનભાઇ આવ્યા છે સાથે કોઇ મહેમાન પણ છે.' સિસ્ટરનો અવાજ સાંભળતા દર્દી બેઠો થવાનો પ્રયત્ન કરે છે.

'તમે સૂઇ રહો. બેઠા થવાની જરૂર નથી. અમે જ તમારી પથારી પાસે આવીએ છીએ.' એમ કહેતાં સુમનભાઇ અને મહાદેવ ઊભા થાય છે. સુમનભાઇ હજુય દર્દીની ઓળખ આપતા નથી. મહાદેવને પણ ખ્યાલ આવતો નથી. દર્દી નું આખુ મોં ભરાવદાર દાઢીથી ઢંકાઇ ગયેલું હોવાથી મહાદેવ દર્દીને ઓળખી શક્યો નહીં.

'મહાદેવભાઇ, મારા આ એક મિત્ર છે. કિડનીના દર્દથી પીડાય છે. ઘણા લાંબા સમયથી અહીં હોસ્પિટલમાં જ સારવાર માટે દાખલ થયેલા છે. હું માનું છું કે તમે થોડો સમય એમની પાસે બેસો. વાતચીત કરો. મિત્રતા કેળવવા જેવો માણસ છે. થોડીવારમાં હું આવું છું. અહીં જ દવાખાનામાં છું. પછી આપણે સાથે નીકળી જઇશુ.' એમ કહી સુમનભાઇ રૂમની બહાર નીકળી જાય છે. મહાદેવ દર્દીની પાસે એક સ્ટૂલ ઉપર બેસી વાતચીત કરવાનો પ્રયત્ન કરે છે. હજુય મહાદેવ દ્વિધામાં છે. આ દર્દી કોણ હશે ? મારે અને આ દર્દીને શો સંબંધ ? સુમનભાઇ કેમ મને આની પાસે એકલો મૂકીને ચાલ્યા ગયા ?

ધીરે રહીને દર્દી બેઠો થાય છે. મહાદેવનો હાથ પોતાના હાથમાં લે છે, 'મહાદેવ, મને ન ઓળખ્યો ? હું કિરીટ. વડોદરાવાળો સેલ્સમેન.'

મહાદેવને કિરીટ યાદ આવે છે. છેલ્લે તેણે એની નવલકથાની નાયિકા સુધા વિશે ફોન કરેલો. પછી ભેગા પણ થયા હતા. ત્રણેક દિવસ સાથે પણ રહેલા. અને પછી કિરીટનો સંપર્ક તૂટી ગયેલો. એને યાદ આવે છે આ એજ કિરીટ જેનું લગ્ન સુધા સાથે થવાનું હતું. આના કારણે જ સુધા મને ચાહતી હોવા છતાં મારાથી દૂર રહેલી. અને એના જ સંતાનના પિતા તરીકે નામ આપવા માટે સુધા સાથે એને લગ્ન કરવું પડ્યું. એ જ કિરીટ, તું આટલા સમય ક્યાં રહ્યો. એવા ઘણા બધા વિચારો મહાદેવને આવી જાય છે. એ વિચારોને દૂર ફેંકે છે.

પોતાના હાથમાં રહેલા કિરીટના હાથને દબાવી જાણે કે શાંત્વના આપતો હોય એમ મહાદેવ કહે છે, 'કિરીટભાઇ, તમે ક્યારથી બિમાર થયા ? અત્યાર સુધી ક્યાં હતા ? સુધાને ભૂલી ગયા કે શું ?'

'ના, મહાદેવભાઇ સુધાને તો હું ભૂલ્યો નથી. તમને પણ ભૂલ્યો નથી. અહીં મુંબઇમાં દવાખાનામાં રહે રહે વડોદરા અને તમારી બધી જ વાતથી માહિતગાર થયેલો છું. પણ હવે આ દર્દથી કંટાળ્યો છું. થાકી ગયો છું. હતાશાનો અનુભવ કરું છું. આ દર્દમાંથી કેવી રીતે છૂટવું એના સતત વિચારો કરું છું અને છેવટે તમારી યાદઆવી. તમે મને બચાવશો એની પૂરેપૂરી મને ખાતરી છે. સુધાને તો તમે બચાવી લીધેલી. તમારા જેવો ત્યાગ હું ના કરી શકું. મહાદેવભાઇ મારી ચામડીનાં પગરખાં બનાવી તમને પહેરાવું છતાં પણ એ ઓછું પડે. તમને હું ક્યારેય નહીં ભૂલું અને તમે ઇચ્છા રાખશો તો જ હું મારી જાતને જાહેર કરીશ. નહીં તો પછી અંધારામાં ભટક્યા કરી ગમે ત્યારે ખલાસ થઇ જઇશ. આ દર્દ જ એવું છે કે ધીરે ધીરે મને મોતના મોંમાં લઇ જઇ રહ્યું છે.'

'કિરીટભાઇ, તમે મને સાચી વાત કરો તો હું સમજી શકું. એનો રસ્તો પણ કાઢી શકું.'

'મહાદેવભાઇ, મારી બંને કિડની નિષ્ફળ છે. હું વડોદરા છોડી બે-ચાર દિવસ માટે બહાર જઉં છું એવું સુધાને કહી નીકળેલો. આમ તો અવારનવાર પ્રવાસમાં જઉં ત્યારે મારા બંને પગે સોજા પણ રહેતા હતા. ક્યારેક અશક્તિનો પણ અનુભવ કરતો. કોઇવાર મોં એ પણ સોજા આવતા. આ તો બધુ પ્રવાસને કારણે બને એમ હું માનતો રહ્યો. પણ જ્યારે વડોદરાથી સુધાને કહી મુંબઇ આવવા નીકળ્યો તે દિવસે બંને પગે સોજા તો હતા. મુંબઇ આવ્યો ત્યારે પૂરેપૂરી અશક્તિ હતી. બેચેની પણ લાગતી હતી. એટલે હોટલમાં ઊતરવાને બદલે સીધો સુમનભાઇને ત્યાં પહોંચી ગયો. મારા શરીર વિશે એમને વાત કરી. એક સ્થાનિક ડૉક્ટરને બતાવી લોહી અને યુરિનનો ટેસ્ટ કરાવ્યો. અને એ ટેસ્ટના આધારે ડૉક્ટરે કિડનીમાં ખરાબી છે એવું જણાવ્યું. અને કીડનીનું નિદાન થતાં સુમનભાઇ મને અહીં લક્ષ્મીબાઇ હૉસ્પિટલમાં લઇ આવ્યા. અહીં હૉસ્પિટલમાં ફરીથી બધા જ ટેસ્ટ થયા અને ડૉક્ટરોએ મારી બંને કિડની નિષ્ફળ છે એવું નિદાન કર્યું અને તાત્કાલિક દવાખાનામાં દાખલ થવાનું કહ્યું. મને દાખલ કર્યો અને મારું ડાયાલિસીસ ચાલું થયું. દવાખાનામાં દાખલ થવાથી સુધાને આપેલા વચન પ્રમાણે હું વડોદરા ન પહોંચી શક્યો. '

'આ માહિતી તમે સુધાને ફોન પર કહી શક્યા હોત અને સુધા તો ડૉક્ટર હતી. તમારી સારવાર પણ કરી શકી હોત.'

'મહાદેવભાઇ, તમારી વાત સાચી છે. મારી બિમારીની વાત સુધાને ન જણાવવાની શરતે જ મેં સુમનભાઇની મદદ લીધી. પ્રથમ ડાયાલિસીસ પછી મારે ડૉક્ટર સાથે વાત થઇ. ડૉક્ટરે જ મને કહ્યું 'તમે તો યુવાન છો. આખી જિંદગી ડાયાલિસીસ પર ન રહી શકો. એટલે 'કિડની પ્રત્યારોપણ' કરાવી લો તો સારું. વધુમાં એમણે કહેલું કે, તમારી બંને કીડની નિષ્ફળ જવાથી તમે તમારી પત્ની સાથે શરીર સુખ નહીં માણી શકો. અને કિડની પ્રત્યારોપણ પછી પણ એકાદ વર્ષ સુધી સતત દવાઓ ખાઇ શરીરને સાચવવું પડે.' ડૉક્ટરની સાથે થયેલી વાત પ્રમાણે મને એમ લાગ્યું કે મારે વડોદરા પાછા જવું નથી. મારી આ પરિસ્થિતિમાં હું સુધા સાથે લગ્ન કરી શકું નહીં. જો પત્નીને શારિરીક સુખ ના આપી શકુ તો તેની સાથે લગ્ન કરવાનો શો અર્થ ? આવું મેં ઘણું બધું વિચાર્યું. સુમનભાઇની પણ સલાહ લીધી. સુમનભાઇ પણ મારી વાતમાં સંમત થયા. અને સુમનભાઇ પાસે વચન લઇ લીધું કે કોઇપણ સંજોગોમાં મારી વાત વડોદરા સુધી ન પહોંચવી જોઇએ. અને આમ અમે તમારા બધાંથી દૂર રહ્યાં.'

'કિરીટભાઇ, તમે બહુ મોટી ભૂલ કરી. તમે મને એકલા ને જ જાણ કરી હોત તો પણ હું તમારે માટે યોગ્ય રસ્તો કાઢી લેત અને હજુ પણ રસ્તો કાઢી શકાય એમ છે. ભવિષ્યમાં સુધા સાથે રહી શકાય એવી વ્યવસ્થા મારા તરફથી જ થશે. માટે એની ચિંતા કરશો નહીં.'

'પણ તમે સુધા સાથે જ લગ્ન કરી લીધું. મારી પાસે માહિતી એવી છે કે બાળકોનો જન્મ પણ થયો છે તો મહાદેવભાઇ તમે કહો છો તે કેવી રીતે શક્ય બને ?'

'તમારી પાસે જે માહિતી છે એ સત્ય છે. મેં ડૉક્ટર સુધા સાથે લગ્ન કર્યું છે. બાળકોનો જન્મ પણ થયો છે. આ તમામ બાબતો સત્ય હોવાથી એને ઢાંકી શકાય એવું તો છે જ નહીં. એના વિશે હું તમારી સાથે ફરી ચર્ચા કરીશ. કોઇ રસ્તો તો જરૂર મળી આવશે. હાલ તમે આરામ કરો. મને કેમ બોલાવતા હતા એ વાત સુમનભાઇએ કે તમે કરી નથી.'

'મારી વાત સુમનભાઇ તમને કરશે. અહીં આ સ્પેશીયલ રૂમ સુમનભાઇને કારણે જ મને મળી છે.' આમ કિરીટ વાત કરે છે ત્યાં તો સુમનભાઇ રૂમમાં આવી પહોંચે છે. કિરીટ અને મહાદેવની વાત અટકે છે.

'કિરીટ, તમે આરામ કરો. તમારું ટીફીન અહીં હમણાં આવશે. અમે બહાર ભોજન કરી પાછા અહીં આવીએ છીએ. ત્યાર પછી જે કંઇ વિચારવાનું હોય તે વિચારીશું.' એમ કહી મહાદેવને લઇ સુમનભાઇ રૂમની બહાર નીકળી જાય છે.

ત્યાં બેઠેલી સિસ્ટર હીનલે કિરીટ અને મહાદેવભાઇની વાત સાંભળેલી. તે કિરીટભાઇ પાસે આવે છે. તે કહે છે :

'કિરીટભાઇ, સુમનભાઇ વારંવાર લેખક મહાદેવની વાત કરતા હતા, હમણાં જેની સાથે તમે વાત કરતા હતા એ જ લેખક એમ હું માની લઉં છું. ઘણા સમયથી આ રૂમમાં સુમનભાઇ દ્વારા પગારથી રોકાયેલી નર્સ તરીકે હું ક્યારેય બોલી નથી. પણ મારા કાન તમારી અને સુમનભાઇની વાત કાયમ સાંભળતા હતા. તમારું લગ્ન કોઇ ડૉક્ટર સુધા સાથે થવાનું હતું અને ન થયું. તમે બિમાર પડી ગયા એથી મહાદેવભાઇ સાથે એમનું લગ્ન થયું એ પણ વાત મેં જાણેલી. સંતાનોનો જન્મ થયો એ વાત પણ હું જાણતી હતી. જેની સાથે તમારું લગ્ન થવાનું હતું એ જ વ્યક્તિનું લગ્ન પ્રોફેસર મહાદેવ સાથે થયું. પ્રોફેસર મહાદેવ કોઇ રસ્તો કાઢવાનું કહે છે. એવું હમણાં તમારી બંનેની વાતચીતમાં મેં સાંભળેલું. આ કેવી રીતે શક્ય બને ?'

દવાનો સમય થતાં હીનલ દવા આપે છે. ટીફીન પણ આવી જવાથી એક ડીશમાં આવેલી વસ્તુઓ કાઢી કિરીટને આપે છે. કિરીટના જમી રહ્યાં બાદ ત્યાં જ બેસી હીનલ પણ જમી લે છે. ટીફીન એકબાજુ મૂકે છે અને ડીશ અને બીજી વસ્તુઓ ધોઇ નાંખે છે.

## બાવીસ

ભોજન માટે નીકળેલા સુમનભાઇ અને મહાદેવ ગાડીમાં કશી ચર્ચા કરતા નથી. પણ હોસ્પિટલની નજીકની હોટલ 'આરામ'માં પહોંચી જાય છે. જમતી વખતે કિરીટે જે વાત કરી એ જ વાત સુમનભાઇ મહાદેવને કરે છે. અને વધુમાં જણાવે છે, 'મહાદેવભાઇ, તમને એટલા માટે બોલાવ્યા છે કે આ દર્દથી કિરીટ ત્રાસી ગયો છે એને છૂટકારો મેળવવો છે. એનો છૂટકારો 'કિડની પ્રત્યારોપણ' દ્વારા થાય. ત્રણેક લાખ જેટલો ઓપરેશનો ખર્ચ આવે અને કિડની પણ બહારથી વેચાતી લેવી પડે. બીજું કે મોટેભાગે કિડની પ્રત્યારોપણનાં ઓપરેશન સક્સેશ જાય છે. પણ ક્યારેક પ્રત્યારોપણ પછી આઇ.સી.યુ. માં જ ઓપરેશન નિષ્ફળ જતું હોય એવું પણ મેં સાંભળ્યું છે. કિરીટને કંઇ થઇ જાય તો ? એટલા માટે કિરીટે જ તમારી સાથે હું ચર્ચા કરું એટલા માટે જ તમને બોલાવવાનો આગ્રહ રાખ્યો છે.'

'સુમનભાઇ, એવું કરો કિરીટનું ઓપરેશન કરાવવાનું આપણે વિચારીએ. પૈસાની ચિંતા કરશો નહીં. પૈસાની વ્યવસ્થા હું કરી દઉં છું. અઠવાડિયામાં હું પાછો આવું છું. પૈસાની વ્યવસ્થા પણ સાથે જ કરીને આવું છું. આપણે કિરીટને આ ત્રાસમાંથી બચાવી લેવો જોઇએ.'

'તમે ડૉક્ટર સુધાને તો આ વાત નહીં કરોને ?'

'ના, હું મૂર્ખ નથી કે કિરીટની વાત ડૉક્ટર સુધાને કરું. અત્યાર સુધી કિરીટ વિશે તમે જ જાણતા હતા. હવે હું જાણતો થયો. આપણે બંનેએ જ આને સાચવી લેવાનો છે. તેની વાત કોઇને ખબર ન પડે એ રીતે બધું કામ કરીશું.'

'પણ મહાદેવભાઇ , ક્ડિની માટેની જાહેરાત આપવી પડશે ને ?'

'તમે મુંબઇના પેપરોમાં જાહેરાત આપી દો.જાહેરાતના અનુસંધાનમાં ડોનરનું પણ નક્કી કરી દેજો ત્યાં સુધી તો હું આવી જઇશ. ડોનરને પૈસા આપી દઇશું.'

આમ વાતો કરતા બંને જણ કિરીટ પાસે પહોંચે છે. સુમનભાઇ કીરીટને મહાદેવ સાથે થયેલી વાતચીતની સમજણ આપે છે. અને વધુમાં કહે છે, 'તમારે કોઇ ચિંતા કરવાની જરૂર નથી. અમે બેઠા છીએને ?' આમ સુમનભાઇ વાત કરે છે. ત્યારે મહાદેવ કિરીટની ફાઇલના પાના ઉથલાવે છે. એના રિપોર્ટ પણ જુએ છે. ફાઇલ પાછી મૂકવાનો પ્રયત્ન કરે છે. ત્યાં જ ફાઇલ ઉપર કિરીટનું લોહીગ્રુપ બી નેગેટીવ મહાદેવના જોવામાં આવે છે.

'સુમનભાઇ, પેપરમાં જાહેરાત ના આપશો. મારા લોહીનું ગ્રુપ અને કિરીટના લોહીનું ગ્રુપ બંને એક જ હોવાથી બહારની કોઇ વ્યક્તિની કિડની લેવાની જરૂર નથી. હું જ મારી કિડની આપીશ.'

'મને કિડની આપી તમે શા માટે મુશ્કેલીમાં મુકાવ છો ?' કિરીટ કહે છે.

'કિરીટભાઇ, તમે ભૂલી ગયા. દરેક મનુષ્યના શરીરમાં બે કિડની હોય છે. કાયમ માટે એક કિડની નિષ્ફળ જાય તો બીજી કિડનીથી તેનું જીવન ટકી શકે છે. હું તમને મારી એક સ્વસ્થ કિડની આપીશ. અને બીજી કિડનીથી મારું જીવન ટકશે.' એમ કહી મહાદેવ કીરીટના બંને હાથ પકડી તેના પ્રત્યે પોતાની હમદર્દી દાખવે છે. તે દિવસે ઘણા લાંબા સમય સુધી આમ ત્રણેય જણાં સુખદુઃખની વાતો કરતાં રહે છે. પણ મહાદેવ પોતાના મનની વાત કોઇનેય કહેતો નથી. મનમાં તેણે ડૉક્ટર સુધા અને કિરીટને ભેગાં કરી દેવાનું નક્કી કરી દીધેલું.

તે જ રાત્રે પાછા જવું છે એમ વિચારી કિરીટને આશ્વાસન આપી મહાદેવ અને સુમનભાઇ રૂમમાંથી બહાર નીકળે છે.

હોસ્પિટલના કોરિડોરમાં બંને આગળ વધે છે. ત્યાં જ સામેથી સ્ટ્રેચર પર એક યુવતીને લાવવામાં આવે છે. સ્ટ્રેચરની સાથે ચાલતી એક મોટી ઉંમરની સ્ત્રીને જોતાં સુમનભાઇ બોલી ઊઠે છે, 'સુશાનબેન કોણ બિમાર છે કે તમારે હોસ્પિટલમાં આવવું પડ્યું ?'

'જુઓને સુમનભાઇ, આ મારી દીકરીને બ્લડ કેન્સર થયું હતું. અધૂરામાં પૂરું ડૉક્ટરોનું નિદાન છે તેની કિડનીમાં સોજો છે. એથી અહીં એને લાવી છું. '

'ફરી આવીશ ત્યારે એને જોવા આવીશ. સુશાનબેન કામકાજ હોય તો ઓફિસે ફોન કરી દેજો. અને બહુ અરજન્ટ કામ હોય તો આ દવાખાનાની સ્પેશીયલ રૂમ નંબર સત્યાવીસમાં જણાવશો તો તમારું કામ થઇ જશે.' એમ કહી સુમનભાઇ પ્રોફેસર મહાદેવ સાથે આગળ વધી જાય છે.

દવાખાનામાંથી બહાર નીકળતાં જ મહાદેવ સુમનભાઇને પૂછે છે, 'એમને મેં ક્યાંક જોયા હોય એવું લાગે છે. ભૂતકાળમાં ક્યારેક ભેગાં પણ થયાં છીએ. પણ સ્મૃતિમાં કશું આવતું નથી. સુમનભાઇ, એ કોણ હતું ?'

'એમને ના ઓળખ્યાં ? એ સુશાનબેન. અહીંની એક સારી હોસ્ટેલમાં ગૃહપતિ તરીકે કામ કરે છે. લગભગ સાતેક જેટલાં પુસ્તકો તેમનાં પ્રકાશિત થઇ ગયા છે. કદાચ ક્યાંક લેખક મંડળમાં કે ક્યારેક સાહિત્ય સંમેલનમાં તમે ભેગાં થયા હોય એવું બને. જો કે સુશાનબેન નામ તેઓ લેખિકા તરીકે ક્યારેય ઉપયોગમાં લેતાં નથી. તેમની નવલકથાઓ શ્વેતા ભંડારીના નામે પ્રગટ થાય છે. લેખિકા તરીકે એમને ક્યારેક તમે જોયા હોય એવું પણ બને. શ્વેતા ભંડારી તરીકે નવલકથાઓ લખે છે એ મારા સિવાય કોઇ જાણતું નથી. એટલે તમે એમને કોઇ બીજી રીતે મળ્યા હોય એ સ્વાભાવિક છે.'

'તમે શ્વેતા ભંડારીનું નામ કહ્યું ?'

'હા.'

'એમની નવલકથાઓમાં શહેરીજીવનમાં પીડાતાં માનવીની વ્યથાઓનો વધુ પડતો ઉપયોગ કરતાં હોય એવું મને લાગે છે. એકંદરે એમની નવલકથાઓ એક કરતાં વધુ વાર વાંચવી ગમે એવી હોય છે. ફરી હું અહીં આવું ત્યારે એમની સાથે મારો પરિચય કરાવજો.'

રસ્તામાં જ, 'મારે એક અહીંનું કામ પતાવવાનું છે એટલે અહીં જ હું ઊતરી જઇશ. આજે જ આણંદ જવા નીકળીશ. ત્રણ-ચાર દિવસમાં પાછો આવી જઇશ.' એમ કહી મહાદેવ ગાડીમાંથી ઊતરી પડે છે. આણંદ પહોંચેલો મહાદેવ પોતાની ફરજો દરમ્યાન એકાદમાસ જેટલો સમય દૂર રહેવાનો હોઇ કોલેજમાં રજા મૂકી દે છે. નાણાંની વ્યવસ્થા કરી એકાદ દિવસ વડોદરા રહી પાંચમે દિવસે મુંબઇ પહોંચી જાય છે.

મુંબઇ પહોંચી સુમનભાઇ સાથે હોસ્પિટલમાં કિડની આપવાના ફોર્મ પર સહી કરી હોસ્પિટલની

અનૂકુળતાએ રિપોર્ટ થાય એવું ગોઠવી દે છે. મોટાભાગના બધા રિપોર્ટ યોગ્ય હોવાથી કિડની દાતા તરીકે એનું ઓપરેશન ક્યારે કરવાનું એ બધી વિગતથી તેને વાકેફ કરે છે.

અને એક નિશ્ચિત દિવસે કિરીટનું 'કિડની પ્રત્યારોપણ' ઓપરેશન થઇ જાય છે. ઓપરેશન પછી કિરીટ અને કિડનીદાતા મહાદેવ સ્વસ્થ છે તેવું નિદાન ડૉક્ટરો કરે છે.

પંદરેક દિવસ પછી આઇ.સી.યુ.માંથી કિરીટને બહાર લાવવામાં આવે છે. ઓપરેશન સફળ થતાં ડાયાલીસિસના ત્રાસમાંથી મુક્ત થયેલો કિરીટ મહાદેવનો આભાર માને છે. રૂમ નંબર સત્તાવીસ હજુય કિરીટના નામે જ રાખવામાં આવે છે. છ માસ સુધી કિરીટને પહેલાં પંદર-પંદર દિવસે, પછી દર માસે એમ હોસ્પિટલમાં બતાવવા આવવું પડે એવું હોવાથી અને કિરીટ હમણાં હોસ્પિટલમાં જ રહે એવું સુમનભાઇ અને મહાદેવ માનતા હોવાથી એ જ રૂમમાં કિ રીટ રહે તેવું ઇચ્છે છે. ધીરે ધીરે કિરીટની તબિયત સારી થતી જાય છે. મહાદેવ સ્વસ્થ થઇ પાછો કોલેજની ફરજમાં લાગી જાય છે. મહાદેવ સુધાને આ બાબતની જરા પણ જાણ કરતો નથી. એકલો પડે ત્યારે મહાદેવ કિરીટને અને સુધાને કેવી રીતે ભેગાં કરવા એના વિચારો કર્યા કરતો.

મુંબઇથી આવ્યા પછી પંદર દિવસ પછી મહાદેવ પાછો મુંબઇ પહોંચે છે. સીધો જ લક્ષ્મીબાઇ યુરોલોજીકલ હોસ્પિટલમાં પહોંચે છે અને કિરીટને મળે છે. કિરીટને મળ્યા બાદ સુમનભાઇને ફોન કરી દવાખાનામાં બોલાવે છે. સુમનભાઇ આવે છે. ત્રણેય ભવિષ્ય માટે શું કરવું એનું મનોમંથન કરે છે. કિરીટ તો હવે સાજો થઇ ગયો. પણ છ-બાર મહિના સુધી એને બહુ સાચવવુ પડે અને આ સમય દરમિયાન પણ પંદરેક હજારની દવા તો કિરીટને લેવી જ પડે. કિડની પ્રત્યારોપણ પછી શરીર સ્વસ્થ કરવા માટે ખાવા-પીવાંમાં થોડું નિયંત્રણ પણ રાખવું પડે. તેથી કિરીટ હોસ્પિટલમાં જ રહે એવું નક્કી કરે છે. ઘણી બધી વાતચીતો કર્યા પછી ફરી આવીશું એમ કહી સુમનભાઇ અને મહાદેવ બહાર નીકળે છે.

હોસ્પિટલના કોરીડોરમાંથી આ બંને પસાર થાય છે ત્યાં તો સામેથી સુશાનબેન આવે છે.

'સુમનભાઇ, તે દિવસે પણ તમે દવાખાનામાં આવ્યા હતા અને આજે પણ, કોઈ માંદું છે કે શું ?'

'જુઓ સુશાનબેન, મારો એક મિત્ર બિમાર છે તેને માટે આવવું પડે છે. જુઓ એક ઓળખાણ કરાવું. આ મારી સાથે છે એ પ્રોફેસર મહાદેવ. ગુજરાતી સાહિત્યના ઉત્તમ સર્જક. સુશાનબેન તમે તો એમને ઓળખતાં હશો. લગભગ ગયા જ વર્ષે પુસ્તકમેળામાં મારી પ્રકાશન કંપનીએ તેમની પચ્ચીસ નવલકથાઓનો સંપુટ પ્રગટ કર્યો હતો. તમારી નવલકથાઓથી પણ તે પરિચિત છે જ. આમ તો આણંદ રહે છે. અવારનવાર અહીં મુંબઇ આવતા રહે છે. તમને મળવાની પણ તેઓ ઇચ્છા ધરાવતા હતા.'

'એમનું શું નામ કહ્યું ?'

'પ્રોફેસર મહાદેવ.'

'હં, જુઓ મહાદેવભાઇ તમે તો સારા એવા સર્જક છો. થોડો સમય તમારી પાસે હોય તો અહીં દવાખાનાની સ્પેશીયલ રૂમમાં મારી સાથે આવો. ત્યાં બેસીને વાતો કરીશું.'

'તમે એમની સાથે જાવ. અને પછી અહીં દવાખાનામાં જ રહેજો. ત્યાં સુધી હું અહીં થોડા કામ પતાવીને પાછો આવું છું.' એમ કહી સુમનભાઇ ચાલ્યા જાય છે. અને મહાદેવ સુશાનબેન સાથે સ્પેશીયલ રૂમ નંબર ત્રણમાં પહોંચે છે.

મહાદેવે તે દિવસે સ્ટ્રેચરમાં જે છોકરી જોઇ હતી તે જ દર્દી તરીકે સૂતેલી તે અહીં જુએ છે. સુશાનબેન પરિચય આપે છે, 'આ મારી દીકરી શ્વેતા. અને આ મહાદેવભાઇ. આણંદથી આવ્યા છે. લેખક પણ છે. અહીં જ ભેગા થઇ ગયા.'

મહાદેવનું નામ સાંભળતાં જ શ્વેતા ચમકે છે. ધીરે રહીને પથારીમાં બેઠી થાય છે. અને પૂછે છે, 'તમે પ્રોફેસર છો ? ક્યાં ના ?'

'હું પ્રોફેસર છું. સામરખા મારું વતન.'

સામરખા ગામનું નામ સાંભળતાં જ શ્વેતા ચમકે છે. સુશાનબેન પણ થોડા ગંભીર બની જાય છે. એમને થાય છે કે આ નામ ઘણીવાર તેમણે સાંભળ્યું છે. પ્રોફેસર મહાદેવ. ગામનું નામ સામરખા. અને આમ મહાદેવ અને સામરખાના ટકોરા જ પડતા હોય એવું સુશાનબેન અને શ્વેતા અનુભવે છે.

સુધા સાથે વાત થયેલી એ પ્રમાણે, આ એ જ માણસ હોય તો, સુધાના જીવનમાં આવી ગયેલો સુધાના પતિના નામે ઓળખાતો દેવપુરુષ.

શ્વેતાથી રહેવાતું નથી.

'મમ્મી, આ જ સુધાના પતિ. હું ખરું કહું છું ને ?' સુશાનબેન બોલતાં નથી. મહાદેવ આ બધું સાંભળતાં ચમકે છે. મહાદેવને થાય છે કે આ બંને જણ સુધાને ઓળખતાં લાગે છે. અને સુધાના પતિ તરીકે મારો ઉલ્લેખ થાય એનો મતલબ એ થયો કે આ બંને સુધાના અંગત જીવનથી પરિચિત પણ હશે. પણ તે ચૂપ રહે છે.

શ્વેતા થાકવાથી પાછી સૂઈ જાય છે. એક હાથ મહાદેવ સામે લાંબો કરે છે. મહાદેવ એનો હાથ પકડે છે. શ્વેતા મહાદેવને થોડો નીચો નમાવે છે. અને ધીરેથી કહે છે, 'તમે મારા જીજાજી થાવ. આ સિવાયનો પણ બીજો સંબંધ તમારી સાથે મારો હોઈ શકે એ સંબંધ કદાચ તમે સ્વીકારો કે ના પણ સ્વીકારો. પણ મારા જીજાજી તરીકે જ રહેશો તો પણ મને આનંદ થશે.'

'તમે શું કહો છો એ હું સમજ્યો નહીં.'

'મારા ભોળા બનેવીલાલ. તમને એ સમજતાં બહુ વાર લાગશે હોં.' ઘણાં સમય પછી આટલી બધી આનંદિત થયેલી શ્વેતાને પહેલીવાર સુશાનબેન જુએ છે. મહાદેવને જોતાં જ જાણે કે બધા પ્રશ્નો હલ થઈ ગયા હોય એવું શ્વેતા માની લે છે.

પ્રગટેલ ઘીનો દીવો જ્યારે એની જ્યોતને વધુ પ્રજ્વલિત કરતો હોય ત્યારે એમ માની લેવું જોઈએ કે હવે કોડિયામાં ધીરે ધીરે ઘી ઓછું થઈ ગયું હશે. અને છેલ્લીવાર એ જ્યોત વધુ પ્રકાશતી દેખાય છે એ જ્યોત બુઝાઈ જશે. માણસનું પણ ક્યારેક એવું બને છે. જ્યારે એનો જીવ જવાનો હોય કે નજીકના સમયમાં જ મૃત્યુ આવવાનું હોય ત્યારે તે વધુ પડતો ચહેરે તેજસ્વીતા ધારણ કરતો હોય એવું લાગે છે. અને અહીં શ્વેતા બ્લડ કેન્સર અને કિડનીના એમ બે દર્દોથી પીડાઈ રહી છે. એના જીવનનો મુખ્ય ઉદ્દેશ પરણીને ઠરીઠામ થવાનો હતો. સંતાનને ઉછેરી મોટું કરશે. પણ એ શક્ય ન બન્યું. જો કે એક ઈચ્છા તો તેની પૂરી થઈ, સુધાએ એની દીકરીને સ્વીકારી લીધી. અને આજે સુધાને સ્વીકારનાર માણસને સામો જોઈ એ પોતાના જીવનને ધન્ય માને છે.

'તમે કદાચ વડોદરા 'મિલન'માં નહીં ગયા હો.'

'ના કેમ ગયો હોઉં ? મારી પત્ની અને બાળકો ત્યાં રહે તેથી તો મારે જવું જ પડે ને ?'

'કેટલો સમય સુધી આમ લોકોને મૂર્ખ બનાવતા રહેશો ?' શ્વેતા આમ કહી મહાદેવ સામે જોઈ તરત સુશાનબેન તરફ જુએ છે. સુશાનબેન બધુ જ સમજી જાય છે.

'તમે મારી નજરમાં તો દેવપુરુષ છો. અવંતિકાબેને બધી જ વાત કરી છે. તમે પૂરેપૂરા કદાચ મને નહીં ઓળખતા હો. મૂળ ગામ મારું પાદરા. અવંતિકાબેન મારા સગાં થાય. અહીં મુંબઈમાં હું પણ સુધા સાથે હોસ્ટેલમાં રહી ભણતી હતી. હમણાં વડોદરા 'મિલન'માં બીજી એક નાની છોકરીને તમે જોઈ હશે. જોઈ છે ને ?'

'હા, મેં એને જોઈ છે. ગમી જાય તેવી છોકરી છે. સુધાની સાથે તે ભળી ગઈ છે. સુધા તો એને હાથમાંથી પણ છોડતી નથી. જાણે કે એની પોતાની જ દીકરી હોય એવું એ માને છે.'

'તમે જાણતા નથી. તે મારી દીકરી છે. તમે જેના સંતાનને બાપનું નામ આપવાનું વિચાર્યું છે એ સંતાનનો પિતા મારી દીકરીનો પણ પિતા છે. આ મારી વાત તમે નહીં માનો ?'

'શું વાત કરો છો ? તો તમે શું કિરીટ સાથે....'

'ના, કિરીટ સાથે હું લગ્નથી જોડાઈ નથી. છતાંય મારા અને કીરીટના પ્રથમ પ્રેમની એ નિશાની છે. જો કે મેં સુધાને દગો કર્યો કહેવાય. છતાંય સુધાએ મારી વાત સાંભળી છે. મારી દીકરીને સ્વીકારી એનો મને આનંદ છે. એથી હું તમને વિનંતી કરું છું કે તમે પણ મારી દીકરીને પિતાનું નામ આપજો.' બોલતાં બોલતાં શ્વેતા રડી પડે છે. રૂમનું વાતાવરણ કરુણામય બની જાય છે. ધીરે ધીરે સાચી પરિસ્થિતિનો મહાદેવને ખ્યાલ આવે છે. અહીં જ આ હોસ્પિટલના એક રૂમમાં શ્વેતા છે તો બીજા એક રૂમમાં કિરીટ છે. આ બંનેને ભેગા કરાવું તો ? એમ વિચારી મહાદેવ શ્વેતા ન જુએ તેમ ઈશારો કરી સુશાનબેનને રૂમની બહાર બોલાવે છે. સુશાનબેન આવે છે પછી કહે છે, 'સુશાનબેન, આ શ્વેતા કહે છે એ વાત સાચી ? એના પેટે જન્મ લેનારી બાળકીનો પિતા કિરીટ જ છે.'

‘શ્વેતાએ જે કહ્યું તે સાચું છે. કિરીટ, શ્વેતા અને સુધાના જીવનમાં આવેલો છે. એના કારણે જ આ બંને મુશ્કેલીમાં મુકાયા છે. પણ હું કિરીટનો વાંક નહીં કાઢું. આ બંને છોકરીઓનો પણ વાંક છે. લાગણીના આવેગમાં આવી જઇ ભવિષ્યનો વિચાર કર્યા સિવાય કોઇની સાથે રંગરેલીયાં મનાવતી વખતે થોડોક તો વિચાર કરવો જોઇએ ને ?’

‘તમારી વાત હું સ્વીકારું છું. કિરીટ અહીં જ છે. તમારી નજીકની જે એક રૂમમાં. તમે કહો તો શ્વેતા અને કિરીટને ભેગાં કરીએ. બંને બિમાર છે. એટલે જરા વિચારવું પણ પડે.’

‘તમારી વાત સાચી છે. કિરીટ અહીં જ છે ? તો તો એ બંનેને ભેગાં કરીએ.’ એમ બંને વાત ટૂંકાવી એક નિર્ણય કરે છે. અને બીજી ક્ષણે....

‘હું કિરીટને લઇને આવું છું. મારી રાહ જુઓ.’ એમ કહેતો મહાદેવ રૂમ નંબર સત્તાવીશ તરફ પગલાં માંડે છે. સુશાનબેન મહાદેવની પીઠને તાકી રહે છે. સુશાનબેન વિચારતાં રહે છે. શ્વેતાનું સૌભાગ્ય તો ભેગું થશે ! પણ ક્યારે ? શ્વેતાની અંતિમ ક્ષણોમાં. એ રૂમમાં જવા પાછી વળે છે. ત્યાં જ ‘અરે ! સુશાન તું અહીં ક્યાંથી ?’ એમ કહેતી એક ઉંમરે પહોંચેલી વ્યક્તિ સુશાનને પ્રશ્ન કરે છે. બોલાવનારને સુશાન જુએ છે અને ચમકે છે પણ ખરી.

‘તમે ? અહીં ? કેટલાં વર્ષે તમને જોયા. અહીં કેમ આવવું થયું ?’

‘તું મને ઓળખી ગઇ ખરી.’

‘ઓળખી તો જાઉં જ ને. અરે, હું તને માફ પણ ન કરું. કેટલા વર્ષે તારું મોં તેં મને બતાવ્યું. આજે તો તને ખ્યાલ ક્યાંથી હોય . યુવાનીમાં પગ માંડતી એક યુવતીને ભ્રષ્ટ બનાવી એકલી છોડીને નાસી ગયેલો. એ તું જ કે બીજો ?’

‘એ બધી વાત જવા દે. હું થોડા દિવસ અહીં જ છું. તને મળ્યા વગર નહીં જાઉં. જુના સંબંધોને કારણે તારે મને માફ કરવો જોઇએ. તે વખતે ભૂલ મારી એકલાની નહોતી. તારા આગ્રહને કારણે જ હું તને મોહી પડેલો. અને પછી એવું બની ગયું કે....’

‘એ બધી વાત છોડ. તો તે દિવસથી પુરુષમાત્રને નફરતથી જોઉં છું. અને મારું આખું જીવન એ રીતે જ વીતી ગયું . આવ અહીં રૂમમાં આવ. મારી દીકરી મરણપથારીએ પડી છે. એટલે જ હું અહીં દવાખાનામાં છું.’ એમ કહી સુશાનબેન પેલી વ્યક્તિને શ્વેતાની પથારી પાસે લઇ જાય છે. શ્વેતા ઘસઘસાટ ઉંઘતી હતી. રૂમના એક ખૂણામાં લઇ જઇ સુશાન પેલા આધેડ પુરુષને પોતાની નજીક ખેંચી એની છાતી પર પોતાનું માથું મૂકી ધ્રુસકેને ધ્રુસકે રડી પડે છે. ક્યાંય સુધી તે રડતી રહી. ડૂસકાં પણ લેતી રહી. એના ડૂસકાં સમે છે અને તેની નજર સમક્ષ આજે વર્ષો પછીનો યુવાનીનો પમરાટ તે અનુભવે છે....

## ત્રેવીસ

મહાદેવ સત્યાવીસ નંબરની રૂમમાં જવાને બદલે હોસ્પિટલની બહાર નીકળી જાય છે. અનેક વિચારોનું તુમુલયુદ્ધ જાણે કે તેના માનસપટ પર ખેલાતું હોય તેવો ભાવ તે અનુભવે છે. એની નજર સમક્ષ આવીને ઊભેલું શ્વેતાનું પાત્ર ન્યાયની માંગણી કરતું હોય એવું લાગે છે. જો કે મહાદેવ કોને માટે કેટલું કરે એ પ્રશ્ન હવે તેને મન મહત્વનો થઇ રહેશે. સુધાને સામાજીક સંબંધોમાં સાચવવા માટે પોતાનું સમગ્ર જીવન એણે અર્પિત કરી દીધું છે એમ તે આજે માને છે. આજે એની સમક્ષ અહીં ‘લક્ષ્મીબાઇ યુરોલોજીકલ હોસ્પિટલ’ના સ્પેશીયલ બે રૂમોમાં એકબીજાના અંગત જીવનમાં પ્રવેશેલી બે વ્યક્તિ પથારીમાં છે. અને એમાંનો પુરુષ શ્વેતાની માફક જ સુધાના જીવનને પણ નવપલ્લવિત કરી ચૂક્યો છે. શ્વેતા અને સુધા બંનેને તેના થકી માતૃત્વ પ્રાપ્ત થયું છે. જો કે આ વાતથી કિરીટ અજાણ છે. શ્વેતા ગંભીર માંદગીને કારણે માંડ માંડ થોડો સમય કાઢે તેમ છે. બ્લડ કેન્સર તો હતું. એમાંય પાછી બંને કિડની નિષ્ફળ થઇ. અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસીસ કરાવવું પડે. પાંચ કલાક સુધી ડાયાલિસીસની પ્રક્રિયા એટલે નજરકેદ. આ પાંચ કલાકમાં દર્દી બીજું કશું જ કરી ન શકે. એક વિચાર મહાદેવને આવે છે :

'શ્વેતા અને કિરીટને ભેગાં કરવાનો.' બીજો વિચાર આવે છે પહેલાં વિચાર કરતાં ઊલટી દિશામાં લઈ જનારો વિચાર : 'કિરીટ અને સુધાને ભેગાં કરવાનો' કિરીટ, સુધા અને શ્વેતાની સાચી પરિસ્થિતિની જાણ મહાદેવને થઈ. ભૂતકાળમાં બની ગયેલી ઘટનાઓથી વાકેફ થયો. સ્વછંદી બની ગયેલી શ્વેતા કદાચ કુતુહલ વશ કે આનંદ લેવાને માટે કિરીટને પોતાનું શરીર સોંપી ચૂકી હશે. અને બીજી તરફ લાગણીના અતિશય આવેગથી અને ભવિષ્યમાં પોતાનો જ પતિ બનવાનો છે એ રીતે સુધાએ શારીરિક સુખ માણી લીધેલું. જો કે તે બંનેનો વાંક જોતો નથી. એણે વિચારેલા બે વિચારમાંથી બીજો વિચાર અમલમાં મૂકવા માટે યોગ્ય છે તેમ તેમ માની લે છે. કિરીટ અને સુધાને ભેગાં કરી તે સમગ્ર જીવન દરમ્યાન એકલતા અનુભવવાનુ સ્વીકારી લે છે. પાછો વિચારે છે સુધા અને કિરીટ ભેગાં થાય તે પહેલાં કિરીટને શ્વેતાની પાસે તે લઈ જશે. આવા અનેક વિચારો તે કરે છે. વિચારતો-વિચારતો રસ્તા ઉપરની એક હોટલમાં તે પહોંચે છે. વિચારીને મગજ થાકી ગયું છે. કલ્પનાના ઘોડા દોડાવ્યા છે. પગ પણ થાક્યા છે. પેટમાં જાણે કે અસહ્ય લ્હાય ઉપડી હોય તેવું તે અનુભવે છે. અને પછી તે એક ઠંડી-મીઠી લસ્સી મંગાવે છે. ત્રણેક લસ્સી પીવે છે ત્યારે માંડમાંડ તેનું આખુય શરીર ઠંડક અનુભવતું હોય એવું તે કલ્પે છે. અને પછી એ હોસ્પિટલ તરફ પાછો વળે છે.

હોસ્પિટલમાં દાખલ થાય છે ત્યારે એ જુએ છે તો સુશાનબેનને કોઈ આધેડ વ્યક્તિની સાથે હોસ્પિટલના પગથિયા ઊતરી સામે કાર પાર્કિંગ ભણી જતાં જુએ છે. એમની સાથે કોણ હશે ? એવું વિચારતો તે દવાખાનામાં દાખલ થઈ જાય છે.

મહાદેવ સીધો શ્વેતાની રૂમમાં જાય છે. શ્વેતા જાગતી હતી. મહાદેવને જોઈ તે હસે છે. જાણે કે મહાપરાણે હસતી હોય એવું મહાદેવને લાગ્યું. શ્વેતાની પથારી પાસે બેસી એનો હાથ પકડી સાંત્વના આપવાનો પ્રયત્ન કરે છે.

'તમે મને એક વચન આપી શકશો ? મને ખબર પડી છે કે આજ હોસ્પિટલમાં કિરીટ પણ છે. હું ઈચ્છું છું કે તે મને ન મળે. બોલો, આવું ગોઠવી શકશો ?'

'તને કોણે કહ્યું કે કિરીટ અહીં છે ?'

'થોડીવાર પહેલાં જ આ જ રૂમમાં સુશાનબેન કોઈ પુરુષ સાથે વાતો કરતાં હતાં તેવું મેં સાંભળ્યું. તેઓએ ઘણી બધી વાતો કરી. હું આંખો મીચીને પડી રહેલી. તેમની વાતો મેં સાંભળી. કિરીટ અને મને સુશાનબેન અને તમે ભેગા કરવા માંગો છો એવું પણ મેં સાંભળ્યું. કિરીટ પ્રત્યે મને અપાર લાગણી છે. એણે મને દગો કર્યો નથી. એ તો મેં કહ્યું હતું તેમ મારે પગલે ચાલ્યો હતો. પછી મારી નાજુક પરિસ્થિતિ સર્જાય એમાં હું એનો વાંક જોતી નથી. મારી આ માંદગીને જોતાં તે ભાંગી પડશે. તમે અમને ભેગાં ન કરો તો સારું. અથવા દસેક દિવસનો મને સમય આપો પછી હું વિચારીને કહું કે મારે શું કરવું ?'

શ્વેતાની વાત સાચી હતી. મહાદેવ પણ હવે માને છે કે આ બંનેને ભેગાં કરવાની ઉતાવળ કરવી જોઈએ નહીં. તે શ્વેતાને વચન આપે છે. શ્વેતાની ઈચ્છા પ્રમાણે જ તે વર્તશે એવું પણ કહે છે.

એટલામાં સુશાનબેન આવે છે. પોતાની સાથે કોણ હતું તેની વાત સુશાનબેન કરતાં નથી. શ્વેતા સાથેની વાત મહાદેવ સુશાનબેનને કહે છે. અને દસેક દિવસ માટે આ બાબતથી દૂર રહેવું જોઈએ. એવું તે બંને વિચારી લે છે.

'હું આજે જ પાછો વડોદરા જઉં છું. આવતા અઠવાડિયે હું પાછો આવીશ ત્યારે આપણે વિચારીશું.' એમ કહી મહાદેવ બહાર નીકળી જાય છે.

કિરીટના રૂમમાં જઈ કિરીટ સાથે વાત કરી મહાદેવ સુમનભાઈને ફોન કરે છે. તે ફોનમાં જણાવે છે કે, 'હું આજે પાછો જાઉં છું. તરત જ પાછો આવીશ. આવ્યા બાદ કિરીટ વિશે વિચારીશું.' એમ કહી ફોન મૂકી દે છે.

## ચોવીસ

મુંબઈથી નીકળેલો મહાદેવ વડોદરા પહોંચી આણંદ કોલેજમાં જાય છે. કોલેજથી સામરખા પહોંચે છે.

સામરખા પહોંચ્યા પછી તેનું મન વિચારે ચઢે છે કિરીટ અને સુધાની બાબતમાં. કશું જ નક્કી કરી શકતો નથી.

સાંજના ફરવાના બહાને પોતાના ખેતર તરફ એ જાય છે. સૂર્ય અસ્ત થવાની તૈયારીમાં છે. ખેતરના શેઢે જઈને શાંતિથી તે બેસે છે. સમી સાંજના આકાશમાં વાદળાં આઘાપાછા થતાં તે જુએ છે. ચારેબાજુ ધીરે ધીરે અંધકારનું સામ્રાજ્ય છવાતું હોય તેવું લાગે છે. દૂર દૂર આકાશમાં વીજળીના કડાકા તે સાંભળે છે. ઘેરથી નીકળ્યો ત્યારે કદાચ વરસાદ થશે તેવું તે માનતો હતો. છતાંય છત્રી લીધા સિવાય નીકળ્યો. એકાએક પૂર્વ દિશામાંથી એક કાળું ઢિબાંગ વાદળ ધસી આવતું તે જુએ છે. એક મોટો વીજળીનો કડાકો થાય છે. બીજી ક્ષણે વાદળો એકબીજાં સાથે અથડાતા હોય એવા મોટા અવાજો થાય છે. તે બેઠો હતો ત્યાંથી ઊભો થાય છે. ખેતરના શેઢા ઉપર બનાવેલી એક નાની ઝૂંપડીમાં તે પેસી જાય છે. તે હસી પડે છે. વરસાદ પડશે પણ તે તો ભીનો થઈ જ જવાનો. કારણ કે ઝૂંપડી લાકડાની બનેલી છે. અને પાંદડાથી છવાયેલી છે. તે કંઈ વિચારે તે પહેલાં ફરી એક મોટો કડાકો થાય છે. તે બી જાય છે. અને બીજી ક્ષણે ધોધમાર વરસાદ તૂટી પડે છે.

તે નાનો હતો ત્યારે ખેતરમાં આવતો રહેતો. ચોમાસાના દિવસોમાં વધારે સમય તે ખેતરમાં વિતાવતો. વરસાદના પાણીમાં પલળવાની તેને મજા આવતી. આજે તૂટી પડેલો વરસાદ તેને ભીંજવી નાખે છે. વરસાદના પાણી અને જોરદાર પવન તેના શરીરને ધ્રુજવી નાંખે છે. હવે વરસાદનું જોર ઓછું થયુ તે અનુભવે છે. તપેલી ધરતીમાંથી વરસાદના પાણીને કારણે જાણે કે મહેંક પ્રસરતી હોય તેવું તે અનુભવે છે. અને આ મહેંક તેના શરીરના અણુએ અણુમાં પ્રસરી જાય છે. વરસાદનું જોર ઓછું છે એટલે હવે ઘેર પહોંચી જવું જોઈએ એમ માની ઝૂંપડીની બહાર નીકળે છે. ઓચિંતી એની નજર આકાશ તરફ જાય છે. એક વીજળી પ્રકાશ વેરતી અદ્રશ્ય થઈ જાય છે. આ દ્રશ્ય જોતાં જે વિચારો તે કરતો હતો એનું પરિણામ તે કલ્પી લે છે. અલ્પ આયુષ્ય ભોગવતી આ વીજળીની માફક તેણે પણ બીજા કોઈને પ્રકાશ આપવો જોઈએ તેવો દ્રઢ નિશ્ચય કરે છે. કિરીટનું શું કરવું ? એ પ્રશ્ન હલ થઈ ગયો. સુધાના જીવનમાંથી પોતાની બાદબાકી થઈ જાય અને કિરીટને તે જગ્યાએ મૂકી દેવામાં આવે તો ? કદાચ વિરહ પામતી સુધાનું બાકીનું જીવન આનંદથી વીતી શકે. આમેય સુધા સાથે તેણે લગ્ન તો કર્યું છે. પણ વચનથી બંધાયેલો તે ક્યારેય સુધા સાથે પતિના હક ભોગવી શકવાનો નથી. તો પછી કિરીટને શા માટે દૂર રાખવો ? આમ સમી સાંજના આકાશના પરિવર્તન પછી જે બધુ તેણે જોયું અને બન્યુ પછી તે પોતાની મથામણમાં યોગ્ય રસ્તો શોધી લે છે.

ઘેર પાછો આવેલો મહાદેવ ગરમપાણીથી સ્નાન કરે છે. જમવાની ઈચ્છા ન થતાં પથારીમાં લંબાવે છે. ઘણા દિવસો પછી મીઠી ઊંઘ તેણે લીધી.

સવારે વહેલો પરવારી પોતાના નિર્ણયને વધુ મજબુત બનાવવા અવંતિકાબેનની સલાહ લેવા વડોદરા પહોંચી જાય છે.

મહાદેવને આવેલો જોઈ અવંતિકાબેન બહુ ખુશ થાય છે. એને આવકાર આપી ધીરેથી કહે છે, ‘તમે બહુ નસીબદાર છો. મારે તમને અભિનંદન આપવા ઘટે.’

‘શાના અભિનંદન ?’

‘તમે સુધાને મળશો ત્યારે તે જ બધું કહેશે. હું કહું તો સારું નહીં લાગે. છતાંય બેસો હું તમારે માટે ચા લઈ આવું. પછી બેસીને વાત કરીએ. ’ કહેતાં કહેતાં અવંતિકાબેન રસોડામાં પહોંચી જાય છે.

અવંતિકાબેન ચા લઈ આવે છે. ટિપોઈ પર મૂકે છે. અને ટિપોઈ પર પડેલા નાસ્તાના ત્રણેક ડબ્બા ખોલે છે. મહાદેવને ચા-નાસ્તો લેવાનો આગ્રહ કરે છે.

‘તમે શાંતિથી નાસ્તો કરો. ત્યારપછી હું જ કેટલીક વાત તમને કરીશ. અને પછી તમે નિર્ણય લેજો. જરૂર પડ્યે સુધાની સાથે પણ વાત કરી લેજો.’ એમ કહી અવંતિકાબેન ત્યાં સામે જ સોફામાં બેસે છે. મહાદેવ નાસ્તો કરતો રહે છે. એને લાગે છે કે આજે ગંભીર પ્રશ્ન ચર્ચાશે. પોતાને કશુંક વિચારવું છે. એટલે અવંતિકાબેનને ચા નો બીજો પ્યાલો લાવવાનો ઈશારો કરે છે. અને તે વિચારે છે કે, ‘સુધા અને અવંતિકાબેન એવી તે કઈ બાબતમાટે મને અભિનંદન આપવા માંગે છે.’ આમ તે વિચારતો રહે છે. પણ કશું જ કલ્પી શકતો નથી કે અવંતિકાબેન એને શું કહેવા માંગે છે. એટલામાં જ અવંતિકાબેન મહાદેવ માટે ફરી ચા લઈને આવે છે. મહાદેવ

ધીરે ધીરે ચા સાથે નાસ્તો પણ લે છે. પછી ઊભો થઇ હાથ ધોઇ પાછો આવે છે.

'બોલો અર્વંતિકાબેન, મારા માટે આનંદના શા સમાચાર છે ?'

'પહેલાં તો મારા પ્રશ્નનો જવાબ આપો. છેલ્લા કેટલાક સમયથી હું જોઉં છું કે તમો વડોદરા કે સામરખા રહેવાને બદલે દિવસોના દિવસો સુધી ક્યાંક બહાર ચાલ્યા જતા હોય એવું મને લાગે છે. આનું કારણ શું ?'

'અવંતિકાબેન, તમે તો જાણો છો કે સુધા મારી પત્ની હોવા છતાં હું એની સાથે વચન પ્રમાણે કાયમ દૂર જ રહું છું. સામાજીક દ્રષ્ટિએ એને કોઇ મુશ્કેલી ન પડે એટલા માટે અવારનવાર અહીં હું આવું છું. એકાદ-બે દિવસ રહી પાછો પણ ચાલ્યો જઉં છું. સામરખામાં પણ રહું છું. મારી કોલેજની નોકરી પણ ચાલું છે. હું કોઇ એવી બાબતથી પરેશાન થતો હોઉં અને તેથી જ હમણાં હમણાંનો બહાર જાઉં છું એવું તમે માનો છો તે યોગ્ય નથી. લેખક તરીકે મારું લખવાનું ચાલુ રહે, પુસ્તકો છપાય અને લોકોની વચ્ચે પહોંચે એટલા માટે જ દિવસોના દિવસો સુધી બહાર હોઉં છું.'

'તો શું સુધા સાથેના લગ્નથી તમે સુખી છો ?'

'અવંતિકાબેન, હું સુખી છું એવું કહી શકું તેમ નથી. મેં પોતે જ સુધાના વિચાર સાથે સંમત થવાનું ઇચ્છેલું તેથી દુઃખી થવાનો પણ કોઇ પ્રશ્ન નથી.'

'તો પછી તમને એકલતા સાલતી નથી ?'

'જુઓ એકલતાની વાત ન કરશો. મેં સ્વૈચ્છિક રીતે સુધાની શરતોનો સ્વીકાર કર્યો હોવાથી એકલતાને મારે નિભાવી લેવી જોઇએ. '

'તમારી માફક સુધા પણ એકલતા અનુભવતી હશે ને ?'

'સુધાની વાત હું તમને કેવી રીતે કહી શકું ? એણે ઊભો કરેલો પ્રશ્ન છે એટલે જો એ એકલતા અનુભવતી હોય એમાં એનો જ વાંક છે. જુઓ અવંતિકાબેન સુધાની અંગત બાબતમાં હું ઊંડો ઊતરવા માંગતો નથી.'

'પણ તમારે સુધાનો વિચાર કરવો પડશે. ગમે તેમ તોય તમે એની સાથે લગ્નથી જોડાયેલા છો.'

'અવંતિકાબેન, કેવા સંજોગોમાં સુધા સાથે મેં લગ્ન કર્યા છે એ પણ તમારા આગ્રહને કારણે જ. એ કેમ તમે ભૂલી જાવ છો ?'

'આમાંથી કોઇ રસ્તો નીકળે તેમ નથી ?'

'એટલે ?'

'હું એમ કહેવાં માંગું છું કે તમે બંને એકબીજાથી દૂર રહો છો એના બદલે ભેગાં રહેવાનું શરૂ ન કરી શકો ?'

'અવંતિકાબેન, અમે ભેગાં જ છીએ ને ? પતિ-પત્નિ તો છીએ. એટલે ભેગાં જ કહેવાઇએ.'

'ના, એમ નહીં. હું ઇચ્છુ છું કે પતિ-પત્નિ તરીકેના હક્ક અરસપરસ તમે બંને ભોગવો.'

'અવંતિકાબેન, આ વાત ન કરો તો સારું . જે ધ્યેય સાથે હું સુધાને પરણેલો છું એમાંથી મને પીછે હઠ ના કરાવો તો સારું.'

'તમારી વાત સાચી છે. મારે માનવી જ રહી. પણ મેં જે વિચારો તમને કહ્યા તેવું જ કદાચ સુધા પણ તમને કહે તો ?'

'સુધા કોઇ સંજોગોમાં મને કહે નહીં અને છતાં કહે તો તાત્કાલિક મારા તરફથી હા નહીં હોય. મારે પણ સુધાની વાત પર વિચારવું પડે.'

'એનો મતલબ એ કે સુધા કહે તેની ઉપર તમે વિચાર કરી શકો ખરા.'

'વિચારી પણ શકું. બીજો કોઇ યોગ્ય રસ્તો પણ કાઢી શકું. અવંતિકાબેન, શું આ વિચાર તમારો છે કે સુધાનો ? કદાચ તમે આવું વિચારી શકો, સુધા ન વિચારી શકે. એને હું ઓળખું છું.'

'આ વિચાર મારો છે. આ બાબતમાં સુધા સાથે મેં ચર્ચા કરી છે. સુધાએ મને જવાબ આપ્યો નથી. પણ હું સમજાવું તો તે માની જશે ખરી.'

'તો હું સુધાને આ બાબતમાં પૂછી જોઉં ?'

'ના, ના, તમે હમણાં ના પૂછશો. ફરીથી હું એની સાથે વાત કરી લઇશ.'

આમ અવંતિકાબેન અને મહાદેવ ગંભીર ચર્ચા કરે છે. એટલામાં જ બહાર ગયેલી સુધા અનિલ અને અલ્પાને લઈને આવે છે. મહાદેવ બંને નાનાં ભૂલકાંને પોતાની પાસે લઈ વહાલ કરે છે. અવંતિકાબેન સુધા સામે જુએ છે. સુધા કંઈક વિચારતી વિચારતી અંદર ચાલી જાય છે.

## પચ્ચીસ

એક અઠવાડિયા સુધી પ્રોફેસર મહાદેવ ''મિલન''માં રહે રહે હરતી ફરતી સુધાનું નિરીક્ષણ કરતો રહે છે. ઘણા સમયથી ગંભીર રહેતી ડૉક્ટર સુધા હવે જરાક હસતી થઈ. અવંતિકાબેન સાથે મહાદેવ વિશે જે ચર્ચા થયેલી એમાં એ સંમત થઈ હોય તો જ એના ચહેરા ઉપર ખુશી આવે. હવે તે દવાખાને નિયમિત જાય છે. જો કે દવાખાનામાં બીજા બે-એક અનુભવી ડૉક્ટરો પણ એણે રાખેલા છે. અને એ લોકો સુધાની ગેરહાજરીમાં પણ દવાખાનું ચલાવી શકતા. સુધાને જોતાં મહાદેવ વિચારે છે કે સુધા એના માટે હવે હાથવેંતમાં છે. પરંતુ તે હજુ પણ કદાચ કિરીટને ચાહતી હશે. લગ્ન વખતે જે એણે શરત કરેલી એ શરતના અનુસંધાનમાં કિરીટ પ્રત્યેની તેની લાગણી છે જ એ માની લેવું રહ્યું. મહાદેવ પોતાના અંગત સ્વાર્થને બદલે કિરીટ અને સુધાને સુખી કરવાનો દ્રઢ નિશ્ચય કરે છે. અવંતિકાબેને જે વાત કરી એ બાબતમાં તે સુધાને પૂછતો નથી કે એની ચર્ચા કરતો નથી. સુધા પોતાની સાથે રહેવાનો વિચાર કરે એ પહેલાં જ કિરીટને સુધાની પાસે લાવી દેવાનું તે નક્કી કરી દે છે. પોતાના વિચારની અવંતિકાબેન કે સુધાને તે જાણ કરતો નથી.

'થોડા દિવસ માટે બહાર જાઉં છું.' કાયમ અવંતિકાબેનને કહીને જતો, પણ આ વખતે સુધાને કહીને એ જાય છે.

મુંબઈ પહોંચેલો મહાદેવ સીધો જ 'લક્ષ્મીબાઈ યુરોલોજીકલ હોસ્પિટલ'માં પહોંચે છે. સુમનભાઈ પણ ત્યાં જ હોય છે. કિરીટની પાસે મહાદેવને આવેલો જાણી સુમનભાઈ હાશકારો અનુભવે છે. મહાદેવ પણ, 'બે-ચાર દિવસ અહીં જ હોસ્પિટલમાં રહીશ.' એવું કહે છે. મહાદેવના આવવાથી કિરીટને પણ આનંદ થાય છે. અહીં જ સ્પેશીયલ રૂમમાં બધી જ સગવડ હોવાથી મહાદેવ બહાર જવાની ચિંતમાંથી મુક્ત થાય છે. જો કે તે જમવા તો બહાર જ જશે એવું માને છે. કેમકે દવાખાનામાં તેને ક્યારેય ખાવાનું ગમતું નથી. બિમાર દર્દીઓ સાથે બેસીને ખાય અને એ પણ માંદો પડી જાય તો ? તે નાનો હતો ત્યારથી જ દવાખાનાની તેને એલર્જી હતી. ભાગ્યે જ કોઈને દવાખાનામાં જોવા જતો. દવાખાનાનું નામ સાંભળતાં જ તેને કંપારી છૂટતી. પણ અહીં જેના કારણે સુધાના જીવનમાં પ્રવેશ્યો એની માંદગીમાં એની સાથે રહેવું એમ માનીને જ તે દવાખાનામાં આવતો રહે છે. જો કે આવતો ત્યારે જમવા તો તે બહાર જ જતો.

મહાદેવના આવ્યા પછી સુમનભાઈ કેટલીક સૂચના આપી ચાલ્યા જાય છે. રૂમમાં કિરીટ, મહાદેવ અને નર્સ હીનલ હતાં. હીનલ ઘણું બધું જાણે છે. હીનલ તો એવું પણ વિચારતી હોય છે કે આવું બધું બની શકે ખરું ? એને એ વાતનો આનંદ છે કે સાંભળેલી વાત પ્રમાણે એક જ સ્ત્રીના જીવનમાં પ્રવેશેલા બંને પુરુષોને એકબીજાના નિકટના મિત્રો તરીકે તે અહીં જુએ છે.

'કિરીટ, થોડું હું બહાર ફરતો આવું અને જમતો પણ આવું. સાંજે શાંતિથી આપણે વાત કરીશું.' એમ કહી તે રૂમની બહાર નીકળે છે.

રૂમની બહાર નીકળતી વખતે મહાદેવને શ્વેતા યાદ આવે છે. તે શ્વેતાની રૂમમાં જાય છે. પથારીમાં શ્વેતાનું હાડપિંજર પડ્યું હોય એવું તે જુએ છે. છેલ્લે શ્વેતાને મળી ગયો ત્યાર પછી, શ્વેતાની તબિયત વધુ ગંભીર બની છે એવું સુશાનબેન એને કહે છે. મહાદેવને આવેલો જોઈ શ્વેતા પથારીમાં બેઠી થવાનો પ્રયત્ન કરે છે. પણ મહાદેવ તેને તેમ કરતાં રોકે છે. ઘણીવાર સુધી શ્વેતાના માથા પર હાથ ફેરવતો ફેરવતો બેસી રહે છે. શ્વેતા ઊંઘમાં ભરાઈ હોય તેવું તે જુએ છે. એટલામાં નર્સ આવે છે. નર્સને સૂચનાઓ આપી, પોતાની પાછળ આવવાનો

ઈશારો સુશાન મહાદેવને કરે છે. મહાદેવ સુશાનની પાછળ પાછળ રૂમની બહાર નીકળે છે. કોઈ બોલતું નથી. કોરીડોરમાંથી પસાર થઈ બંને દવાખાનાનાં પગથિયા ઊતરી જાય છે. દવાખાનાના બગીચાના એક ખૂણામાં ઘટાદાર વૃક્ષ નીચે બાંકડા પર સુશાનબેન બેસે છે. પોતાની બાજુમાં મહાદેવને બેસવાનો ઈશારો કરે છે.

અને પછી કેટલીય વાર સુધી શ્વેતા વિશે સુશાનબેન મહાદેવને કહે છે. ખાસ તો તેની માંદગીની વાત.

‘સુશાનબેન, મારે કોઈની અંગત બાબતમાં માથુ મારવુ ન જોઈએ. પણ તે દિવસે દવાખાનાના પગથિયાં ઊતરી કારપાર્કિંગ ભણી તમે જેની સાથે જતાં હતાં એનું કૂતુહુલ આજે પણ મને છે.’

‘તો તમે એમને મારી સાથે જોઈ ગયા હતા. કેમ ખરું ને ?’

‘હા. એ કોણ હતા ?’

‘બહુ લાંબી વાત છે. બહું ટૂંકાણમાં તમને કહીશ. તો સાંભળો. શ્વેતા અને સુધાના જીવનમાં પ્રવેશ પામનાર પ્રથમ પુરૂષ કિરીટ હતો. તેના વિશે તો તમે જાણો છો. શ્વેતા કુંવારી માતા બની. અને સુધાના બાળકને તમે પિતાનું નામ આપ્યું. એ હકીકતથી પૂરેપૂરી હું વાકેફ છું. યૌવનના ઉંબરે પ્રવેશ કરતી વખતે ઘણી બધી યુવાન છોકરીઓ પોતાને પુરૂષ મિત્રો હોય એવું વિચારતી રહે છે. અને અજાણતામાં શરીર સુખ માણવા સુધી પહોંચી જતી હોય છે. શ્વેતા અને સુધાની માફક મારે પણ એવું જ બન્યું. જે પુરૂષ સાથે મને જોયેલી. એ પુરૂષ મારા જીવનનો પ્રથમ પુરૂષ હતો. વર્ષો પહેલાં તે અહીં જ મુંબઈમાં રહેતો. એક જ હોસ્પિટલમાં અમે નોકરી કરતા. હું સ્ત્રી નર્સ હતી અને એ પુરૂષ નર્સ. નોકરીને કારણે મોટેભાગે સાથે ડ્યુટી હોય ત્યારે સાથે રહેવાના પ્રસંગો બહુ બનતા. હું રૂપાળી હતી તે જ રીતે તે પણ ગોરો હતો. આકર્ષક વ્યક્તિત્વ ધરાવતો એ ક્યારે મારા જીવનમાં આવી ગયો તેનો તો ખ્યાલ મને પણ નહોતો આવ્યો.

પ્રણય મસ્તીમાં ડૂબેલાં અમે અવારનવાર આ ગીચ વસ્તી ધરાવતા મુંબઈમાં ક્યાં ના ક્યાં નીકળી જતાં એનો અમને ખ્યાલ ન આવતો. આવાં મોટા શહેરમાં કોઈ કોઈને ઓળખે પણ નહીં. એટલે ખુલ્લી રીતે અમે એકબીજાને પ્રેમ કરતા રહેતા. છતાં અમે મર્યાદાનું ઉલ્લંઘન ક્યારેય નહોતું કર્યું.

એક દિવસે તેણે આવીને કહ્યું, ‘આવતા અઠવાડિયામાં હું અમેરિકા જઈ રહ્યો છું. ત્યાંની એક જાણીતી હોસ્પિટલમાં પુરૂષ નર્સ તરીકે મને નોકરી મળી ગઈ છે.’ એણે મને આનંદના સમાચાર આપ્યા. મને તે ગમ્યા ખરા. પણ હૃદયમાં એક ફટકો જરૂર લાગ્યો કે એણે પોતાનો પાસપોર્ટ કરાવ્યો. અમેરિકા અરજી પણ કરી. પણ તે મને જણાવેલું નહીં. મેં તેને માફ કર્યો. અમેરિકા જવાના બે દિવસ બાકી રહ્યા ત્યારે મારી ઈચ્છા ન હોવા છતાં તે મને એક હોટલમાં લઈ ગયો. દારૂ તેણે પીધો અને મને પણ પીવડાવ્યો. મુંબઈમાં દારૂ પીવાનું સહજ રહેતું. તેથી મને વાંધો નહોતો. તે એવી બધી વાતો કરતો રહ્યો. તે મને પીવડાવતો રહ્યો અને હું પીતી રહી. છેવટે હું એના ખોળામાં ઢળી પડી. હોટલની એ રૂમમાં અમે બંને નશામાં હતાં. નશામાં ને નશામાં અમે બંનેએ મર્યાદા છોડી દીધી. અને તે રાત્રિએ અમે એકથી વધુવાર પ્રણયસુખ માણ્યું. બીજે દિવસે અમે છૂટા પડ્યા ત્યારે પણ આ વાતનો વસવસો મને નહોતો. મને એમ કે હું પણ થોડા દિવસમાં આ રીતે, એની માફક અમેરિકા કોઈ હોસ્પિટલમાં પહોંચી જઈશ. પણ એ શક્ય ન બન્યું. તે ગયો તે ગયો. એનો કોઈ પત્ર કે ફોન પણ ક્યારેય આવ્યો નહીં. અહીં મારી પરિસ્થિતિ એવી સર્જાઈ કે એક નાનો પિંડ ધીરે ધીરે મોટો થતો ગયો. આની ખબર મને થઈ કે તરત જ મેં અહીંના સ્થાનિક પેપરમાં લગ્નની જાહેરાત આપી. અને જાહેરાતના અનુસંધાનમાં આવેલી અરજીઓમાંથી મારા યોગ્ય પુરૂષની મેં પસંદગી કરી લીધી અને હું પરણી ગઈ.

આમ તો પૂરા માસે મને પુત્રનો જન્મ થયો. પણ મારા પતિને વહેમ ન જાય એટલા માટે અધૂરા માસે બાળક જન્મ્યુ એવી વાત કરી. અને આમેય બાળક બહુ ઓછા વજનનું હોવાથી તેમણે પણ મારી વાત માની લીધી. પરંતુ કમનસીબે મારુ આ જન્મેલું બાળક અતિશય નબળું હોવાથી તે કાયમ બિમાર રહેતું હોવાથી ગમે તેટલી સારવાર કરી છતાં લાંબા સમય સુધી એ જીવિત ન રહી શક્યું. પાંચેક વર્ષની ઉંમરે અમને છોડીને ચાલ્યું ગયું. પછી તો ઘણા બધા પ્રયત્નો થયા છતાં અમારે આંગણે કોઈ બાળકનો જન્મ જ ન થયો. મારુ માતૃત્વથી છલકતું હૈયું સંતાનની સતત ઝંખના કરતું રહ્યું. પણ કુદરતને મને માતૃત્વ આપવું યોગ્ય નહીં લાગેલું હોય ! અને ત્યાર પછી તો મેં પોતે નર્સનો વ્યવસાય છોડી દીધો. મુંબઈ શહેરમાં અમારી જે મિલ્કતો હતી તે સાચવીને જીવવું એવું નક્કી કર્યું. અને છેવટે હોસ્ટેલમાં ગૃહમાતા તરીકે હું જોડાઈ. નાની-મોટી છોકરીઓના સહવાસમાં

રહેવાથી મને જાણે કે માતૃત્વ પ્રાપ્ત થયું હોય એવું અનુભવાતું અને હું છોકરીઓ પ્રત્યે પણ માતા જેવો જ વ્યવહાર કરતી રહી. અને એટલે જ શ્વેતાને મારી દીકરી સમજી મેં મદદ કરી.

મને છોડીને ગયેલો એ આટલા વર્ષો પછી પાછો આવે છે. મને ઓળખી જાય છે. થોડા સમય માટે અમેરિકાથી આવ્યો છે. હવે તો બહુ પૈસાદાર બની ગયો છે. તેના જીવનમાં મારા સિવાય કોઈ સ્ત્રીને પ્રવેશ તેણે કરવા દીધો નથી. અત્યારે તે મને એની સાથ લઈ જવાનો આગ્રહ કરે છે. હજુ ચાર-છ મહિના તે અહીં રહેવાનો છે. હું પણ એની સાથે ચાલી જવાનો વિચાર કરું છું. આ બાબતમાં તમારું શું માનવું છે ?

'તમારી સાચી પરિસ્થિતિની જાણ તમે મને કરી. મને બહુ આનંદ થયો. આટલા બધાં વર્ષો સુધી તે એકલો જ રહ્યો. તેથી તમારા પ્રત્યેની લાગણી તેની ખરી એમ હું માનું છું. તમે એની સાથે ચાલ્યા જાવ તો કશો વાંધો નથી. જેમની સાથે મેં તમને જોયેલા તે વખતથી જ મને, શંકા ગયેલી કે આટલી મોટી ઉંમરે તમે... ' આગળ મહાદેવ બોલતો નથી.

સુશાનબેન મહાદેવનો હાથ પકડી ઊભી થવાનો પ્રયત્ન કરે છે. ઊભી થઈ તે આંખના આંસુ લૂછે છે. અને મહાદેવનો હાથ પકડી ધીરે ધીરે દવાખાનાનાં પગથિયાં ચઢે છે અને શ્વેતાવાળી રૂમમાં મહાદેવને લઈ જાય છે. રૂમમાં પહોંચી મહાદેવ સુશાનબેનને પાણી આપે છે. સુશાન પાણી પીવે છે. અને જાણે કે કંઈ જ નથયું હોય એ રીતે હસીને વાતચીત કરે છે. ધીરે રહીને કહે છે, 'આપણે હવે તો કિરીટ અને શ્વેતાને ભેગાં કરીશું ને ?'

'હા, હું કિરીટને લાવીશ.' એમ કહી મહાદેવ બહાર નીકળી જાય છે.

શ્વેતાની રૂમમાંથી નીકળી મહાદેવ કિરીટ પાસે પહોંચે છે. કિરીટ અને હીનલ તો વાતો કરતાં હતાં. મહાદેવને આવતો જોતાં જ હીનલ ખુશ થાય છે.

'આવો તમારી જ વાત અમે કરતાં હતાં. સો વર્ષનું આયુષ્ય કદાચ તમે ભોગવશો.'

'અરે છોકરી, સો વર્ષનું આયુષ્ય ભોગવવાને બદલે વહેલું ઉપર જવું સારું. જેટલું વધુ જીવીએ એટલા સમાજમાં લોકોના ગોદા વધુ ખાવાના. આનો કદાચ તને ખ્યાલ નહીં આવે.'

'સો વર્ષ પાછા ખેંચી લઉં છું. જાઓ જ્યોતિષશાસ્ત્રની દ્રષ્ટિએ હું કહું છું કે તમે એકાવનમા વર્ષે મૃત્યુ પામશો.' એમ કહી હીનલ મૌન ધારણ કરે છે.

મહાદેવને એક પ્રસંગ યાદ આવે છે.

જ્યારે તે પહેલો વહેલો કોલેજની પ્રોફેસર નોકરી મેળવે છે ત્યારે એક જ્યોતિષીને પોતાની કુંડળી બતાવવા જાય છે. ત્યારે પેલા જ્યોતિષીએ તેના જીવનમાં ઘણું બધું બનવાનું છે તેવી વાત કરેલી. તમે ઘણું બધું લખશો. લોકો તમને ચાહશે પણ ખરા. કીર્તિ અને નાણાં પણ મેળવશો. લગ્ન થશે પણ, પત્ની હયાત હોવા છતાં પત્નીનું સુખ મેળવી નહીં શકો અને.... કહી તે અટકેલો.

મહાદેવે બહુ આગ્રહ કર્યો ત્યારે તે જ્યોતિષીએ કહેલું, 'મહાદેવભાઈ, તમારી હાથની રેખાઓ એકાવનમા વર્ષે અટકી જતી હોય તેવું હું જોઉં છું.'

આજે પણ એ જ વાત એકાવન વર્ષની હીનલે કહી. મહાદેવને એક આંચકો આવી ગયો. પણ ચૂપ થઈ ગયો.

'હીનલ, તું કદાચ સાચી પડીશ. ભૂતકાળમાં એક જ્યોતિષીએ પણ એકાવન વર્ષે મારી રેખાઓ અટકી જશે એમ મને કહેલું. કાંઈ વાંધો નહીં. હજુ થોડા વર્ષો તો જીવવાનો છું ને! કોઈ ચિંતા નહીં. પચાસવર્ષથી જ બધું સમેટવાનો પ્રયત્ન કરીશ.' કહી ખડખડાટ હસી પડે છે.

વધુમાં તે કહે છે, 'જો હીનલ ઘણું બધું તું જાણે છે. કિરીટની કાયમી નર્સ હોવાને કારણે અને હવે અમે જે વાત કરી એ તેં શાંતિથી સાંભળજે. કદાચ તું પણ મારી માફક એકાદ નવલકથા લખી નાખીશ.'

કિરીટ અને મહાદેવ વાતોએ વળગે છે અને હીનલ સાંભળે છે.

'કિરીટભાઈ, તમે સુધાને કેટલી ચાહો છો ? સુધા તમારી સાથે લગ્ન કરી સંસાર માંડવા માંગે તો તમે સુધાનો સ્વીકાર કરો ખરાં ?'

'જુઓ, મહાદેવભાઈ, આ તો આકસ્મિક આ માંદગી આવી ગઈ તેનાથી મેં સુધાથી દૂર રહેવાની ઈચ્છા કરી ,આજે પણ હું સુધાને ચાહું છું. સુધાને મેળવવાની ઘણી ઈચ્છા હતી. એના પૈસાને કારણે નહીં પણ એના

નિખાલસ સ્વભાવને કારણે. પણ હવે એ શક્ય કેવી રીતે બને ?'

'તમે ધારો તો બધું જ શક્ય બને.'

'અરે મહાદેવભાઇ, તમે મારી મશ્કરી કરો છો. તમે તો સુધા સાથે પરણ્યા છો. બે બાળકો પણ છે. તો સુધા મારી કેવી રીતે બની શકે ?'

'હું સુધાને છૂટાછેડા આપી દઉં તો ?'

'એ મને ન ગમે. મારા સુખ માટે તમે દુઃખી થાવ એ હું ક્યારેય ન ઇચ્છું. જુઓ મહાદેવભાઇ, તમે મને એક કિડનીનું દાન કર્યું . જેને કારણે હું જીવતો થયો એમ હું કહું તો ખોટું નથી. માનસિક ત્રાસમાંથી કોઇ માણસ બચાવે તેનો તો મારે આભાર માનવો જોઇએ. તેની પાસે જે છે તે લેવાની ઇચ્છા હોવા છતાં હું એનો હકદાર ન બની શકું. તમે અને સુધા શાંતિથી જીવન જીવો એ જ મારી ઇચ્છા છે.'

'અને છતાંય મારી વાત સાંભળી સુધા તમારી સાથે જોડાવા માંગતી હોય તો તમે શું કરો ?'

'તમને છોડીને ?'

'હા. મને છોડીને તમને તે મેળવવા માગતી હોય તો તમે એની ઇચ્છા પૂરી કરી શકો ?'

'મહાદેવભાઇ, આમાં મારું મગજ ચાલતું નથી. હું એવી દ્વિધામાં છું, ઇચ્છતો હોવા છતાં હું હા કહી શકું તેમ નથી. છતાંય તમે અને સુધા જે નક્કી કરશો એ પ્રમાણે હું વર્તવા પ્રયત્ન કરીશ. એની હું ખાતરી આપુ છું.'

'જો હીનલ તું તો આજની સાક્ષી છે. ભવિષ્યમાં ડૉક્ટર સુધા ઇચ્છે તો કિરીટ એમની સાથે જોડાશે એવું વચન તારી રૂબરૂમાં આપ્યું છે. એટલે તારે પણ કિરીટભાઇને એ બાબતમાં તૈયાર કરવા પડશે. કેમકે મોટેભાગે તું એમની સેવા કરે છે. અને બીજી એક વાત તમારે બંનેએ આપણી વચ્ચે થયેલી વાત હું જ્યાં સુધી ના કહું ત્યાં સુધી ખાનગી રાખવાની રહેશે.'

કિરીટ બોલતો નથી. હીનલ એકદમ ઊભી થાય છે. મહાદેવ પાસે પહોંચી તેના બંને હાથ પકડી તે કહે છે કે, 'આમ થશે તો મને બહુ આનંદ થશે. પણ એક વાત મને સમજાતી નથી કે આટલો મોટો ત્યાગ કરવાનું તમે કેમ વિચારો છો ?'

'હીનલ, તને નહીં સમજાય. તું હજી નાની છે. ફરી આપણે ક્યારેક એકલાં હોઇશું ત્યારે તને બધી વાતથી હું વાકેફ કરીશ.' એમ કહી હીનલના મનનું સમાધાન કરે છે.

પોતે જે વિચારતો હતો તે દિશામાં હવે મહાદેવ મક્કમ પગલાં માંડશે તેવું તે અનુભવે છે. કિરીટ કમને રાજી થયો. પણ સાચી પરિસ્થિતિ જાણશે ત્યારે તો તે આનંદથી ઊછળી પડશે જ....

મહાદેવને વિચારોમાં અટવાયેલો હીનલ જુએ છે. થોડીવાર પહેલાં વાતચિતને કારણે જીવંત થયેલી રૂમ અત્યારે શાંત છે. ત્રણેય જણ એકબીજાનાં મોં સામે જોઇ રહે છે. કોઇ કશું બોલતું નથી. હીનલ ઊભી થાય છે. અંદરના ભાગમાં જઇ થોડીવારમાં ત્રણેય જણ માટે ઠંડુ પીણું લઇ આવે છે. મહાદેવ જાણે કે વર્ષોનો તરસ્યો હોય એ રીતે એકી સાથે પ્યાલાનું પ્રવાહી ઘટુક-ઘટુક કરતો પી જાય છે. કિરીટ પીવાનું ના કહે છે, 'હું જાણું છું કે તમે બહુ નહીં પીવો એટલે તમારા પ્યાલામાં થોડુંક જ છે. એટલે વાંધો નહીં આવે.' એવું કહી હીનલ કિરીટને પીવાનો આગ્રહ કરે છે. કિરીટ મહાદેવ સામે જોતાં જોતાં પીવે છે. હીનલ પોતાનો પ્યાલો પીવાનો પ્રયત્ન કરે છે. ત્યારે મહાદેવ સામે જોતાં તેની આંખ મીંચાઇ જાય છે અને મહાદેવ હીનલ દ્વારા આંખ મીચકારવાથી કોઇ સૂચન થયું હોય એવું અનુભવે છે. એના હાથમાંથી પ્યાલો છૂટી જાય છે. કાચના ટુકડાઓ રૂમમાં અહીં તહીં વેરાઇ જાય છે. હીનલ હસી પડે છે. 'કિરીટભાઇ તમે નસીબદાર છો. આ પ્યાલો તૂટવો તમારા માટે કદાચ શુકનનો સંકેત હશે. અને મારા માટે પણ. ' એમ કહી અંદર ચાલી જાય છે. અંદરથી આવીને ફર્શ પર પડેલા કાચના ટુકડા ધીરે ધીરે કપડાની સહાયથી વીણી લે છે. બહાર ફેંકી આવી, અંદર આવી કિરીટના ઓશિકા આગળ બેસે છે.

'હીનલ, મહાદેવભાઇ સાથે જે વાત થઇ એના કારણે કદાચ મને શુકન થશે એ બાબત તો સમજ્યા પણ તને ક્યા શુકન થવાના છે ?' એવું કિરીટ પૂછે છે.

'કિરીટભાઇ, મારી મશ્કરી તો નહીં કરો ને ? જુઓ આ કાચનો પ્યાલો તૂટ્યો એના પહેલાં જ મારા મનમાં આ પ્રોફેસરના પ્રેમમાં હું પડી ગઇ છું. એવો મેં અનુભવ કર્યો. અને મેં એમને આંખ મારી અને મારા હાથમાંથી પ્યાલો પડી ગયો. કિરીટભાઇ તમારું તો કામ પતી જશે. પણ તમારે મારા વિશે પણ વિચારવું પડશે.'

એમ કહી મુક્તમને હીનલ હસી પડે છે. મહાદેવ હીનલ સામે તાકી રહે છે. હીનલની આંખમાંથી વહી જતું પ્રણયનું ઝરણું જાણે કે મહાદેવને ભીંજવી જતું હોય એવું અનુભવે છે. અને બીજી ક્ષણે તે રૂમની બહાર નીકળી જાય છે.

થોડીવાર સુધી રૂમમાં શાંતિ છવાયેલી રહી. બંને એકબીજા સામુ તાકી રહે છે. ધીરેથી, 'કિરીટભાઇ મારું કામ કરી આપશો ને?' એમ કહી હીનલ કિરીટનો હાથ પકડી લે છે. કિરીટ વિચારે છે કે એકાએક હીનલમાં આવું પરિવર્તન ક્યાંથી આવ્યું ? તો શું સાચે જ હીનલ મહાદેવના પ્રેમમાં પડી ગઇ છે ? ક્યાંય સુધી બંનેએ એકબીજાના હાથ પકડી રાખ્યા. અને એકાએક, 'હું આવું છું.' એમ કહી હીનલ પણ રૂમની બહાર નીકળી ગઇ.

દવાખાનાના કોરીડોરમાં, દવાખાનાની બહાર, પગથિયાં પાસે કે બગીચામાં ક્યાંય હીનલને મહાદેવ દેખાયો નહિ. તે ક્યાં ગયો હશે ? તેમ તે વિચારતી રહી અને પાછી ફરે છે. સામે જોતાં જ અચંબામાં પડી, રૂમ નંબર ત્રણમાંથી મહાદેવને તેણે બહાર આવતા જોયો. એને થયુ ત્રણ નંબરમાં કોણ હશે ? અને તેઓ ત્રણ નંબરમાં અંદર જઇ પાછા આવ્યા એનો મતલબ કે એ રૂમના દર્દીને તેઓ ઓળખતા હશે.

રૂમ નંબર ત્રણમાંથી બહાર નીકળતાં મહાદેવની નજર હીનલ પર પડે છે. તે ત્યાં જ બહાર ઊભો રહે છે. હીનલ ધીરે ધીરે ડગલાં માંડતી મહાદેવની નજીક આવે છે. નજીક આવેલી હીનલને મહાદેવ પોતાના બે હાથે ઊંચકી લે છે અને ગોળ ગોળ ફેરવે છે. એકાએક મહાદેવ દ્વારા આમ થવાથી હીનલ ગભરાઇ જાય છે. પણ બીજી ક્ષણે તે સમજી જાય છે કે થોડી વાર પહેલાં કિરીટની રૂબરૂમાં જે વાત થઇ હતી એ જ વાતના અનુસંધાનમાં તેને ઊંચકી લેવી એ એના સ્વીકારની જ વાત થઇ એવું તે સમજી લે છે. આનંદના આવેગમાં જાણે કે એનું હૈયું બેકાબુ બની રહ્યું હોય એ રીતે તે દોડતી દોડતી સત્તાવીશ નંબરની રૂમમાં પ્રવેશ કરી જાય છે.

હજુય તે હાંફે છે. તેના શ્વાસોશ્વાસની ક્રિયા જાણે કે વધી ગઇ હોય તેવું તે અનુભવે છે. પછી કિરીટના હાથ પકડી તેની પાસે બેસી જાય છે. કિરીટ હીનલની આંખમાં આસું જુએ છે. તે શાના હશે તે વિચારી શકતો નથી. પણ હીનલના હાથના સ્પર્શથી હર્ષના આંસુ હશે તેવું તે કલ્પી લે છે.

દોડતી ચાલી ગયેલી હીનલને જોતાં મહાદેવ વિચારે છે કે મારું આમ પરોક્ષ રીતે એને કહેવું, એનાથી એ ખુશ થઇ. પણ મારા માટે આ યોગ્ય ખરું ? એ પ્રશ્ન એને થાય છે. જો કે હાલ પૂરતું તો તેને કિરીટ અને સુધાને ભેગાં કરવા જ છે. એ જ મથામણ અનુભવે છે. તે પાછો ફરે છે. શ્વેતાની રૂમમાં દાખલ થાય છે. પથારીમાં શ્વેતાને તે જુએ છે. નર્સ કે સુશાનબેન કોઇ ત્યાં નથી. કોઇના આવવાનો અણસારો જાણતાં જ શ્વેતા આંખ ખોલે છે. મહાદેવને જોતાં જ બેઠી થવાનો પ્રયત્ન કરે છે. મહાદેવ ના કહે છે છતાંય તે બેઠી થાય છે. મહાદેવને પોતાની પાસે બેસવાનું કહે છે. પછી ધીરેથી, 'તમે મારી દીકરીને સાચવશો ને ? હવે કિરીટને કેમ છે ? જુઓ મહાદેવભાઇ, મને બહુ અશક્તિ લાગે છે. મને તપાસવા જે ડૉક્ટર આવે છે. તેમની સાથે સુશાનબેનની વાત થાય છે. તેમાં તે બંનેનો નિરાશાજનક અવાજ મને સંભળાતો રહે છે. હું ઊંઘતી હોઉં તેવો દંભ કરું છું. છેલ્લા ડૉક્ટર તપાસી ગયા ત્યારે હવે હું એક અઠવાડિયું હું જીવી શકું એવું ડૉક્ટર કહેતા હતા. હવે મને થાય છે કે મારા મૃત્યુ પહેલાં મારે કિરીટને મળી લેવું જોઇએ. આ જીવનનો કશો ભરોસો નથી. કિરીટે તો અમારી દીકરીને હજુ જોઇ પણ નહીં હોય. તમારી સાથે વાતચીત થઇ તે પ્રમાણે તમે જે કંઇ કરશો તે મારી દીકરી માટે યોગ્ય જ હશે એટલે મને દીકરીની ચિંતા નથી. જન્મ પછી જેણે પોતાના પિતાનું સુખ જોયું નથી તેને તમે પિતાના સુખથી વંચિત ના રાખશો. અને કિરીટને કહેજો કે તેણે મને જે સુખ આપ્યુ હતું એનાથી હું પૂરેપૂરી સુખી છું. લગ્નના બંધને બંધાયા ન હોવા છતાં હંમેશા મારા પતિ જ રહેશે. અરે ! હું ગાંડી છું. હું ક્યાં બહુ જીવવાની છું. આ તો મારો લવારો જ છે.' મહાદેવ સાંભળે છે. એકદમ શ્વેતા બોલતી બંધ થાય છે. મહાદેવ જુએ છે. શ્વેતાના મોંમાંથી લોહી નીકળે છે. ધીરે ધીરે તે શ્વેતાની પીઠે હાથ ફેરવતો રહે છે. કપડાથી શ્વેતાનું મોં સાફ કરે છે. ધીરે ધીરે શ્વેતાને તે સુવાડી દે છે. ઊભો થઇ લોહીવાળું કપડું ફેંકી એક ભીનું કપડું કરી શ્વેતાનું મોં સાફ કરે છે. જાણે શ્વેતા અવાચક બની ગઇ હોય એવું તે અનુભવે છે. એકદમ તે બહાર નીકળી ડૉક્ટરને બોલાવી લાવે છે. શ્વેતાને તપાસતાં, 'ચિંતા કરવાની કોઇ જરૂર નથી.' કહેતાં ડૉક્ટર ચાલ્યા જાય છે. ત્યાં તો સુશાનબેન પણ આવી પહોંચે છે. જે કંઇ બની ગયું તે વિશે મહાદેવ સુશાનબેનને વાકેફ કરે છે.

'ડૉક્ટર સાથે મારે વાત થઇ છે. શ્વેતાના ભવિષ્ય માટે. કદાચ સાંજના રૂમ ખાલી કરી શ્વેતાને મારે ઘેર પણ લઇ જાઉં.' એમ કહી સુશાનબેન થોડાં આગળ વધે છે. મોં ફેરવી લે છે. પોતાની આંખમાં આવેલાં આંસુ

લૂછતાં હોય તેવું મહાદેવ જુએ છે. એક પરાઇ સ્ત્રીના હૃદયમાંથી કોઇપણ જાતના સંબંધ વગરની યુવતી માટે માતૃત્વ છલકાતું હોય એવું પહેલીવાર મહાદેવ જુએ છે. એણે પોતે એની નવલકથાઓમાં ઘણી વખત મા-દીકરી વચ્ચેના સંબંધોનું નિરૂપણ કર્યું છે. માતૃત્વથી છલકાતાં હૃદયોની વાત અને દીકરી માટે થતી વેદનાની વાત પણ એણે નિરૂપી છે. એ તો બધુ નવલકથામાં કલ્પના કરી તેણે લખ્યું. પણ આજે કલ્પનામાં સર્જન કરેલું એ બધું જાણે કે વાસ્તવિકરૂપે એની સમક્ષ પ્રગટ થતું હોય એવું એ જુએ છે. સુશાનબેનની પાસે જઇ તે પોતે જ એમની આંખમાં આવેલાં આંસુને લૂછવાનો પ્રયત્ન કરે છે. અને સુશાનબેન ધ્રુસકેને ધ્રુસકે રડી પડે છે.

જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતી એક યુવાનકન્યા કે જેણે દાંમ્પત્ય સુખ તો ભોગવ્યું નથી. અને છતાંય આકસ્મિક માતૃત્વ પ્રાપ્ત થાય અને સુખેથી પોતાના દિવસો પસાર થાય એવી ક્ષણો આવે ત્યારે પોતાના નસીબમાં પ્રિય પાત્રનું મિલન તો ક્યાં રહ્યું પણ મૃત્યુની રાહ જોતાં રહેવું એવું બને ત્યારે આનો જવાબ તો કોઇ આપી શકે તેમ નથી.

સુશાનબેનને રડતાં છોડી મહાદેવ કિરીટ પાસે પહોંચે છે.

રૂમમાં દાખલ થતાં જ તે જુએ છે હીનલ અને કિરીટ એકબીજા પાસે બેઠેલા, એકબીજા સાથે હસતાં હસતાં વાતો કરી રહ્યાં છે. મહાદેવને આવેલો જોઇ હીનલ ઊભી થઇ જાય છે. બંનેથી દૂર જઇ સોફા પર બેસી જાય છે. મહાદેવ કિરીટના ઓશિકા પાસે જઇ બેસે છે.

‘તમે મને એક વાત ન કહી. આ શ્વેતા કોણ છે ? સાચેસાચું જણાવજો. જેથી ભવિષ્યમાં ગેર સમજ ઊભી ન થાય. મારે તમને સુધાની સાથે ભેગા કરવા છે. હું જ્યારે તમારી બંનેની વચ્ચે હોઉં તો મારે બંનેના જીવનની કેટલીક અંગત વાતો પણ જાણવી પડે.’

‘જુઓ મહાદેવભાઇ, શ્વેતા એ મારી જીંદગીના પુસ્તકનું એક તૂટેલું પાનું છે. તે તૂટી પડેલું પાનું ક્યાં હશે તેની મને ખબર નથી. આટલા વખતના તમારા સહવાસમાં તમે શ્વેતા વિશે કોઇ વાત કરી નથી. આજે જ ઓચિંતી શ્વેતા તમને યાદ આવી. મને લાગે છે કે તમે મારી અને શ્વેતાની વાત જાણતા હશો. શ્વેતા સુધાની બહેનપણી અને સુધા તમારી પત્ની એટલે કદાચ વાત થઇ હશે.’

‘ના એમ નથી. હું લેખક ખરોને. અમને વાતવાતમાં કોઇના સ્થિર દાંમ્પત્યમાં વચ્ચે વચ્ચે આવો ભમરો મૂકવાનું મન થાય. એટલે સ્વાભાવિક રીતે મારાથી પૂછી જવાયું.’

‘હું તમને સાચી વાત કહીશ. ડૉક્ટર સુધા સાથે મારું લગ્ન થવાનું હતું. વડોદરા એના જ બંગલામાં હું રહેતો હતો. વેકેશનમાં સુધા સાથે તે મુંબઇથી આવેલી. વડોદરા પાસે પાદરાની તે વતની. અવંતિકાબેનની પણ સગી થાય. એ થોડો સમય ત્યાં રહેલી. એના થોડા સમયના સહવાસમાં હું એના પ્રત્યે આકર્ષાયેલો એમ કહું એના કરતાં એ મારા પ્રત્યે આકર્ષાયેલી એમ કહેવું વ્યાજબી રહેશે. સુધા આઘી પાછી હોય ત્યારે બે-ચાર વખત મારી સાથે અડપલાં પણ કરી ગયેલી. અને પછી તો તે મને ગમી ગયેલી. સુધા કરતાં પણ વધુ રૂપાળી. જો કે સુધાના નિખાલસ સ્વભાવની આગળ તેની સરખામણી ન થઇ શકે. એ મુંબઇ જવાની હતી ત્યારે તેણે ફોન કરીને મને એની સાથે જવાનું કહેલું. મુંબઇ પહોંચ્યા પછી બે-ચાર દિવસ અમે એકાંતમાં ગાળેલા પણ ખરા. તે પોતે જ કહેતી કે તે સ્વછંદી હતી. તે એમ પણ કહેતી કે તેને પુરૂષના સહવાસની ટેવ નથી. પણ મને જોતાં એની આંખમાં ઉન્માદ છવાયેલો તેવું તેણે મને કહેલું. અને પછી એ થોડો સમય તેણે તેની સ્વૈચ્છિક રીતે જ જે ભોગવવાનું હતું તે ભોગવી લીધું અને મને પણ ભોગવવા દીધો. તે દિવસો પછી છૂટા પડતી વખતે મેં એના ચહેરા પર એક ચમક જોયેલી. એ શાની ચમક હતી તેનો મને તે વખતે ખ્યાલ નહોતો. આજે તમારી સાથે વાત કરું છું ત્યારે પણ મને એનો ખ્યાલ નથી. પણ એના ચહેરા પર કશુંક પ્રાપ્ત કર્યાનો સંતોષ હતો એવું તો હું માની લઉં છું. અમારું એ છેલ્લું મિલન. અને પછીના થોડાં દિવસો બાદ શ્વેતાની માફક જ સુધાએ પણ લાગણીના આવેગમાં મારી સાથે પરમસુખની અંતિમ ક્ષણોમાં પહોંચી જવાનું વિચાર્યું. શ્વેતા સાથે જે બન્યું હતું એનું પુનરાવર્તન સુધા સાથે થયું. સુધાની આંખમાં પણ એવી ચમક મેં જોઇ હતી. જે શ્વેતાના ચહેરા પર જોઇ હતી. અને પછી તો કુદરતને કરવું તે મારા જીવનમાં એકાએક પલટો આવ્યો. ઘણા સમયથી અશક્તિ અનુભવતો એવો હું શરીરના એક અંગની નિષ્ફળતા સુધી પહોંચી ગયો છું. એનો ખ્યાલ પણ ન રહ્યો. પછીની મારી પરિસ્થિતિથી સુમનભાઇ જ્ઞાત છે.અને હવે તમે. કદાચ મારા જીવનમાં શ્વેતા ફેંકાઇ જાત પણ સુધાને કાયમ વફાદાર રહોત. એવું તો હું પણ

ઇચ્છતો હતો. જો કે મને એક વાતનો અફસોસ રહ્યા કરે છે કે સુધા મને પરણવા ઇચ્છતી હતી છતાં કેમ તમને પરણી ગઇ ? એનું રહસ્ય આજ સુધી જાણી શકયો નથી. આજે હું સુધાને ચાહું છું. તમે મને ઘણી બધી આ માંદગીમાં મદદ કરી છે. એટલે તમારા અંગતજીવનમાં હું ન પડી શકું. શ્વેતા કયાં હશે તેની જાણકારી મારી પાસે નથી. એ જ્યાં હોય ત્યાં, જેની સાથે લગ્નગ્રંથિથી જોડાઇ હોય એની સાથે સુખી રહે એવું જ હું ઇચ્છું છું. પણ આટલા બધા વિશાળ માનવપટમાં એ કયાં ? કયા શહેરમાં હોય એનો તો ખ્યાલ ન આવે .'

'કિરીટભાઇ, તો શ્વેતા સાથે તમે જે દિવસો પસાર કર્યા એ તમારે માટે યોગ્ય હતું ? સુધાની સાથે તમે દગો કર્યો એમ ના કહી શકાય ?'

'તમારી વાત સાચી છે. પણ મારી એ ભૂલ હતી. જો કે યુવાનીના આવેશમાં ઘણી વાર પુરુષો તરફથી આવી ભૂલો થઇ જતી હોય છે.'

'અને સ્ત્રી તરફથી આવી ભૂલો થાય તો ? સમાજ એને ધિક્કારે છે. એ તો તમે જાણો છો ને ? કિરીટભાઇ, સુધાએ તમને લગ્નનું વચન આપેલું. હું અને સુધા પણ ટ્રેનમાં ભેગાં થયેલાં. સુધા પ્રત્યે હું આકર્ષાયેલો. સુધા પણ મારા પ્રત્યે આકર્ષાયેલી. પણ એણે તે દિવસે મને કહેલું કે, થોડા સમય પહેલાં કોઇની સાથે લગ્ન કરવાનું તે વચન આપી ચૂકી છે. અને એના જીવનમાં એક શુભેચ્છક મિત્ર તરીકે મારો પ્રવેશ થાય એવું તેણે ઇચ્છેલું. તમારા માટેનો એનો આગ્રહ હતો. એટલે જ આવી વાત એણે મને કરેલી. ને જુઓ તમે કોલેજમાં ફોન કરી ડૉક્ટર સુધા વિશે પૂછતા હતા અને મેં પણ તમને કહેલું કે ક્યારેક મુંબઇ જઇશું ત્યારે એની ઓળખાણ કરાવીશ. પણ એ થઇ શક્યુ નહિ. તમે ઇચ્છતા હતા સુધાને. પણ સુધા મારી પાસે આવી ગઇ. તમે તો શ્વેતા અને સુધાને બંનેને દગો કર્યો કહેવાય.'

'માફ કરજો. મહાદેવભાઇ તમે મારી આંખ ખોલી. હું બંનેનો ગુનેગાર છું. અને આમેય અત્યારે મારી પરિસ્થિતિ એવી છે કે હું કોઇનોય સ્વીકાર કરી શકું એમ નથી. છતાં ક્યારેક સુધાને અને શ્વેતાને જોવાની ઇચ્છા થાય છે ખરી. એ તો ક્યારે પૂરી થાય એ તો ભગવાનને આધીન છે.'

'કિરીટભાઇ, હું જ તમારો ભગવાન છું. મહાદેવ મારું નામ. ભગવાનનુંય નામ. તમે હજુય મને ન ઓળખી શકયા. હું જે ધારું તે કરી શકું છું. અને ક્યારેક તો ન ઇચ્છેલી વસ્તુ પણ મને પ્રાપ્ત થાય છે. તમે તો તેના સાક્ષી છો. જુઓ તમને તેનો તાજો દાખલો બતાઉં.' એમ કહી મહાદેવ ઊભો થાય છે. સોફા પાસે બેઠેલી હીનલ પાસે જાયછે. હીનલનો હાથ પકડી તેને ઊભી કરે છે. તેને ધીરે ધીરે લઇ કિરીટની પાથરી પાસે પહોંચે છે. 'જુઓ કિરીટભાઇ, હમણાં જ મેં કહ્યું ને હું જે ઇચ્છું છું તે જ થાય છે.' મહાદેવ હીનલને આલિંગનમાં લે છે. એનું માથું ઊંચુ કરી કિરીટ જુએ તેમ હીનલના હોઠ પર પોતાના હોઠ મૂકી દીર્ઘ ચુંબન લે છે. કિરીટ તાકી રહે છે. ધીરે રહીને મહાદેવ કહે છે, 'કિરીટ હવે તમને લાગ્યું ને હું જ તમારો ભગવાન છું. હું જ તમારો મહાદેવ.' આમ કહેતી વખતે પણ હીનલને પોતાની છાતી સાથે તેને દબાવી જ રાખી છે.

થોડીવાર સુધી શાંતિનું એક સામ્રાજ્ય રચાયેલું દેખાય છે. કિરીટ આશ્ચર્યચકિત થઇ જાય છે. અને હીનલ મહાદેવે પોતાને સ્વીકારી છે એનો આનંદ અનુભવતી મહાદેવના આલિંગનમાં જકડાઇ રહે છે. ક્યાંય સુધી બંને આલિંગન બદ્ધ રહ્યાં. છેવટે હીનલને કિરીટભાઇ પાસે બેસાડે છે. તે ઊભો રહે છે અને કહે છે, 'કિરીટભાઇ, વાસ્તવમાં તો હું ભગવાન નથી. નામ મહાદેવનું સ્વીકાર્યું છે. ક્યારેક મહાદેવની માફક પરોપકારના કામ પણ કરવા પડે. જુઓ નજીકના ભવિષ્યમાં તમારા જીવનમાં આવી ગયેલાં બંને પાત્રો શ્વેતા અને ડૉક્ટર સુધા સાથે તમારો મેળાપ કરાવીશ. તમને ગમશે ને ?'

'તમે એવું કરો તો મને બહુ આનંદ થશે. બંનેની માફી માંગીશ.'

'પણ કોનો સ્વીકાર કરશો ? શ્વેતાનો કે ડૉક્ટર સુધાનો? શ્વેતા હજુ કોઇ સાથે પરણી નથી. અને ડૉક્ટર સુધાનું લગ્ન મારી સાથે થયું છે.'

'કદાચ આ પ્રશ્નનો જવાબ હું ના આપી શકું. મને બંને ગમે છે. પણ,'

'પણ કેમ બોલ્યા ? હજુ પણ બંને પ્રત્યે આકર્ષાયેલા છો. સુધા મારી પત્ની હોવા છતાં. મારા જ ઘરમાં આગ ચાંપવી છે ?'

'ના મહાદેવભાઇ, મારાથી એમ ના કરાય.'

'તો પછી શું કરશો ?'

'તમે જે કહેશો તે મને કબૂલ છે. તમારા ઉપકારનો બદલો અપકારથી ન આપી શકાય. અને તમે તો મને જીવનદાન આપ્યું છે. એ શેં ભૂલાય ?'

'જુઓ કિરીટભાઇ, આજે રાત્રે અહીં જ હું શ્વેતાને લઇ આવું છું. પણ એક શરતે. શ્વેતાને દુઃખ થાય તેવું કશુ જ નહીં તમે બોલો.'

'ભલે. પણ સુધાનું શું ?'

'કિરીટભાઇ, હજુ પણ સુધાનું રટણ કરો છો. સુધા મહાદેવના જીવનમાં આવી ગઇ છતાંય ?'

'મહાદેવભાઇ, તમને સાચું કહું ? આ માંદગીને કારણે સુધાથી હું દૂર રહ્યો. પણ મારા શરીરના અણુએ અણુમાં આજે પણ હું સુધાના શ્વાસનો અનુભવ કરું છું. પણ હું લાચાર છું. મારે ઘણું બધુ કહેવું છે. પણ તમને કહી શકતો નથી.'

'ચાલો થોડીવાર માટે સુધાની વાત બાજુ પર મૂકી દઇએ. શ્વેતાની વાત કરીએ. આજે રાત્રે જ શ્વેતા સાથે તમારી મુલાકાત કરાવીશ અને પછી સુધાની. સુધાનો વિચાર પણ મારે જાણી લેવો જોઇએ ને ? તમે થોડીવાર આરામ કરો. હું અને હીનલ થોડીવાર બહાર જઇને આવીએ છીએ. તમારે કોઇ વસ્તુની જરૂર તો નથી ને ?'

'તમે જઇ આવો. મારે કશી જરૂર હશે તો હું મારી જાતે લઇ લઇશ.' એમ કહી કિરીટ પડખું ફેરવી જાય છે.

અને.. હીનલને લઇ મહાદેવ હોસ્પિટલનાં પગથિયાં ઊતરી જાય છે.

ચાલતાં ચાલતાં જ મહાદેવ હીનલને નજીકની રેસ્ટોરન્ટમાં લઇ જાય છે. ફેમીલી રૂમમાં સામસામેની ખુરશીમાં એ બંને બેસે છે. ટેબલ પર પડેલું મેનુ હીનલ હાથમાં લે છે, 'આજે તો હું જે મંગાવું તે જ તમારે લેવું પડશે. આજે હું બહુ ખુશ છું.' એમ કહી હીનલ વેઇટરને બોલાવી ઓર્ડર આપે છે. થોડીવાર પછી એક પછી એક વસ્તુઓ આવતી રહે છે. દરેક વસ્તુમાંથી એક એક ચમચી ભરી પોતાના હાથે જ હીનલ, મહાદેવના મોંમાં મૂકે છે. મહાદેવ ચૂપ છે. આમને આમ તે બંને વારાફરતી એકબીજાને ખવડાવે છે. અને પાછા પોતાની જાતે જ ખાતા રહે છે. બંને શાંતિથી જમે છે. જમ્યા પછી હીનલ ઠંડુ પાણી પણ મંગાવે છે. આજે હીનલે પોતાને ભાવતી મનપસંદ વસ્તુઓ અને ઠંડુ મંગાવી મહાદેવને જમાડ્યો અને પોતે પણ જમી ખરી. રેસ્ટોરન્ટની અંદર પ્રકાશને કારણે બહાર કેવું વાતાવરણ હશે એનો ખ્યાલ બેમાંથી કોઇનેય આવતો નથી. બહાર નીકળે છે ત્યારે બહાર અંધારું થઇ ગયું હતું. રસ્તાની બંને બાજુ વીજળીના દીવા ઝળહળતા હતા. રોડ પરથી પસાર થતા વાહનોના પડછાયા લાંબા ટૂંકા થતા રહેતા. અને ફૂટપાથ પર માણસોની અવરજવર ચાલુ હતી. અને બંનેના મનમાં અનેક વિચારો ઊભા થતા અને વિલીન થઇ જતા. હીનલ મહાદેવનો હાથ પકડી ચાલતી રહે છે.

ચાલતાં ચાલતાં હીનલ કહે છે કે, 'મારે તમને ઘણી બધી વાત કહેવી છે. જો કે તમે હું શું કહેવા માંગુ છું એ જાણી જ ગયા છો. મારે તમારી સમક્ષ મારા પ્રણયનો એકરાર કરવો છે.'

'જો હીનલ, તારી વાત હું સમજું છું. પણ હાલ પૂરતાં તારા પ્રેમની વાત બાજુએ મૂક. મારે કિરીટની બાબતમાં વિચારવું છે. અને હું જે વિચારું છું એ તારા દ્વારા શક્ય બને એમ હું માની લઉં છું.'

'મારી વાતમાં કિરીટ ક્યાં વચ્ચે આવ્યો ?'

'હીનલ, આપણી વાતમાં કિરીટ વચ્ચે નથી. પણ મારો સ્વભાવ એવો છે કે એક પ્રશ્નનો હલ નીકળે ત્યાર પછી જ બીજો પ્રશ્ન હું હાથ પર લઉં છું. આ પ્રશ્ન હલ થાય પછી જ હું તારા વિશે વિચારું.'

'એનો મતલબ એ કે તમે મારા વિશે વિચારશો ખરા ને ?'

'હા. હું જરૂર વિચારીશ.'

'તો પછી ચાલોને અહીં દવાખાનાના બગીચામાં શાંતિથી બેસી વાત કરીએ.' એમ કહેતી હીનલ મહાદેવનો હાથ પકડી બગીચાના એક ખૂણામાં બાંકડા પાસે લઇ જઇ મહાદેવને બેસાડે છે અને તેની બાજુમાં તે બેસી જાય છે.

'બોલો, હવે શું કહેતા હતા ?'

'હીનલ, કિરીટ વિશે મારે વાત કરવી છે. કિરીટ ભગ્નહૃદયી છે. એના જીવનમાં આકસ્મિક એવી માંદગી આવી કે જેને કારણે એના જીવનમાં પ્રવેશેલાં બંને યુવાન હૈયાઓને તે સાચવી ન શક્યો. આજે પણ સુધા

પ્રત્યેનો અનુરાગ હું જોઇ શકું છું. શ્વેતા અને સુધા બંનેમાંથી પસંદગી કરવાની હોય તો તે જરૂર સુધાને પસંદ કરશે.'

'પણ એ શક્ય બને ખરું ?'

'કેમ ? ના કેમ બને ?'

'પણ સુધા તો તમારી પત્ની ખરાં ને?'

'સુધા જ કિરીટને મેળવવા ઇચ્છે તો ?'

'મને લાગે છે કે આ શક્ય ન બને.'

'જો હીનલ, એ શક્ય બનાવવાની જવાબદારી તારી. હવે શાંતિથી સાંભળ.' એમ કહી થોડીવાર મહાદેવ શાંત થઇ જાય છે. મહાદેવ ગડમથલ અનુભવતો હોય એવું હીનલ અનુભવે છે. પણ તે કંઇ પૂછતી નથી. મહાદેવ જે રીતે વાત કરે છે એ જોતાં હીનલને લાગે છે કે મહાદેવના જીવનમાંથી સુધાની બાદબાકી થાય અને સુધાની જગ્યાએ પોતે ગોઠવાઇ જાય તો ? એ વિચારે એ આનંદમાં આવી જાય છે.

થોડીવાર પછી મહાદેવ બોલતો રહે છે :

'હીનલ, કિરીટ સુધાનો સ્વીકાર કરે એ માટે તારે એને તૈયાર કરવો પડશે. ડૉક્ટર સુધા સામાજીક દ્રષ્ટિએ મારી કાયદેસરની પત્ની છે. એણે બે જોડિયા બાળકોને જન્મ આપ્યો છે એ પણ સત્ય હકીકત છે. હવે ખરું રહસ્ય તને કહું. સુધાની સાથે મેં લગ્ન કર્યા છતાંય આજ સુધી સુધાની પાસેથી પતિ તરીકેના હક્કો મેં ક્યારેય ભોગવ્યા નથી. એક એવી પરિસ્થિતિ સર્જાઇ કે જેને કારણે મારે સુધા સાથે લગ્ન કરવું પડ્યું. મેં સુધા સાથે લગ્ન કર્યું ત્યાર પહેલાં જ તે માતૃત્વ પ્રાપ્ત કરવાની દિશામાં પહોંચી ગઇ હતી. પણ તે મારા થકી નહીં. અને એ કુંવારી માતા ન બને એટલા માટે જ મારી સાથે લગ્નથી જોડાઇ. આજે પણ હું અને સુધા એકબીજાનાં મિત્રો જ છીએ. સામાજીક દ્રષ્ટિએ પતિ-પત્ની તરીકે જે રીતે વર્તવું જોઇએ એ રીતે અમે વર્તન કરીએ છીએ. અને બીજું મહત્વનું એકે સુધાએ જે બાળકોને જન્મ આપ્યો છે એનો સાચો પિતા હું નહીં પણ કિરીટ છે.'

'શું વાત કરો છો ? ' એકદમ હીનલ બોલી ઊઠી.

'બહુ ઉતાવળી થા મા. મને શાંતિથી સાંભળ. જો મારી અને સુધાની જીંદગીનું સાચું રહસ્ય એ જ વ્યક્તિ કહી શકે એમ છે અને એ છે અવંતિકાબેન.'

'આ અવંતિકાબેન કોણ છે?'

'નાનપણથી જ સુધાને ઉછેરીને મોટી કરનાર અવંતિકાબેન મારી દ્રષ્ટિએ સુધાનું સર્વસ્વ છે. હાલ સુધા સાથે વડોદરામાં 'મિલન' બંગલામાં એની સાથે જ રહે છે. જ્યાં અવારનવાર હું એ બંગલાના જમાઇ તરીકે જતો-આવતો રહું છું. જો સુધા ઇચ્છે તો હું કિરીટ અને સુધાના જીવનમાંથી દૂર નીકળી જવાનું પસંદ કરીશ. તુ કિરીટને સમજાવ અને હું સુધાને સમજાવું. અને બીજી એક વાત વડોદરામાં સુધા પાસે એના બે બાળકોની ઉંમરની જ એક નાની છોકરી પણ છે. અત્યારે એ સુધાની દીકરી તરીકે જ ત્યાં છે. એનો પિતા પણ કિરીટ છે.'

'આ પાછું નવું. આ કેવી રીતે બન્યું ?'

'હીનલ, તારે સમજવાની બહુ વાર છે. વડોદરામાં રહેતા ત્રણેય સંતાનોનો પિતા કિરીટ છે. જોડિયા બાળકોની માતા સુધા અનેપેલી બાળકીની માતા શ્વેતા છે.'

'તો પાછી આ શ્વેતા ક્યાંથી આવી ? અને એ પણ કિરીટના જીવનમાં ક્યારે આવેલી ?'

'હીનલ, એ ક્યારે આવી ? ક્યાંથી આવી એ બધી વાત છોડ. શ્વેતા અહીં જ છે. તારાથી બે હાથ છેટે. તુ હાથ લંબાવુ એટલી જ દૂર. હમણાં જ તને બતાવું છું.'

હીનલ સાંભળતી રહે છે. આશ્ચર્ય પામતી રહે છે. એને સમજણ પડતી નથી કે આ બધુ કેવી રીતે બન્યું. જાણે કે કોઇ નવલકથાની વાત સાંભળતી હોય તેવું અનુભવે છે.

મહાદેવ હીનલનો હાથ પકડી તેને ઊભી કરે છે. બંને ઊભા થઇ દવાખાનાના પગથિયાં ચઢે છે. પગથિયાં ચઢતી વખતે મહાદેવ કહે છે કે, 'તારી રીતે કિરીટને તૈયાર કરી દે.'

'પણ મારું શું ?'

'તારો પણ પ્રશ્ન હલ થઇ જશે. મારી વાતથી કિરીટને સમજાવ. અને તારી વાતથી કિરીટ મને

સમજાવશે.'

'સાચે જ.'

'હા.'

આટલું સાંભળતાં જ એકદમ દોડતી દોડતી રૂમનંબર સત્તાવીશમાં તે પ્રવેશી જાય છે અને મહાદેવ રૂમ નંબર ત્રણમાં જાય છે. અંદર પેસતાં જ આશ્ચર્ય અનુભવે છે. શ્વેતાનો પલંગ ખાલી હતો. રૂમમાં કોઇ નથી. કોઇ સામાન પણ દેખાતો નથી. આખો રૂમ ખાલી છે. એકદમ તે ચોંકી ઊઠે છે. થોડીવાર પછી તો કિરીટને લઇને તે આ રૂમમાં આવવાનો હતો. સુશાનબેન જોડે પણ વાત કરી હતી. તો ઓચિંતા આ લોકો ક્યાં ગયા હશે ? કે પછી શ્વેતા... એવું તો ના બની શકે. તે સીધો જ રૂમમાંથી બહાર નીકળી હોસ્પિટલની ઓફિસમાં પહોંચી જાય છે. ત્રણ નંબરના રૂમના પેશન્ટનું શું થયું ? તેની વિગત જાણવાનો પ્રયત્ન કરે છે. તેને જાણવા મળે છે. થોડી જ વાર પહેલાં એ દર્દીને ડિસ્ચાર્જ કરવામાં આવી છે. તેના સગાં-વહાલાં તાત્કાલિક વધુ સારવાર માટે તેને અમેરિકા લઇ જાય છે. વધુમાં તે સાંભળે છે કે, 'અત્યારે તો તેઓ પ્લેનમાં પણ કદાચ બેસી ગયા હશે.' આ સાંભળતાં જ મહાદેવ એક આંચકો અનુભવે છે. તો શું કિરીટ અને શ્વેતા કદાચ ક્યારેય ભેગાં નહીં થઇ શકે ને ? તેણે તો સુશાનબેનને વચન આપેલું ? આ બંનેને ભેગાં કરવાનું પણ હવે શું થશે ? એમ વિચારતો સત્તાવીશ નંબરની રૂમમાં પ્રવેશ કરે છે. તે જુએ છે કે હીનલ કિરીટનું માથુ દબાવતી બેઠી છે. અને નીચી નમી કિરીટના કાનમાં કંઇક કહે છે. તે કહેતી જ રહે છે. અને કદાચ કિરીટ સાંભળતો રહે છે. કોઇના આવવાનો અણસારો થતાં જ હીનલ પાછું વળીને જુએ છે. મહાદેવને જોતાં ઊભી થાય છે. મહાદેવ પાસે જઇ તેની કોટે વળગી પડે છે. અને ધીરેથી મહાદેવના કાનમાં કહે છે,

'તમે કહેલું કામ મેં કરી દીધું છે. પણ મને ભૂલશો નહીં ને ? ' કહેતી ખડખડાટ હસી પડે છે.

હીનલના હસવાને કારણે કિરીટ બેઠો થાય છે. કોણ આવ્યું તે જોવાનો પ્રયત્ન કરે છે. મહાદેવને આવેલો જાણી પથારીમાંથી બહાર આવે છે. મહાદેવને ભેટી પડે છે,

'અરે, મારો તો ખ્યાલ કરો. તમારી બંને વચ્ચે હું પણ ભીંસાઇ જાઉં છું.' ત્યારે જ કિરીટને ખ્યાલ આવે છે. કિરીટ અને મહાદેવની વચ્ચે હીનલ છે. હીનલ બંનેને છૂટા પાડે છે. બંનેના હાથ પકડી લે છે. બંનેના હાથ દબાવે છે. બંનેને પકડી ધીરેધીરે સોફા નજીક લઇ જાય છે. બંનેને બેસાડી તેમની વચ્ચે બેસી જાય છે. પોતાના બંને હાથ ફેલાવી બંને હાથથી કિરીટ અને મહાદેવને પોતાની નજીક ખેંચે છે. અને આમ ત્રણ યુવાન હૈયાં કદાચ એકબીજાના હૃદયમાં પહોંચવાનો પ્રયત્ન કરતાં હોય એવું વાતાવરણ ત્યાં રૂમમાં છવાઇ જાય છે.

## છવ્વીસ

હીનલને સોંપેલુ કામ થઇ ગયું છે. હીનલ મહાદેવ અને કિરીટ ત્રણેય એકબીજાને ભેટે છે. કિરીટના હૈયામાં ઉજાસ વર્તાયો હોય એવું તે અનુભવે છે. એક યુવાન કોઇની જીંદગી બચાવવા માટે પોતાના અરમાનોની રાખ કરી દે એ હદ સુધી પહોંચે ત્યારે એમ કહી શકાય કે માનવતા મરી પરવારી નથી. પોતાના સ્વાર્થ માટે મનુષ્યમાત્ર ગમે તે કાર્ય કરવા તૈયાર થાય છે. પણ, બીજાને માટે કાર્ય કરવા તૈયાર થતા હોય એવો કોઇ ભાગ્યે જ મળે. પોતાની ગેરહાજરીમાં મહાદેવે સુધાને સાચવી, સુધાને સમાજમાં પ્રતિષ્ઠાભર્યું સ્થાન પણ અપાવ્યું. તેનો પતિ પણ બન્યો. છતાંય તેનાથી દૂરને દૂર રહ્યો. અને આજે પાછો એ જ વ્યક્તિ સુધાને કિરીટને સોંપવા તૈયાર થયો છે. કિરીટ મહાદેવને દેવપુરુષ માને છે. વિકટ પરિસ્થિતિમાં બહાર નીકળવાનો કોઇ પણ રસ્તો ન સૂઝે ત્યારે માણસ અંતે ભગવાનને શરણે જાય છે. પોતાની વિકટ પરિસ્થિતિમાંથી ઊગરવાની પ્રાર્થના ભગવાનને કરે છે અને પછી ભગવાનને ભરોસે બધું છોડી દે છે.

કિરીટને સુધા ગમે છે. એની સાથે લગ્ન પણ કરવાનો હતો. પણ નિર્માણ કંઇક જુદું જ થયું. અને હવે

મહાદેવને આકસ્મિક રીતે ભેટ ધરાવેલી સુધા મહાદેવના પ્રસાદરૂપે પાછી કિરીટ મેળવવાનો પ્રયત્ન કરે છે. હીનલે એને કહ્યુ તેથી જ સાચી પરિસ્થિતિથી તે વાકેફ થયો. મહાદેવ પોતાની વાત ન કહી શક્યો. કારણ કે તે પોતાની જાતને મહાન માનતો નહોતો. પરોપકારનું કામ સહજ રીતે થતું હોય તેમ સુધાને કિરીટને આપવા તૈયાર થાય છે. જે સહજતાથી પોતાની પાસેની ઈચ્છિત વસ્તુ, બીજાને જરૂર હોય ત્યારે આપી દેવાય એ રીતે સુધાના જીવનમાંથી ચાલ્યા જવાનું તે ઇચ્છે છે.

હીનલની વાત તો પહેલાં કિરીટ નહીં માનેલી. પછી એને 'મિલન'માંની સુધા સાથે વિતાવેલી રાત યાદ આવી. અને સાથોસાથ શ્વેતાની પણ વાત બની ગયેલી ઘટનાઓમાં પોતેજ કેન્દ્રમાં છે તેમ માની લે છે. મહાદેવની જગ્યાએ તે હોત તો કદાચ આવો ઉકેલ ન શોધી શક્યો હોત. માંદગીના દિવસોમાં સુધાને મેળવવાની સતત મથામણ તે અનુભવતો રહેલો. અને હવે ? હાથ લાંબો કરે એટલે જ દૂર સુધા છે.

'શાના વિચાર કરો છો ? તમારું તો કામ થઇ ગયું. મારા માટે તો કંઇ વિચાર્યું ખરું ? ' એવી ટકોર હીનલ કરે છે ત્યારે જ એને ખબર પડે છે કે હીનલ પણ એની પાસે જ બેઠેલી છે.

'જો હીનલ, મહાદેવભાઇ વડોદરા જઇને આવે ત્યારપછી જ સાચી હકીકતની જાણ થાય. જો કે મહાદેવભાઇની સાથેની વાત તેં મને કરી એના ઉપરથી લાગે છે કે, હું કદાચ થોડા જ દિવસમાં વડોદરા પહોંચી જઇશ.'

'પણ મારા વિશે તમે તેમને નહીં સમજાવો.'

'જો હીનલ, તારા માટે મહાદેવને હું જરૂર સમજાવીશ. પણ મારી એક સલાહ છે કે મહાદેવ પ્રત્યેના આકર્ષણમાંથી તું મુક્ત થઇ જાય એ તારા ભલામાં છે.'

'તમે જે કહો છો તે વાત મારી સમજમાં આવતી નથી.'

'હીનલ, તું કદાચ નહીં સમજી શકે. જે પુરૂષ સામાજીક દ્રષ્ટિએ, સુધાનો પતિ હોવા છતાં, સુધાને એના પ્રિયતમને સોંપવા તૈયાર થાય એ વ્યક્તિ તારો કદાચ સ્વીકાર નહીં કરે.'

'તમે એમ કેમ માનો છો ?'

'હીનલ, તેં સુધાને જોઇ નથી. તારા કરતાં ચાર ચાસણી ચઢે તેવું એનું રૂપ છે. એવા રૂપને જો મહાદેવ છોડી શકતો હોય તો તારું રૂપ તો એને કશુંય આકર્ષણ ન જમાવી શકે.'

'પણ તેમણે તો મને સ્વીકારવાનું કહ્યું છે તેનું શું ?'

'ભલે, તારી વાતથી હું એમને સમજાવીશ.'

'ના એમ નહીં. તમારે એમને તૈયાર કરવા પડશે. અને એ મારો જો સ્વીકાર નહીં કરે તો હું આપઘાત કરીશ. મારા આપઘાતની જવાબદારી તમારી રહેશે.'

'એવું ના વિચારીશ. હું જરૂર મહાદેવને સમજાવીશ.' કિરીટ હીનલને પોતાની નજીક ખેંચે છે. જાણે કે આશ્વાસન આપતો હોય તે રીતે એની પીઠ પર ક્યાંય સુધી હાથ ફેરવતો રહે છે. અતિશય આનંદના ઉમંગમાં આવેલી હીનલની આંખમાંથી આંસુ નીકળી આવે છે. હીબકા લેતી હોય તેવું કિરીટ અનુભવે છે. પોતાનાથી દૂર કરી એની આંખનાં આંસુ લૂછવાનો કિરીટ પ્રયત્ન કરે છે. હીનલની બે લાચાર આંખો કશુંક મેળવવાની ઝંખના કરી કિરીટ તરફ તકાયેલી જ રહે છે. હીનલ કદાચ રડી પડશે એમ માની બાથરૂમમાં પહોંચી જાય છે. થોડી જ વારમાં હાથ-મોં ધોઇ સ્વસ્થ થઇ હસતી-હસતી કિરીટ પાસે આવી પહોંચે છે.

## સત્તાવીસ

ઘડિયાળમાં ત્રણના ટકોરા પડ્યા. સુધા જાગતી જ પડી છે. ઊંઘ આવતી નથી. થોડી થોડી વારે પથારીમાં પાસાં ફેરવતી રહે છે. ગઇ કાલે બપોરે મહાદેવનો ફોન આવેલો, 'વહેલી પરોઢે વડોદરા પહોંચીશ.' એ ફોન સુધા

એ જ લીધેલો. આટલું કહ્યા પછી મહાદેવે ફોન મૂકી દીધેલો. છેલ્લે મહાદેવ મુંબઇ ગયો ત્યારે, એના ગયા પછી અવંતિકાબેનને મહાદેવે જે કહેલું તે બધી જ વિગતે સુધાને જાણ કરેલી. પોતાની જીંદગીને બચાવવા માટે મહાદેવે લગ્ન તો કરી દીધું. તેણે એને વચનથી બાંધી દીધેલો. મહાદેવનો શો વાંક ? મિત્ર તરીકે એણે મદદ કરી. તેની આખી જીંદગી પરણેલો છતાં કુંવારી જાય એ યોગ્ય નથી. એવું હવે સુધાને લાગે છે. આમ તો મહાદેવની માફક સુધા પણ એકલતા સહન કરી શકતી નથી. પણ કરે શું ? અવંતિકાબેનની વાત સાચી હતી. એ અમને બંનેને ભેગાં કરવા માંગે છે. અવંતિકાબેનને મન આજ એક શ્રેષ્ઠમાર્ગ છે એમાં કદાચ સુધાની એ સંમતિ  માંગે છે. સુધાનો ઉછેર જ એ રીતે થયો છે કે જે વાત તે પકડે તેને કોઇપણ સંજોગોમાં છોડતી નહીં, જે નક્કી કરે એ જ એના જીવનનું ધ્યેય. એમાં લાભ કે નુકશાનની તે પરવા ન કરે.

એણે કિરીટને લગ્ન કરવાનું વચન આપેલું. એટલે જ જ્યારે ટ્રેનમાં મહાદેવ મળે છે ત્યારે તેના પ્રત્યે હૃદયમાં પ્રણયનાં અંકુરો ફૂટ્યા હોવા છતાં સહજ રીતે પોતાની વાત છુપાવીને મિત્ર તરીકે રહેવાનું સૂચન મહાદેવને કરે છે. આજે પણ તેને લાગે છે કે ક્યારેક તો કિરીટ આવશે. છોકરાઓ પણ મોટા થવા લાગ્યા. એમાંય શ્વેતા-કિરીટની દીકરી આવી પહોંચી. એનો પણ એણે સ્વીકાર કર્યો. સુધા હજુય મહાદેવથી દૂર રહેવા માંગે છે. પાછો વિચાર કરે છે, મહાદેવનો શો વાંક ? એના જીવનમાં એનો પ્રવેશ થાય એથી તેની ફરજ છે કે મહાદેવને પતિ તરીકેના હક્ક ભોગવવા દેવા જોઇએ. પણ એણે તો એને વચનથી બાંધી દીધો હતો. મહાદેવથી તે દૂર જ રહી. કાયદેસર તે મહાદેવની પત્ની હતી. મહાદેવે ધાર્યું હોત તો તેને તે ભોગવી શક્યો હતો. પરંતુ તેણે એ દિશામાં ક્યારેય પ્રયત્ન કર્યો નથી. લગ્ન કર્યા પછી કોઇ પણ યુવાન  પોતાની પત્નીથી કેટલો સમય દૂર રહી શકે ? કામનો આવેગ પુરુષને પીડતો રહે. અને એની એ પીડા પત્ની દ્વારા સંતોષી લે. પત્નીની ઇચ્છા કે ઇચ્છા વિરુદ્ધ ક્યારેક બળજબરી પણ કરે. એવું ક્યારેય મહાદેવ કર્યું નથી. તેણે તો સુધા અને તેના સંતાનનું જ સુખ જોયું છે. ક્યારેય સુધા સાથે લગ્ન કર્યાનો વસવસો કર્યો નથી. અરે, એનો અણસારો સુધ્ધાંય આવવા દીધો નથી.

સુધાને આજે પ્રથમવાર મહાદેવને અન્યાય કર્યો છે એમ લાગે છે. અવંતિકાબેનની વાત તેને સાચી લાગે છે કે આમ તેઓ ક્યાં સુધી દૂર રહેશે. છોકરાં મોટાં થતાં રહેશે. અને કદાચ તેઓ જાણે કે એમનાં માતા-પિતા એકબીજાથી દૂર રહે છે તો એ શું વિચારે ?

વહેલી પરોઢે મહાદેવ આવવાનો છે. સુધા એનો સ્વીકાર કરવાનું વિચારે છે. પથારીમાંથી ઊભી થાય છે. સવાર પડવાને તો હજુ વાર છે. કદાચ પાંચ વાગ્ય સુધી મહાદેવ આવી જાય. તે બાથરૂમમાં પહોંચી જાય છે. સ્નાનાદિ ક્રિયાથી પરવારે છે. અને પછી એક નવોઢા સ્ત્રી જે રીતે શૃંગાર કરે એ રીતે શૃંગાર કરવા બેસી જાય છે. આજે તે બહુ આનંદમાં છે. એકાદ કલાકમાં તે તૈયાર થાય છે. અવંતિકાબેનને જગાડે છે. અને ધીરેથી કહે છે, ‘તેઓ હમણાં જ કદાચ આવશે. તમારી વાત મેં માની લીધી છે. અને હું એમનો સ્વીકાર કરીશ.’

થોડીવાર તો  સુધા  શું કહે છે એનો ખ્યાલ અવંતિકાબેનને ન આવ્યો. પછી એમને યાદ આવ્યું  કે ગઇ સાંજે મહાદેવના આવવાની વાત સુધાએ કરેલી. આજે જાણે કે સુધા લગ્ન કરવા જઇ રહી હોય એ રીતે એના શણગાર જોતાં અવંતિકાબેન ધરપત અનુભવે છે. પોતે જે ઇચ્છતાં હતાં એ પ્રમાણે થાય છે એનો એમને આનંદ છે. અવંતિકાબેન હાથ મોં ધોવા અંદર ચાલ્યા જાય છે. સુધા ત્યાં જ બેઠકરૂમમાં મહાદેવની પ્રતિક્ષા કરતી બેસે છે.

અડધા-એક કલાકનો સમય પસાર થઇ જાયછે. અવંતિકાબેન એક થાળીમાં પુજાપાનો સામાન લઇને આવે છે. એ પણ ત્યાં સુધાની બાજુમાં બેસે છે. થોડી જ વારમાં ડોરબેલ રણકે છે. અવંતિકાબેન બારણું  ખોલે છે. સામે મહાદેવ ઊભો હતો. બારણું ખુલ્લુ જ રાખી અવંતિકાબેન મહાદેવને સુધા પાસે લાવે છે. બીજી ક્ષણે, અવંતિકાબેન અબીલગુલાલ, કંકુ અને ચોખાથી મહાદેવને તિલક કરે છે. મહાદેવને કશો ખ્યાલ આવતો નથી. તે ચૂપચાપ ઊભો છે. સુધા ઊભી થાય છે. અવંતિકાબેન બાજુમાં ખસે છે. અને બીજી ક્ષણે સુધા મહાદેવના પગ પકડી લે છે. અને ધીરેથી કહે છે, ‘મહાદેવ, હું તારો સ્વીકાર કરવા માંગુ છું.’

મહાદેવ સુધાને ઊભી કરે છે. પોતાની નજીક ખેંચે છે. અને ધીરે રહીને કહે છે, ‘સુધા, ચારેક દિવસ થંભી જા. જો કે ખરા હૃદયથી  તારી માફક હું પણ આજે તારો સ્વીકાર કરીશ. પણ બીજાની અમાનત તરીકે.’ એમ કહી સુધાને પોતાની વધારે નજીક ખેંચી એનું મોં ઊંચુ કરી, સુધાના કપાળે ચુંબન કરે છે.  સુધા તો જાણે કેપોતાના સ્વીકાર થઇ ગયો એવું જ માને છે.પણ અવંતિકાબેન સમજી જાય છે. જરૂર કોઇ રહસ્ય છે. ‘મહાદેવે સુધાનો

સ્વીકાર કર્યો. પણ કોના માટે ?' એ વાત અવંતિકાબેન સમજી શકતાં નથી. હવે તેમને ખ્યાલ આવે છે કે હમણાંનું મહાદેવનું મુંબઇ જવું અને આવવું વધારે વખત બનતું રહ્યું. તો શું કદાચ કિરીટ તો એને ભેગો નહીં થઇ ગયો હોય ને ! પોતાના મનમાં જાગેલી શંકાની વાત એ સુધાને કે મહાદેવને કહેતાં નથી. હવે તો તેમને પણ મહાદેવના કહ્યા પ્રમાણે ચાર દિવસ રાહ જોયા જ કરવાની ને ?'

મુંબઇથી આવ્યા પછી 'મિલન'માં પ્રવેશતી વખતે તેણે જે કંઇ જોયું, અનુભવ્યું એ બધું તો એના વિચારોથી વિરુદ્ધ થતું હતું. જો કે હવે સુધાને કશું પૂછવા જેવું રહ્યું નહોતું. બે વર્ષના સમયમાં એકલતા સહન ન કરનાર સુધા અંતે એનો સ્વીકાર કરવા તૈયાર થઇ એથી એને આનંદ થયો ખરો. આમેય તેણે સુધાને બીજાની અનામત તરીકે જ સ્વીકારી હતી અને તે કાર્ય કિરીટના મળી જવાથી પૂરું થઇ ગયું. તે દિવસે બપોરના ભોજન વખતે સુધા પ્રેમથી અવંતિકાબેન, મનહરભાઇ તથા મહાદેવને જમાડે છે. જાણે કે આજે જ પરણી હોય એવો ઠસ્સો સુધાનો હતો. પણ એને ક્યાં ખબર હતી તેનો ઉમંગ બેવડાઇ જવાનો છે. તેણે કલ્પ્યું ન હોય એવું ચાર દિવસ પછી બનવાનું હતું. તેના જીવનમાં પાછો કિરીટ પ્રવેશવાનો હતો અને મહાદેવ દૂર ચાલ્યો જશે. જો કે મહાદેવ તો દૂર જ હતો ને ?

'હું આજે અત્યારે આણંદ જઇશ. ત્યાંથી સામરખા જઇ રાત્રે મુંબઇ જઇશ. સોમવારે બપોરે એકને સાત મિનિટે આવતી ટ્રેનમાં મુંબઇથી આવીશ. લગભગ એકને ત્રીસ કલાકે એ 'મિલન'માં આવી પહોંચશે. તે દિવસે એની સાથે એના અંગતમિત્રો પણ હશે. એ બધાંની હાજરીમાં સુધા એનું નવું દાંમ્પત્યજીવન શરૂ કરશે. એટલે તે દિવસે આપણે અહીં 'મિલન'માં સત્યનારાયણની કથા રાખીશું. અને કથામાં સુધા એના પતિ સાથે બેસશે. અવંતિકાબેન હું કહું છું એ સમજો છો ને ? બધી તૈયારી કરી રાખજો.'

'તમારી વાત હું સમજી ગઇ છું. સોમવારે બધી જ તૈયારી થઇ ગઇ હશે. કથાની તૈયારી પણ થઇ ગઇ હશે.' એમ કહી અવંતિકાબેન મહાદેવનો હાથ પકડી દૂર લઇ જાય છે. અને ધીરેથી કહે છે, 'આટલો મોટો ત્યાગ ?'

'ત્યાગ શાનો ?'

'મને અંધારામાં ન રાખશો. હું બધું જ સમજી ગઇ છું. પણ હું સુધાને વાત નહીં કરું. રહસ્યનો ફોડ નહીં પાડું. બોલો, કિરીટકુમાર મળી ગયા ને ?'

મહાદેવ અવંતિકાબેન સામે તાકી રહે છે. પણ કશું બોલતો નથી. મહાદેવના મૌનને અવંતિકાબેન પોતાની વાતની પુષ્ટિ માની લે છે.

ને.. સોમવારે આવવાનું કહી મહાદેવ 'મિલન'ના પગથિયાં ઉતરી જાય છે.

## અઠાવીસ

મહાદેવના ગયા પછી અવંતિકાબેનને સુધા પૂછે છે, 'તેઓ ગયા તમારી સાથે શી વાતો થઇ ? સવારે આવ્યા ત્યારથી જાણે કે કોઇ રહસ્ય ગુંચાતું હોય એવું મને લાગ્યા કર્યું છે. મને કશી ખબર પડતી નથી કે શું થાય છે. તમે તો કહો, તમે એમની સાથે શી વાત કરી ?'

'જો સુધા, મહાદેવ સાથે મારે જે વાત થઇ એ તો સામાન્ય વાત હતી, એમાં કદાચ કોઇ રહસ્ય નહીં હોય. સોમવારે બપોરે સત્યનારાયણની કથામાં તું તારા પતિ સાથે બેસીશ એવું તો એમણે કહ્યુ ને ? તેં તો સાંભળ્યું. એટલે કોઇને કોઇ રીતે તારો સ્વીકાર થઇ જશે. એમ આપણે માની લેવાનું. જો સુધા, આપણે તો ખીચડી ખાવા સાથે સંબંધ છે. ખીચડી કેવી રીતે તૈયાર થઇ એ જાણવાની જરૂર નથી. સમજી ને તું ? હું અને મહાદેવ જે કંઇ કરતા હશે તે તારા ભલામાં જ હશે. એવું તો તું માને છે ખરી ને ?'

'હા. હું એમ માનું છું ખરી.'

'તો પછી આનંદ કર. સોમવારે તું સૌભાગ્યવતી બનીશ. બધું જ ભૂલીજા. અને હવે સોમવારે જ બપોર

પછી આ બાળકોની પાછળ તેમના બાપનું નામ પણ નક્કી થઇ જશે.'

'એટલે?' સુધાને કંઇ ખબર પડતી નથી.

'સત્યનારાયણની કથાનો પ્રસાદ વહેંચાશે ત્યારે આપણે બધાં જ હર્ષઘેલા બની જઇશું. અને આ બે વર્ષની એકલતામાં તારે જેવો જોઇતો હોય તેવો સથવારો તું પ્રાપ્ત કરી શકીશ.' એમ કહી સુધાને ગાલે ટપલી મારી અવંતિકાબેન દૂર ચાલ્યા જાય છે.

જો કે હજુય સુધા કશું જ સમજી શકી નથી. મહાદેવે તેનો સ્વીકાર કર્યો તો પછી ચાર દિવસ પછી કથા કરી ભેગાં થવું એમ કેમ નક્કી કર્યું હશે ? તે વિચારોમાં અટવાઇ પડે છે. એ કોઇ દિશા નિશ્ચિત કરી શકતી નથી. તેણે બધું જ હવે અવંતિકાબેન ઉપર છોડી દીધું છે !

## ઓગણત્રીસ

મુંબઇ પહોંચેલો મહાદેવ 'રામભરોસે' ગેસ્ટહાઉસમાં ઉતરે છે. હવે શું કરવું ? એવી મથામણ તે અનુભવે છે. સુધાનો રસ્તો તો એણે કરી લીધો. કિરીટ પણ એ કહેશે એમ જ કરશે. પણ અંતરાયરૂપ બનેલી હીનલનું શું ? એ વિચારતો જ રહે છે. હીનલના પ્રેમનો સ્વીકાર કરવો કે કેમ એની મુંઝવણમાં છે. હીનલ પણ સૌંદર્યનો ટુકડો છે. હસે છે ત્યારે એના ગાલે ખંજન પડેછે. એને પોતાને થાય છે કે તે હીનલથી દૂર છે. તે હીનલને સમજાવશે. પણ હીનલ માનશે ખરી. છેવટે તે ઊભો થાય છે. ગેસ્ટહાઉસના કાઉન્ટર પર જઇ સુમનભાઇને ફોન કરે છે. ફોન પર તે કહે છે કે, 'સુમનભાઇ, હું વડોદરાથી આવ્યો છું. અહીં ગેસ્ટહાઉસમાં જ છું. અહીંથી હું દવાખાને પહોંચીશ. આખો દિવસ ત્યાં જ છું. તમે કામકાજમાંથી પરવારો ત્યારે સીધા હોસ્પિટલે આવી જજો. કિરીટને વડોદરા સુધા પાસે લઇ જવાનો છે. ખાસ તેની જ ચર્ચા કરવા તમને બોલાવ્યા છે. તમારી રાહ જોઇશ.' સુમનભાઇ સાથે વાત કરી પાછો તે રૂમમાં આવે છે. સૂવાનો પ્રયત્ન કરે છે. પણ વિચારો તો હીનલના જ આવે છે. આ રૂમમાં - બધી જ દિવાલોમાં - જાણે હીનલ ડોકિયું કરતી હોય એવું તે જુએ છે. હીનલ જાણે કે પોતાના બે હાથ લાંબા કરી એને ન બોલાવતી હોય !

છેવટે તે તૈયાર થઇ રૂમ બહાર નીકળે છે. સીધો જ હોસ્પિટલે પહોંચે છે. એને યાદ આવે છે. આજે શનિવાર છે. કેસરીનંદન હનુમાનજીનો વાર. મહાવીરના જાપ જપતો રહે છે. રૂમમાં પહોંચે છે ત્યારે તે જુએ છે કે કિરીટ ઊંઘતો હતો. હીનલ દેખાતી નહોતી. કિરીટને ઊઠાડ્યા સિવાય તે સોફામાં જાણે કે પોતાની જાતને નાખી દેતો હોય એવું અનુભવે છે. હીનલના વિચાર તેનો કેડો છોડતો નથી. મનુષ્યમાત્રનું એવું જ છે. જેને ભૂલવા માંગતો હોય, તે જ વ્યક્તિની સતત તેને યાદ આવતી રહે એવું ઘણી વાર બને છે. મહાદેવ કિરીટના માટે સુધાને છોડવા તૈયા ર થયો છે. હીનલ પ્રત્યે તેને આકર્ષણ એટલી હદ સુધીનું નથી કે તેના વગર રહી ન શકે. પોતે શું કરશે એનો નિર્ણય એ લઇ શકતો નથી. સોફા ઉપરથી ઊભો થઇ કિરીટની પથારી પાસે પહોંચે છે. ઊંઘતા કિરીટના મોં પર કશુંક પ્રાપ્ત કરવાની ઇચ્છા પૂરી થઇ હોય એવું એને દેખાય છે. તે કિરીટને જોયા જ કરે છે. ત્યાં જ ઊતાવળી ઊતાવળી હીનલ આવી પહોંચે છે.

'જાવ, હું તમારી સાથે નહીં બોલું. તમે આવ્યા છો એ જાણી હું ઠેઠ 'રામભરોસે' ગેસ્ટહાઉસ સુધી જઇ આવી. મને એમ કે મારા માટે તમે એટલા બધા અધીરા બન્યા હશો કે રૂમને તાળું મારવાને બદલે તાળું અને ચાવી ત્યાં જ ભૂલી આવ્યા. તમારી રૂમ ખુલ્લી હતી. તમે ક્યાંક એટલામાં જ ગયા હશો એમ માની થોડીવાર હું ત્યાં બેઠી. કાઉન્ટર ઉપર પૂછતાં ખબર પડી કે તમે બહાર ગયા છો. એટલે હું રૂમ બંધ કરી તાળું મારી અહીં આવી. રૂમની ચાવી મારી પાસે જ રાખું છું. આજે હું તમારી સાથે રૂમ પર આવવાની છું.' કહેતી જાણે કે હીનલ થાકી ગઇ હોય તેમ સોફામાં પલાંઠીવાળી બેસી ગઇ.

હીનલને બોલતી સાંભળી કિરીટ જાગી જાય છે. મહાદેવને જોતાં પથારીમાં બેઠો થયો. પથારીમાંથી બહાર આવી મહાદેવના હાથ પકડી લે છે. પણ પોતાની વાત કિરીટ મહાદેવને કરી શકતો નથી. મહાદેવ પણ કંઇ

કહેતો નથી.

'હીનલ, આપણા ત્રણેયને માટે ચા-નાસ્તો લાવીશ ?'

'માફ કરજો. અત્યારે ચા મૂકવા જેટલું દૂધ પણ નથી. બે દિવસથી નાસ્તો પણ ખલાસ થઇ ગયો છે. એ પણ મંગાવ્યો નથી. આપણે ત્રણેય બહાર જઇએ તો ?'

'ના. હું વોર્ડબોયને બોલાવું છું. તે બહારથી દૂધ અને નાસ્તો લાવશે. ચા તો તારા હાથની પીવી છે.' એમ કહી મહાદેવ રૂમની બહાર જઇ, વોર્ડબોયને બોલાવી દૂધ અને નાસ્તો લઇ આવવાનું કહી પૈસા પણ આપે છે. દસેક મિનિટમાં વોર્ડબોય બધુ લઇ આવે છે. ત્યાં સુધી ત્રણેયમાંથી કોઇ કોઇને કશું જ પૂછતું તથી. ત્રણેય જણ મૂંગે મૂંગા છે. કોઇ વાતની શરૂઆત કરતું નથી, એકદમ હીનલ બોલી ઊઠે છે :

'એક વાત કહેવી હતી,
પણ,
વાતની શરૂઆત થતી નહોતી,
અજાણતાં વાત થઇ,
બીજાની સાથે,
મારું પણ કામ થઇ ગયું, ને આમ,
છેવટે વાતનો અંત આવી ગયો.'

હીનલ બોલતી જ ગઇ. મહાદેવને હસવું નહોતું છતાંય હસી પડ્યો.

હીનલ એક ટ્રેમાં ત્રણેય માટે ચા લઇ આવે છે. ટિપોઇ પર ટ્રે મૂકે છે. અંદર જઇ પાછી બીજી એક ટ્રેમાં નાસ્તો લઇ આવે છે. ત્રણેય જણાં નાસ્તો કરતાં કરતાં અને ચા પીતાં પીતાં એકબીજાના મોં સામે જ જોયા કરે છે. દરેકને પૂછવું છે અને જાણવું છે પણ ખરું. પણ કોણ બોલવાની પહેલ કરે એની જાણે કે સ્પર્ધા ચાલતી હોય એવું ત્યાં લાગે છે.

છેવટે મહાદેવ બોલે છે :

'બંને જણ મારી વાત શાંતિથી સાંભળો. આજે શનિવાર છે. આવતી કાલે તો રવિવાર જ હોયને ? એટલે આપણી પાસે દોઢ દિવસનો સમય છે. સોમવારે વહેલી સવારે આપણે વડોદરા જવા નીકળીશું.'

'કોણ કોણ ?' એકદમ હીનલ બોલી ઊઠી.

'તું તો નહીં જ. અમે ત્રણ જણ જઇશું.'

'ના હું તો આવવાની જ. તમે ના કહો તોય.'

'મેં પહેલાં જ તમને મારી વાત સાંભળવાનું કહ્યું. તારે પણ આવવું હોય તો વચ્ચે બોલીશ નહીં. હું જે કહું છું તે સાંભળ્યા કર.'

'ભલે. હું નહીં બોલુ.' એમ કહી બંને હાથે પોતાના કાન પકડે છે.

'તો સાંભળો. આપણે ચારે જણ એટલે કે ચોથા સુમનભાઇ સોમવારે સવારે નીકળી બપોરે વડોદરા પહોંચીશું. વડોદરા 'મિલન' બંગલે બપોરે જે કથા રાખી છે તેમાં આપણે હાજરી આપવાની છે. બાકીનું વડોદરા જઇએ પછી જે થાય તે બધાંએ જોવાનું.'

'તો શું સુધાબેન માની ગયાં ? ' હીનલ બોલે છે.

'કોના માટે ?' મહાદેવ કહે છે ત્યાં તો 'કિરીટ માટે ને ?' એમ કહેતા આ બધાંની વાત સાંભળતા આવેલા સુમનભાઇ કહે છે.

'એવું હોય તો હું તમારા બધાંનો આભારી થઇશ. મહાદેવભાઇ સ્પષ્ટ કહેતા નથી. એટલે મને થોડો ડર લાગે છે. કદાચ સુધા મારો સ્વીકાર ન કરે તો ?'

'જુઓ કિરીટ, તમે એવું કર્યું છે કે જેને કારણે કોઇપણ સ્ત્રી તો ન જ સ્વીકારે. અને કદાચ સ્વીકારવા તૈયાર થાય તો મહાદેવના કારણે એમ હું માની લઉં છું.'

'સુમનભાઇ, જે પાણીએ મગ ચઢતા હોય એ પાણીથી મગ ચઢાવવામાં શો વાંધો ?' હીનલ કહે છે.

'હીનલ તુ બહુ બુદ્ધિશાળી છે. કદાચ તારું તો તું વિચારતી નહીં હોય ને ?'

'મારા વિશે વિચારું એ પણ ક્યાં ખોટું છે ?'

'ખેર, બધી વાત જવા દો. સુમનભાઇ પરમ દિવસે વહેલી સવારે આપણે બધાં બોમ્બે સેન્ટ્રલ પર વડોદરા જવા ભેગાં થઇશું. અહીં દવાખાનાના બીલની વ્યવસ્થા આપણે કરી દઇએ. આજે જ રૂમ ખાલી કરી દઇએ. બીલના પૈસાની મેં વ્યવસ્થા કરી છે. સોમવારની સવાર સુધી કિરીટ તમારો મહેમાન બનશે.'

'અને તમે ? મહાદેવભાઇ મારે ત્યાં નહીં આવો ?'

'જુઓ, સુમનભાઇ હું મારા ગેસ્ટહાઉસમાં જ રહીશ.'

'એ કેવી રીતે બને ?' એમ કહી મહાદેવ તરફ જોતા હીનલ પૂછે છે.

'જુઓ મહાદેવ. કાં તો આ બે દિવસ ગેસ્ટ હાઉસની તમારી રૂમમાં તમારી સાથે હું રહીશ. અથવા તમે મારા મહેમાન બનો અને મારે ઘેર ચાલો. પણ આ બે દિવસ તો હું તમારી સાથે જ રહેવાની કાં તો ગેસ્ટહાઉસમાં કાં તો મારે ઘેર.'

હીનલની વાત સાંભળી કોઇ કશું જ બોલતું નથી.

મહાદેવ અને સુમનભાઇ કિરીટ ની રૂમનું બીલ ભરવા માટે દવાખાનાની ઓફિસમાં જાય છે. અત્યાર સુધી જેમ જેમ દવાખાનાની ઓફિસે પૈસા માગ્યા તમે તેમ જમા કરવાતા રહ્યા હતા. હવે દવાખાનું છોડવાનું છે ત્યારે બધું જ બીલ ચૂકવી દેવાનું નક્કી થાય છે. ઓફિસ કલાર્ક સુમનભાઇને કહે છે,

'સાહેબ, હિસાબ તો કાલે કરીને હું તમને આપીશ. તમારા ખાતામાં પૈસા જમા-ઉધાર જ કરેલા છે એટલે.' સુમનભાઇને કહેવામાં આવે છે. મુંબઇમાં સુમનભાઇની એક સારા પ્રકાશક તરીકેની છાપ છે અને લગભગ જ્યારથી કિરીટ આ દવાખાનામાં દાખલ થયો છે ત્યારથી જ એના દવાખાનાના બીલના નાણાં સુમનભાઇ આપતા રહે છે. તે જ સાંજે રૂમ ખાલી કરી સુમનભાઇ કિરીટને લઇ જાય છે. જતાં જતાં કહેતા ગયા કે, 'તમે મને ફોન કરજો. ફોન પર આપણે સોમવારની કેવી વ્યવસ્થા છે એની ચર્ચા કરી લઇશું.'

સુમનભાઇ તો કિરીટને લઇને ચાલ્યા ગયા. હોસ્પિટલના પગથિયાં પાસે મહાદેવ અને હીનલ ઊભા છે. હીનલ તો આ દિવસોમાં મહાદેવ સાથે જ રહેશે એવું તો એણે કહી દીધું છે. હવે ક્યાં જવું એ મહાદેવને નક્કી કરવાનું છે. બંને મૌન છે. મહાદેવ કશું નક્કી કરી શકતો નથી. હીનલનું પણ એવું જ છે. છેવટે હીનલ કહે છે, 'આમને આમ તો અહીં રાત પડી જશે. તમારે નક્કી કરી દેવાનું છે. હું તમારી સાથે કે તમે મારી સાથે. નિર્ણય તમારે કરવાનો છે. ગમે તે નિર્ણય કરો, પણ હું તમારી સાથે જ રહેવાની છું. એ ભૂલશો નહી.' મહાદેવ હીનલને સાંભળે જાય છે. અને છેવટે હીનલનો હાથ પકડી હોસ્પિટલની બહાર રસ્તા પર આવી જાય છે. પસાર થતી એક ટેક્ષીને રોકે છે. ટેક્ષી ઊભી રહેતાં હીનલ સાથે ટેક્ષીમાં બેસે છે. અને પછી ટેક્ષીવાળાને 'ચોપાટી' જવાનું કહે છે.

ચોપાટી પર પહોંચતાં મહાદેવ ટેક્ષી છોડી દે છે. અને હીનલનો હાથ પકડી ચોપાટીની રેતમાં પગલાં માંડે છે.

ઘણીવાર સુધી બંને ફરતા રહે છે. ચોપાટી પર રેતમાં અહીં તહીં ઘણાં બધાં યુગલો બેસીને પ્રેમગોષ્ઠી કરતાં દેખાય છે. અંધારું પૃથ્વી પર ઊતરી આવ્યું છે. દરિયાના ઊછળતાં મોજા પવનની સાથે પાણી ઊડાડતા રહે છે. આમને આમ ઘણા સમય સુધી બંને ફરતા રહે છે.

'મને તો ભૂખ લાગી છે. તમને તો શાની ભૂખ લાગે ? ચાલો કશું તો ખાવું પડશે.'

'જો, સામે 'આરામ રેસ્ટોરેન્ટ' છે. ગુજરાતી જમવું હોય તો ત્યાં જઇએ.'

'મારે ત્યાં સુધી આવવું નથી. અહીં ચોપાટી પર જ બેસીને કાંઇ ખાઇએ તો ?' એમ કહી હીનલ ત્યાં ઊભી રહેલી લારીઓ તરફ મહાદેવને ખેંચી જાય છે. ખૂણાની એક લારી પાસે લઇ જઇ પાસે પાસેની ખુરશીમાં હીનલ અને મહાદેવ બેસે છે. હીનલ, 'રગડાપેટીસનો' ઓર્ડર આપે છે. રગડાપેટીસ ખાધા પછી વધારે તીખુ લાગવાથી હીનલ પાછી દહીંપૂરીનો ઓર્ડર આપે છે. મહાદેવ કશું જ બોલતો નથી. હીનલ જે મંગાવે તે બધું જ તે ખાતો રહે છે. હજુય જાણે કે હીનલ ન ધરાઇ હોય તેમ પાછી આઇસ્ક્રીમનો પણ ઓર્ડર આપે છે. આઇસ્ક્રીમ ખાધા પછી જાણે કે તેની ભૂખ સંતોષાઇ હોય એવું હીનલ અનુભવે છે.

અને છેવટે હીનલ મહાદેવનો હાથ પકડી એને ઊભો કરે છે. ફરી પાછી મહાદેવ સાથે ચોપાટીની રેતમાં પગલાં માંડતી રહે છે. ધીરે ધીરે ચોપાટીનું વાતાવરણ શાંત થતું જાય છે. સમય ઘણો પસાર થઇ ગયો. માણસો ઓછા થતા જાય છે. છેવટે હીનલ પૂછે છે, 'ક્યાં જઇશું ? તમે કશું નક્કી કર્યું ખરું ?'

મહાદેવ કશું જ બોલતો નથી. હજુ પણ તે નક્કી કરી શક્યો નથી કે હીનલને ગેસ્ટહાઉસની રૂમ પર લઇ જાય કે તે પોતે હીનલને ત્યાં જાય. વિચારોમાં તે અટવાઇ પડયો છે. હીનલ વિશે તે કશું નક્કી કરી શકતો નથી. રૂમ પર જાય કે હીનલને ત્યાં. બંને બાબત સરખી છે. હીનલ તો તેની જોડે જ રહેવાની છે ને ?

'હીનલ, જો આજે હું તારે ત્યાં જ આવીશ. મેં ઘણા બધા વિચારો કર્યા. છેવટે આ નિર્ણય પર હું આવ્યો છું. હું અત્યારે તારે ત્યાં જ આવું છું. પણ મને એ પ્રશ્ન મુંઝવે છે કે તારે ઘેર તારા પતિ મહોદયને મારો પરિચય કેવી રીતે આપી શકીશ ?'

'એ બધું તમે મારી ઉપર છોડી દો. તેની ચિંતા કરવા જેવી નથી. તો ચાલો, મારે ઘેર જવા માટે ટેક્ષી કરી લઈએ. રસ્તા પર આવી એક ખાલી ટેક્ષીને હીનલ ઊભી રખાવે છે. મહાદેવ સાથે ટેક્ષીમાં બેસે છે. અને ડ્રાઇવરને 'ભીલેશ્વર' ટેક્ષી લેવાનું કહે છે. ભીલેશ્વરના કબૂતરખાના પાસે આવેલા એક જૂના મકાનના બીજા માળે છેવાડેની ઓરડીમાં મહાદેવને લઇ હીનલ પ્રવેશ કરે છે. બહારથી જોતા એક નાની સરખી ઓરડી લાગે છે. પણ અંદર ચાર પાંચ રૂમો હોય તેવું મહાદેવ જુએ છે. ઓરડીનું તાળું એ રીતે મારેલું હતું બહારથી કે અંદરથી બંને રીતે ખોલી શકાય. મોટા શહેરોમાં મોટેભાગે એવી વ્યવસ્થા રહેતી કે ઘરની દરેક વ્યક્તિ પાસે મુખ્ય બારણાની ચાવી રહેતી. અંદર અને બહારથી બંને રીતે ખોલી શકાય એવી. મહાદેવને અંદર લઇ રૂમનું મુખ્ય બારણું અંદરથી લોક કરી દઈ હીનલ, મહાદેવને ત્યાં જ રૂમમાં બેસવાનું કહે છે.

હીનલ અંદર જઇ મહાદેવ માટે પાણી લઈ આવે છે. મહાદેવ શાંતિથી પાણી પીવે છે. અને પછી હીનલ પાણીનો પ્યાલો અંદર મૂકીને પાછી આવે છે.

'હીનલ, તારા પતિ વિશે તો તેં કશી વાત ન કરી.'

'જુઓ, એ વાત કરવાનો મોકો ક્યારેય મને નહોતો મળ્યો. તમે મને પૂછ્યું નહોતું અને મેં કહ્યું પણ નહોતું. હવે હું એમના વિશે તમને કહું છું. તે અહીં જ છે. અંદરના રૂમમાં આરામ કરતા હશે. ચાલો એમનો પરિચય કરાવું.' એમ કહી હીનલ મહાદેવને લઇ અંદરના રૂમ તરફ જાય છે. રસોડામાં થઇ અંદરની રૂમમાં જવાય તેમ હતું. તે રૂમમાં હીનલ લઇ જાય છે. બાથરૂમ-સંડાસની સગવડ તે રૂમમાં જ છે. ડબલ બેડ પર એનો પતિ સૂઇ રહેલો છે. પલંગની બાજુમાં જાતે ચલાવી શકાય એવી ગાદીવાળી સ્ટીલની ખુરશી પણ પડેલી છે. મહાદેવને તે કહે છે,

'આ મારા પતિ. હમણાં જ સૂઇ ગયા લાગે છે. થોડીવાર આપણે બહાર બેસીએ. ત્યાં સુધી એ જાગી જશે. પછી તમારો એમની સાથે પરિચય કરાવું.' એમ કહી મહાદેવને લઇ હીનલ બહાર આવે છે.

હીનલનો અવાજ સાંભળી હર્ષ જાગી જાય છે. 'હીનલ કોણ આવ્યું છે ? મહેમાનને અહીં અંદર લઇ આવ.'

'તમે જાગી ગયા ? તમારી ઊંઘમાં ખલેલ ન પડે એટલા માટે અમે પાછા વળી ગયા. મહેમાનને તમે નામથી ઓળખો છે. એમના વિશે મેં ઘણી તમારી સાથે વાત કરી છે.' એમ કહેતી હીનલ મહાદેવને હર્ષની પથારી પાસે લાવી બેસાડે છે.

'હર્ષ, આ મહાદેવભાઇ.'

'અરે તમે ? મારે આંગણે. હું ધન્ય થઇ ગયો. તમારા વિશે હીનલ સાથે બહુ વાત થાય છે. હું તમારો ચાહક છું. ગયા અઠવાડિયે જ તમારી એક નવલકથા હીનલ લાવી હતી. 'આંસુનાં ઝરણાં' એવું નામ હતું. નવલકથા મને ખુબ ગમી. માનવમનની ગતિવિધિનું સૂક્ષ્મ નિરૂપણ યથાર્થ રીતે એ નવલકથામાં નિરૂપવાનો તમારો પ્રયત્ન પ્રસંશનીય છે. તમારા નામથી હું પરિચિત હતો. તમારી કૃતિઓથી અને હીનલની વાતથી. તમે અહીં આવ્યા. મને બહુ આનંદ થયો.' હર્ષ બેઠો થવાનો પ્રયત્ન કરે છે. હીનલ એને રોકે છે. અને કહે છે :

'સૂઇ જ રહો. બેઠા થવાની તકલીફ ના લેશો. એમ કરશો તો પાછા દુખાવાની વાત કરશો.'

હીનલ પણ હર્ષની પાસે બેસી જાય છે.

ઘણા સમય સુધી ત્રણેય બેઠા બેઠા વાતો કર્યા કરે છે. તેમની વાતોમાં મોટેભાગે મહાદેવ અંગેની જ વાતો હતી. હર્ષ મહાદેવની નવલકથાઓને વખાણતો હોય છે. અને હીનલ મહાદેવના ગુણને. મહાદેવને થાય છે કે આ ઘરમાં હર્ષ અને હીનલ વચ્ચે ઘણી બધી વાતોમાં કેન્દ્રસ્થાને મહાદેવ હોય તો પછી હીનલે એની ભાવનાની વાત હર્ષને કરી જ હશે ને ! હર્ષ અને હીનલ મહાદેવની સાથે નિખાલસતાથી વાતો કરે છે.

'હીનલ, થોડીવાર તું અંદરના રૂમમાં જા. મારે મહાદેવભાઇ સાથે વાત કરવી છે.' હર્ષની વાત સાંભળી હીનલ બીજા રૂમમાં ચાલી જાય છે.

મહાદેવને ખ્યાલ નથી આવતો કે હર્ષ એની સાથે શું વાત કરવા માંગે છે ? પણ તે કોઇપણ બાબતનું અનુમાન કરી શકતો નથી.

'જુઓ, મહાદેવભાઇ, આપણે બંને લગભગ સરખી ઉંમરના હોઇશું. હીનલ ઉંમરમાં મારા કરતાં નાની છે. તેનામાં ચતુરાઇ ભારોભાર છે. મારા પ્રત્યે પૂરેપૂરી વફાદારી છે. તમે તો જુઓ છો કે શરીરે અપંગ હોવાથી બહાર હું નીકળી શકું તેમ નથી. હીનલની ગેરહાજરીમાં મનેકોઇ મુશ્કેલી પડતી નથી. વ્હીલચેર પર ઘરમાં અને રૂમની બહાર લોબીમાં પણ હું જઇ શકું છું. હીનલ ઘરે ન હોય છતાં મને ખાવા-પીવાની મુશ્કેલી પડતી નથી. હીનલ મારી કાળજી રાખે છે. ઘરે હોય ત્યારે તે મોટાભાગે મારી સાથે જ બેસે છે. ક્યારેક હું પણ રસોઇ બનાવી લઉં છું. એ આવે ત્યારે એને મુશ્કેલી ન પડે એટલા માટે. મહાદેવભાઇ બધી જ રીતે અમે બંને સંતોષી છીએ. એકબીજાને વફાદાર છીએ. પરંતુ હમણાંનાં કેટલાંક દિવસોથી તેનું વર્તન બદલાયેલું મને લાગે છે. અને એ બદલાયેલા વર્તનના કેન્દ્રસ્થાને તમે જ છો એમ હું કહી શકીશ. હીનલે તમારી વાત મને કરી છે. હીનલ ક્યારેય પોતાની લાગણીઓને બીજાઓની સમક્ષ પ્રગટ કરતી નથી એવું એણે મને કહેલું. તમારા પ્રત્યેની એની લાગણી વિશે એણે તમને વાત કરી છે. તે હું જાણું છું. તમારી ડૉક્ટર સુધા સાથેની અને કિરીટ સાથેની વાતોથી પણ એણે મને વાકેફ કર્યો છે. હીનલ તમને દેવ પુરૂષ માને છે. તમારા પ્રત્યે એટલી બધી આકર્ષિત થયેલી છે તે તમને પામવાની હદ સુધી જશે એવું મને લાગે છે.'

હર્ષની વાતો શાંતિથી મહાદેવ સાંભળે છે.

'હર્ષ, હીનલ વિશે તમે મને જે કહ્યું તે જ વાત હીનલે પણ મને કરી છે. મેં હીનલ વિશે ક્શું જ વિચાર્યું નથી. પણ મારે નિર્ણય લેવો જ પડશે એવું તો હું પણ વિચારું છું. પણ તે પહેલાં તમે વાત ઊપાડી છે તો તમે જ કહો કે હું શું કરું ?'

'મહાદેવભાઇ, તમે કોઇપણ નિર્ણય લો એનો મને વાંધો નથી. પરંતું હું તો એ જ ઇચ્છા રાખુ છું કોઇપણ રીતે હીનલ આનંદિત રહે એમાં જ હું મારું સુખ જોઉં છું. મહાદેવભાઇ, હીનલ જીદ્દી છે. એ જે વિચારશે તે કરીને જ જંપશે એમાં બે મત નથી. તમે મારા અને હીનલના મિત્ર બની રહો એવું હું ઇચ્છું છું. હીનલ માટે તમે કેવો નિર્ણય લો છો એની સાથે મારે નિસ્બત નથી. તમારી નવલકથાઓ વાંચતા તમારા પ્રત્યે મને માન ઉત્પન્ન થયું. એટલે ભવિષ્યમાં પણ તમે અમારી સાથે સંબંધ રાખશો જ એટલી જ મારી માંગણી છે.'

મહાદેવ હર્ષનાં હાથ પકડી જાણે કે કાયમની મૈત્રી રાખશે તેવું આશ્વાસન આપે છે.

પણ... હવે શું ?

મહાદેવને નક્કી કરવાનું હતું. હીનલને કેવી રીતે સમજાવવી એના વિચારો એ કરે છે. હર્ષની પાસે જ પથારીમાં બેઠો છે. બંને મૌન છે. અત્યાર સુધી વાતનો દડો હર્ષનાં ખોળામાં હતો તે આવીને પડ્યો મહાદેવના ખોળામાં. તે દડાનું શું કરવું એ હવે મહાદેવને નક્કી કરવાનું છે.

સમગ્ર રૂમમાં સંપૂર્ણ શાંતિ છવાઇ ગઇ છે. બાજુની રૂમમાં ગયેલી હીનલ બારણાની આડાશમાં રહીને હર્ષની અને મહાદેવની વાત સાંભળતી હતી. હર્ષ અને મહાદ્દેવ બંને અરસપરસ નિખાલસતાથી વાત કરતા હતા. તે હીનલને સ્પર્શી ગઇ. હીનલ વિચારે છે કે, તેના વિશે નિર્ણય મહાદેવને લેવાનો નથી. તે નિર્ણય પોતાની જાતે જ લેશે. હીનલ કોઇપણ સંજોગોમાં મહાદેવને ગુમાવવા માંગતી નથી. તેનું સમગ્ર શરીર જાણે કે મહાદેવને પામવાની તીવ્ર ઝંખના કરતું હોય તેવો તે અનુભવ કરે છે. હીનલ પણ કોઇ નિર્ણય લઇ શકતી નથી.

તે ધીરેથી બાજુની રૂમમાંથી હર્ષવાળી રૂમમાં આવે છે. બંનેને બેઠેલા જુએ છે. તેને થાય છે કે તેણે જ એક વાર્તા ઊભી કરી છે. હવે વાર્તાનો અંત કેવી રીતે આવે ? કોણ લાવે ? પણ વાર્તાનો અંત સુખદ હોય એવું તે ઇચ્છે છે. પણ તેની ઇચ્છા બર આવશે ખરી ? એનો જવાબ હીનલ આપી શકે તેમ નથી.

હીનલને આવેલી જોઇ મહાદેવ એનો હાથ પકડી હર્ષની પાસે બેસાડે છે. અને ધીરેથી કહે છે,

'હર્ષ, સોમવારે સવારે અમે વડોદરા જવાના છીએ. એ વિશે તમે જાણતા હશો. હીનલ એવું કર્યું હોય તો ! સોમવારે સવારે વડોદરા જવાનું બંધ રાખીએ તો ?'

‘એટલે તમે શું કિરીટ અને સુધાને ભેગા કરવા નથી માંગતા ?’ એકદમ હીનલ બોલી ઊઠે છે.

‘બહુ ઉતાવળી ના થા. મેં જે નિશ્ચય કર્યો છે એને હું વળગી જ રહેવાનો છું. અત્યાર સુધી હર્ષ વિશે હું માહિતગાર નહોતો. તારે ઘેર આવી હર્ષની સાચી પરિસ્થિતિ મેં જોઇ. એ પણ જાણ્યું કે હર્ષ વ્હીલચેરમાં બેસી હરી ફરી શકે છે. તેથી વડોદરા તો જવું જ છે. નક્કી થયા પ્રમાણે. પણ સોમવારે નહીં કાલે સાંજે નીકળીશું. હર્ષ પણ વડોદરા આવશે.’

‘મહાદેવભાઇ, મને લઇ જવામાં તમને તકલીફ પડશે. હીનલ ભલે તમારી સાથે આવે હું અહીં જ રહીશ.’

‘ના, એમ નહીં થાય. તમને પણ જોડે લઇ જ જઇશ. હીનલ તું શું ક્હેવા માંગે છે ?’

‘તમે એમને સાથે લેવાનું વિચારતા હોય તો મને બહુ આનંદ થશે. હું એકલી તો તેમને લઇ જઇ શકું તેમ નથી. હર્ષ વડોદરા આવશે તો થોડા દિવસ હવાફેર પણ થઇ જશે. ઘણા વખતથી બહારના વાતાવરણથી તે અલિપ્ત છે. તેથી તે આપણી સાથ જરૂર આવશે.’

રાત વીતતી જાય છે. ઘડિયાળનો કાંટો ફરતો રહે છે. પરોઢ થવાની તૈયારી છે. ઘણા લાંબા સમય સુધી એકબીજા સાથે બધાં બેસી રહ્યા અને વાતો કરી એમાં સમયનો કોઇનેય ખ્યાલ ન રહ્યો.

‘હીનલ, હવે સૂવાનો સમય જ ન રહ્યો. એટલે ઊઠવાનો તો પ્રશ્ન જ નથી. મને લાગે છે કે નાહી-ધોઇ પરવારી આપણા બદલાયેલા નિર્ણયની સુમનભાઇને જાણ કરી વડોદરા જવા માટેના સાધનની તૈયારી પણ કરીએ.’ હીનલ મહાદેવની વાત સમજે છે. રસોડામાં જઇ પાણી ગરમ કરવા મૂકે છે.

સ્નાનાદિ ક્રિયા પતાવી મહાદેવ ત્યાં જ બેઠકરૂમમાં આસન પાથરી ઇષ્ટદેવનું સ્મરણ કરવા બેસી જાય છે. આમ તો મહાદેવનો ક્રમ રોજ સવારે સ્નાનાદિ ક્રિયા પરવાર્યા પછી એકસો આઠવાર ‘મૃત્યુંજય મહામંત્ર’ નો પાઠ કરવો. અહીં એ પાઠ કરે જ જાય છે. ત્યાં સુધી હીનલ અને હર્ષ પણ તૈયાર થાય છે.

ત્રણેય જણાં સાથે બેસી ચા-નાસ્તો કરતા કરતાં કિરીટ અને ડૉક્ટર સુધાની વાતો કરે છે. હીનલ પણ કિરીટ, મહાદેવ અને ડૉક્ટર સુધાની તે જ જાણે છે તેની વાત હર્ષને કરે છે. એક મુક્ત વાતાવરણમાં ત્રણેય જણ ચર્ચા કરે જાય છે. પણ હીનલને એના હૃદયમાં એક ખટકો લાગે છે. જે આશા સાથે તે મહાદેવને પોતાને ઘેર લાવી હતી તે આશાઓનાં શમણાં જાણે કે ઊડી ગયાં હોય તેવું તે અનુભવે છે.

ઘણા લાંબા સમયથી મહાદેવ પ્રત્યે તે આકર્ષાઇ હતી. મહાદેવનું કામણગારું વ્યક્તિત્વ તેને આકર્ષિત કરી ગયેલું અને તેના હૃદયના કોઇ એક ખૂણામાં પોતાના પતિ હર્ષની બાજુમાં મહાદેવની પણ છબી એણે અંકિત કરી દીધેલી. પતિને છોડવાનું કે દગો કરવાનું તે ઇચ્છતી નથી. પણ મહાદેવને મેળવવો હતો. એ એનો દ્રઢ નિશ્ચય હતો. એની આશા આજે ફળીભૂત થતી નથી.

સુમનભાઇને ફોન કરી મહાદેવ હર્ષને લઇ જવાનું નક્કી કર્યું એમ કહે છે. હર્ષને સારી રીતે લઇ જવાય એવી કોઇ ગાડી ભાડે કરી લેવાનો આગ્રહ રાખે છે. હીનલ હર્ષની સાથે આવશે એવું જાણતા સુમનભાઇ ખુશ થાય છે. મહાદેવને ખબર નથી કે હર્ષ સાથે સુમનભાઇને આત્મીયતા છે અને એને કારણે જ હીનલને કિરીટની સેવા માટે રાખેલી. ટ્રેનને બદલે આમ વાહનમાં જવાની વાતા સાંભળી કિરીટ આનંદનો માર્યો ઊછળે છે. ટ્રેન કરતાં વહેલું પહોંચાશે એવું કિરીટ માની લે છે. કિરીટ એ વિચાર કરે છે કે સુધા છેલ્લી ઘડીએ ફસકી તો નહીં જાય ને ? જો કે મહાદેવના કહેવા પ્રમાણે બધું જ નક્કી છે. હવે કિરીટનું નસીબ સુધાના હાથમાં છે.

રાત્રે આઠેક વાગ્યે નીકળવાનું નક્કી થાય છે. સુધાને ફોન કરીને જાણ કરવામાં આવે છે કે બધાં નિર્ધારિત સમય કરતાં વહેલાં આવશે.

## ત્રીસ

સુધાને મહાદેવનો ફોન મળે છે. ફોન પર મહાદેવની સાથે બીજી ચાર વ્યક્તિઓ છે એવું પણ તે કહે છે. સુધાને ખ્યાલ આવતો નથી કે બીજાં કોણ હશે ? ફોન મળતાં જ અવંતિકાબેનને ફોનની જાણ સુધા કરે છે. સુધા

અવંતિકાબેનને ભેટી પડે છે. આટલા વર્ષોમાં પહેલીવાર હર્ષઘેલી સુધાને અવંતિકાબેન જુએ છે.

'અવંતિકાબેન, તેમનો ફોન આવ્યો. બધાં આવે છે. આજે હું બહુ ખુશ છું. મેં અત્યાર સુધી મહાદેવને બહુ પજવ્યો. એ માણસે મારી મુશ્કેલીમાં મદદ કરી છતાં હું એને ન સમજી શકી. મહાનત્યાગી પુરૂષની પત્ની હોવાનો હું ગર્વ અનુભવુ છું. અવંતિકાબેન કાલે કથા પૂરી થાય પછી એમની સાથે આવેલા મહેમાનો અહીં જ રહેશે. પણ હું અને મહાદેવ થોડો સમય બહાર ચાલ્યા જઇશું. ક્યાં જવાનું છે તે નક્કી કરી લઇશ. કોઇને પણ જાણ કરીશ નહીં. હું... અને મહાદેવ... એકલાં જ...' સુધા આગળ બોલતી નથી.

ધીરેથી અવંતિકાબેન સુધાને પોતાની પાસે બેસાડી કહે છે કે, 'સુધા, આવતી કાલે મારી દૃષ્ટિએ તું પ્રભુતામાં પગલાં માંડીશ. જેના ખોળામાં ત્રણ ત્રણ બાળકો રમતાં હોય એવી સ્ત્રી બાળકના જન્મ્યા પછી પ્રભુતામાં પગલા માંડતી હોય એવો વિરલ જ કિસ્સો કાલે જોવા મળશે. પણ બેટા, મારે તને એક વાત કરવી છે. તું કહે તો હું કહું.'

'અવંતિકાબેન, તમારે મારી પરવાનગી લેવાની ન હોય. જે કહેવું હોય તે જરૂર કહો.'

'તુ મહાદેવને તારી સ્વેચ્છાથી સ્વીકારવાની વાત કરે છે ?'

'એમ કેમ પૂછવું પડ્યું ?'

'આ તો તારા હૃદયની વાત મારે જાણવી હતી.'

'આમ તો હું કિરીટને જ વરેલી હતી. કિરીટની મુલાકાત પછી મહાદેવની મુલાકાત થયેલી. તે પહેલાં મેં કિરીટને લગ્નનું વચન આપી દીધેલું. તેથી મહાદેવને શુભેચ્છક મિત્ર જ માનેલો. અને મારી કટોકટીમાં મિત્ર તરીકે એ મારી વ્હારે પણ આવ્યો. આજે કિરીટ નથી મહાદેવ છે. મારા જીવનમાં પ્રથમ પુરૂષ તરીકે કિરીટનો પ્રવેશ થયો. કિરીટ થકી જ મને માતૃત્વ પ્રાપ્ત થયું. કિરીટની સાથે સામાજીક મર્યાદા ઓળંગવાનુ પગલું મેં જ ભરેલું. એમાં કિરીટનો કોઇ જ વાંક નહોતો. પણ આ બે વર્ષના સમયમાં કિરીટની કોઇ ભાળ ન મળી અને આ સમય દરમ્યાન મહાદેવની એકલતા જોઇ મને દુઃખ થયું. જે માણસ બીજાના સંતાનની માતા બનવાની હોય છતાંય એ સંતાનોના પિતા બનવાનું કબૂલ કરે એને આજે હું અન્યાય કરી રહી છું. એમ લાગવાથી તેનો સ્વીકાર કરવા તૈયાર છું.'

'અને કદાચ કિરીટ આવે તો ?'

'હવે એ શક્ય ખરું ? એની કોઇ માહિતી મારી પાસે નથી. તો પછી એની વાત કરવાની ક્યાં હોય ?'

'જો સુધા ધારો કે આવતી કાલે કોઇ ચમત્કાર થાય અને મહાદેવ અને કિરીટ બંને સાથે આવી તારી સમક્ષ ઊભા રહે તો ? તો તું કોની પસંદગી કરે ?'

'અવંતિકાબેન, એવું કોઇ સંજોગોમાં ન બને.'

'અને બને તો ?'

'હું મુશ્કેલીમાં મૂકાઇ જાઉં. બેમાંથી કોની પસંદગી કરવી એ હું નક્કી ન કરી શકું.'

'કેમ ?'

'અવંતિકાબેન, કિરીટ મારા બાળકોનો પિતા છે. પણ મહાદેવે તો એ જન્મ પામેલા બાળકોને પિતાનું નામ આપ્યું. હવે, ખરેખર બંને સાથે આવીને ઊભા રહે તો એકની પસંદગી કરવી મારે માટે મોટો પ્રશ્ન ઊભો થાય.'

'જો સુધા, અત્યાર સુધી તો આવું બન્યું નથી. અને કદાચ ભવિષ્યમાં આમ થાય તો ?'

'એમ થાય તો અવંતિકાબેન કોઇ રસ્તો તો શોધવો પડે ! એવું ના થાય, બંનેનો હું સ્વીકાર કરું તો ?'

'જો સુધા, આ તમારા ત્રણનો પ્રશ્ન બની રહે. તમે ત્રણેય સાથે ન રહી શકો. બાળકો પર એની ખરાબ અસર પડે.'

'પણ અવંતિકાબેન, હું કયો નિર્ણય લઉં. બેમાંથી કોઇને પણ તરીછોડી શકાય તેમ નથી. અને ખાસ કરીને મહાદેવને તો નહીં જ કે જેણે મને સહારો આપ્યો. અને અત્યારે પણ એ જે એકલતા સહન કરે છે તે માટે મેં તેમની સાથે જોડાવાનો નિર્ણય કર્યો.'

'જો સુધા, આવતી કાલે શું થવાનું છે તે આપણે કોઇ જાણતા નથી. છતાંય કિરીટ અને મહાદેવ બંને તને

સ્વીકારવા માંગતા હોય તો ? તું કોને સ્વીકારે ?'

'અવંતિકાબેન, ભવિષ્યની વાત કરી મને ચિંતા શા માટે કરાવો છો ? જ્યાં કિરીટનું અસ્તિત્વ જ નથી તો કિરીટ માટે કેમ વિચારાય ?'

'અને છતાંય વિચારવું પડે તો ?'

'અવંતિકાબેન બંનેને સાથે જોતાં મારું હૈયું કાબૂમાં ન રહે. બંનેમાંથી એકનો સ્વીકાર કરવો એ મારા માટે શક્ય ન બને. અને જો આવું કદાચ બને તો મારે શું કરવું જોઇએ એનો નિર્ણય હું મહાદેવ પર છોડી દઉં.'

'મહાદેવ પર કેમ ? કિરીટ વિશે નહીં વિચારવાનું'

'અવંતિકાબેન, અત્યારે મહાદેવને સમર્પિત થવાની ભાવના મારામાં હોવાથી મહાદેવ જે ઇચ્છે તે હું કરીશ. જાવ મારું વચન છે.'

'જો બેટા, મેં જે કહી તે હકીકત કાલે વાસ્તવિક બનીને તારી સમક્ષ ઊભી થવાની છે. હું બધું જ જાણું છું. તને સાચી વાત કરી નથી. મહાદેવની સાથે કાલે કિરીટ પણ અહીં આવે છે. કાલના દિવસ પૂરતું તારા હૈયાને કાબૂમાં રાખજે. મનને વિચલિત થવા ન દઇશ. બધું જ મહાદેવ પર છોડી દેજે. કાલનો દિવસ તારા માટે ચમત્કારનો દિવસ છે. આવતી કાલ સુધી તારા હૈયાને કાબૂમાં રાખજે.'

સુધા અવંતિકાબેનને વળગી પડે છે. તેની આંખમાંથી આંસુ નીકળી તેના ગાલ પર રેલાઇ જાય છે. તે શા ના આંસુ હતાં. એકના મિલનના કે બીજાના વિરહનાં ? એનો જવાબ તો સુધા ના આપી શકે. એનો જવાબ તો નિયતિ જ આપી શકે.

અવંતિકાબેનથી છૂટી પડેલી સુધા પોતાની રૂમમાં પહોંચી જાય છે. પથારીમાં આડી પડે છે. અવંતિકાબેને કહેલી વાત - મહાદેવ અને કિરીટની - એને યાદ આવે છે. તેની નજર સમક્ષ કિરીટ આવે છે. કિરીટ કહે છે :

'જો સુધા, મારો કશો વાંક નથી. કુદરતને કરવું હશે તે હું તારાથી દૂર ફેંકાઇ ગયો. ડૉક્ટરોએ કિડની નિષ્ફળ જવાનું નિદાન કર્યું. જેની કિડની નિષ્ફળ ગઇ છે એ માણસ એની પત્નીને સંતાનસુખ ન આપી શકે અને એટલા માટે જ મેં તારા જીવનમાંથી દૂર ચાલ્યા જવાનો નિર્ણય કરેલો. તારા પ્રત્યે અપાર પ્રેમ મને હતો, આજે પણ છે. જીવનપર્યંત તને હું વફાદાર રહીશ, પરંતુ શ્વેતાની સાથે અણધારી રીતે જે બની ગયું તેમાં મારો વાંક નહોતો. શ્વેતાએ જ મારી ઉપર બળજબરી કરેલી અને મારે તેને તાબે થવું પડેલું. અને જે પરિણામ ઊભુ થયુ તે તું જાણે છે. તું મારો સ્વીકાર કર. તારા સિવાય રહી શકું એમ નથી. હવે જીવનના બાકી રહેલા વર્ષો તને જ વફાદાર રહીશ. એની હું તને ખાતરી આપું છું. બોલ, મારો સ્વીકાર કરીશને ?' આમ કહેતો કહેતો થોડો દૂર જતો કિરીટ તેને દેખાય છે.

અને કિરીટની જગ્યાએ મહાદેવ આવી ઊભો રહે છે. એ પણ જાણે કે વિનવણી કરતો હોય એવું સુધાને લાગે છે :

'જો સુધા, મને તારા પ્રત્યે આકર્ષણ હતું જ. પણ તારા કહેવાથી જ હું તારો શુભેચ્છક મિત્ર બન્યો. મારી આશા-ઉમંગો મેં ક્યારેય તારી સમક્ષ છતા નથી કર્યા. તારી મુશ્કેલીમાં હું તારે પડખે રહ્યો છું. તારા સંતાનોને પિતાનું નામ આપ્યું. છતાંય હું તો તારાથી દૂર જ રહ્યો ને ! મારાથી એકલતા સહન થતી નથી. તુ મારો સ્વીકાર કરે એમ પણ હું નથી કહેતો. હવે તારે નક્કી કરવાનું છે. તુ મને સ્વીકારે છે કે કિરીટને ? બોલ તું કોનો સ્વીકાર કરવા માંગે છે ? બોલતી કેમ નથી ? નિર્ણય તારે કરવાનો છે.'

'ના, ના, નિર્ણય તમારે કરવાનો છે.' જાણે કે સ્વપ્ન જોતી હોય તેમ એકદમ બેઠી થઇ જાય છે અને બોલી ઊઠે છે.

જ્યારે વાસ્તવિક્તાની ખબર પડે છે કે તેની સમક્ષ કિરીટેય નથી અને મહાદેવ પણ નથી. તેના અર્ધજાગ્રત મનમાં ઊભા થયેલા વિચારો... વિચારો... જ હતા.

બીજી ક્ષણે બધું જ જાણે કે નિયતિ પર છોડી દેતી હોય તેમ તે પથારીમાં લંબાવી દે છે... વહેલું પડે સવાર.

# એકત્રીસ

રવિવારે મોડી રાત્રિએ બધાં વડોદરા જવા નીકળે છે. બધાં ખુશ છે. દરેક પોતાની રીતે વિચારતાં હતાં. દરેકના વિચારો જુદા હતા. પણ કોઇ પોતાની વાત બીજાને કરતાં નહોતાં. કિરીટને સુધાને પામવાની તીવ્ર ઇચ્છા હતી. એવી જ ઇચ્છા હીનલની મહાદેવને પામવાની હતી. મહાદેવ શાંત હતો. ક્યારેય સુમનભાઇ સાથે તો ક્યારેક હર્ષ સાથે વાર્તાલાપ કરતો.

રાત્રિના ઘોર અંધકારમાં હાઇ-વે પર તેમની ગાડી પૂરપાટ દોડતી હતી. જેટલી તીવ્ર ગતિએ ગાડીના પૈડા ફરતાં હતાં, એનાથી વધુ તીવ્ર ગતિએ કિરીટ અને હીનલ વિચારતાં હતાં. શનિવારે રાત્રે મહાદેવ પોતાને ત્યાં જ હતો. એની ઇચ્છાથી જ તે આવેલો. હર્ષ સાથે તેણે ઘણી વાત કરી. પણ એમાં હીનલનો સ્વીકાર કરશે એવી કોઇ વાત મહાદેવે કરી નહોતી. હીનલ વિચારતી રહે છે. શું મહાદેવ તેનો સ્વીકાર કરશે ખરો ? એવા જ વિચારો કિરીટને આવે છે. એણે સુધાને દગો કર્યો હતો. સુધાની બહેનપણી શ્વેતાને તે આધીન થયો હતો. સુધા આવા બિનવફાદાર નો સ્વીકાર કરશે ખરી ? કિરીટ વિચારે છે. પણ તેને મહાદેવ પર ભરોસો છે. હીનલે મહાદેવની વાત કિરીટને કરી હતી, એથી એ માની લે છે કે જરૂર મહાદેવ સુધાને સોંપી દેશે.

ચાલતી ગાડીએ સુમનભાઇ બીજા જ વિચારમાં છે. મહાદેવ જેવો ત્યાગી પુરૂષ તેમણે આ પહેલાં કંઇ જોયો નથી. એક સ્ત્રી મિત્ર માટે આખું જીવન બ્રહ્મચારી તરીકે ગુજારવાનું થાય એ મહાદેવ જેવા જ સ્વીકારે. ગઇ રાત્રિએ કિરીટ સાથેની વાતમાં સુમનભાઇ એ જાણ્યું હતું કે હીનલ મહાદેવનું આકર્ષણ અનુભવે છે. આ કેવી રીતે શક્ય બને ? હર્ષની હાજરીમાં આમ થઇ શકે ખરું ? તેઓ હર્ષને ઓળખે છે. હર્ષ આ સ્વીકારી શકશે ખરો ? હર્ષ પણ હીનલની માફક જીદ્દી વલણ અખત્યાર કરનારો માણસ હતો. ઘણા સમયથી તે હર્ષને ઓળખે છે. તેમની પુસ્તકોની દુકાનમાં હર્ષ કામ કરતો હતો. હર્ષ એકલો હતો ત્યાં સુધી જરૂરિયાત પૂરતા જ રૂપિયા ઉપાડતો. બાકીનો પગાર સુમનભાઇને ત્યાં જમા રહેતો. હીનલ સાથે હર્ષના પ્રેમ લગ્ન હતાં . અને ત્યાર પછી પણ જરૂર પૂરતો જ પગાર ઊપાડતો. હીનલ સાથે લગ્ન કર્યાના બીજા જ વર્ષે એક કાર એક્સિડન્ટમાં તે અપંગ બની ગયેલો. ત્યાર પછી તેની લેણી રકમ બધી જ તે ઊપાડી ગયેલો. હર્ષે લગ્ન કર્યું ત્યારે હીનલ એક સ્થાનિક હોસ્પિટલમાં નર્સ તરીકે સેવા આપતી હતી. અને આમ હીનલ અને હર્ષનો સંસાર ચાલતો હતો. સુમનભાઇ અવારનવાર હર્ષને ત્યાં જતા. હર્ષને કોઇ મુશ્કેલી હોય તો તેનો પણ નીવેડો લાવી દેતા. આમ ને આમ ત્રણેક વર્ષ વીતી ગયાં.

અને એક દિવસે ઓચિંતો કિરીટ સુમનભાઇની ઓફિસે પહોંચે છે. પોતાની તબિયત વિશે વાત કરે છે. સારા ડૉક્ટરને બતાવ્યા પછી એને કિડની હોસ્પિટલમાં દાખલ કરવો પડે એવી પરિસ્થિતિની જાણ થાય છે. કિરીટને ‘લક્ષ્મીબાઇ યુરોલોજીકલ હોસ્પિટલ ’માં દાખલ કરવામાં આવે છે. થોડા દિવસ તો એને જનરલ વોર્ડમાં રાખવામાં આવે છે. હોસ્પિટલના વિવિધ વિભાગોમાં તેને લઇ જઇ તેના શરીરની ચકાસણી પણ કરવામાં આવે છે. અને પછી જનરલ વોર્ડમાંથી જ કિરીટ ડાયાલિસીસ માટે, ડાયાલિસીસ વિભાગમાં જતો-આવતો રહેતો. દવાખાનાની સંપૂર્ણ વ્યવસ્થા સુમનભાઇએ કરેલી છે. દવા અને બીજા ખર્ચાની ચિંતા પણ કિરીટ ન કરે એવું પણ સુમનભાઇ કહે છે.

સુમનભાઇ પુસ્તક પ્રકાશન અને વિતરકનો વ્યવસાય કરતા હતા. મુંબઇ જેવા શહેરમાં આ વ્યવસાયમાં તેઓ એકલા જ હોવાથી સારી એવી કમાણી પણ કરી ચૂક્યા હતા. સમગ્ર ગુજરાતમાં મોટેભાગે તેમના પુસ્તકોનું વેચાર કિરીટ થકી રહેતું હતું. મહારાષ્ટ્રમાં જેટલો પુસ્તકોનો ધંધો ના થાય એના કરતા વધારે પુસ્તકોનું વેચાણ કિરીટ દ્વારા થતું. ધંધાનો વાર્ષિક નફો સુમનભઇ જ્યારે જુએ ત્યારે એમને ખ્યાલ આવતો કે મોટાભાગનો નફો કિરીટ દ્વારા વેચાયેલા પુસ્તકોનો થતો હતો. બીજા ધંધાના સેલ્સમેનની સાથે સાથે કિરીટે, સુમનભાઇના પુસ્તકોનું સેલ્સમેન તરીકે ઘણું વેચાણ કરી આપ્યું. અને કેટલાંક પુસ્તકોનું તો એક કરતાં વધુ વાર પુનઃ મુદ્રણ કરવું પડેલું. શ્વેતા ભંડારી, પ્રોફેસર મહાદેવ અને બીજા લેખકો સાહિત્યિક દૃષ્ટિએ કહીએ તો ઘણા બધા વેચાતા લેખકો હતા. આ બધુ કિરીટને આભારી હતું.

અને એટલે જ સુમનભાઈ કિરીટ જાણે કે પોતાનો દીકરો હોય એ રીતે એની માંદગીમાં પૈસા ખર્ચવા લાગ્યા. ત્રણેક માસ પછી સુમનભાઈને ખ્યાલ આવે છે કે કિડનીના દર્દમાં દર્દીને માનસિક શાંતિ હોય તો તે લાંબુ જીવી શકે. તેથી આ જનરલ વોર્ડમાંથી બહાર કાઢવાનો તે વિચાર કરે છે. થોડા પૈસા વધુ થાય તો ભલે થાય એમ માની સુમનભાઈ આ જ હોસ્પિટલની બીજી રૂમો કરતાં વધુ સગવડ ધરાવતી સ્પેશ્યલ રૂમ નંબર સત્તાવીશ કાયમ માટે કિરીટને મળે તેવી વ્યવસ્થા કરી દે છે. હોસ્પિટલની સ્પેશીયલ રૂમ રાખવાથી દવાખાનાનો સ્ટાફ ચોવીસ કલાક દર્દીની કાળજી રાખે જ. છતાં કિરીટને એકલવાયું ન લાગે એટલા માટે સુમનભાઈ હીનલની નોકરી છોડાવી કિરીટની સંભાળ રાખે એ માટે હર્ષને સમજાવી હીનલની સેવા લે છે. અને કિરીટ સાજો થાય ત્યારે હીનલની સેવા લેવાનું ન થાય છતાં પણ, હીનલને બીજી નોકરી ન મળે ત્યાં સુધી પગાર આપવાનું પણ સુમનભાઈ કબૂલે છે. અને આમ કિરીટની સારવાર થતી જાય છે.

ચાલતી ગાડીએ સુમનભાઈને પણ આવા ઘણા બધા વિચારો આવી જાય છે. આમને આમ ત્રણેક કલાકની ગાડીની મુસાફરી પૂરી થાય છે. ડ્રાઈવર ઓચિંતી જ ગાડીને વળાંક લઈ એક મોટા મકાનની પાસે ઊભી રાખે છે. અડધા ઊંઘતા અને અડધા જાગતા એવા બધાં ઓચિંતો ગાડી અટકવાનો અવાજ સાંભળી ઝબકી જાય છે.

સુમનભાઈની નજર બહાર જાય છે. તેમની નજર મકાન ઉપર લટકાવેલા બોર્ડ તરફ જાય છે. 'રાધે કાઠિયાવાડી હોટલ' એવું બોર્ડ લખેલું વાંચી તે ગાડી ઊભી રાખવાનું કારણ સમજી જાય છે.

ડ્રાઈવર ચા-નાસ્તો કરવા પહોંચી ગયો હતો. સુમનભાઈ મહાદેવને ઈશારો કરે છે. મહાદેવ ગાડીમાંથી નીચે ઊતરે છે. હોટલમાં જાય છે. કાઉન્ટર પરના માણસને બધા માટે ચા અને નાસ્તો ગાડીમાં મોકલવાનું કહે છે. પગ છૂટો કરવા સુમનભાઈ, કિરીટ અને હીનલ ગાડીની બહાર આવે છે. હર્ષ અંદર જ છે. ગાડીથી થોડે દૂર હીનલ, કિરીટ અને સુમનભાઈ જાય છે. મહાદેવ ત્યાં જ ઊભો છે. હર્ષ મહાદેવને ઈશારો કરી ગાડીની અંદર બોલાવે છે. મહાદેવના આવ્યા પછી હર્ષ બહુ ધીમા અવાજે મહાદેવને કહે છે, ''પછી તમે હીનલ વિશે શું વિચાર્યું મહાદેવભાઈ ? તમારે કોઈ નિર્ણય તો લેવો પડશે. તમે કોઈ નિર્ણય નહીં લો તો હું મુશ્કેલીમાં મૂકાઈ જઈશ.'

'મુશ્કેલીમાં. અને તમે ? હું સમજ્યો નહીં ?'

'જુઓ મહાદેવભાઈ, તમે મારે ત્યાં આવ્યા તે પહેલાં જ્યારથી હીનલ તમારા પ્રત્યે આકર્ષાઈ છે ત્યારથી જ તેણે તમારી વાત મને કરેલી. અમારા બંનેના ખોળિયા જુદા હોવા છતાં અમારો જીવ તો એક જ છે. હું હીનલની પરિસ્થિતિ સમજું છું. તમે એના વિચારોને અવગણશો તો હીનલ તમારી ઉપર વીફરશે !'

'પણ આમાં તમે ક્યાં આવ્યા ?'

'જુઓ, મહાદેવભાઈ, તમને ખ્યાલ નથી. હીનલે જ મારી ઉપર દબાણ કરીને તમને સમજાવવાની જવાબદારી મને સોંપી છે. હવે તમે જ વિચારો કે હું શું કરું ? એક મિત્ર તરીકે તમને કે પત્ની તરીકે હીનલને હું ખોવા માંગતો નથી. એ સંજોગોમાં મહાદેવભાઈ તમારે નિર્ણય લેવો પડશે. અને નિર્ણય પણ હીનલની તરફેણમાં જ આવવો જોઈએ. એવું મારું ખાસ તમને દબાણ છે.'

મહાદેવ જવાબ આપે તે પહેલાં જ હીનલ ત્યાં આવી પહોંચે છે.

'તમે બંને જણ શાની ગુસપુસ કરો છો. નક્કી તમે બંને મારી જ વાત કરતા હશો ? બોલો ખરું ને ?' ત્યાં તો સુમનભાઈ અને કિરીટ આવી પહોંચે છે. ડ્રાઈવરના આવ્યા પછી ગાડી ગતિ પકડે છે. હીનલની વાતનો મહાદેવ કે હર્ષ કોઈપણ જવાબ આપતું નથી. અત્યાર સુધી જે ગતિથી ગાડી દોડતી હતી તે ગતિમાં વધારો થયો હોય એમ બધાં અનુભવે છે. ક્યારેક ગાડી સામેથી આવતા વાહનને કારણે ધીમી પડતી હોય છે તો ક્યારેક રસ્તો સાફ હોવાથી વધુ ગતિથી દોડે છે. આમ ક્યારેક ધીમી તો ક્યારેક તેજ ગતિથી ગાડી ચાલતી રહે છે. અને સાથોસાથ બધાંના મન વિચારો પણ....

## બત્રીસ

મુંબઈથી બધાંને લઈ નીકળેલી ગાડી વડોદરા 'મિલન' બંગલે આવી પહોંચે છે. બંગલાની સામે આવી પહોંચેલી ગાડીને જોતાં જ અવંતિકાબેન સુધાને બુમ પાડે છે :

'સુધા, મહેમાનો આવી ગયા છે. તું બહાર આવ.' એમ કહેતાં અવંતિકાબેન અને એમની પાછળ પાછળ સુધા ગાડીની નજીક આવી પહોંચે છે. એક પછી એક, સુમનભાઈ, હીનલ, મહાદેવ, બહાર આવે છે. સુમનભાઈ અને મહાદેવ ધીરે રહીને હર્ષને બહાર લાવી વ્હીલચેરમાં બેસાડે છે. અને મહાદેવ ગાડીનું બારણું બંધ કરે છે. સટાક... કરતો બારણાનો દરવાજો બંધ થતો અવાજ અવંતિકાબેન અને સુધા સાંભળે છે. ગાડીનું બારણું બંધ થયું એટલે આ ચાર સિવાય બીજું કોઈ નથી જ. એમ સુધા અને અવંતિકાબેન માની લે છે. અવંતિકાબેન જાણતાં હતાં કે કિરીટ જરૂર આવવાનો છે. કેમકે મહાદેવ સાથે તેમને વાત થઈ ગઈ હતી. સુધા કિરીટને ન જોતાં માની લે છે કે અવંતિકાબેને જે વાત કરી હતી તે ખાલી એનું મન મનાવવા જ કરી હશે કેમકે કિરીટ નથી !

બધા બંગલામાં પ્રવેશ કરે છે. એટલામાં મનહરભાઈ ત્યાં આવી પહોંચે છે. એ ડ્રાઈવરને પોતાની સાથે લઈ જાય છે. મહાદેવ અને સુમનભાઈ હર્ષને વ્હીલચેર સાથે ઊંચકી પગથિયા ચઢાવી અંદર લઈ જાય છે. બેઠકરૂમમાં પહોંચતા જ મહાદેવ પરિચય કરાવે છે.

'આ સુમનભાઈ, મુંબઈના જાણીતા પુસ્તક પ્રકાશક વિક્રેતા. સુધા તેમને તો તું ઓળખે છે, અને આ હર્ષ અને એની પત્ની હીનલ.'

'સુમનભાઈ, આ અવંતિકાબેન. ડૉક્ટર સુધાનો એકમાત્ર આધાર. એ બંનેના સંબંધો જે રીતે મૂલવવા હોય એ રીતે મૂલવી શકાય.'

'તમારો તો પરિચય તો ના આપ્યો.' એમ કહેતી હીનલ સુધાની પાસે પહોંચી જાય છે.

'મારો પરિચય ? હું મહાદેવ. પ્રોફેસર મહાદેવ. પ્રોફેસર મહાદેવના નામે લેખક તરીકે ઓળખાઉં છું. પણ મારું મૂળ નામ કલ્પેશ પટેલ. પ્રોફેસર મહાદેવની આગળ કલ્પેશનું અસ્તિત્વ હવે કદાચ રહ્યું જ નહીં હોય. એ વાત છોડો. મારો ખરો પરિચય તો ડૉક્ટર સુધા જ આપી શકે. કેમકે મારી તે ધર્મપત્ની છે. જો કે અર્ધાંગિની કહું તો યોગ્ય ઠરશે. ખરી રીતે તો આજે જ તમારી બધાની રૂબરૂમાં એ મને પતિ તરીકેનો સ્વીકાર કરવા માંગે છે એવું એણે કહેલું. અમારા બંનેનું લગ્ન કેવા સંજોગોમાં થયું છે એની જાણ બધાંને છે. પણ તેની જાણ તમને મોડી મોડી થઈ. મારી એકલતાને જોતાં સુધાએ તેનો નિર્ણય બદલ્યો. એને માટે હું એનો આભારી છું. આજે હું મારી જાતને ધન્ય માનીશ. સુધાનો આજે હું સ્વીકાર કરીશ. કેમ ? સુધા, મારી વાત સાચી છે ને ?'

શરમાતી-શરમાતી સુધા અંદરના રૂમમાં પહોંચી ગઈ.

'અવંતિકાબેન, એક મિનિટ સુધાને બોલાવો. મારે એક બાબતથી તમને બધાને વાકેફ કરવા છે.' અવંતિકાબેન સુધાને બોલાવી બહાર આવે છે. હજુ પણ શરમના શેરડા એના મોં પર અંકિત થયેલા જ દેખાય છે.

'આજનો દિવસ મારા થકી જ નક્કી થયો છે. પણ મારે એક વિઘ્ન આવ્યું છે. તમે બધાં અહીં છો, બપોરે કથા પણ છે. કથામાં અવંતિકાબેન અને મનહરભાઈ બેસશે. આમ તો સુધા અને તેના પતિએ બેસવાનું છે તેવું નક્કી કરેલું. હું અત્યારે જ સામરખા જવા નીકળીશ. કામ એવું છે કે ત્યાં ગયા વિના ચાલે તેમ નથી. ક્યા કામે જાઉં છું, તેની પીંજણમાં હું નહીં પડું. અવંતિકાબેન, આજે જ્યારે અમે એકબીજાનો સ્વીકાર કરીશું તેથી અમે બંને એકાંત બહાર જ મેળવી લઈશું. સાંજના આઠેક વાગ્યાના સુમારે 'હોટેલ સૂર્યા' ના રૂમ નંબર તેરસો એકમાં સુધાને પહોંચાડશો. મેં મુંબઈથી જ રૂમ બુક કરાવી દીધી છે. રૂમ ડૉક્ટર સુધાને નામે બુક થઈ છે. હું ત્યાં, સામરખાથી બારોબાર આવી પહોંચીશ. મારા સુધા સાથેના લગ્ન થયાના આ બે-એક વર્ષના ગાળા પછી કદાચ અમે પતિ-પત્નીના હક ભોગવીશું. અને બીજું આવતી કાલે બપોરે આપણે બધાં સાથે જમીશું. અવંતિકાબેન મારી ગેરહાજરીમાં આ બધા મહેમાનોને મુશ્કેલી ન પડે એ જોવાની જવાબદારી તમને સોંપીને જાઉં છું' એમ કહેતોક ને મહાદેવ કથામાં હાજર ન રહેવાના વસવસા સાથે બંગલાની બહાર નીકળી જાય છે.

અવંતિકાબેન મહેમાનોને સ્નાનાદિ ક્રિયા માટેનાં બધાં સ્થળ બતાવે છે. હીનલને એકરૂમ તરફ લઈ જઈ અવંતિકાબેન ધીરેથી કહે છે, 'જો બેન, આ એક રૂમ એવી છે કે જે બીજી બધી રૂમો કરતાં મોટી છે એની બાથરૂમ એક રૂમ જેટલી મોટી છે. તારા પતિને બાથરૂમ સુધી તું લઈ જઈશ. બાથરૂમમાં સંપૂર્ણ સુવિધા છે. ત્યાં

જઇશ પછી તને ખબર પડશે. તારા પતિને પણ કંઇ મુશ્કેલી નહીં પડે.' એવું કહી રૂમમાં બધે ફેરવી બધું બતાવે છે.

ડ્રાઇવરની વ્યવસ્થા તો મનહરભાઇએ કરી જ દીધી હતી.

સુમનભાઇ પરવારીને આવે છે. તેમને એક બાજુ બોલાવી અવંતિકાબેન પૂછે છે, 'સુમનભાઇ, તમારી સાથે બીજુ કોઇ આવ્યું નથી ?'

'કોણ બીજું ? મુંબઇથી અમે આટલા જ માણસો આવ્યા છીએ. અમારી સાથે બીજું કોઇ આવવાનું હતું ?'

'ના, એ તો મને એમ કે તમે આટલા જ જણ આવ્યા ?' અવંતિકાબેનને પૂછવું છે કિરીટ વિશે. પણ પૂછી શકતા નથી. તો શું મહાદેવે કિરીટની વાત કરી હતી તે મન મનાવવાને જ કરી હશે ? જો કે અવંતિકાબેન મહાદેવ જુઠ્ઠુ બોલે એમ માનતા નથી. મહાદેવ આવીને સામરખા જવાનું કહી અને પાછા બારોબાર 'હોટેલસૂર્યા પેલેસ' પહોંચશે એમાં અવંતિકાબેનને રહસ્ય લાગે છે. જો કે જતાં પહેલાં મહાદેવે જ વાત કરી તેના ઉપરથી એક અનુમાન એવું કરી શકાય કે સાચે જ મહાદેવ સુધાનો સ્વીકારવા તૈયાર થયો છે. અવંતિકાબેન આ અંગેનો નિર્ણય લઇ શકતા નથી. જો કે સુમનભાઇએ પણ અજાણ હોવાનું જણાવ્યુ તેથી કદાચ કિરીટ ન પણ હોય !

હીનલ અવંતિકાને પૂછે છે, 'સુધાના બાળકો ક્યાં ?'

'આ નાના છોકરાં એવું તે શું થયું છે કે મોટે ભાગે ઊંઘતા જ રહે છે. એક બાબો અને બેબી અંદર ઊંઘતા હશે. અને એક બાબો સામરખા છે. મહાદેવનાં દૂરના ભાભી પાસે.'

આટલું જાણ્યા પછી હીનલ અંદરના રૂમમાં સૂતેલા બાળકો પાસે પહોંચી જાય છે. બાળકોને જોતાં જ કેટલાં સુંદર છે ? એમ વિચારતી રહે છે. બંને બાળકોમાં તે કિરીટના ચહેરાને શોધવા મથામણ કરે છે. અને પછી બંને નાના છોકરાંને તે ઊઠાડે છે. કાચી ઊંઘમાં ઊઠેલા તે રડવા લાગે છે. હીનલ બંનેને શાંત કરેછે. અને પછી વારાફરતી તે બંનેને બહાર લાવી, એકને હર્ષને અને બીજાંને સુમનભાઇને રમાડવા આપે છે. હીનલને એની નજર સમક્ષ જાણે કે કિરીટ આવીને ઊભો હોય અને તેના બાળકોને લેવા માટે હાથ લંબાવતો હોય એવું દેખાય છે. પણ ત્યાં તો 'આપણે બધા જમી લઇશું ?' એવો અવંતિકાબેનનો અવાજ સાંભળતા હીનલે જોયેલો કિરીટ અદ્રશ્ય થતો લાગે છે. અને ત્યાં જ બેઠકરૂમમાં સામસામે સોફા પર બેસી બધાં જ પ્રેમથી ભોજન કરે છે.

નિયત સમયે કથા કહેવા બ્રાહ્મણ આવે છે. અવંતિકાબેન અને મનહરભાઇ યજમાન તરીકે કથામાં બેસે છે. બધાં જ ત્યાં જ બેઠેલા છે. અને એક પછી એક સત્યનારાયણની કથાના અધ્યાય પૂરા થતા જાય છે. આરતી થાય છે. પ્રસાદ વહેંચાય છે. આમ કથાની પૂર્ણાહૂતિ થાય છે. સાંજ પડી ગઇ છે. બહાર ધીરે ધીરે અંધારાનું સામ્રાજ્ય ઊભું થતું લાગે છે. જો કે હજુ સાત થાય છે. આઠ વાગ્યા પછી સુધાને 'હોટેલ સૂર્યા પેલેસ'માં પહોંચાડવાની છે. અંદરના રૂમમાં હીનલ સુધાને તૈયાર કરે છે. સુધાને તૈયાર કરતી વખતે હીનલને મનમાં સુધાના જીવનમાંથી ખાલી પડી રહેલું પાત્ર - મહાદેવ - પોતાનો થાય એવું જ વિચારી રહી છે. કિરીટ વિશે તે જાણે છે. જો કે સુધા અજાણ છે. 'હોટલ સૂર્યા પેલેસ'માં ચમત્કાર બનવાનો છે. એની જાણ હીનલને તો છે જ. અને ખરેખર મહાદેવે કહ્યું છે તેમ સુધાના જીવનમાં બને તો, નક્કી હીનલના જીવનમાં મહાદેવનો પ્રવેશ થઇ જાય . હીનલે હર્ષને પણ આ બાબતમાં દબાણ કરેલું છે. એટલે જ હીનલ પ્રેમથી સુધાને નવોઢા સ્ત્રીની માફક સજાવવામાં મદદ કરી રહી છે. એકાદ કલાક પછી અવંતિકાબેન સુધાને લઇ 'હોટલ સૂર્યા પેલેસ' પહોંચે છે. કાઉન્ટર પર તપાસ કરતાં ખબર પડે છે કે, હમણાં જ કોઇ ભાઇ રૂમ નંબર તેરસો એકની ચાવી લઇ ગયા છે. અવંતિકાબેન સુધાને તેરસો એક નંબરની રૂમના દરવાજા પાસે છોડીને પાછા વળે છે. અને ધીરે ધીરે સુધા રૂમનું બારણું ખોલી અંદર પગલા માંડે છે.

## તેત્રીસ

સુધાને રૂમ નંબર તેરસો એકની પાસે મૂકી અવંતિકાબેન પાછા ફરે છે. ધીરે ધીરે 'હોટલ સૂર્યા પેલેસ'ના પગથિયાં ઊતરે છે. ત્યાં જ એકદમ આવેલી ભાડાની ટેક્ષીમાંથી બહાર નીકળેલા અને નવા જ વસ્ત્રોમાં સજ્જ એવા પુરુષને જોતાં જ અવંતિકાબેન આશ્ચર્યમાં પડેછે.

આવનાર પુરુષ બીજું કોઇ નહીં પણ મહાદેવ હતો. તે આમ બનીઠનીને આવેલા મહાદેવને જોતાં વિચારમાં પડી જાય છે. તો શું મહાદેવ સુધાનો સ્વીકાર કરવા આવી પહોંચ્યો ? અવંતિકાબેનને તો મહાદેવ કે કિરીટ ગમે તે સુધાના જીવનમાં પ્રવેશે એમાં કોઇ ફેર પડવાનો નહોતો.

'મહાદેવ, સુધાને રૂમ સુધી પહોંચાડી હું પાછી ફરું છું તમે જાવ. તમારી રાહ જોતી હશે. ' એમ કહી અવંતિકાબેન આગળ પગલાં માંડે છે. ત્યારે જ સહજ રીતે 'તમને ઘેર સુધી મૂકી આવું ?' એમ કહી પેલી ટેક્ષી રોકવાનો પ્રયત્ન કરે છે. પણ ટેક્ષી તો ત્યાંથી નીકળી ગઇ હતી.

'હું મારી રીતે ચાલી જઇશ. કાલે બપોરે અમે અહીં આવી પહોંચીશું.' એમ કહેતાં 'હોટલ સૂર્યા પેલેસ'ની બહાર નીકળી જાય છે. અને મહાદેવ ધીરે ધીરે પગથિયા ચઢી રૂમ નંબર તેરસો એક તરફ પગલાં માંડે છે.

## ચોત્રીસ

રૂમ નંબર તેરસો એકમાં પ્રવેશી ચૂકેલી સુધા જુએ છે તો રૂમમાં કોઇ નથી. આજુબાજુ તપાસ કરે છે છતાં કોઇનો અણસારો ખબર પડતો નથી. ઓચિંતુ જ બાથરૂમમાં જવાનું મન થતાં તે બાથરૂમમાં પહોંચી જાય છે. બાથરૂમમાં પ્રવેશી ત્યારે સમગ્રરૂમમાં પ્રકાશ હતો. બાથરૂમમાંથી બહાર નીકળે છે ત્યારે રૂમની લાઇટ કોઇએ બંધ કરી દીધી હોય તેવું તેને લાગે છે. આખી રૂમમાં અંધકાર છે. એકદમ બારણું ખુલવાનો અને બંધ થવાનો અણસાર આવે છે. એકાદ મિનીટ બાથરૂમના બારણા પાસે જ તે ઊભી રહે છે. એકાએક વીજળી આવી જવાથી સમગ્ર રૂમમાં પ્રકાશ રેલાઇ રહે છે. સુધાની નજર માથાની ઉપર ફૂલોની ચાદર છવાઇ ગયેલી છે એવી એક વ્યક્તિને પલંગ પર બેઠેલી જુએ છે. પોતે બાથરૂમમાં ગઇ તે જ વખતે મહાદેવ આવી ગયો હશે તેમ માને છે.

પથારી પાસે બેઠેલા પુરુષની નજીક જઇ પેલા પુરુષના પગ પકડી એના પગ પાસે જ બેસી જઇ સુધા પોતાનું માથું પેલી વ્યક્તિના ઢીંચણ પર મૂકી દે છે.

'મહાદેવ, મેં તમને બહુ અન્યાય કર્યો છે. મારી મુશ્કેલીમાં તમે સદાય મદદ કરતા રહ્યા છો. આ સમય દરમ્યાન તમારાથી દૂર રહી મેં તમને તરછોડ્યા છે એનું મને ભારોભાર દુઃખ છે. જો કે એનો પસ્તાવો મેં ઘણીવાર કર્યો છે. અને એથી જ તમારો સ્વીકાર કરવાનું મેં નક્કી કર્યું છે. મને માફ કરી મારો તમે સ્વીકાર કરો.' એમ કહી તે આંસુ વહાવે છે.

બીજી ક્ષણે સુધા જાણે કે કોઇના હાથો વડે ઊંચકાતી હોય એવો અનુભવ કરે છે. અને પછી ઊંચકાતી સુધા કોઇ પુરુષની બાજુમાં પોતાની જાતને બેઠેલી જુએ છે. સુધાને ઘણું બધું કહેવું છે. આ બે વર્ષના સમય દરમ્યાન એણે પણ એકલતા સહન કરી છે. સમાજની દૃષ્ટિએ લગ્નગ્રંથિથી જોડાયેલી સુધાએ દાંમ્પત્યજીવનનું સુખ માણ્યું નથી.

કિરીટના સમાચાર ન હોવાને કારણે અને પોતાના શરીરમાં નવો પીંડ આકાર લેતો હોય એવું અનુભવવાથી સુધાએ અવંતિકાબેનની સલાહ લીધેલી. અને પછી સુધાના જ કહેવાથી અને અવંતિકાબેનનો સમજાવેલો પ્રોફેસર મહાદેવ પોતાના જીવનને હોડમાં મૂકી એક આધારવિહીન સ્ત્રીનો પોતાને ન રુચે એવી શરત સાથે સ્વીકાર કરે છે, 'લગ્ન તો થાય પણ દાંમ્પત્યજીવનના હકો પતિને ભોગવવાના ન મળે એ શરતે જોડાવાય.' કોઇપણ વ્યક્તિ આવી શરત સાથે લગ્ન તો ન જ કરે. છતાંય મહાદેવ તૈયાર થયેલો. આજે એ બે વર્ષમાં ઝૂરતાં ઝૂરતાં વિતાવેલા દિવસો એક પછી એક એની સમક્ષ આવતા જાય છે.

લગ્નની આ શરત સુધા, મહાદેવ અને અવંતિકાબેન જ જાણતાં હતાં. મહાદેવની પત્ની તરીકે જાહેરમાં ઘણીવાર સુધા ગયેલી પણ ખરી. સાથે ફરેલા પણ ખરા. સામરખા સુધી પણ મહાદેવ સાથે જતી-આવતી રહેલી.

કોઇપણ ન જાણી શકે કે આ બંને વચ્ચે મનભેદ હશે. તેઓ બે જ જાણતા હતા પણ એ સ્વીકારીને ચાલતાં હતાં. અવંતિકાબેન ક્યારેક નિસાસો નાખતાં ખરાં. એ પણ બિચારાં શું કરે ? તે અને તેમના પતિ સુધાના પૈસાથી જ નભતાં હતાં ને !

માનવ માત્ર સતત એકલતાથી પીડાતો રહે , પોતાની વ્યથા કોઇપણ વ્યક્તિની સમક્ષ કહી ન શકે એવા સંજોગોમાં વ્યક્તિ ગમે તેટલી સુખી હોય છતાં આંતરિક રીતે પોતે દુઃખ જ ભોગવતી હોય છે. આવું સુધાને માટે પણ થયું. પોતાના બાળકો મોટા થાય અને ધીમે ધીમે સાચી પરિસ્થિતિની તેમને જાણ થતી રહે, અને ક્યારેક પોતાની માતાને પૂછે તો ? સુધાની  પાસે આનો જવાબ ન હતો.

આ જ પરિસ્થિતિમાં રહેવું કે તેમાંથી બહાર નીકળવું તેવી મથામણ તે સતત અનુભવતી હતી. પોતે તો દુઃખી થાય છે અને સાથોસાથ મહાદેવને પણ દુઃખી કરે છે. એવી સમજ જ્યારે એણે પ્રાપ્ત કરી ત્યારે જ તેને ખ્યાલ આવ્યો કે એ પોતાની સાથોસાથ મહાદેવને પણ અન્યાય કરી રહી છે. છેવટે મહાદેવનો સ્વીકાર કરવા તૈયાર થઇ... પોતાના શરીર પર કોઇના હાથનો ભરડો લેવાય છે. તેવા અનુભવ કરતી વખતે આ બધું તેને યાદ આવતું રહ્યું. બીજી ક્ષણે શરીરને ભરડો લેતા હાથમાંથી મુક્ત થવાને બદલે તે પણ પોતાના હાથથી જેનો સ્વીકાર કરવા તૈયાર થઇ છે એને એ ભરડો લે છે. હજુ એને ખ્યાલ નથી આવતો કે તે કોના આલિંગનમાં ભીંસાતી જાય છે. તે તો મહાદેવની પાસે જ છે એવું અનુભવે છે. પણ સામી વ્યક્તિ તરફથી કોઇપણ પ્રત્યુતર એને મળતો નથી. ક્યાંથી મળે ? પહેલાં એ બોલેલી પછી એ બોલતી બંધ થઇ. તે ચૂપ હતી. એની નજર સમક્ષ બે વર્ષ સુધી વીતલા દિવસો એક પછી એક યાદ આવતા રહ્યા ને !

રૂમમાં સંપૂર્ણ શાંતિ છે. ઝાંખી ઝાંખી રોશનીથી રૂમ ભર્યો ભર્યો લાગે છે. બે માનવદેહ એકલા જ છે. બંનેના મોં સિવાઇ ગયા હોય એમ કોઇના મોંમાંથી સહેજ પણ અવાજ નીકળતો નથી. જો કે સુધાને બોલવું છે પણ લાગણીના આવેગમાં તે કશું જ બોલતી નથી. અને પછી તો સહેજ રીતે એકબીજાથી આલિંગનોની ભીંસમાં બંને ભીડાતાં - ભીંસાતાં રહ્યાં.

એક ક્ષણ પછી કોઇ હાથ સુધાના અંગેઅંગને ફંફોસતો રહ્યો હોય એવું તે અનુભવે છે. શરીરના વિવિધ અંગો પર થતા સ્પર્શથી સુધા ઉત્તેજિત થઇ જાય છે. અને પછીતો નિયતિએ જે નિર્માણ કરેલું એ જ થતું રહ્યું. સુધાએ બે વર્ષ પછી જાણે કે પરમશાંતિનો અનુભવ કર્યો હોય એ રીતે આનંદિત થઇ ગઇ. અને પછી એ જાણે કે સમાવવાનો પ્રયત્ન કરતી હોય એવું તેણે વારંવાર અનુભવ્યું. સુખ ન હતું ત્યારે સુખથી તે દૂર હતી. જરૂર પડ્યે મેળવી શકી હોત. પણ આજે એકી સાથે સુખ પ્રાપ્ત કરી લેવાની અધિરાઇ તેનામાં હતી.

એક ઝોકું સુધાને આવી ગયું. સવારે જાગી ત્યારે પથારીમાં હાથ લાંબો કરી તે જોવાનો પ્રયત્ન કરે છે ત્યાં તો કોઇ ન હતું. બપોર સુધી અહીં જ રહેવાનું હતું. એવું નક્કી થવાથી તે ધીરે ધીરે દૈનિક ક્રિયાઓથી પરવારે છે. આમ કરતાં સવારના દશ વાગી જાય છે. એને પ્રશ્ન થાય છે મહાદેવ મને એકલો મૂકી ક્યાં ચાલ્યો ગયો. અત્યારે કદાચ મહાદેવને જુએ તો એની સામે એ જોઇ નહીં શકે કેમકે થોડાક કલાકો પહેલાં સુધા પોતાની જાતને સમર્પિત કરવા આવી હતી. પણ તે વિચારે છે તે પોતે નહીં પણ સામી વ્યક્તિ સમર્પિત થઇ ગઇ હતી ! ધીરે રહીને તે અરીસા પાસે પહોંચે છે. અરીસામાં પોતાનું મોં જુએ છે એ જોતાં જ ચમકે છે. પોતાના મોં પર એકાદ બે જગ્યાએ કોઇના દાંતના નિશાન હજુ એવાંને એવાં જ છે. અરીસામાંથી પોતાનું મોં તે ફેરવી લે છે. ત્યાં જ....

ડોરબેલનો અવાજ સંભળાય છે. મહાદેવ જ હશે એમ માની તે બારણું ખોલે છે. બારણું ખોલતા જ એની નજર સમક્ષ જે ચિત્ર અંકિત થાય છે એનાથી એ પોતાના શરીર પરનો કાબૂ ખોઇ બેસે છે. અને બીજી ક્ષણે આખી પૃથ્વી ગોળ ગોળ ફરતી એને લાગે છે. એ ફેરફૂદડી ફરે છે. ફેરફૂદડી ફરતાં તે થાકી ગઇ હોય એમ એક પછડાટ ખાય છે. અને બીજી ક્ષણે આવનાર વ્યક્તિના હાથમાં તે ઝીલાઇ જાય છે.

હોંશમાં આવે છે ત્યારે તે પથારીમાં છે. તેની આસપાસ બધાં વીંટળાઇને બેઠેલા છે. ધીરે ધીરે ઊઘડતી તેની આંખો બેઠેલી બધી જ વ્યક્તિઓને જોયા કરે છે. અવંતિકાબેન હતાં, મનહરભાઇ પણ. હર્ષ અને હીનલ પણ ખરાં. સુમનભાઇ તો હોય જ ને. એની બંને બાજુમાં તેના બંને સંતાનો એની સાથે રમતાં હોય તેવું તે અનુભવે છે. મહાદેવ ઊભો ઊભો તેની સામે જોઇ રહ્યો હતો. પણ, થોડીવાર પહેલાં ડોરબેલ વાગી ત્યારે બારણું ખોલતાં જ તેણે કોઇ બીજી જ વ્યક્તિને જોઇ. તે શું તેની ભ્રમણા હતી. અવંતિકાબેને કહેલું, ‘આજે કદાચ કોઇ

ચમત્કાર થશે.' મેં ચમત્કાર જોયો. તો શું તે નહોતો ? અને જો તે જ હોય તો ક્યાં ચાલી ગયો ? પાછું તે મન મનાવે છે. બે વર્ષ સુધી જેની ભાળ નથી, બધાં જ તેની વાત કરતાં નથી તો એ કેવી રીતે હોઇ શકે ? સુધાના મોં પર ચિંતાના ભાવો અવંતિકાબેન જુએ છે.

'શાની ચિંતામાં પડી ગઇ સુધા ?'

'કશી જ નહીં. પણ હું અહીં પથારીમાં કેવી રીતે આવી ? એની મને સમજણ પડતી નથી.'

'જો સુધા, અમે બધાં આવ્યાં ત્યારે તમે પતિપત્ની બેઠાં બેઠાં વાતો કરતાં હતાં. અમને જોઇને તું શરમાઇ ગઇ અને આડે પડખે થઇ ગઇ.'

'અવંતિકાબેન, એવું ન બને. સવારે મેં એમને જોયા. પણ અત્યારે એ નથી.'

'કોની વાત કરે છે તું ?'

'હું કિરીટની વાત કરું છું. કિરીટને મેં બારણું ખોલતી વખતે જોયા. પછી શું થયું એની મને ખબર નથી. તો કિરીટ ગયા ક્યાં ?'

'જો સુધા, તને કોણે કહ્યું કે કિરીટ અહીં છે. કિરીટનો તો બે વર્ષથી પત્તો નથી. એ માણસ અહીં કેવી રીતે આવી શકે ? તને કદાચ ભ્રમ થયો હશે કે પછી આનંદના અતિરેકમાં મહાદેવમાં તેં કિરીટ જોયો ?'

'અવંતિકાબેન, હું સાચી જ વાત કરું છું. મેં એમને જોયા છે. પણ હવે તે આવે તોય શું ? હવે તો પ્રસંગ વીતી ગયો. હવે તો મારા માટે કોઇ રસ્તો નથી. મને જો વડોદરા નહીં ગમે તો હું અને મહાદેવ બીજે ચાલ્યા જઇશું. આ ભૂમિ પર આજે કિરીટ કેમ યાદ આવ્યો. એ મને સમજાતું નથી.'

બધાં શાંતિથી અવંતિકાબેન અને સુધાની વચ્ચે થયેલી વાતચીત સાંભળે છે. મહાદેવ ચૂપ છે. બંને બાળકો શાંતિથી રમે છે. હીનલ હોઠમાંને હોઠમાં હસે છે. સાંભળતી વખતે ક્યારેક ત્રાંસી નજર મહહેવને જુએ છે. હર્ષથી આ છૂપું રહેતું નથી. અવંતિકાબેન વાત કરે છે છતાં પણ હીનલની ક્રિયા જોઇ, હીનલનો મહાદેવ પ્રત્યેનો અનુરાગ જુએ છે.

અરસપરસ વાતો કરતાં છેવટે બધાં જમવા માટે પહોંચી જાય છે. ભોજન વખતે સુધાની બાજુમાં જ મહાદેવ બેસે છે. પ્રેમથી હસતાં-હસતાં અને પાછા એકબીજાની ઠઠા મશ્કરી પણ કરતાં રહે છે. સાથે ભોજન તો ખરું જ.

જમી રહ્યા પછી,

'અવંતિકાબેન, તમે બધાં 'મિલન'માં પહોંચી જાવ. હું અને સુધા થોડીવાર પછી ત્યાં આવીએ છીએ. અનિલ અને અલ્પાને તમારી સાથે જ લેતાં જાવ.'

મહાદેવના કહેવાથી અવંતિકાબેન એનો અમલ કરે છે. તે બધાં બહાર નીકળી જાય છે. અને.. મહાદેવ સુધાનો હાથ પકડી રૂમમાં પ્રવેશી જાય છે. અંદર દાખલ થાય પછી તરત જ રૂમનું બારણું અંદરથી લોક કરી દે છે. સુધાને તે સોફા નજીક લઇ જાય છે. એને બેસાડી તે સામે બેસે છે અને ધીરેથી કહે છે,

'જો સુધા, આ બે વર્ષના સમય દરમ્યાન આપણે બંનેએ એકલતા સહન કરી. એને કારણે તેં મારો સ્વીકાર કરવાનું નક્કી કર્યું. પણ મને લાગે છે કે તેં ઉતાવળ કરી છે. મને લાગે છે કે કિરીટ ક્યારેક તો તારા સંસારમાં આવી જ પહોંચશે. કેવી રીતે તે તારાથી દૂર થઇ ગયો એની ચિંતા કરવાની જરૂર નથી. અને કદાચ કિરીટ આવી જાય તો ? તું તેનો સ્વીકાર કરે ખરી ?'

સુધા એનો કશો જવાબ આપતી નથી. તે ઊભી થાય છે. અને મોં ધોવા માટે બેઝીન તરફ જાય છે. ઠંડા પાણીથી મોં ને ભીંજવી જાણે કે ઉજાગરો દૂર કરવા માંગતી હોય તે રીતે ઘણા સમય સુધી બેઝીનની સામે તે ઊભી રહે છે. થોડી થોડીવારે મોં પર અને આંખોમાં ઠંડા પાણીની છાલક તે મારતી રહે છે. ધીરે રહીને મોં સાફ કરી તે પાછી વળે છે. તે આશ્ચર્ય પામે છે. મહાદેવ ત્યાં નથી. મુખ્ય બારણું ઊઘાડવાનો કે વાસવાનો અવાજ પણ તેણે સાંભળ્યો નથી. તો પછી મહાદેવ ક્યાં ગયો ? તે વિચારતી રહે છે. મુખ્યરૂમને જોતી નાની રૂમ તરફ તે જાય છે. બારણું ખુલ્લું છે. સામે જ મહાદેવ ઊભો છે. ફરીને ઊભો છે. તે ફક્ત પીઠ જ જુએ છે. અને બીજી ક્ષણે દોડતી જઇ ઊભેલી વ્યક્તિને પાછળથી વળગી પડે છે. ધીરે રહી પેલી વ્યકિતને પોતાના તરફ ફેરવે છે. અને જોતાં જ તે આશ્ચર્યમાં ડૂબી જાય છે. મહાદેવ ક્યાં ? અરે આતો કોઇ બીજું જ છે !

'અરે તમે ?'

'હા, હું. મને જોઇ ચમકી ગઇ ને ?'

'આ કેવો ચમત્કાર ? હું ઘડીકમાં મહાદેવને જોઉં છું અને પાછો તે અદ્રશ્ય થઇ જાય છે. તમે કેવી રીતે અહીં આવી ગયા ? પણ, માફ કરજો. મારાથી ભૂલ થઇ ગઇ. મહાદેવને ધારીને જ હું તમને વળગી પડી.' એમ કહી કિરીટથી થોડી દૂર જઇને ઊભી રહે છે.

'કિરીટ, મહાદેવ ક્યાં ? મેં તમારી ઘણા સમય સુધી રાહ જોઇ. અને જ્યારે મારું મન કાબુમાં ન રાખી શકી ત્યારે મેં મહાદેવનો સ્વીકાર કરવાનું વિચાર્યું. મેં તમને ચાહ્યા હતા. તમારી જ બની રહેવાના કોલ મેં તમને આપ્યા હતા. મહાદેવે મારો સ્વીકાર કર્યો છતાં અમે એકબીજાથી દૂર રહ્યા હતા. તમને જોઇ મને બહુ આનંદ થાય છે. મારા બાળકોના પિતા પણ તમે જ છો. પણ કિરીટ, તમારે આવવું જ હતું તો આજે કેમ આવ્યા ? તમારી આવવાની ગણતરીમાં તમે થાપ ખાઇ ગયા. તમે એક દિવસ મોડા આવ્યા. હવે હું શું કરું ? ગઇ રાત્રે જ હું મહાદેવને સમર્પિત થઇ ગઇ છું. મહાદેવને સ્વીકાર્યા હોવાથી હવે હું તમને સ્વીકારી શકું તેમ નથી. મહેરબાની કરીને મહાદેવ આવે તે પહેલાં જ તમે અહીંથી ચાલ્યા જાવ. કદાચ મહાદેવ આ જાણશે તો મારો પણ સ્વીકાર ન કરે તો હું બંને બાજુથી લટકી પડું. એ મારા સિદ્ધાંતની વિરૂદ્ધનું છે.'

'સુધા બહુ જ આશાઓ લઇને હું આવ્યા હતો. હું એવી મુશ્કેલીમાં હતો કે તારી પાસે આવી શકું તેમ નહોતો. તું મારો સ્વીકાર નહીં કરે તો મારે આપઘાત કરવો પડશે. જેવી તારી મરજી.'

'કોની મરજીની વાત કરો છો ? સુધાની ? કિરીટ મારી મરજીની તો કોઇ દરકાર કરતું નથી.' એમ કહેતો ઓચિંતો મહાદેવ પ્રગટે છે. સુધા મહાદેવ પાસે પહોંચી જાય છે અને મહાદેવની છાતીએ વળગી જાય છે અને રડી પડે છે.

'જો સુધા, રડવાની કોઇ જરૂર નથી. તારી આંખોમાંથી નીકળતાં આ આંસુ તારા એકલા માટે આનંદના નથી બનતાં પણ બધાને માટે તે આંસુ આનંદના છે. સુધા કિરીટનો તારા જીવનમાં પ્રવેશ થાય તે હું ઇચ્છું છું. મારા કરતાં તો વધારે તું કિરીટને ચાહે છે. અને કિરીટ પણ તને. તને ખબર નથી, ગઇ રાત્રિએ તુ મને સમર્પિત થઇ નથી પણ, જેને તેં સમર્પણ કર્યું તે કિરીટ જ હતો. એટલે એ વાતની તું ચિંતા ના કરીશ.'

મહાદેવ સુધાને પોતાનાથી દૂર કરે છે. કિરીટને પાસે બોલાવે છે. સુધાનો હાથ કિરીટના હાથમાં આપે છે. અને 'એક અંગત કામ યાદ આવ્યું. ફોન કરીને આવું છું.' એમ કહેતાં મહાદેવ બંનેને એકલા છોડી રૂમ બહાર નીકળી જાય છે.

## પાંત્રીસ

'હોટલ સૂર્યા પેલેસ'માંથી નીકળેલો મહાદેવ 'મિલન' બંગલે પહોંચે છે. મહાદેવને એકલો આવેલો જોઇ અવંતિકાબેન પૂછે છે, 'સુધા ક્યાં ? એ તમારી સાથે ન આવી.'

'અવંતિકાબેન, તેં મારી સાથે કેવી રીતે આવી શકે ? એ તો એના પતિ સાથે છે. ત્યાં જ રૂમમાં કિરીટ સાથે.'

'ખરેખર હું માનતી નથી.'

'અવંતિકાબેન, એવું ઘણું બધું માનવું પડે છે.' એમ કહેતી હીનલ હસી પડે છે.

હીનલ ધીરે રહીને હર્ષની પાસે પહોંચે છે. અને એના કાનમાં કોઇ ન સાંભળે તે રીતે કહે છે, 'હવે તો મારું કામ થઇ જશે ને ? તમારે થોડોક જ પ્રયત્ન કરવો પડશે.' કહેતી પાછી આવીને બેસી જાય છે.

'મિલન'માં ગઇ કાલ કરતાં વધુ આનંદનો ઉત્સવ ઉજવાય છે. બધાં ખુશ છે. બે વર્ષના સમયગાળા પછી ભૂલાં પડેલા માનવીઓ જાણે કે કુદરત ભેગી કરતી હોય એવી ચમત્કારિક ઘટના બની હોય એવું બધાં, ખાસ કરીને અવંતિકાબેન અનુભવે છે.

આમ આનંદની વાતો થતી રહે છે. ત્યાં તો કિરીટ અને સુધા આવી પહોંચે છે. આવેલા બંને પહેલાં મહાદેવને પગે લાગે છે. અને પછી બધાંને. સુધાના મોં પર શરમ છૂપી રહેતી નથી. અંતરમાં આનંદ છે. એક નવો જ ઉલ્લાસ, નવી જ ધગશ, અસ્થિર થયેલી સંસારની નાવ મધદરિયે પહોંચી છતાંય તોફાની ઝંઝાવાતમાંથી સહીસલામત રીતે કિનારા તરફ આવી જતી હોય એવું સુધા અનુભવે છે.

સુધા અને કિરીટ બંને સાથે બેસે છે ત્યાં મનહરભાઇ નહોતા. તેમને પણ બોલાવવામાં આવે છે. મનહરભાઇના આવ્યા બાદ મહાદેવ ધીરે રહીને બધાં ને સંભળાવે છે :

‘આજે સ્વેચ્છાએ સુધાના જીવનમાંથી હું ખસી જાઉં છું. કિરીટ અને સુધા જીવનભર એકબીજાનો સાથ નીભાવે એવી મારી ઇચ્છા છે. સુધાના જીવનમાં તો આ બધું બન્યું એ ચમત્કાર જ કહી શકાય. પણ હવે આપણે બધાંને છૂટા પડવાનો સમય આવશે. આપણે બધાં જુદાં જુદાં રસ્તે ફંટાઇ જઇશું. સુધા અને કિરીટના જીવનમાંથી એક શરતે હું ખસી જવા માંગુ છું. જો કે એક શરત એમને ભારે નહીં પડે.’

‘આમાં પણ શરત ?’ હીનલ એકદમ બોલી ઊઠે છે.

‘જો હીનલ, છૂટા પડતી વખતે કેટલીક શરતોને આધીન જ ભવિષ્યનું જીવન જીવવું પડે.એટલે શરતોથી અરસપરસ બંધાવું પણ પડે. અવંતિકાબેન તમે સમજો છો ને ? મારી વાત કદાચ તમે એકલાં જ સમજશો. જો હું અહીં ‘મિલન’માં ક્યારેક આવતો રહીશ. સુધા અને કિરીટના અંગત મિત્ર તરીકે. બીજું સુધાનો મોટો દીકરો સામરખા છે અને નાનો અહીં. મોટાનું નામ અખિલેશ રહેશે. અને નાનાનું નામ અનિલ. બંનેના નામની પાછળ પિતા તરીકે ‘કે’ જ આવશે. એટલે કે બાપ તરીકે ‘કે’ ટૂંકાક્ષરી નામ રહેશે. એની હું વ્યવસ્થા કરી દઇશ. મારા નામની બીજી એક એફિડેવીટ કરાવી એક કરતાં વધુ નામ, જેથી ભવિષ્યમાં મુશ્કેલી ન પડે. અખિલેશ મારી રીતે જ મોટો થશે અને બીજું અનિલની સાથે શ્વેતા અને કિરીટની દીકરી અલ્પા, તો છે જ ! એટલે સુધાને કોઇ મુશ્કેલી નહીં પડે. બે બાળકોના ઉછેરવામાં જ તેનો સમય પસાર થઇ જશે. સુધાને ખબર નથી પણ, કિરીટ સાથે અમે બધાં સતત સંપર્કમાં હતાં. કિરીટની સાચી પરિસ્થિતિની જાણ તે પોતે જ સુધાને કરશે.’

‘પણ....’ સુધા એકદમ બોલી ઊઠે છે.

‘સુધા, મહાદેવે જે વાત કરી છે એ બરાબર છે. તારે એમ જ માનવાનું કે તેં એક જ દીકરાને જન્મ આપ્યો હતો. મહાદેવ તારા માટે આટલો મોટો ત્યાગ કરે છે. ત્યારે થોડો ત્યાગ તો તારે પણ કરવો જોઇએ. છેવટે દીકરો તો તારો જ છે ને ? એનો ઉછેર ગમે ત્યાં થાય. હવે તારે જોવાનું નહીં ?’

‘મહાદેવ, અખિલેશ તમારી સાથે રહેશે. એ મને માન્ય છે.’ એમ કહી કિરીટ મહાદેવ પાસે થઇ તેના બંને હાથ પકડી માથુ નમાવી ત્યાં ઊભો રહે છે.

## છત્રીસ

મહાદેવ મુંબઇ જવા બધાને વિદાય આપે છે. જતી વખતે હીનલના મોં પર દુઃખની લાગણી મહાદેવ જુએ છે. હર્ષ જતી વખતે ‘મહાદેવભાઇ, તમે ક્યારે આવશો ? આ વખતે તમારો ઉતારો ‘રામભરોસે’ હોટલમાં નહીં હોય. તમારે તમારો જીવનક્રમ બદલવો પડશે. તમે મારે ત્યાં જ ઊતરશો.’

‘હર્ષ, અહીંનું કામ પતાવી આવતા જ અઠવાડિયામાં હું મુંબઇ આવી પહોંચીશ. ફોન કરી સીધો જ તમારે ત્યાં આવીશ. ચિંતા કરશો નહીં. તમે જે વાત મને કરી હતી એનો હું યોગ્ય નિકાલ લાવી દઇશ.’ એમ કહી મહાદેવ હર્ષને આશ્વાસન આપે છે. હીનલ મહાદેવનો હાથ પકડી, ‘તમે મને ભૂલી તો નહીં જાવને ? હું ચાતકની માફક તમારી રાહ જોઇશ. અને તમે નહીં આવો તો હું જ તમને શોધતી શોધતી આવી પહોંચીશ.’

‘હું જરૂર આવીશ.’ ક્હેતાં મહાદેવ હર્ષ, હીનલ અને સુમનભાઇને વિદાય કરે છે.

એ તો બધાં ગયાં. પછી મહાદેવ જવા તૈયાર થાય છે. સુધા મહાદેવને રોકવાનો પ્રયત્ન કરે છે. પણ મહાદેવ માનતો નથી.

‘સુધા, હું, કિરીટ અને તું સમાંતરે સીધી રેખાઓ છીએ. એ રેખાઓ ક્યારેય કોઇને નહીં મળે. પણ તમારી બે સીધી રેખાઓ થોડી વાંકી બની છે. એટલે તમે બંને તો મળશો જ. મારી ચિંતા કરશો નહીં. હું ક્યારેક અહીં આવતો રહીશ. તારા દીકરાની પણ તું ચિંતા ના કરીશ. તેના સમાચાર તને આપતો રહીશ. અને અવારનવાર તું તેને મળતી રહે તેવા પ્રસંગો પણ હું ઊભા કરીશ. ચાલો આવજો ત્યારે.’ એમ કહેતા મહાદેવ નીકળી જાય છે. દૂર જતાં મહાદેવની પીઠને એ દેખાતો બંધ થાય ત્યાં સુધી ત્રણેય જણ જોઇ રહે છે. અને પછી ત્રણેય જણ એકબીજાનાં મોં તરફ જોતાં બંગલામાં પ્રવેશ કરી જાય છે.

સુધા માને છે કે તેણે લખવા ધારેલી નવલકથા આમ તો અધૂરી જ રહી ગઇ હતી. પણ એવો ચમત્કાર થયો કે અધૂરી રહેલી નવલકથાનો અચાનક અંત આવી ગયો.

## સાડત્રીસ

મહાદેવ સામરખા પહોંચી ગયો. ઘણા વખતે તે પોતાને ગામે પહોંચ્યો. બે-ચાર દિવસ તો તેણે ત્યાંથી જ કોલેજ જવાનું રાખ્યું. ગામના કેટલાંક કામ પોતાની ગેરહાજરીમાં થાય એની વ્યવસ્થા કરવાનું તેણે વિચાર્યું.

એક દિવસે સાંજે ફરતો ફરતો તે બાલકૃષ્ણને ત્યાં પહોંચ્યો. મહાદેવને પોતાને ત્યાં આવેલો જોઇ બાલકૃષ્ણ ઊભો થઇ ગયો અને ‘આવો સાહેબ, બહુ દિવસે ભૂલા પડ્યા ? તમારા આવવાથી મારું આંગણું પાવન થયું. મને બહુ આનંદ થયો.’

‘જો બાલકૃષ્ણ, હમણાંનો સમય ઓછો મળે છે. તારે ત્યાં આવવું હતું પણ આવી શકાતું નહોતું. આમેય મારે તારે ઘેર આવવું હોય તો સમય કાઢીને જ આવવું પડે.’

‘બોલો શું લેશો ? ચા કે કોફી ? કે પછી નાસ્તો કરશો ?’

‘જો બાલકૃષ્ણ ચા કે કોફી બેમાંથી કોઇન ખપે. નાસ્તો જરૂર કરીશ. તને ખબર છે કે મને નાસ્તાનો બહુ શોખ. એમાંય ડુંગળીનાં ભજીયાં મળે તો મને બહુ ગમે.’

‘એમ કહો ને ? તમારે ભજીયાં ખાવાં છે ?’ એમ કહી બાલકૃષ્ણ નિકેતને બોલાવે છે.

‘નિકેત, ભગતની દુકાનેથી પાંચસો ગ્રામ ભજિયા લઇ આવ. સાથે ચટણી લેતો આવજે. તેને ત્યાં ચટણી ન હોય તો ડુંગળી અને તળેલાં મરચા લેતો આવજે.’ એમ કહી બાલકૃષ્ણ, નિકેતને પચાસ રૂપિયાની નોટ આપે છે. અને નિકેત દોડતો-દોડતો ભજિયા લેવા પહોંચી જાય છે.

‘જો બાલકૃષ્ણ, થોડા દિવસ હું બહાર છું. આમેય તને ખબર છે કે મોટેભાગે હું બહાર રહું છું. સામરખામાં ઓછો રહું છું. જો કે કોલેજમાં તો હોઇશ. જો અહીં ગામમાં મારી ગેરહાજરીમાં મારાં કેટલાંય કામ કરવાનાં છે. એની આ યાદી. બધું જ એમાં લખેલું છે. જો કે કામની ઉતાવળ નથી. સમય મળે ત્યારે કરજે.’ એમ કહી એક કાગળ મહાદેવ બાલકૃષ્ણને આપે છે. બાલકૃષ્ણ એક કાગળ વાંચે છે. અને પછી ગડીવાળી ખિસ્સામાં મૂકી દે છે.

ત્યાં તો નિકેત ભજિયાં લઇ આવી પહોંચે છે. અને પછી બધાં નાસ્તો કરે છે. તે મોડી રાત્રે મહાદેવ, બાલકૃષ્ણ સાથે ઘણી બધી વાતો કરી છૂટો પડે છે.

## આડત્રીસ

રવિવારે સાંજે મહાદેવ મુંબઇ પહોંચશે તેવાં સમાચાર ફોનથી હર્ષને મળે છે. મહાદેવનો ફોન આવ્યો ત્યારે હીનલ ખરીદી કરવા બજારમાં ગઇ હતી. આમ તો મોટે ભાગે અઠવાડિયામાં એક દિવસ હીનલ ખરીદી કરવા

જતી. મોટે ભાગે તે શુક્રવારે જ ખરીદી કરતી. એ પોતાના જીવનમાં શુક્રવારને વિશેષ મહત્વ આપતી. શુક્રવારના દિવસે જ હર્ષ સાથે તેનું લગ્ન થયેલું, શુક્રવારે જ હોસ્પિટલમાં નર્સ તરીકે જોડાઇ હતી. શુક્રવારના દિવસે જ મહાદેવને જોતાં જ એના પ્રત્યે એને આકર્ષણ થયેલું. અને એક શુક્રવારે મહાદેવને તેણે પોતાની વાત કરેલી. એક શુક્રવારે મહાદેવે તેને કિરીટની હાજરીમાં જ હોઠ પર દીર્ઘ ચુંબન આપેલું. શુક્રવારના દિવસે જ મહાદેવે કિરીટનેજાણ કરવાનું કહેલું. આમ શુક્રવાર તેના જીવનમાં વણાઇ ગયો હતો. તેથી તે શુક્રવારને બહુ જ મહત્વ આપતી. તેથી જ તે શુક્રવારે ખરીદી કરવાનું નક્કી કરતી. પણ આ વખતે શુક્રવારને બદલે રવિવારે તે ખરીદી કરવા નીકળેલી. આમ તો મોટેભાગે તે ચાલતી જતી. ચાલતા-ચાલતા જ ઘણી જગ્યાએપહોંચી ખરીદી કરતી. મોટેભાગે જીવનજરૂરિયાતની વસ્તુઓની પહેલી ખરીદી કરતી. અને પછી બીજી ખરીદી કર્યા પછી ટેક્ષીમાં ઘરે આવી જતી.

આજે રવિવારે ખરીદી કરવા નીકળે છે. પ્રિન્સેસ સ્ટ્રીટમાંથી તે પસાર થાય છે. સુમનભાઇની પુસ્તકોની દુકાન તે ખુલ્લી જુએ છે. મોટેભાગે રવિવારે સુમનભાઇની દુકાન બંધ જ રહેતી. આજે દુકાન ખુલ્લી જોતાં તે દુકાનમાં પ્રવેશ કરે છે. સુમનભાઇ કોઇ લેખક સાથે નવલકથાની ચર્ચા કરી રહ્યા હતા. હીનલને આવેલી જોઇ સુમનભાઇ હીનલને બેસવાનો ઇશારો કરે છે. હીનલ બેસે છે. થોડીવાર પછી પેલો લેખક ચાલ્યો જવાથી સુમનભાઇ હીનલ સાથે વાતે વળગે છે.

'શું ખરીદવા નીકળી છું. આજે બહુ આનંદમાં લાગે છે. કાંઈ નવા જૂની છે ?'

'સુમનભાઇ, એવું તો કાંઇ નથી. આ તો સહજ રીતે આ રોડ પર નીકળી જવાયું. તમારી દુકાન ખુલ્લી જોઇ આવી. બીજી કોઇ નવાજૂની નથી.'

'તને એક આનંદના સમાચાર આપું તો ?'

'તો તમારા મોં માં ગોળ.'

'મારે ગોળ ખાવો નથી. તું આશ્ર્વર્ય પામીશ. આજે રાત્રે મહાદેવ તારો મહેમાન છે.'

'શું વાત કરો છો ? તમને ક્યાંથી ખબર ?'

'જો હીનલ, મહાદેવની કોઇપણ વાત પહેલાં હું જ જાણું અને પછી બીજા. એનો તો તને ખ્યાલ નહીં હોય ! તું ખરીદી માટે નીકળી ત્યાર પછી મહાદેવનો ફોન તારે ત્યાં ગયો. અને હમણાં જ હર્ષે મને ફોન પર વાત કરી.. બોલ, તારા માટે આનંદના સમાચાર ખરા કે નહીં ?'

'આનંદના સમાચાર તો સાચા જ. પણ સુમનભાઇ, તમે પણ મારી વાત જાણો છો. શું મહાદેવ મારી વાત સાથે સંમત થશે ?'

'હીનલ, મહાદેવ વિશે હું કશું કહી શકું તેમ નથી. તમારે બંનેએ નિર્ણય લેવાનો છે. સાચી પરિસ્થિતિથી તું કદાચ મહાદેવને જાણ કરીશ તો કદાચ મહાદેવ તારી વાતમાં સંમત થાય. પણ, મહાદેવ જે રીતે ઘડાયેલો છે તે જોતાં તે શું વિચારશે એના વિશે હું કે તું કે બીજું કોઇ કશું જ વિચારી શકે એમ નથી. છતાંય મારા તને આશીર્વાદ છે. જા તારું કામ થઇ જશે.'

હીનલ સુમનભાઇને પગે પડી દુકાનની બહાર નીકળી જાય છે. ત્યાંથી તે સીધી જ એક ફૂલવાળાની દુકાને પહોંચે છે. ફૂલોથી રૂમ શણગારવા માટે ફૂલોની ચાદર અને ગુલાબની છૂટી ઘણી બધી પાંદડીઓનો જથ્થો તે ખરીદી લઇ ટેક્ષી પકડી સીધી ઘેર પહોંચી જાય છે. ઘેર પહોંચેલી હીનલને, હર્ષ મહાદેવના સમાચાર આપે છે.

'સુમનભાઇ એ મને વાત કરી. તેથી હું રૂમ શણગારવા આ ફૂલોની ચાદર અને ગુલાબની પાંદડીઓ પણ લેતી આવી છું.' એમ કહી હીનલ હર્ષની પાસે પહોંચી તેના પગ પકડી લે છે. હર્ષના પગની રજકણો હીનલ માથે ચઢાવે છે.

હર્ષ પણ હીનલને રૂમ શણગારવામાં મદદ કરે છે. રૂમની સજાવટ પછી હીનલ મહાદેવની પ્રિય વસ્તુ જમણમાં બનાવે છે. અને... હીનલ અને હર્ષ મહાદેવના આવવાની રાહ જુએ છે.

ઘડિયાળમાં નવના ટકોરા પડે છે. નવનો છેલ્લો ટકોરો પડે છે એની સાથે જ ડોરબેલ રણકી ઊઠે છે. બારણું તો ખાલી જ વાસેલું હતું. એકાદ બે મિનિટ સુધી પણ કોઇ બારણું ખોલતું નથી ત્યારે ફરીથી ડોરબેલ રણકે છે. ડોરબેલ દબાવી મહાદેવ ત્યાં ઊભો છે ત્યારે સહજ રીતે એનો હાથ બારણે ટકોરા મારવા પ્રયત્ન કરે છે. ત્યાં જ બારણું ખુલે છે. એવો અણસારો મહાદેવને આવે છે. તે અંદર પહોંચે છે. રસોડામાં પસાર થઇ મહાદેવ

હર્ષનાં રૂમમાં પ્રવેશે છે. હર્ષ અને હીનલ હસતાં હતા એવું તે જુએ છે. અને એ પણ હસી ઊઠે છે.

થાકેલો મહાદેવ સ્નાન માટે બાથરૂમમાં પહોંચે છે. સ્નાન કર્યા પછી પોતાનો થાક ઊતરી ગયો તેમ તે માને છે.

ત્રણેય જણા વાતો કરતાં કરતાં જમે છે. જમીને હીનલ રસોડામાં ઠીકઠાક કરે છે. ત્યારે હર્ષ પોતાની નજીક બેસાડી મહાદેવને કહે છે,

'મહાદેવ, તમને કદાચ ખબર નહીં હોય કે હીનલ મને કેટલી બધી વફાદાર છે. હીનલ સાચી વાત તમને કહેશે. હીનલ જે કંઇ ઇચ્છે છે તેમાં હું પૂરેપૂરો સંમત છું. તમને થશે કે હીનલની વાતમાં હું શા માટે સંમત થાઉં છું. હીનલ તમને વાત કરશે. બાજુનો રૂમ તમારી અને હીનલની ઇચ્છા માટે મેં અને હીનલે જ શણગાર્યો છે. તમે હીનલની ઇચ્છાને તાબે થાવ એવું હું માનું છું. ઘડીભર તમે મને ભૂલી જજો. તમારી સાથે જે ઘટના બનશે ત્યાર પછી પણ તમે મારા અને હીનલના શુભેચ્છક મિત્ર જ હશો. તમારો આભાર જીંદગીભર હું નહીં ભૂલું. તમે તો પરોપકારી જીવ છો. ત્યાગી પુરુષ છો. આજે તમે હીનલનો સ્વીકાર કરી અમને આભારી કરો એવું હું ઇચ્છું છું. પછી જેવી તમારી મરજી.'

બહુ જ શાંતિથી-ઠાવકાઇથી હર્ષ મહાદેવને હીનલ વિશે વાત કરે છે. મહાદેવ ગડમથલ અનુભવે છે અને ત્યાં જ હર્ષની પથારી પાસે બેસી જાય છે. થોડીવારમાં જ હીનલ રસોડાનું કામકાજ પરવારી હર્ષ અને મહાદેવ જ્યાં છે તે રૂમમાં આવી પહોંચે છે.

'હું થોડીવારમાં આવું છું.' એમ કહેતી હીનલ અંદરની રૂમમાં પહોંચી જાય છે. અને પછી અડધા-એક કલાકમાં નવોઢા જેવાં વસ્ત્રો શરીર પર ધારણ કરી હીનલ આવે છે. હર્ષને પગે લાગે છે. અને બીજી ક્ષણે હીનલનો ખેંચાયો મહાદેવ-હીનલે અને હર્ષે શણગારેલી રૂમમાં પહોંચે છે. હર્ષ પોતાની રૂમની લાઇટ બંધ કરી દે છે અને શાંતિથી પલંગમાં સૂઇ જાય છે. વચ્ચેની રૂમનું બારણું ખુલ્લું જ છે. કદાચ કોઇને બંધ કરવાની જરૂર નહીં પડી હોય !

## ઓગણચાળીસ

હીનલ અને મહાદેવ બાજુના રૂમમાં પહોંચે છે. મહાદેવ ફૂલોથી શણગારાયેલો આખો રૂમ જુએ છે. સમગ્ર રૂમમાં અત્તરની સુવાસ ફેલાયેલી તે અનુભવે છે. રૂમના ખૂણામાં ટિપોઇ પર માટી ભરેલા એક કુંડામાં અગરબત્તીનો મોટો જથ્થો અત્તર જેવી મીઠી સુવાસને વધુ પ્રમાણમાં ફેલાવતો હોય એ રીતે બળી રહ્યો છે. શાંત રૂમ કોઇ બોલે તો રૂમ બોલી કહેવાય. હીનલ બોલતી નથી. તો મહાદેવ તો ક્યાંથી બોલે ? મહાદેવ તો હીનલ અને હર્ષ દ્વારા પ્રેરાયેલો અહીં આવ્યો છે. તેને તો મૌન રહેવાનું છે. બોલવાનો અધિકાર પણ તેણે ગુમાવ્યો છે. હીનલ જે કહે અને જે ઇચ્છે તે માર્ગે જ જવાનું છે.

ધીરેથી રૂમમાં સંચાર થતો હોય તેવું મહાદેવ અનુભવે છે. હીનલ જાણે કે શરમની મારી રૂમનો પ્રકાશ બંધ કરે છે. સમગ્ર રૂમમાં અંધકાર ફેલાઇ ગયેલો છે. હીનલ મહાદેવથી દૂર જઇ બે રૂમ વચ્ચેનું બારણું બંધ કરે છે. અને મહાદેવની નજીક આવે છે. ધીરે રહીને મહાદેવને પલંગ પર બેસાડે છે. અને પછી તે મહાદેવના પગ પાસે બેસી જાય છે. મહાદેવના બંને પગ પકડી લે છે. મહાદેવના પગે હાથ ફેરવી જાણે કે આશીર્વાદ લેતી હોય તેવું મહાદેવ અનુભવે છે. અને પછી ધીરેથી ઊભી થાય છે. મહાદેવની નજીક.... વધુ નજીક આવવાનો તે પ્રયત્ન કરે છે. મહાદેવને તે ઊભો કરે છે. અને ધીરેથી કહે છે,

'મહાદેવ, મારે માતૃત્વ પ્રાપ્ત કરવું છે. તારાથી જે બાળક જન્મશે તે જ કદાચ અમારો વંશ વધારશે. તું મારી ઇચ્છા પૂરી કરીશ ને ?' એમ કહેતી હીનલ મહાદેવને એક દીર્ઘ ચુંબન આપે છે. અને એકાદ ક્ષણ પછી તે મહાદેવથી દૂર થાય છે.

પાંચેક મિનીટમાં તે પાછી ફરે છે. મહાદેવ ત્યાં જ ઊભો છે. તે મહાદેવની નજીક આવે છે. અને પોતાના હાથ મહાદેવના ગળાની આસપાસ ભીડાવી દે છે. મહાદેવ અનુભવે છે કે હીનલ વસ્ત્રહીન દશામાં તેની સામે ઊભી છે. મહાદેવ શાંત છે. ક્રિયાઓ હીનલ દ્વારા થાય છે. અને પછી 'તું ચૂપ કેમ છે ? તારા સહકાર વગર કશું જ શક્ય ન બને એ તો તું જાણે છે ને ? આજની આ રાત્રિ મારા જીવનનો એક ધન્ય પ્રસંગ બની રહેશે. તારો સહકાર હોય તો જ આ બધું શક્ય બને.'

હીનલના કહેવાથી મહાદેવ હીનલના શરીરને ભરડો લે છે. ઘણી ક્ષણો સુધી બંને આજ દશામાં ઊભા રહે છે. અને પછી પોતાનાથી થોડો દૂર કરી પાછી હીનલ મહાદેવને પોતાની નજીક ખેંચે છે. અને બીજી ક્ષણે હીનલ પોતાના ઉન્નત પયોધર ઉપર મહાદેવનું મોં લઇ જઇને નાખે છે. પયોધરની નીપલ મહાદેવના મોંમાં મૂકી દે છે. અને પછી મહાદેવ પણ ઘટુક... ઘટુક.... ઘટુક... એમ પયોધરનું અમૃત પીવાનો પ્રયત્ન કરે છે. થોડી થોડી વારે હીનલ એક પછી એક પયોધરની નીપલ બદલતી રહે છે. અને પછી વારાફરતી મહાદેવ થાકે ત્યાં સુધી એ પયોધરનું અમૃત પીતો રહે છે. અને ધીરેથી મહાદેવ હીનલને કહે છે, 'જો હીનલ, તારી માંગણી મેં પૂરી કરી છે. તારું સ્તનપાન કરીને મેં તને માતૃત્વ આપી દીધું છે. આનાથી તને સંતોષ થયો હોય તેવું હું માનું છું.'

'ના, મહાદેવ આનાથી મને સંતોષ થયો નથી. આ તો તને ઉત્તેજિત કરવાનું પહેલું પગલું હતું. મારે તો આના કરતાં વિશેષ જોઇએ છે. તારી પાસેથી એકવાર નહીં પણ અનેકવાર. જ્યાં સુધી હું માતૃત્વ પ્રાપ્ત ન કરું ત્યાં સુધી.'

અને પછી ગુલાબની સેજ પર હીનલ મહાદેવને આડો પાડી દે છે. અને પછી તો રૂમમાં એક સન્નાટો વ્યાપી જાય છે. ક્યાંક ક્યાંક હીનલ વચ્ચે વચ્ચે બબડતી રહે છે. હવે વધુ ! હવે વધુ ! એવા ઉદ્‌ગારો એના નિકળ્યા કરે છે. અને પછી એક દબાઇ ગયેલો - ભીંસાઇ ગયેલો અવાજ ખોંખરો બની જાય છે. ક્ષણો થંભી જાય છે. શ્વાસોશ્વાસની ગતિ વધતી જાય છે. અને પછી મહાદેવના હાથમાં જકડાયેલી હીનલ એક સીસકારો કરતી છૂટી પડી જાય છે.

ક્યારે સવાર પડ્યું એનો ખ્યાલ આ બેમાંથી કોઇને પણ આવતો નથી. ઘણા સમયની હીનલની ઝંખનાનો પ્રથમ અધ્યાય જાણે કે પૂરો થયો હોય તેવું મોડી મોડી જાગેલી હીનલ અનુભવેછે. અને તે જુએ છે કે પથારીમાંથી મહાદેવ નથી. બહાર આવી હર્ષને પૂછે છે. 'તે તો વહેલી સવારે મને કહી ચાલ્યો ગયો.' એમ કહી હર્ષ હીનલની સામે જુએ છે. હીનલના મોં પર તૃપ્ત થયાની રેખાઓ અંકિત થઇ ગયેલી વધુમાં તે જુએ છે અને પાછો પ થ ા ર ી મ ા ં
લંબાવે છે.

★ ★ ★ ★

## ચાળીસ

**મારાં વ્હાલાં સંતાનો,**

મારી, પ્રોફેસર મહાદેવ અને તમારા પપ્પા કિરીટની સાચી -વાસ્તવિક બનેલી ઘટનાઓની તમને જાણ થઇ છે. હવે બીજી એક વાત કહુ તમને કહેવા માંગું છું તેએ છે કે હવે તમે બંને અમે જે સરનામું આપ્યું છે એ સરનામે ફોન કરી સામી વ્યક્તિને તમારો પરિચય આપજો. જેથી તે બીજી કેટલીક માહિતી તમને આપશે. તમારા જન્મ બાદ જે પરિસ્થિતિ સર્જાઇ એ અમારી નવલકથામાંથી તમે જોઇ શકો છો. હવે રહી વાત સુશાનબેન, શ્વેતા, હર્ષ અને હીનલની. હીનલ વિશે તો તમે જાણી જ ગયા છો. આ ચારેય જણ ભારત બહાર હોવાથી અને એમનાથી તમે અપરિચિત હોવાથી તેમની બાકીની જીંદગી વિશે તમારી પાસે કોઇ માહિતી નહીં હોય. આ બધાં જુદા જુદા સમય સંજોગોને આધીન પરદેશ ચાલ્યા ગયાં છે અને ત્યાં જ સ્થાયી થયા છે. તે અવારનવાર ભારત આવતા રહે છે. એમની કોઇ માહિતી તમને અમે આપી શકતા નથી. તેમના ફોન પણ અવારનવાર આવતા. પણ તમે બંને યુવાનવયે પહોંચતાં સમજદારી સમજો ત્યારે તમને કહેવાનું અમે નક્કી કરેલું. પણ એવું કોકડું ગુંચાયેલું

કે અમે તમને વાત કરી શકતાં નહોતાં. અને અમને પણ કેટલીક માહિતી અનિલના લગ્ન સમયે જ મળી. તેથી તમને એ બાબતથી વાકેફ પણ નહોતાં કર્યા. અલ્પાનું લગ્ન ડૉક્ટર હેમંત સાથે થયું છે. એ ડૉક્ટર હેમંત, હીનલ અને હર્ષનો પુત્ર છે સામાજીક દ્રષ્ટિએ. આમ પ્રોફેસર મહાદેવ ગમે તે રીતે અમારા જીવનમાં સંકળાયેલા રહેલા. વાસ્તવમાં ડૉક્ટર હેમંતના પપ્પા પ્રોફેસર મહાદેવ છે. અને અલ્પાની મમ્મી શ્વેતા છે. એ તો તમે સમજી જ ગયા હશો. તમે બંને ભાઈ-બહેનની માતાઓ અલગ-અલગ હોવા છતાં બંનેના પિતા તો એક જ છે. એટલે તમે ભાઈ-બહેન મનમાં ક્યારેય ઓછું ન લાવશો. આ સાથે અમે જે નવલકથાનો કથાપ્રવાહ આગળ વધારવાનો પ્રયત્ન કર્યો છે એની માહિતી અમને ઘણી જ મોડી મળેલી. અને શ્વેતાનો આગ્રહ હતો કે અલ્પા પર એની વિપરિત અસર ન પડે એટલા માટે જીવતે જીવતાં એની માતા વિશેની કોઈ માહિતી એને આપવી નહીં.

બીજી એક મહત્વની વાત આ બધું વાંચ્યા પછી અમે જે સરનામું આપ્યું છે તે સરનામાનો ઉપયોગ કરશો તો એક આશ્ચર્યકારક ઘટના તમે અનુભવશો. તેની વાત અમે તમને અત્યારે કહી શકીએ તેમ નથી. પ્રોફેસર મહાદેવનો આગ્રહ હતો તેથી એ વાતથી અમે તમને અંધારામાં રાખીએ છીએ. આજે અમે હયાત નથી. સુશાનબેનની કોઈ માહિતી હાલ મારી પાસે નથી.

હું અને તારા પપ્પા સમગ્રજીવનમાં અનેક ચઢાવ-ઉતાર અનુભવી ચૂક્યા છીએ. વિરહની વેદના અને મિલનની ક્ષણોને અમે હસતાં-હસતાં ભોગવી છે. ઘણી વખત સાચી વાત કહેવાનું તમને ઈચ્છતા હોવા છતાં તમે અમારા વિશે શું વિચારો એમ માની અમે ચૂપ રહેલાં. પણ તમે બંને અને ખાસ કરીને અલ્પા, જો કદાચ શ્વેતાને મળવાનું થાય એને બહુ પીડતી નહીં. બીજું તો શું કહીએ.

- ડૉક્ટર સુધા અને કિરીટ

★ ★ ★

## એકતાળીસ

**સુશાનબેન અને શ્વેતાની વાત :**

રાત્રે તો મહાદેવ સાથે નક્કી કર્યા મુજબ કિરીટ અને શ્વેતાને ભેગાં કરવાનાં હતાં. પણ ઓચિંતુ પોતાના પતિ રોબર્ટ સાથે તાત્કાલિક શ્વેતાને અમેરિકા સારવાર માટે લઈ જવાનું હોઈ, અને રોબર્ટે સાંજની ફ્લાઈટની ટીકીટ પણ લઈ લીધેલી હોવાથી મહાદેવને જાણ કર્યા સિવાય સુશાનબેન શ્વેતાને લઈ એરપોર્ટ પર પહોંચી જાય છે. અને ફ્લાઈટ પકડે છે.

રોબર્ટ, શ્વેતાની વાત જાણ્યા પછી ભારતમાંથી જ અમેરિકાના પોતાના ડૉક્ટર મિત્રોને વાત કરી તાત્કલિક સારવાર કરવાનું નક્કી થતાં તે શ્વેતા અને સુશાનબેન લઈ જાય છે.

આમ તો શ્વેતાનો કિડની પરનો સોજો ઓછો થઈ ગયો હતો. હવે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. પણ તેના બ્લડ કેન્સરનું શું ? પરદેશ ગયા પછી સીધા જ એરોડ્રામથી લઈ જઈ એક જાણીતી હોસ્પિટલમાં શ્વેતાને દાખલ કરવામાં આવે છે. હોસ્પિટલના ડૉક્ટરો શ્વેતાને તપાસતાં એવું નિદાન કરે છે કે, 'શ્વેતાનું બ્લડ કેન્સર બહુ જ પ્રાથમિક તબક્કામાં છે. ભારતના કોઈ ડૉક્ટરે નાહકનાં તમને ગભરાવી માર્યા છે.' એમ કહી એનું નિદાન ચાલું કરે છે. તાત્કાલિક શ્વેતાના ગ્રુપના લોહીની મોટા જથ્થામાં વ્યવસ્થા કરવામાં આવે છે. અને એની જગ્યાએ નવું લોહી એના શરીરમાં દાખલ કરવામાં આવે છે. આમ એક કરતાં વધુ વાર લોહી બદલવાની ક્રિયા થતી રહે છે. પરિણામે એનો રોગ નિયંત્રણમાં આવી જાય છે. સતત ઘણા દિવસો સુધી આ ક્રિયા ચાલતી રહે છે. ડૉક્ટરો નિદાન કરે છે કે, 'શ્વેતા ઘણું લાબું આયુષ્ય ભોગવી શકશે. પરંતુ તે અશક્ત રહેશે.' છતાં પણ ડૉક્ટરો સારવાર ચાલુ જ રાખે છે.

અને.... ચમત્કાર સર્જાય છે. ધીરે ધીરે હરતી ફરતી શ્વેતા જાણે કે નવું જીવન પ્રાપ્ત થયું હોય એવો અનુભવ કરે છે.

સુશાનબેનને આ બધું યાદ આવે છે. શ્વેતાને તેમણે દીકરી માનેલી. રોબર્ટ પૈસાદાર હોવાથી શ્વેતાની

બિમારીમાં ગમે તેટલો ખર્ચ થાય છતાં પણ તે ખર્ચી શકે તેમ હતો.

રોબર્ટનું 'ઈન્ડિઆના પોલીસ' વિસ્તારમાં આધુનિક સગવડોવાળું વિશાળ મકાન હતું. શ્વેતાને કોઇ ચિંતા નહોતી.

દસેક વર્ષના સમયગાળા પછી રોબર્ટ અને સુશાનબેન પોતાની બધી મિલકત શ્વેતાને નામે કરી સાધુ-સાધ્વી જીવન ગુજારવા એક ધાર્મિક સંસ્થામાં જોડાઇ જાય છે. અને પછી તો સંસ્થાના નેજા હેઠળ ગરીબ-નિરાધાર સ્ત્રીપુરુષોની સેવા કરતાં કરતાં એ વિશ્વના બીજા દેશોમાં પણ ફરતાં રહે છે. પછી તો તેમનું શું થયું એની જાણ શ્વેતાને થતી નથી.

સુશાનબેન અને રોબર્ટના ગયા પછી પાંચેક વર્ષના લાબાંગાળા પછી ઓચિંતુ જ શ્વેતાના ઘેર એક યુવાનનું આગમન થાય છે. આવીને એક પત્ર શ્વેતાને આપે છે. શ્વેતા એક ભારતીય યુવાનને પોતાના માટે ચિઠ્ઠી લાવેલો જોઇ આશ્ચર્ય પામે છે. ધીરે રહી તે પત્ર વાંચે છે. પત્ર વાંચતા જ આશ્ચર્યચકિત થાય છે.

**શ્વેતા,**

તને મારો આ પત્ર મળતાં જ તું આશ્ચર્યમાં પડી જઇશ. તારું એડ્રેસ મેં ક્યાંથી મેળવ્યું એ ઝંઝટમાં મહેરબાની કરીને પડીશ નહીં. આ પત્ર લાવનાર યુવાનને તારે ત્યાં રાખવાનો છે. એની બધી જ સગવડ તું પૂરી કરીશ. તે કોણ છે તેની માહિતી તે જ તને આપશે. એટલે પત્રની નીચે પત્ર લખનારનું નામ લખતો નથી. અને એવા વિવેકમાં પણ મારે પડવું નથી. તું મને ઓળખી ગઇ હોઇશ. ખેર ! ફરીથી પત્ર લાવનાર યુવાનને પરદેશમાં સાચવવાની તારી સંપૂર્ણ જવાબદારી છે એમ હું માની લઉં છું.

.....................

શ્વેતા આવેલા યુવાનને પ્રેમથી આવકાર આપી અંદર લઇ જાય છે. પછી ધીરે રહીને પૂછે છે, 'આ ચિઠ્ઠી તને કોણે આપી ? તે તારા શું સગા થાય ?'

'મેડમ, આ ચિઠ્ઠી મારા પપ્પાએ મોકલી છે. છેલ્લા એકાદ વર્ષથી હું અહીંયા રહું છું. જુદી જુદી જગ્યાએ રહેતા હું થાકી ગયો છું. કોઇ સારી જગ્યાએ રહેવું એવું નક્કી કરતો હતો. ત્યાં જ મારા પપ્પાનો પત્ર આવ્યો. એમની ચિઠ્ઠી લઇ તમારી પાસે આવી પહોંચ્યો.'

'તેં તારા પપ્પાનું નામ તો કહ્યું નહિ ?'

'મારા પપ્પાએ પત્રમાં લખ્યું છે કે તમે પણ એમની માફક સાહિત્યનું સર્જન કરો છો. હવે તો તમે તેમને ઓળખી ગયા હશો. મને તેમણે આ જ વાત તમને યાદ કરાવવાની કહી છે.'

'જો બેટા, હું કોઇ લેખિકા નથી. સાહિત્યસર્જન એ મારું કામ નહોતું. પણ એક વ્યક્તિના કારણે હું લખતી થઇ હતી. મારા જ અંગત અનુભવોને મેં નવલકથામાં આલેખવાનો પ્રયત્ન કરેલો ખરો. મેં થોડું ઘણું લખ્યું હતું, હવે મેં તો ઘણા સમય પહેલાંથી લખવાનું છોડી દીધું છે. એટલે કોઇ લેખક મારા સ્મરણમાં નથી કે જેને હું ઓળખતી હોઉં. પણ એક લેખક મિત્ર જેમના પ્રત્યે મને શુભ લાગણી છે. હવે યાદ આવે છે ! પ્રોફેસર મહાદેવની તો તું વાત કરતો નથી ને ?'

'હા. એજ મારા પપ્પા.' એમ કહી પેલો યુવાન શ્વેતાને પગે પડે છે.

શ્વેતા પેલા યુવાનને પોતાની નજીક ખેંચી તેના પ્રત્યે મમતા દર્શાવે છે. શ્વેતાની આંખમાંથી આંસુ નીકળી આવે છે. ધીરેથી કહે છે, 'બેટા, આ તારું જ ઘર છે. અહીં આવી જા. હવેથી તારે ઘર બદલવાં નહીં પડે.'

અને પછી અખિલેશ ઊર્ફે એશ પોતાના સામાન સાથે શ્વેતાને ત્યાં રહેવા આવી જાય છે. એશને ખબર નથી કે તેના પપ્પા મહાદેવના શ્વેતા સાથે શા સંબંધ હશે.

આમ દિવસો પસાર થાય છે. ઘણો સમય પણ પસાર થઇ જાય છે.

એક દિવસ સાંજના રજાના દિવસે એશ અને શ્વેતા એકબીજા સાથે વાતો કરતાં બેઠાં હતાં. શ્વેતા કહે છે, 'જો દીકરા, હવે ધીરે ધીરે મારા શરીરમાં વધુ અશક્તિ ઊભી થતી મને લાગે છે. તું મને ભારે પડતો નથી. પણ તારી એકલતા મને કઠે છે. તું લગ્ન કરી લે તો ? મને તારી વહુ જોવાની બહુ હોંશ છે.'

એશ જ્યારેથી અહીં આવ્યો ત્યારથી શ્વેતાને મમ્મી જ કહેતો હતો. નાનો હતો ત્યારથી જ મુંબઇ જેવા

શહેરમાં અને પછી અમેરિકામાં વધુ અભ્યાસાર્થે આવેલો તે સ્વતંત્ર વિચારસરણીનો હોવાથી તેને ક્યારેય પોતાના મા-બાપ બહુ યાદ આવતાં નહીં. પણ અહીં અમેરિકામાં એ રીતે પોતાના પપ્પાની ચિઠ્ઠી લઇ આવેલો તે આ ઘર પોતાનુ છે એ રીતે જ માની બેસે છે. અને એ રીતે જ શ્વેતા રાખે છે. પેઇંગ ગેસ્ટ તરીકે પણ નહીં, પણ આ ઘરના દીકરા તરીકે જ તે રહે છે. શ્વેતા તેને બહુ જ સાચવે છે. પોતાના પિતાનો કયો જાદુ આ વ્યક્તિ પર હશે. એનો એને ખ્યાલ આવતો નથી.

'મમ્મી, જુઓ તમે મારા લગ્નની વાત કરો છો. પણ આ વાત તો કેટલાય દિવસથી હું જ તમને કહેવાનો હતો. પણ મારી જીભ ઊપડતી નહોતી. અહીં અમેરિકામાં જ ભારતથી આવેલી એક છોકરી મારી સાથે અભ્યાસ કરે છે. અમે બંને એકબીજાં પ્રત્યે આકર્ષાયા છીએ. અમે લગ્નનો પણ વિચાર કરી લીધો છે. તેના મા-બાપ પહેલાં અહીં રહેતા હતાં. હવે અહીં નથી. ભારતમાં છે. એના એક દૂરના કાકાને ત્યાં રહે છે. તે મને બહુ ગમે છે. તમે કહેતાં હો તો ?'

'જો બેટા, જેમ બને તેમ તેને અહીં લઇ આવ. તને તે ગમતી હશે તો તેનું લગ્ન હું તારી સાથે કરાવી આપીશ. એની ચિંતા ના કરતો. જો અત્યારે તારા પિતા મહાદેવ હયાત નથી એટલે તારી માટેની લગ્નની જવાબદારી મારે લેવી પડે. સમજ્યો ને ? તારા પિતાના અવસાન પહેલાં તેમનો છેલ્લો પત્ર મારી પર આવેલો. અને તે મેં તને વંચાવેલો પણ ખરો. યાદ છે ને ? તારા અભ્યાસમાં ખલેલ ન પડે એ રીતે ભવિષ્યમાં તેમના અવસાન પ્રસંગે કોઇપણ ઔપચારિક ક્રિયા કરવા માટે તારે જવાનું નથી. એવું પણ સૂચન તેમણે કરેલું. કોણ છે એ છોકરી, કે જેની સાથે તું પરણવા માંગે છે. અને જો તેની સાથે તારે લગ્ન કરવાનું હોય તો એના કાકાનું ઘર છોડાવી અહીં જ લાવી દે. મને કશો વાંધો નથી !'

અને બીજે દિવસે રૂપરૂપના અંબારસમી તેજસ્વી કાયા ધરાવતી એક યુવતીને એશ શ્વેતાની સમક્ષ લાવી ખડી કરે છે. શ્વેતા આવનાર યુવતીને જોતી જ રહેછે. એને થાય છે કે, 'ભગવાને ઠાંસી ઠાંસીને એને રૂપ આપ્યું છે. આવું રૂપ તો તેણે પહેલાં ક્યાંય જોયું નહોતું. જો કે આના જેવું જ રૂપ સુધાનું તેણે જોયેલું.' છોકરી તેને ગમી જાય છે.

આવનારને પોતાની નજીક ખેંચે છે. એના માથા પર શ્વેતા હાથ ફેરવે છે. અને ધીરેથી પૂછે છે, 'બેટા તારું નામ શું ?'

'મારું નામ પ્રાર્થના. અહીં કાકાને ત્યાં રહુ છું. એશને હું પરણવા માંગું છું. અમારા લગ્નની જવાબદારી તમારી. તમે અમારા લગ્ન ગમે ત્યારે કરાવો. પણ હું આજ સાંજથી અહીં જ આવી જઇશ. એશ કહેતો હતો, એનું સર્વસ્વ તમે છો. એટલે હવે મારું પણ સર્વસ્વ તમે જ હશો. તમે તો અમારા મમ્મી થાવ. અમે તમારી સંભાળ રાખીશુ.' કહેતી પ્રાર્થના શ્વેતાને પગે પડે છે. શ્વેતા પ્રાર્થનાને આશીર્વાદ આપે છે. એશ ઊભો છે. પ્રાર્થના એનો હાથ પકડી શ્વેતાને પગે લાગવાનું કહે છે. ત્યારે જ તે સાચી વાત સમજે છે. અને પછી એશ અને પ્રાર્થના સાથે શ્વેતાને પગે પડે છે.

તે જ દિવસે સાંજે પ્રાર્થના આ ઘરની વહુ બનવાને માટે અહીં જ રહેવા આવી જાય છે.

# બેંતાળીસ

**હીનલની વાત :**

જતે દિવસે હિનલે પુત્ર રત્નને જન્મ આપ્યો. ચહેરે-મહોરે હીનલ જેવો જ હતો. છેલ્લા કેટલાય સમયથી ડૉકટર સુધા સાથેનો હીનલનો સંપર્ક રહ્યો નહોતો. હીનલ પોતે પોતાની અંગત વાત કોઇ સુધી ન પહોંચે એટલા માટે કાળજી રાખતી. મહાદેવ સાથેનું આકર્ષણ પોતાને થયું હતું. એ તો એક ઊભરોજ હતો તેવું એણે સુમનભાઇને પણ કહેલું. પણ હીનલની વાસ્તવિકતા હર્ષ એકલો જ જાણતો હતો. હીનલે મહાદેવને આગ્રહ કરી કરીને ઘણી

વખત મુંબઈ પોતાને ત્યાં બોલાવતી. આ દિવસોમાં પણ ક્યારેક તે મહાદેવને મજબૂર પણ કરતી. મહાદેવે એક વખત હીનલને કહેલું,

'હીનલ, કોઈ વસ્તુ ખાવાની ઈચ્છા થાય ત્યારે એક વખત ભરપેટ ખાઈ લેવી અને તેનાથી સંતોષ માનવો. પહેલી વખત ખાતા જે આનંદ થાય છે તે ફરી વારંવાર ખાતાં આનંદ અનુભવાતો નથી. તારી ઈચ્છાઓને પૂર્ણ કરવા મારા તરફથી પ્રયત્ન થયો હતો. એ શાસ્ત્રોના આદેશ પ્રમાણે થયો હતો એમ હું માનું છું. શાસ્ત્રોમાં નિયોગ પદ્ધતિનો એક જ વાર ઉપયોગ થઈ કે વારંવાર નહીં. મારા, તારી અને હર્ષની સાથે સારા સંબંધો રાખવા હોય તો સ્વપ્નામાં પણ તું મારો વિચાર ના કરીશ.'

'જો મહાદેવ, તે વખતે તો મેં તારો ઉપયોગ બહાનું કાઢીને કરેલો હતો. તેની તો તને કે હર્ષને ખબર નથી. તારા પ્રત્યે થયેલું એક ક્ષણિક આકર્ષણ એક ક્ષણ માટેનું નહોતું. પણ કાયમનું હતું. હર્ષને મેં જ મજબૂર કરેલો. અને જો મેં અગાઉ કહ્યું હતુ તેમ તારે મારી ઈચ્છાઓને તાબે થવું જ પડશે.'

'હીનલ, કોઈપણ માણસનો ખોટી રીતે વારંવાર લાભ લેવો એ મારી દૃષ્ટિએ યોગ્ય નથી. તું જો મારું નહીં માને તો હું અહીં આવતો બંધ થઈ જઈશ. હું અહીં આવું છું. રાત્રિ રોકાણ તારે ત્યાં થાય છે. તારાથી હું ગભરાઉં છું. અને તારી બીકે હું તારે આધિન થાઉં છું. આ બહુ સારું નથી થતું.'

મહાદેવ આવે ત્યારે તે વારંવાર હીનલને સમજાવતો. પણ હીનલ માનતી નહીં. અને તે મહાદેવને મજબૂર કરતી. હવે તો ક્યારેક હર્ષની હાજરીમાં જ મહાદેવ સાથે અયોગ્ય વર્તન પણ કરી લેતી. મહાદેવને તે ગમતું નહોતું. તો પછી હર્ષને તો ક્યાંથી ગમે ?

અને છતાંય પંદર જ દિવસ થાય અને હીનલનો ફોન કોલેજ પર ગયો જ હોય ! કંટાળીને મહાદેવ પણ મુંબઈ આવી પહોંચતો. ધીરે ધીરે પેલો દીકરો મોટો થાય છે.

અને એક દિવસે હીનલની ગેરહાજરીમાં આવેલો મહાદેવ હર્ષ સાથે ચર્ચા કરે છે.

'હર્ષ આ ખોટું થાય છે. આપણે ત્રણેય જણ એકબીજાના મિત્રો રહીએ એમાં જ મજા છે. લાંબાગાળે આપણે કદાચ આ બધું સહન ન કરી શકીએ અને આપણી મિત્રતામાં ઓટ આવે એવું હું ઈચ્છતો નથી.'

હર્ષ મહાદેવની વાત સ્વીકારે છે. અને કહે છે કે, 'મહાદેવ, મેં તમને અગાઉ ખોટું કહેલું. વાસ્તવમાં મારામાં પ્રજનનશક્તિ છે જ. પણ હીનલે જ હું એને સંતોષી શકતો નથી. એવું મારા મનમાં ઠસાવેલું. એ પણ એના સ્વાર્થ ખાતર, એવું આજે મને લાગે છે. તમે હમણાં થોડો સમય એનો ફોન આવે પણ આવશો નહીં. અને આવો તો દિવસે જ આવજો. અને ચાલ્યા જજો. જેથી કોઈ પ્રશ્ન ઊઠે નહીં.'

મહાદેવ અને હર્ષ વચ્ચે ઘણી બધી વાતો થાય છે. વાસ્તવિકતાનો બંને સ્વીકાર કરે છે. હીનલ એની જાતે જ સમજી જશે એવું બંને માને છે.

અને બન્યું પણ એવું જ. હેમંત એક વર્ષનો થયો ત્યાં જ હર્ષથી હીનલે ગર્ભ ધારણ કર્યો. હર્ષ કોઈપણ બાબતનો ઠપકો હીનલને આપતો નથી. અને પૂરા માસે હીનલ બે જોડિયા સંતાનોને જન્મ આપે છે. બંને કન્યા રત્ન હતાં. મોટીનું નામ પૂર્વી અને નાનીનું નામ પ્રાર્થના રાખવામાં આવે છે. અને આમ હીનલ અને હર્ષનાં ત્રણેય સંતાનો મોટા થતાં જાય છે.

અને વર્ષો વીતતા જાય છે. હેમંત અને પૂર્વી ડૉક્ટરી અભ્યાસ માટે વડોદરા આવે છે. આ બંને ભાઈબહેન સાથે અનિલ અને અલ્પાની મૈત્રી થાય છે. ડૉક્ટરી લાઈનનો અભ્યાસ કરતાં કરતાં આ ચારેય જણા એકબીજાની નજીક આવતાં જાય છે. અને આમ અનિલ અને અલ્પા, પૂર્વી અને હેમંત સાથે લગ્ન કરવાનું વિચારે છે. અને એક દિવસે હર્ષ અને હીનલ પોતાના દીકરા-દીકરીનું લગ્ન ગોઠવવા વડોદરા આવે છે. સુધા અને હીનલ ભેગાં થાય છે. બધાં છોકરાઓને ઓળખાણથી વાકેફ કરતાં નથી. અને આમ આ ચારેય જણ લગ્નગ્રંથિથી જોડાય છે.

હીનલને આવું ઘણું બધું યાદ આવે છે. લગ્નમાં હાજરી આપી, પોતાની બીજી દીકરી પ્રાર્થનાને વધુ અભ્યાસ માટે હીનલ અમેરિકા મોકલી દે છે. અમેરિકામાં એશ સાથે પ્રાર્થનાએ લગ્ન કરી લીધા છે એની જાણ હીનલ અને હર્ષને કરવામાં આવે છે. પોતાનાં છોકરાં ઠારે પડી ગયા એનો હીનલ અને હર્ષને આનંદ છે. આમને આમ દિવસો વીતતા જાય છે. બધાં પોતપોતાની રીતે સુખી છે.

★ ★ ★

# તેંતાળીસ

અહીં વાત પૂરી થતી હોય એવું લાગે છે. અલ્પા અને અનિલ પોતાના માતા-પિતાનો પત્ર વાંચી આશ્ચર્યમાં પડી જાય છે. ડૉક્ટર સુધા અને કિરીટે નવલકથાના રૂપમાં વાત કરી. બધાના સંબંધો છતા કરી દીધા છે. નવલકથા વાંચ્યા પછી સુધાએ આપેલા પેલા સરનામાની નોંધ અનિલ અને અલ્પા કરે છે. તેઓ પ્રાર્થનાને અમેરિકા ફોન કરી સરનામાની નોંધ કરાવે છે. પ્રાર્થના ફોન પર એ સરનામું એનું જ છે એવું કહે છે. અને વધુમાં એ કહે છે કે, ‘મારી સાથે અહીં એશ રહે છે અને સાથે મારા સાસુ શ્વેતા પણ છે.’

‘પ્રાર્થના, તારા સાસુને પુછી જો એમનું નામ શ્વેતા પણ વતન પાદરા છે ને ? નામ એમનું હોય તો અમે જે સરનામું કહ્યુ તે સાચું જ છે. અમે ટૂંક સમયમાં ત્યાં બધાં આવી પહોંચીએ છીએ. અથવા, તું તારા પતિ અને સાસુ અહીં આવો. તમે અહીં આવશો તો તમારે માટે વધુ અનુકૂળતા રહેશે. અમારે માટે ત્યાં આવવામાં મુશ્કેલી પણ થાય.’

# ચુમ્માળીસ

અને એક દિવસે અમેરિકાથી પ્રાર્થના, એનો પતિ એશ અને તેની સાસુ શ્વેતા મુંબઈ આવી પહોંચે છે. મુંબઈ એરપોર્ટ પર તેમને લેવા હર્ષ અને હીનલ પહોંચી જાયછે. એશને જોતાં હીનલને સુધાનો દીકરો યાદ આવી જાય છે. ઘણાં વર્ષો થયાં એથી હીનલ શ્વેતાને ઓળખી શકતી નથી.

પોતાની દીકરી અને જમાઈને અને શ્વેતાને સાથે લઈ બધા હર્ષના મકાને પહોંચે છે. ત્યાં પહોંચી વડોદરા ફોનથી જાણ કરે છે. અને બીજે દિવસે સાંજ સુધી પહોંચીશું તેવું પણ કહે છે.

બીજે દિવસે પ્રાઈવેટ ગાડીમાં બધાં વડોદરા પહોંચે છે. ‘મિલન’ બંગલે આનંદનું વાતાવરણ છવાઈ જાય છે. અનિલ એશને જોતાં જ આશ્ચર્ય પામે છે. સમાન ચહેરા-મહોરા ધરાવતા બંનેને એક સાથે જોતાં પૂર્વી અને પ્રાર્થના ગભરાઈ જાય છે. આ બે કદાચ એક જ છે ? અને બે જુદી વ્યક્તિ હોય તો પણ આટલું બધું સરખાપણું ?

‘પ્રાર્થના અને પૂર્વી, તમે બંને આશ્ચર્ય અનુભવતા હશો પણ હવે તમને રહસ્ય કહું. અનિલ અને એશ બંને સગા ભાઈઓ જ છે. પણ એશ મોટો. એટલે પૂર્વી, પ્રાર્થના તારી જેઠાણી થાય અને તું દેરાણી. ઘણી બાબતોના ખુલાસા અમારે કરવા છે પણ કરી શકીએ તેમ નથી. અલ્પા, શ્વેતા તારી માતા છે. એમ તો તું હવે સમજી ગઈ હોઈશ.’ હીનલ ધીરે ધીરે કહે છે. કેટલીક વાતોનો ફોડ પણ પાડે છે. વધુમાં કહે છે કે,

‘હૈયાનો ઉજાસ’ નવલકથાના પ્રકરણો વાંચી બધાંના એકબીજા સાથેના સંબંધો તમે સમજી શકશો. પણ આ બધામાં એ મહાન વ્યક્તિનો આભાર માનવો રહ્યો ! અને એ છે પ્રોફેસર મહાદેવ. એક દેવપુરુષ, મહાન ત્યાગી. ગમે તે રીતે આપણા બધાની સાથે સ્નેહને તાંતણે જોડાઈ ગયા છે. ’

## મારી વાત

કિડની નિષ્ફળ જવાથી આજીવન ડાયાલિસીસ પર રહેવું પડે તેવું મારા માટે નિર્માણ થયું. જીવનમાં એક નવો વળાંક આવ્યો. કોલેજની અધ્યાપક તરીકેની ફરજમાંથી પણ મૂક્ત થયો. નિવૃત્તિ પછી આરામ કરવાનો સમય આવ્યો ત્યારે દર્દનો ભોગ બન્યો. હવે મારા માટે આ દર્દમાંથી મૂક્ત થવાનો કોઇ પ્રશ્ન જ નહોતો. અને તેથી કાયમ ડાયાલિસીસ પર રહેવું એવું નક્કી કર્યું. ડાયાલિસીસના દિવસો પછીના દિવસોમાં નિવૃત્તિ કઠવા લાગી. જોકે હવે બીજું કોઇ કામ નહોતુ. માનસિક શાંતિ માટે સામરખા છોડી વિદ્યાનગરમાં સ્થાયી થયો. છતાંય ઘરની ચાર દિવાલો વચ્ચે જીવ અકળાવા લાગ્યો. તેથી મન બીજે વળે એટલા માટે જુનું લેખન- સર્જન- અપ્રગટ કે અધૂરું - પૂરુ કરવુ એ તરફ વિશેષ ધ્યાન આપ્યું.

૧૯૮૧ની સાલમાં ‘હૈયાનો ઉજાસ’ નામની નવલકથા લખવાની શરૂઆત કરેલી. કથાની શરૂઆત જ આપોઆપ એ પ્રકારની થઇ કે મારાથી નવલકથા આગળ ન લખાઇ. જેટલું લખ્યુ તે લખાણ મિત્રોને વંચાવ્યું. તેમનું માર્ગદર્શન પણ માગ્યું. પણ બધાએ આવું ન લખી શકાય એવી સલાહ આપી અને મેં આ લખેલું થોડું લખાણ એક ફાઇલમાં મૂકી કાયમ માટે બંધ કરવાનું વિચાર્યું.

૨૪ વર્ષ પછી આ લખાણ મારા હાથમાં આવ્યું, ત્યારે તો હું કિડનીનો દર્દી બની ગયો હતો, લખાણ વાંચતો રહ્યો અને આપોઆપ ‘હૈયાનો ઉજાસ’ નવલકથા લખાતી ગઇ.

એક દિવસે સવારે ફરવા નીકળ્યો હતો ત્યારે એક સર્જક ( વર્ષો પહેલાં જેમણે મારી આ નવલકથાની શરૂઆતના ત્રણેક પૃષ્ઠ વાંચેલા ) ભેગા થઇ ગયા. તેમણે મારી પાસે -

‘પેલી નવલકથાની જે શરૂઆત કરી હતી તે વિશે તમે ન લખી શકો તો મને એ શરૂઆતનું લખાણ આપો તો હું લખું.’

હું એ મિત્રને શો જવાબ આપુ ? આટલા વર્ષો પછી એ કથાનક પર તેમને લખવાનો વિચાર થયો. આમ કેમ બન્યું હશે ? હું વિચારતો થઇ ગયો. અને મારાથી સહજ રીતે બોલાઇ ગયું.

‘મિત્ર, તમે મોડા પડ્યા. એ કથાનકવાળી ‘હૈયાનો ઉજાસ’ નવલકથા મેં હમણાં જ પૂરી કરી.’

‘હૈયાનો ઉજાસ’ તો લખાઇ ગઇ, લગભગ ચોવીસ વર્ષ પછી નવલકથા લખાય છે એનો આનંદ હું અનુભવું છું.

મેં અત્યાર સુધી ઘણું સાહિત્ય લખ્યું. જો કે સર્જકને તેનું લખેલું ગમે જ ! પણ મને ‘હૈયાનો ઉજાસ’ પ્રત્યે પક્ષપાત છે. મારા બધા જ સર્જનોમાં સૌથી વિશેષ પ્રિય લખાણ મને ‘હૈયાના ઉજાસ’નું ગમ્યું છે.

જો કે આ નવલકથાનું કથાવસ્તુ સંપૂર્ણ કાલ્પનિક હોવા છતાં મેં કેટલાંક સ્થળોના નામ સાચાં આપ્યાં છે. જેમકે સામરખા, આણંદ, વડોદરા, પાદરા અને મુંબઇ. એટલા માટે કે વાચકને પોતાની આસપાસ જ આ કથા રમતી હોય એવો ભાસ થાય. જો કે આ કથા આલેખવામાં હું કેટલો સફળ થયો છું તે મારા વાચકો જ કહી શકશે. આ જવાબદારી હું વાચકો ઉપર છોડી દઉં છું.

આ નવલકથા લખાવતી વખતે બેસીને સાંભળનાર પ્રો. સી.વી. મહેતા જેવાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. મારી કેટલીક કૃતિઓમાં તેમને ‘હૈયાનો ઉજાસ’નું કથાવસ્તુ ગમ્યું છે તે મારે માટે આનંદની વાત છે.

કનુ સુણાવકર, સી.વી. મહેતા, બાબુ ‘બદનામ’, કનુ પરમાર ‘સાહિલ’ વગેરેએ મને પ્રોત્સાહિત કર્યો છે. તે બદલ તેમને યાદ કરું છું. મારી નવલકથા વિશે બે-બોલ લખવાની તૈયારી બતાવનાર મહેશ પ્રજાપતિનો પણ હું આભાર માનું છું.

આ નવલકથા લખતી વખતે મને ઘણા બધાની હૂંફ પ્રાપ્ત થઇ છે. એ બધાનો નામોલ્લેખ કરતો નથી, પણ તેમનું ઋણ સ્વીકારું છું.

મોટી ખડકી
મુ. સામરખા

**કૃષ્ણદેવ આર્ય**
**(Pro. K. B. Patel)**
તા.૮/૮/૨૦૦૫

# ક્યારેય અસ્ત ન થતો હૈયાનો ઉજાસ

ગુજરાતના સુપ્રસિદ્ધ ગઝલકાર અને મૂળ ચરોતરના વતની સ્વ. જમિયત પંડ્યાની ગઝલના બે શેર છે.

‘જીત પર હસ્તો રહ્યો ને હાર પર હસ્તો રહ્યો,
ફૂલની શૈયા ગણી અંગાર પર હસતો રહ્યો,
ઓ મુસીબત ! એટલી ઝિંદાદિલીને દાદ એ,
તેં ધરી તલવાર તો હું ધાર પર હસ્તો રહ્યો.’

ભાઈ કૃષ્ણદેવ આર્યના સંપર્કમાં આવનારને જમિયત પંડ્યાની આ પંક્તિઓનું પ્રતિબિંબ જોવા મળે. એમના અભ્યાસકાળથી જ હું સંપર્કમાં છું. તેમણે અભિનય, વકતૃત્વ અને લેખનકલામાં પ્રાપ્ત કરેલ સિદ્ધિઓનો હું સાક્ષી છું.

કિડનીના વ્યાધિને કારણે તેમની દૈહિક ભૂગોળનો નકશો થોડો બદલાયો છે. બાહ્ય રીતે દશ્યમાન થતો એમનો તરવરાટ દ્રુત વિલંબિત ગતિને અનુસર્યો છે, પરંતુ ભીતરમાં વહેતા સાહિત્ય સ્નેહનો ઝરો હજીયે નિજી અસ્ખલિત પ્રવાહમાં કલકલ ધ્વનિ સંભળાવી રહ્યો છે. વ્યાધિનો વળગાડ એમના મોહક હાસ્ય અને શબ્દને પોતાના પાશમાં કેદ કરી શક્યો નથી.

હિન્દીમાં ખ્યાતનામ સાહિત્યકાર હરિવંશરાય બચ્ચને ‘મેરી બિમારી શ્યામાને લી’ લેખમાં લખ્યું છે કે ‘તેજ બુખારમેં મેરી કલમ ઓર ભી તેજ હો જાતી થી. ઉસ સમય મૈં જ્યાદા લીખતા થા. કઈ દોસ્ત મુજે યે હાલમેં લીખતા દેખકર પૂછતે - ‘અરે ! આપકો તો બુખાર હૈ.’ તબ મેં જવાબ દેતા - ‘હા, બુખાર ભી હૈ ઔર મૈં ભી હૂં.’

દેહ તંદુરસ્ત ન હોય ત્યારે મન છિન્નભિન્ન થઈ જાય છે. એ સાર્વત્રિક સ્વાનુભવ હોવા છતાં ચિત્તને સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં રાખી ધ્યેય તરફ આગળ વધવાનું કપરું કાર્ય કરવું એ કોઈ વિરલ અસ્તિત્વ જ કરી શકે છે. સ્વ. કવિ રાવજી પટેલે ‘અશ્રુઘર’ લઘુનવલ આણંદના દરબાર ગોપાળદાસ ક્ષય નિવારણ સેનેટોરિયમમાં ટી.બી.ના વ્યાધિની સારવાર દરમ્યાન લખી હતી.

વાત મારે કરવાની છે ‘હૈયાનો ઉજાસ’ નવલકથાની, પરંતુ કૃષ્ણદેવના શબ્દપ્રેમને (વિપરિત સંજોગો વચ્ચે) વ્યક્ત કરવો મને અનિવાર્ય લાગ્યો.

લેખકના કથન અનુસાર આ નવલકથાનાં તમામ પાત્રો કાલ્પનિક છે. માત્ર સ્થળના નામ જ સાચાં છે. સામરખા, વડોદરા અને મુંબઈ - આ ત્રણ સ્થળો નવલકથાનાં પાત્રો માટે તાણાવાણા ગુંથે છે.

ડૉ. સુધા વડોદરામાં તબીબી પ્રેકટીસ કરે છે. પુત્ર અનિલ ડૉકટર થતાં એને દવાખાનું સોંપી દે છે. અનિલ છાપું વાંચવા બેઠો ત્યારે સામરખાના પ્રોફેસર મહાદેવના મૃત્યુની વિગત-બીના જાણે છે. ડૉ. સુધા અવારનવાર પ્રોફેસર મહાદેવના નામનો ઉલ્લેખ કરતાં એટલે અનિલ ફોન કરી પોતાની મમ્મીને પ્રો. મહાદેવના અવસાનની જાણ કરે છે. છેવટે સ્મશાનયાત્રા પહેલાં પહોંચી જવાની ગણતરીથી અનિલ ડૉ.સુધાને લઈ સામરખા જવા કાર લઈ નીકળે છે.

તે પોતે ક્યારેય સામરખા ગયો નથી. પરંતુ અજ્ઞાત સંકેતથી તે આણંદ હાઈવેથી સામરખા પ્રો.મહાદેવના ઘર સુધી પહોંચી જાય છે. પ્રો.મહાદેવની લાશ નનામી પર પડી છે. ડૉ.સુધા ધ્રુસકે ધ્રુસકે રડતી મૃતદેહની પ્રદક્ષિણા કરી પોતાનાં કંકણ લાશની છાતી પર મૂકે છે.

અગ્નિદાહ દીધા પછી વડોદરા પરત જતાં અનિલના કાળજે ઘમસાણ યુદ્ધ થાય છે. તે વિચારે છે કે પોતાની પિતાની હયાતિ હોવા છતાં મમ્મીએ આવું કેમ કર્યું ? અનિલ ડૉ.સુધાને ન કહેવાના શબ્દો કહે છે. ડૉ.સુધા એને ઘેર ગયા પછી જવાબ આપવાનું જણાવે છે અને સુધાએ નવલકથા રૂપે લખેલી અથથી ઈતિ સુધીની વાત અનિલ વાંચે છે.

પ્રારંભમાં રહસ્યકથા જેવો લાગતો નવલકથાનો ઉપાડ છે. પ્રત્યેક વ્યક્તિ સામાજિક રીતે બેહુદું વર્તન

કરી શકતી નથી. સામાજિક ટીકાનો ભય પળેપળે સતાવતો રહે છે. પોતાના પતિની હયાતિ હોવા છતાં, પોતાના તબીબીપુત્રની ઉપસ્થિતિની પરવા કર્યા વિના કોઈ સ્ત્રી પરાઈ વ્યક્તિની લાશ પર પોતાનાં સૌભાગ્ય કંકણ સમર્પિત કરે ખરી ?

પ્રારંભિક લાગતું આ રહસ્ય વાસ્તવમાં રહસ્ય નથી. સત્ય હકીકતથી અનભિજ્ઞ હોવાને કારણે જ રહસ્યનો આભાસ થાય પરંતુ વાસ્તવમાં 'હૈયાનો ઉજાસ' અંધકારમાંથી જ્યોતિ તરફ વાચકોને ખેંચી જાય છે.

સાહિત્યકાર યુગસૃષ્ટા અને યુગદૃષ્ટા કહેવાય છે. તે સાંપ્રત યુગની પ્રણાલિકા, સામાજિક પરિસ્થિતિ, માનવમનની નબળાઈઓ, સારાપણું ઈત્યાદિનું તો વર્ણન કરે છે. સાથે સાથે પોતાના સંકલ્પનાનાં એવાં આદર્શ પાત્રોનું પણ નિર્માણ કરે છે. જે પાત્રો વર્તમાન સમયમાં ક્યાંય નજરે ન ચડતાં હોય, સામાજિક ચોકઠામાં ફીટ ન થતા હોય. કૂપમંડૂક વૃત્તિ ધરાવતાં આપણા સમાજમાં સ્વાર્થ, ઈર્ષ્યા, વેરઝેર અને વિઘ્નસંતોષીપણાની વૃત્તિ બહુધા જોવા મળે છે, જ્યારે 'હૈયાનો ઉજાસ' નવલકથાનાં પાત્રો પરગજુ છે અને ઉદારદિલ છે. જે બાબતમાં મોટાભાગના મનુષ્યો ઈર્ષ્યાથી ખાક થઈ જાય છે. એવી બાબતોમાં આ નવલકથાનાં પાત્રો સામેની વ્યક્તિના હિતનો પ્રથમ વિચાર કરે છે.

નવલકથાનું મુખ્ય પાત્ર પ્રોફેસર મહાદેવ ત્યાગમૂર્તિ છે. સમજું છે. લેખક છે, સંવેદનશીલ છે, ડૉ.સુધા સાથે ટ્રેનમાં ઉદ્ભવેલો પ્રથમ દૃષ્ટિનો પ્રેમ સુધાની લાગણી આગળ શમી જાય છે. સુધાનો નામનો પતિ બની લાગણીઓ ઉપર પથ્થર મૂકીને જીવે છે. વિખુટા પડેલ પતિ-પત્ની સુધા અને કિરીટને ભેગાં કરવા માનસિક પીડા ભોગવે છે, અને ધ્યેયને સિદ્ધ કરીને જંપે છે.

સુધાનો પતિ કિરીટ, પોતાની ફ્રેન્ડ શ્વેતામાં લપટાય છે. છતાં સુધા શ્વેતાની દિકરીને ઉછેરે છે. નર્સ હિનલનો પતિ પિતૃત્વ પ્રાપ્ત કરવા પરોક્ષ રીતે પ્રો. મહાદેવનો દૈહિક સંસર્ગ હીનલ સાથે થાય એમ ઈચ્છતો હોવા છતાં મહાદેવે પ્રારંભિક તબક્કે આ વિચારને ગણકાર્યો નહોતો. ગૃહમાતા સુશાનબેન સૌનું ભલું ઈચ્છે છે. સુશાનબેનનો પ્રેમી વર્ષો લગી કુંવારો રહે છે. (અમેરિકામાં હોવા છતાં) તો પણ લગ્ન તો સુશાન સાથે જ કરવા ઈચ્છે છે. પ્રકાશક સુમનભાઈ પોતાના કર્મચારી કિરીટભાઈની માંદગી દૂર કરવા અઢળક નાણાં ખર્ચે છે.

આમ આ નવલકથાનાં પ્રત્યેક પાત્રો પોતાના હૈયાના ઉજાસને - અજવાળાને સંબંધો ઉપર પાથરે છે. આ નવલકથામાં એક પણ ખલનાયકનું પાત્ર નથી. છતાં અન્યનું ભલું કરવા ઈચ્છતાં પાત્રોની લાગણીઓ એ પાત્રોને જ મનોમંથનની ઊંડી ગર્તામાં ધકેલી દે છે. અન્યનું ભલું સત્વરે કરવા ઈચ્છતાં પાત્રોના ચિત્તનું મંથન એ જ પ્રત્યેક પાત્ર માટે ખલનાયકનો રોલ ભજવે છે.

કૃષ્ણદેવ આર્ય એટલે કે પ્રો. કે.બી. પટેલને નવલિકા અને નવલકથા પર સારી હથોટી છે. તેઓની ડઝનેક નવલકથાઓ પ્રસિદ્ધ થયેલી છે. અને હજીયે એમની લેખનવૃત્તિ ગંગાના ધીર ગંભીર પ્રવાહની જેમ પ્રવાહિત થતી રહે છે. તેઓ હજીયે આપણને વધુને વધુ નવલકથાઓ/નવલિકા સંગ્રહો આપે એવી ઈચ્છા અસ્થાને તો નથી જ.

કૃષ્ણદેવની લેખન શૈલી પ્રવાહી અને લોકભોગ્ય છે. પાત્રો અને એની સાથે સંકળાયેલા પ્રસંગોનું પોત વણવામાં લેખકની ઊંડી સુઝ અને દૂરંદેશીતાનાં દર્શન થાય છે, કલાત્મકતાના કસબીની કુશળતા ઊડીને આંખે વળગે છે.

એક ફિલ્મી ગીતની પંક્તિઓ છે :

'દિવાનોંને ઈસ દુનિયામેં દર્દકા નામ દવા રખ્ખા હૈં'

માણસ પ્રેમનો દીવાનો હોય, કવિતાનો દીવાનો હોય, સંગીતની સુરાવલીનો દીવાનો હોય કે લેખનકળાનો દીવાનો હોય કે દીવાનગી દર્દને પણ ઔષધ સમજવાની અલૌકિક દૃષ્ટિ અર્પે છે. કૃષ્ણદેવને એ દૃષ્ટિ કુદરતે માતાપિતાના સંસ્કારોથી અને આત્મબળ સ્વરૂપે બક્ષી છે. વધારે શું કહેવું ?

**- મહેશ પ્રજાપતિ**

માળીવાડો
ભાલેજ, તા. ઉમરેઠ

તા. ૬-૮-૦૫

આ નવલકથા વિશે :

આ નવલકથા સંપૂર્ણ કાલ્પનિક છે. પાત્ર, પ્રસંગો કે ઘટના કોઈ જીવંત યા મૃત્યુ પામેલાઓ સાથે સીધો સંબંધ ધરાવતાં નથી, છતાંય કોઈને ક્યાંક સામ્ય દેખાય તો બંધબેસતી પાઘડી પહેરી લેવાની જરૂર નથી.

શરીરનું એક મહત્વનું અંગ - કિડની - નિષ્ફળ જવાથી સતત ડાયાલિસીસ પર રહેતા, અસહ્ય યાતના અને માનસિક પીડાથી પીડાતા માનવીની કથા આલેખતી નવલકથાઓ :

# વેઈટ, ડાયેટ એન્ડ ડાયાલિસીસ

અને

# 'કિડની-પ્રત્યારોપણ' - સોનેરી સપનાનું આકાશ

લેખક :
**કૃષ્ણદેવ આર્ય (Prof. K. B. Patel)**

ભગીરથ બ્રહ્મભટ્ટના

# ‘માનવતાના ભેરુ’

(‘માનવતાના ભેરુ’ વિષયક વિવેચનાત્મક લેખો)

પ્રગટ થઈ ગયુ છે.

સંપાદકો :

ડૉ. માનસિંહ ચૌધરી

ડૉ. પુંડલિક પવાર

પ્રા. કૃષ્ણદેવ આર્ય

---

**સ્વ. બળદેવભાઈ આર્ય**ની નવલકથાઓ

# થાપણ

★

# શમણાં જાગે અંતરમાં

પ્રગટ થઈ ગઈ છે.

**કૃષ્ણદેવ આર્ય**નો વાર્તા સંગ્રહ

# અલ્પા પંડિત

પ્રગટ થઈ ગયો છે.

---

**કૃષ્ણદેવ આર્ય**ની નવલકથાઓ

# ભીની ભીની મહેંક

★

# ટહૂકો વસંતનો

પ્રગટ થઈ ગઈ છે.

---

**કૃષ્ણદેવ આર્ય** અને **અલ્પા પંડિત**ની

નવલકથા

# એક ક્ષણ સાનિધ્યની

પ્રગટ થઈ ગઈ છે.